ભગવાન્ શ્રીહરિભદ્રાચાર્યવિરચિત

# શ્રીપંચવસ્તુ

## (ભાષાન્તર)

દીક્ષા ૧ પ્રતિદિનક્રિયા ૨ વડી દીક્ષા ૩
અનુયોગ-ગણ અનુજ્ઞા ૪ અને
અભ્યુદ્યતવિહાર-મરણ ૫ રૂપ
પાંચ વસ્તુને સમજાવનાર

પ્રકાશિકાઃ-માલવદેશાન્તર્ગતરત્નપુરીય શ્રીઋષભદેવજી કેશરીમલજી
શ્વેતાંબર સંસ્થા.

વીર સંવત્ ૨૪૬૩..........વિક્રમ સંવત્ ૧૯૯૩..........ક્રાઇસ્ટ સન્ ૧૯૩૭

પ્રતય: ૫૦૦ પણ્યં ૦-૮-૦

( ટાઈટલ પાના ૩ થી ચાલુ )

## પુસ્તકાકારે પ્રસિદ્ધ થયેલ ગ્રંથો

| | | | |
|---|---|---|---|
| ૪૨ | શ્રાદ્ધવિધિ | હિન્દી ભાષાંતર | રૂા. ૩-૦-૦ |
| ૪૩ | વસ્ત્રવર્ણસિદ્ધિ | સકારણ વસ્ત્ર રંગવાની સિદ્ધિ | ૦-૮-૦ |
| ૪૪ | દૈવસિકરાત્રિકપ્રતિક્રમણસૂત્ર | વિધિસહિત | ૦-૩-૦ |
| ૪૫ | સામાયિકસૂત્ર | ,, | ૦-૧-૦ |

## અન્યત્ર મુદ્રિત—મળતા ગ્રંથો

| | | | |
|---|---|---|---|
| ૧ | પંચવસ્તુકસટીક | ( દે. લા. ) | ૩-૦-૦ |
| ૨ | ક્ષેત્રલોકપ્રકાશ | ,, | ૨-૮-૦ |
| ૩ | વિચારરત્નાકર | ,, | ૩-૦-૦ |
| ૪ | નવપદબૃહદ્‌વૃત્તિ | ,, | ૪-૦-૦ |
| ૫ | વિશેષાવશ્યકઅકારાદિ | (આગમોદય સમિતિ) | ૦-૫-૦ |
| ૬ | આચારાંગસૂત્ર સટીક | પૂ. શીલાંકાચાર્ય કૃત ટીકા (સિદ્ધચક્રસાહિત્યપ્રચારકસમિતિ) | ૭-૦-૦ |

## પ્રેસમાં છપાતા ગ્રંથો

| | | |
|---|---|---|
| ૧ | સુબોધિકા ટીકા | |
| ૨ | ભવભાવના ઉત્તરાર્ધ | |
| ૩ | પ્રવ્રજ્યાવિધાનકુલક સટીક | (પ્રદ્યુમ્નાચાર્યકૃત-દુષ્પ્રાપ્ય) |
| ૪ | ભગવતીજી સટીક | નવાંગી ટીકાકાર અભયદેવ સૂરિકૃત વૃત્તિ |

× જ્યાં ચોકડી છે તે ગ્રંથો સીલકમાં નથી.

—: પ્રાપ્તિસ્થાન :—

(૧) શ્રી જૈન આનંદ પુસ્તકાલય, ગોપીપુરા—સુરત.

(૨) માસ્તર કુંવરજી દામજી, મોતી કડીયાની મેડી—પાલીતાણા.

ભગવાન્ શ્રીહરિભદ્રાચાર્યવિરચિત

# શ્રીપંચવસ્તુ

## (ભાષાન્તર)

દીક્ષા ૧ પ્રતિદિનક્રિયા ૨ વડી દીક્ષા ૩
અનુયોગ-ગણ અનુજ્ઞા ૪ અને
અભ્યુદ્યતવિહાર-મરણ ૫ રૂપ
પાંચ વસ્તુને સમજાવનાર

પ્રકાશિકા-અમદાવાદાન્તર્ગતરત્નપુરીય શ્રીઋષભદેવજી કેશરીમલજી
શ્વેતાંબર સંસ્થા.

મુદ્રકઃ-શા. ફકીરચંદ મગનલાલ બદામી
મુદ્રણસ્થાનઃ-ધી "જૈન વિજયાનંદ" પ્રી. પ્રેસ, કણપીઠ બજાર-સુરત.

વિજયશીલચંદ્રસૂરિ ગ્રંથ સંગ્રહ

વીર સંવત્ ૨૪૬૩..........વિક્રમ સંવત્ ૧૯૯૩..........ક્રાઇસ્ટ સન્ ૧૯૩૭

પ્રતયઃ ૫૦૦ પણ્યં ૦-૮-૦

# ઉપોદ્ઘાત

ભગવાન્ શ્રીહરિભદ્રસૂરિજીએ રચેલા ૧૪૪૪ ગ્રંથોમાં આ પંચવસ્તુનામનો ગ્રંથ સાધુમહાત્માઓને અત્યંત ઉપયોગી છે, કારણ કે પૂર્વપક્ષ ઉત્તરપક્ષ અને સિદ્ધાન્તના નિરૂપણની સાથે જો કોઈપણ દીક્ષાદિવસ્તુઓને નિરૂપણ કરનાર પ્રાચીન ગ્રંથ હોય તો તે ફક્ત આ પ્રવચનના સારરૂપ પંચવસ્તુનામનો ગ્રંથજ છે. આ ગ્રંથમાં દીક્ષાનામની પ્હેલી વસ્તુમાં બાલદીક્ષાના વિરોધિયો અને વૃદ્ધદીક્ષાનું ખંડન કરનારાઓના પક્ષનું ખંડન સારી રીતે કરી ચાર આશ્રમનો અનુક્રમ નિયમિત છે એમ માનનારાઓનું પણ ખંડન સારી રીતે કરવામાં આવ્યું છે.

બીજી પ્રતિદિનક્રિયાનામની વસ્તુમાં ઉપકરણોનું માન અને પ્રમાણ જણાવી તેનાં પ્રયોજનો બરોબર જણાવવામાં આવેલાં છે.

ત્રીજી વડીદીક્ષાનામની વસ્તુમાં પાંચે મહાવ્રતોનું સ્વરૂપ જણાવતાં પૃથ્વીકાયઆદિસ્થાવરોમાં પણ સચેતનપણાની સિદ્ધિ કરી છે.

ચોથી ગણાનુજ્ઞા નામની વસ્તુમાં આચાર્યાદિના ગુણ અને કાર્યોની સાથે આખા જૈનશાસનમાં બીજે કોઈપણ સ્થાને ઉપલબ્ધ નહિં થતી એવી પૂર્વગતશ્રુતમાંથી ઉદ્ધરેલી સ્તવપરિજ્ઞાનું વિવેચન કરવામાં આવ્યું છે.

પાંચમી અભ્યુદ્યતવિહાર નામની વસ્તુમાં સ્થવિરકલ્પથીજ મોક્ષ છે વગેરેની યુક્તિ અને આગમવચનોથી સિદ્ધિ કરવામાં આવી છે.

આવા ઉપયોગિગ્રન્થને અજવાળામાં લાવવા માટેજ માત્ર આ ગ્રન્થનું સંક્ષિપ્ત ભાષાન્તર પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ ગ્રન્થ વિવરણ સાથે શેઠ દેવચંદ લાલભાઈ જૈનપુસ્તકોદ્ધાર ફંડ તરફથી પ્રસિદ્ધ થયેલો છે, તેની ગાથાઓ અહિં ગ્રન્થ મ્હોટો થવાના ભયથી આપી નથી, પણ તે ગાથાઓનાં આદ્યપદોજ માત્ર આપ્યાં છે. આશા છે કે ગ્રન્થકારમહારાજના સીધા અને યથાર્થ આશયને સમજવામાં આ ભાષાન્તર અત્યંત ઉપયોગી થશે. વીર સંવત્ ૨૪૬૩

જામનગર દેવબાગ — આનન્દસાગર

# શ્રી પંચવસ્તુમાં શું શું ?


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૧ મંગલાચરણ | ૧ |
| ૨ પાંચવસ્તુનાં નામ | ૧ |
| ૩ પ્રવ્રજ્યાનો અર્થ | ૧ |
| ૪ પ્રવ્રજ્યાના ભેદ | ૧ |
| ૫ પ્રવ્રજ્યાના નિક્ષેપા | ૨ |
| ૬ આરંભપરિગ્રહનું સ્વરૂપ | ૨ |
| ૭ પ્રવ્રજ્યાનો અર્થ | |
| ૮ દીક્ષાદાતાના ગુણ | ૩ |
| ૯ દીક્ષિતને થતા લાભ | ૩ |
| ૧૦ પ્રત્યનીકઆચાર્ય કેવા ? | ૪ |
| ૧૧ પરંપરાથી જ્ઞાન અને કાર્યસિદ્ધિ | ૪ |
| ૧૨ અપવાદે દીક્ષા દેનાર ગુરૂના લક્ષણ | ૫ |
| ૧૩ ઉત્સર્ગ અને અપવાદપદે દીક્ષા | |
| ૧૪ દીક્ષાની દુષ્કરતા | ૭ |
| ૧૫ દીક્ષાની જઘન્ય ને ઉત્કૃષ્ટ અવસ્થા | ૭ |
| ૧૬ બાલને દીક્ષાનિષેધનાં કારણો | ૭ |
| ૧૭ બાલદીક્ષા નિષેધ માટે વાદીની શંકા અને શાસ્ત્રકારનું સમાધાન | ૮ |
| ૧૮ દીક્ષા આપવાનાં સ્થાન | ૧૧ |
| ૧૯ કયા નક્ષત્રોમાં દીક્ષા દેવી ? | ૧૨ |
| ૨૦ દીક્ષાર્થીની પરીક્ષા | ૧૨ |
| ૨૧ સામાયિકદ્વાર | ૧૩ |
| ૨૨ દીક્ષાવિધિ | ૧૩ |
| ૨૩ રજોહરણ કઈ દિશાએ આપવું | ૧૩ |
| ૨૪ રજોહરણ શા માટે ? | ૧૪ |
| ૨૫ લોચ કરવાનો વિધિ | ૧૪ |
| ૨૬ વાસક્ષેપ કરવાની વિધિ | ૧૪ |
| ૨૭ નૂતનશિષ્યને હિતશિક્ષા | ૧૫ |
| ૨૮ ગૃહસ્થપણું ઉત્તમ છે એમ કહેનારનું સમાધાન | ૧૭ |
| ૨૯ દીક્ષાદ્વારની સમાપ્તિ | |
| ૩૦ પ્રતિદિનક્રિયા | |
| ૩૧ પડિલેહણના દોષ ને સ્વરૂપ | ૨૦ |
| ૩૨ વસતિપ્રમાર્જન દ્વાર | |
| ૩૪ પાત્રપડિલેહણ | ૨૨ |
| ૩૪ પાત્ર પડિલેહવાની રીત, નિયમ | ૨૩ |
| ૩૫ 'આવસ્સિઆએ'નો અર્થ | ૨૪ |
| ૩૬ અભિગ્રહકરવાની રીત | |
| ૩૭ ગોચરી લાવ્યા પછીનો વિધિ | |
| ૩૮ ગુરૂ પાસે ક્યારે ન આલોવવી | ૨૬ |
| ૩૯ આલોવ્યા પછી શું કરવું ? | |
| ૪૦ લાવેલ ગોચરીનું પરોણાને નિમંત્રણ | |
| ૪૧ જીર્ણશેઠનું દૃષ્ટાંત | ૨૮ |
| ૪૨ ૪૨ દોષથી બચવાનો ઉપદેશ | |
| ૪૩ ભોજન કેમ કરવું ? અને તેના કારણો | |
| ૪૪ વિગઈયોનું સ્વરૂપ | ૨૯ |
| ૪૫ ભક્ષ્ય-અભક્ષ્ય વિગઈઓ | |
| ૪૬ પાત્ર કયાં કેવી રીતે ધોવાં ? | |
| ૪૭ સ્થંડિલગમનનું સ્વરૂપ | ૩૧ |
| ૪૮ સ્થંડિલસ્થાનના ભાંગા | ૩૨ |
| ૪૯ સ્થંડિલ જવાના નિયમો | ૩૩ |
| ૫૦ સ્થંડિલ પડિલેહવાનાં સ્થાન | ૩૪ |
| ૫૧ પ્રતિક્રમણવિધિ | ૩૫ |
| ૫૨ પચ્ચક્ખાણનો વિધિ | ૩૮ |
| ૫૩ પચ્ચક્ખાણના આગારો | ૩૮ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૫૪ સામાયિકમાં આગારોનો અભાવ | ૩૯ |
| ૫૫ કાઉસ્સગના આગારો | ૪૦ |
| ૫૬ આહારના નિમંત્રણથી થતા લાભ | ૪૧ |
| ૫૭ સ્વાધ્યાયથી થતા ગુણો | ૪૨ |
| ૫૮ સૂત્રાદિ આપવાનો વિધિ | ૪૩ |
| ૫૯ સૂત્રાદિ આપવાનો કાલ અવધિ | ૪૩ |
| ૬૦ વ્રતસ્થાપન વિધિ | ૪૫ |
| ૬૧ વડીદીક્ષાનો ક્રમ | ૪૬ |
| ૬૨ એકેન્દ્રિયાદિમાં સજીવત્વની સિદ્ધિ | ૪૮ |
| ૬૩ ૭ વ્રતના અતિચારોનું સ્વરૂપ | ૪૯ |
| ૬૪ વડીદીક્ષાવિધિ | ૪૯ |
| ૬૫ દીક્ષામાં સ્થિર કરવાના ઉપાય | ૫૦ |
| ૬૬ ગુરૂકુલવાસથી થતા ગુણો | ૫૧ |
| ૬૭ ઉપાશ્રય કેવો હોય ? | ૫૩ |
| ૬૮ કુલિંગીનો સંગ ન જોઇએ | ૫૪ |
| ૬૯ ગોચરીના ૪૨ દોષનું સ્વરૂપ | ૫૪ |
| ૭૦ જિનકલ્પ ને સ્થવિર કલ્પના ઉપકરણો | ૫૬ |
| ૭૧ ઉપકરણનું પ્રમાણ | ૫૮ |
| ૭૨ તે રાખવાનાં કારણો | ૫૯ |
| ૭૩ બાહ્યાભ્યંતર તપ | ૬૧ |
| ૭૪ શુદ્ધભાવનાનાં ફળ | ૬૨ |
| ૭૫ વિહારથી થતા લાભ | ૬૩ |
| ૭૬ સાધુઓએ કથા કેવી કરવી ! | ૬૪ |
| ૭૭ જ્ઞાનાદિરત્નત્રયનું સ્વરૂપ | ૬૫ |
| ૭૮ અનુયોગ–અનુજ્ઞા સ્વરૂપ | ૬૬ |
| ૭૯ અનુજ્ઞાનોવિધિ— | ૬૭ |
| ૮૦ નૂતનઆચાર્યે શું કરવું | ૬૯ |
| ૮૧ ઉપસંપદાનો વિધિ | ૭૧ |
| ૮૨ સમ્યક્ત્વસ્વરૂપ | ૭૫ |
| ૮૩ કષાદિભેદે શાસ્ત્રપરીક્ષા | ૭૬ |
| ૮૪ જીવ અને શરીરની વ્યાખ્યા | ૭૮ |
| ૮૫ સ્તવપરિજ્ઞાસ્વરૂપ | ૭૯ |
| ૮૬ પ્રતિષ્ઠા–પૂજા વિધિ | ૮૧ |
| ૮૭ ભાવસ્તવની દુષ્કરતા | ૮૩ |
| ૮૮ શીલાંગરથ (૧૮ હજાર) | ૮૩ |
| ૮૯ સાધુ દ્રવ્યસ્તવ શા માટે ના કરે ! | ૮૭ |
| ૯૦ યજ્ઞમાં હિંસા કરાય ? | ૮૭ |
| ૯૧ હિંસા કરનારનું ખંડન | ૮૭ |
| ૯૨ વેદવાક્યનો વિચાર | ૯૧ |
| ૯૩ આચાર્યનો વિહાર | ૯૪ |
| ૯૪ ગણની અનુજ્ઞાનોવિધિ | ૯૪ |
| ૯૫ સંલેખનાના પ્રકાર | ૯૬ |
| ૯૬ અભ્યુદ્યતવિહારના ભેદો | ૯૭ |
| ૯૭ પાદપોગમનનું સ્વરૂપ | ૯૭ |
| ૯૮ એકત્વભાવના | ૯૮ |
| ૯૯ કલ્પપ્રતિપત્તિદ્વાર | ૯૯ |
| ૧૦૦ જિનકલ્પોની મર્યાદા | ૧૦૦ |
| ૧૦૧ જિનકલ્પીના દ્વારો | ૧૦૩ |
| ૧૦૨ એક ક્ષેત્રમાં ઉત્કૃષ્ટે કેટલા જિનકલ્પી હોય | ૧૦૫ |
| ૧૦૩ યથાલંદકનું સ્વરૂપ | ૧૦૬ |
| ૧૦૪ શું સંલેખના આત્મહત્યા નથી ? | ૧૦૭ |
| ૧૦૫ અનશનવિધિ | |
| ૧૦૬ ઇંગિનીમરણ તથા ભક્તપરિજ્ઞા | |
| ૧૦૭ કંદર્પભાવના | ૧૧૨ |
| ૧૦૮ ભક્તપરિજ્ઞાનો શેષવિધિ | ૧૧૪ |
| ૧૦૯ આરાધક ને વિરાધક કોને કહેવાય | ૧૧૫ |
| ૧૧૦ પંચવસ્તુ આરાધવાથી શું લાભ ? | ૧૧૬ |

શ્રીશંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ।

## આચાર્ય પુરન્દર ભગવાન્ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી વિરચિત

# શ્રીપંચવસ્તુક

## પાવનકારિણી પ્રવ્રજ્યાવિધાન

**આરંભ** ભગવાન્ શ્રીહરિભદ્રસૂરમહારાજ ગ્રંથના આરંભમાં મંગલાચરણ કરી ગ્રંથનું નામ વિગેરે જણાવે છે:-

**णमिऊण** ૧, ભગવાન્ શ્રીવર્ધમાનસ્વામીને સમ્યગ્ મન, વચન, કાયાના જોગે નમસ્કાર કરીને, તેમજ સાધુસમુદાય તે કુલ, અને કુલનો સમુદાય તે ગણ, અને તે ગણના સમુદાયરૂપી સંઘને પણ સમ્યક્ ત્રિકરણયોગે નમસ્કાર કરીને પ્રવ્રજ્યા (દીક્ષા) વિધિ વિગેરે પાંચ વસ્તુઓ જેની અંદર છે એવા પંચવસ્તુ નામના ગ્રંથને અનુક્રમે કથન કરીશ. ગા. ૧

જે પાંચ વસ્તુઓ આ ગ્રંથમાં વિસ્તારથી કહેવામાં આવશે તેનાં નામો જણાવે છે:-

**પાંચ વસ્તુ** **पव्वज्जा** ૨, પ્રવ્રજ્યા એટલે દીક્ષાનું વિધાન (૧). દીક્ષિત થએલાઓએ હંમેશ કરવાની ક્રિયા (૨). પ્રતિદિનની ક્રિયામાં તૈયાર થએલાઓને મહાવ્રતમાં સ્થાપવા (૩) ઉદ્દેશ, સમુદ્દેશ અને અનુજ્ઞા થયા પછી સૂત્રોના વ્યાખ્યાન કરવારૂપ અનુયોગની આજ્ઞા અને સાધુસમુદાયરૂપી ગણને ધારણ કરવાની આજ્ઞા (૪) અને અંતમાં સંલેખનાનું વિધાન (૫) એ પાંચ વસ્તુઓ આ ગ્રંથમાં અનુક્રમે કહેવામાં આવશે. ગા. ૨

પ્રવ્રજ્યાવિધાન વિગેરેને વસ્તુ કહેવાનું કારણ જણાવે છે:-

**कारणकार्य** **एए** ૩, એ પ્રવ્રજ્યાદિ વિધાન વિગેરે પાંચ વસ્તુઓ છે, કારણ કે જ્ઞાન વિગેરે મોક્ષને સાધનારા પરમ ગુણો એ પ્રવ્રજ્યાવિધાન વિગેરેમાં રહે છે, તેમજ પ્રવ્રજ્યાવિધાન વિગેરે પાંચેમાં પહેલી પહેલી વસ્તુ કારણ છે અને પછી પછીની વસ્તુ ફળરૂપે છે. (૩) પ્રથમ પ્રવ્રજ્યાવિધાન નામની વસ્તુ જણાવવા, પ્રવ્રજ્યાવિધાનનાં અંતર્દ્વારો જણાવે છે.

**પ્રવ્રજ્યાના પાંચ દ્વાર** **पव्वज्जा** ૪ (૧) પ્રવ્રજ્યાસ્વરૂપ (૨) તે પ્રવ્રજ્યા કોણ દઈ શકે? (૩) તે પ્રવ્રજ્યા કોને દેવાય? (૪) તે પ્રવ્રજ્યા કયાં દેવાય? (૫) તે પ્રવ્રજ્યા કેવી રીતે દેવાય? એ પાંચ દ્વારોને અનુક્રમે સંક્ષેપથી નિરૂપણ કરવામાં આવશે. (૪)

**પ્રવ્રજ્યા પરમાર્થ** **पव्वयणं** ૫ પ્રવ્રજ્યાશબ્દનો અર્થ મન, વચન, કાયાથી કરવા, કરાવવા અને અનુમોદનારૂપ પાપવ્યાપારથી નીકળીને પવિત્ર ચારિત્રના વ્યાપારોમાં પ્રકર્ષપણે પ્રવર્તવું તેનું નામ પ્રવ્રજ્યા છે, એવીજ રીતે મોક્ષ પ્રત્યે ગમન કરવું તેનું નામ પણ પ્રવ્રજ્યા છે, કારણ કે દીક્ષા એ મોક્ષનું કારણ છે, તેથી તે દીક્ષામાં મોક્ષપણાનો આરોપ કર્યો છે. (૫)

જૈનશાસ્ત્રમાં દરેક વસ્તુની વ્યાખ્યા કરતાં ચાર નિક્ષેપા જણાવવાના હોય છે, અને તેથી અહીં પણ નામાદિ ચાર નિક્ષેપા જણાવે છેઃ-

**નિક્ષેપા**

**नामाइ** ૬. આ પ્રવ્રજ્યા નામપ્રવ્રજ્યા, સ્થાપના પ્રવ્રજ્યા, દ્રવ્યપ્રવ્રજ્યા અને ભાવપ્રવ્રજ્યા એવી રીતે ચાર પ્રકારની છે. તેમાં કોઇપણ જીવ અજીવાદિ વસ્તુનું પ્રવ્રજ્યા એવું નામ સ્થાપવામાં આવે કે પ્રવ્રજ્યા એવા અક્ષરો લખવામાં આવે તો તેને નામપ્રવ્રજ્યા કહેવામાં આવે છે, તેવીજ રીતે પ્રવ્રજ્યા આચરનાર મહાપુરુષોની આકૃતિને સ્થાપનાપ્રવ્રજ્યા કહેવામાં આવે છે. અન્યતીર્થિક ચરક, પરિવ્રાજક વિગેરેની દીક્ષાને દ્રવ્યપ્રવ્રજ્યા કહેવામાં આવે છે અને છએ કાયાનો આરંભ અને બાહ્ય અભ્યંતર પરિગ્રહનો ત્યાગ કરાય ત્હેને જૈનશાસનમાં ભાવ પ્રવ્રજ્યા કહે છે. ૬

**આરંભપરિગ્રહનું સ્વરૂપ**

દીક્ષાને અંગે આરંભ અને પરિગ્રહ વર્જવાના જણાવ્યા, તેથી આરંભ અને પરિગ્રહનું સ્વરૂપ કહે છે-**पुढवाइ** ૭, **चाओ** ૮, માટી, મીઠું વિગેરે પૃથ્વીકાય, નદી, કુવાદિના જલ વિગેરે અપ્કાય, અંગારા, જ્વાલા વિગેરે તેઉકાય, પૂર્વદિશા વિગેરેમાં વાતો વાઉકાય, વૃક્ષ, પત્ર, પુષ્પ, બીજ વિગેરે વનસ્પતિકાય અને બેઇંદ્રિયથી પંચેંદ્રિય સુધીના ત્રસકાય એ છકાય જીવોની જે હિંસા તેનું નામ આરંભ કહેવાય છે, તેવીજ રીતે રજોહરણ, મુહપત્તિ વિગેરે ધર્મને સાધનારાં ધર્મોપકરણોને છોડીને જે અધિક વસ્તુ રાખવી કે કોઇમાં પણ મૂર્છા કરવી તે બાહ્ય પરિગ્રહ કહેવાય, અને મિથ્યાત્વ વિગેરે અભ્યંતર પરિગ્રહ કહેવાય છે. (૭) આ આરંભ અને પરિગ્રહનો મન, વચન, કાયાથી પ્રવૃત્તિ રોકીને જે ત્યાગ કરવો તેનું નામ પ્રવ્રજ્યા એટલે દીક્ષા કહેવાય છે. અને તેનું સાક્ષાત્ તેજ ભવમાં કે કેટલાક જન્મને આંતરે નક્કી મોક્ષરૂપી ફળ થાય છે. (૮)

**એકાર્થિકનામો**

ઉપર જણાવેલી પ્રવ્રજ્યાના સમાન અર્થવાળી નામો જણાવવાં તે પણ વ્યાખ્યાને ઉપયોગી હોવાથી પ્રવ્રજ્યાના સમાન અર્થવાળાં નામો એટલે પ્રર્યાયો જણાવે છેઃ-**पव्वज्जा** ૯ પ્રવ્રજ્યા (૧) નિષ્ક્રમણ (ગૃહનો ત્યાગ કરીને સાધુતા ગ્રહણ કરવી) (૨) સમતા (ઇષ્ટ અને અનિષ્ટ એવા સચેતન કે અચેતન પદાર્થોમાં રાગદ્વેષ ન કરવો (૩,) ત્યાગ (આરંભ અને પરિગ્રહનો ત્યાગ) ૪, તેવીજ રીતે વૈરાગ્ય (બાહ્યપદાર્થોની ઇચ્છા વિગેરેથી બંધાએલા કર્મને આધીન થએલા જીવો ચતુર્ગતિક સંસારમાં રખડે છે, માટે તે બાહ્યપદાર્થ અને તેની ઇચ્છા ઉપરથી મનનું ખસેડવું) ૫, ધર્મચરણ (અંગોપાંગાદિક શ્રુતનો સ્વાધ્યાય અને ક્ષાંતિઆદિક દશપ્રકારના ધર્મનું આચરવું) ૬, અહિંસા (સૂક્ષ્મ, બાદર, ત્રસ, સ્થાવર જીવોની હિંસા નહિ કરવાની ત્રિવિધ ત્રિવેધે પ્રતિજ્ઞા કરવી) ૭, દીક્ષા (ક્રોધ, માનાદિક છોડીને ઇંદ્રિયોને વિષયોથી નિવર્તાવીને મસ્તકનું મુંડન કરવું) ૮ એ આઠ પ્રવ્રજ્યાનાં એકાર્થિક નામો છે. ૯

એવી રીતે પહેલા દ્વારમાં પ્રવ્રજ્યાની વ્યુત્પત્તિ, નિક્ષેપા, સ્વરૂપ અને તેનાં એકાર્થિક નામો જણાંવ્યાં, હવે બીજા દ્વારમાં તે પ્રવ્રજ્યાને દેવાવાળા ગુરુનું સ્વરૂપ જણાવે છેઃ-**पव्वज्जा** ૧૦, **सम्मं ११, सत्त १२, तह पव १३, एआरि १४**

દીક્ષા દેનાર ગુરુ દીક્ષાને માટે કહેવામાં આવશે એવા ગુણો સહિત હોવા જોઇએ. (જુઓ ગાથા ૩૨ થી ૩૬) ૧. તેમજ વિધિપૂર્વક દીક્ષા અંગીકાર કરેલી હોય,

**દીક્ષાદાતાના ગુણો** ૨ ગુરુકુલવાસની જેણે સેવા કરી હોય, ૩ દીક્ષા લીધી ત્યારથી સર્વદા અસ્ખલિત શીલ સહિત હોય, ૪ કાલાદિ આચારો પૂર્વક સૂત્રોનું અધ્યયન કર્યું હોય, ૫ અને તેથી અત્યંત નિર્મળ બોધ મેળવ્યો હોવાથી તત્ત્વ (ઐદંપર્યાર્થ) ને જાણનારા હોય, ૬ બાહ્ય અને અંતર વૃત્તિથી શાંત હોય, ૭ શાસન અને તેને આરાધનારા લોકો પ્રત્યે વાત્સલ્ય-ભાવવાળા હોય, ૮ સર્વજીવનું હિત કરવાવાળા હોય, ૯ લોકોને ગ્રહણ કરવા લાયક વાક્યવાળા હોય, ૧૦ શિષ્ય વિગેરેને માર્ગમાં વર્તાવનારા હોય, ૧૧ ગાંભીર્ય ગુણવાળા હોય, ૧૨ ખેદ ન ધારણ કરે, ૧૩ પરલોકની પ્રધાનતાવાળા હોય, ૧૪ બીજાને શાંત કરવાની લબ્ધિવાળા હોય, તેવીજ રીતે ઉપકરણ મેળવવાની અને સફળ કાર્ય કરવાની લબ્ધિવાળા હોય ૧૫ શાસ્ત્રોના અર્થનું નિરૂપણ કરનાર હોય, ૧૬ અને પોતાના આચાર્યે આચાર્યપદ આપેલું હોય, ૧૭ એવા આચાર્યને તીર્થંકરોએ દીક્ષા દેનાર તરીકે જણાવેલા છે.

પૂર્વોક્ત ગુણવાળા આચાર્યે દીક્ષા દેતાં કઇ ઇચ્છા ન રાખવી ? અને કઇ ઇચ્છા રાખવી ? તે જણાવે છે.–એવા આચાર્યે પરિવાર વધારવા આદિકની ઇચ્છા ન રાખતાં દીક્ષા લેનારના ઉપકારને માટે અને કર્મક્ષયને માટે શાસ્રોક્ત રીતિએ દીક્ષા આપવી.

એવા ગુરુ પાસેથી દીક્ષા લેનારને થતા ફાયદા જણાવે છેઃ—**भत्ति** ૧૯

પૂર્વે જણાવેલા ગુણરૂપી રત્નના સમુદ્ર એવા ગુરુ હોય તો નિશ્ચે શિષ્યોને ભક્તિ, બહુ-માન અને શ્રદ્ધા થવા સાથે ચારિત્રમાં સ્થિરતા થાય છે. ૧૫ દીક્ષા દેના-

**અનુવર્તકપણાની શ્રેષ્ઠતા** રને માટે જણાવેલા સત્તર ગુણોમાં અગીઆરમો જે અનુવર્તક માર્ગમાં વર્ત્તાવવાપણાનો ગુણ જણાવેલો છે તે આચાર્ય અને શિષ્યને ઘણો ઉપકારી હોવાથી તેનું વિવેચન અને જરૂરીઆત જણાવે છેઃ–अणु ૧૬,

अणु ૧૭ આ દીક્ષાદાયક આચાર્યો મજબુત રીતે અનુવર્તક હોવા જોઇએ, અને તેથી તેઓ જીવોની વિચિત્રતા અનેકપ્રકારે મનના સ્વભાવો અને તેને માર્ગે લાવવાના

**અનુવર્તક** ઉપાયો યથાસ્થિત રીતે જાણીને દીક્ષિતોનું અનુવર્તન કરે. ઘણા ભાગે નવદીક્ષિત સાધુઓ ગુરુની કરેલી અનુવર્તનાથીજ પરમ યોગ્યતાને પામે છે. રત્ન પણ શોધવાના ગુણથીજ ઉત્કૃષ્ટ પદવીને પામે છે.

શિષ્યનાં પ્રમાદ કાર્યોને દૂર કરવાથીજ ગુરુપદની સફળતા જણાવે છેઃ-

**एत्थय** ૧૮ આ સંસારમાં જીવને અનાદિકાલનો પ્રમાદમય અભ્યાસ હોવાથી કયા જીવોને પ્રમા-દથી થએલી સ્ખલનાઓ હોતી નથી. પણ જે આચાર્ય તે બધી સ્ખલનાઓને

**ગુરૂપણાની સાફલ્યતા** ગુરુપણું શિષ્યો પાસે દૂર કરાવે ( અને અપ્રમત્તપણે શિષ્યને વર્તાવે ) તેનુંજ ગુરુપણું સફલ સમજવું. સમજાવવા માંડેલા શિષ્યના દુષ્ટપણાને લીધે ગુરુએ ઉદ્વેગ નહિ કરવાનું જણાવ્યુ છે. ૧૮॥

**કોણામ** ૧૯ જે સારા સારા ઘોડાઓને વશ કરે તેવાઓની સારથિઓમાં ગણત્રી શી રીતે થાય ? દુષ્ટ એવા પણ ઘોડાઓને જે કેળવે, તેજ સાચો સારથિ કહેવાય છે,

**એજ વાત લૌકિક દૃષ્ટાંતથી સમજાવે છે,** તેવી રીતે અહીં પણ વિનીત શિષ્યોને માર્ગમાં દોરે તેના આચાર્યપણા કરતાં પ્રમાદવાળા શિષ્યોને જે આરાધક બનાવે તેનુંજ સાચું આચાર્ય પદ કહી શકાય. ૧૯॥

અનુપાલન નહિ કરનાર આચાર્યની સ્થિતિ જણાવે છે:—

**જો આય** ૨૦ જે આચાર્ય શિષ્યોને હાવભાવ અને આહારસત્કારથી દીક્ષા આપીને સૂત્રવિધિએ પાલન કરતા નથી તે શાસનનો પ્રત્યનીક (શત્રુ) છે એમ સમજવું. ૨૦॥

**પ્રત્યનીક આચાર્ય**

શિષ્યે સેવેલા અકાર્યનું કારણ આચાર્યજ છે એમ જણાવે છે:—

**અવિ** ૨૧**જિણ** ૨૨ પરમાર્થને નહિ જાણનારા શિષ્યો આ લોક અને પરલોક સંબંધી જે વિરૂદ્ધ આચરણ કરે અને તેથી જે નુકસાન તેઓ પામે તે બધું તે આચાર્યને લીધેજ છે. ૨૧॥

જે કોઈ મનુષ્ય અધમ કાર્યને આચરતા તે શિષ્યોને દેખીને ચંદ્ર સમાન સ્વચ્છ એવા જૈનશાસનની જે નિંદા કરે તે પણ તે આચાર્યને લીધેજ સમજવી. ૨૨॥

અનુવર્તન કરવાનું ફળ જણાવે છે:—

**જોપુણ** ૨૩ પણ જે આચાર્ય વિધિપૂર્વક શિષ્યોનું અનુવર્તન કરે, શાસ્ત્રો ભણાવે અને ક્રિયામાં તૈયાર કરે, તે આચાર્ય તે શિષ્યોને તેમજ શિષ્યોની તેવી પવિત્રરીતિને દેખીને શાસનની અનુ- મોદના અને પ્રશંસા કરનારા બીજા જીવોને તેમજ પોતાના આત્માને પરમપદ પ્રાપ્ત કરાવે છે, કારણ કે:—

**ણાણાइ** ૨૪ જ્ઞાન વિગેરેની પ્રાપ્તિ થવાથી શિષ્યોમાં રહેલા દોષો નાશ પામે છે, અને

**જ્ઞાનપ્રાપ્તિ ફળ** ચારિત્ર વૃદ્ધિ પામે છે, એવી રીતે પરંપરાએ દોષની હાનિ અને ચારિત્રની વૃદ્ધિથી શિષ્યો મોક્ષ મેળવે છે. ૨૪

**एआ** ૨૫ આવા કલ્યાણની આકાંક્ષા અને પ્રવૃત્તિવાળા જીવો આ જૈનશાસનમાં છે એમ જાણનારા બીજા જીવોને શાસનમાં રાગ થાય અને તે રાગ તેઓને બોધિ-

**પરંપરાનું પારમાર્થિક ફળ** બીજ બને અને તે બોધિબીજવાળાઓને શાસ્ત્ર સાંભળવાની પ્રવૃત્તિ થાય યાવત્ પરંપરાએ તે અનુમોદનારામાં પણ મોક્ષપદ પ્રાપ્ત થવાનું બને.

**इय** ૨૬ એવી રીતે મોક્ષને મેળવનારા જીવોને મોક્ષનું કારણ, પોતાના અને પરના ઉપકારમાં હંમેશાં ઉદ્યમવાળા અને પોતાના ગુરુપદને સફળ કરનારા આચાર્ય તે ઇષ્ટ

**કાર્યની સિદ્ધિ** અનુવર્તનાથી મોક્ષરૂપી ઇષ્ટ કાર્યને સિદ્ધ કરે છે. ૨૬

શિષ્યોનું અનુવર્તન કર્યા છતાં શિષ્યો પાપ કરે તો આચાર્યને દોષ નથી એમ જણાવે છે:—

**विहि** ૨૭ શાસ્ત્રોક્ત રીતિએ માર્ગમાં વર્તાવેલા શિષ્યો કદાચિત્ કોઇક જગો ઉપર શાસ્ત્રમાં નિષેધેલા એવા હિંસાદિક પાપને આચરે, તોપણ ગુરુને તેનો દોષ લાગતો નથી, કારણ કે શાસ્ત્રોની આજ્ઞા પ્રમાણે ગુરુ મહારાજે વર્તન કરેલું છે. ૨૭

શંકા **आह** ૨૮ શ્રોતા શંકા કરે છે કે શિષ્ય કદાચિત્ શાસ્ત્રથી વિરૂદ્ધ હિંસાદિક આચરે તો શિષ્યનેદોષ લાગવાની પેઠે ગુરુને પણ દોષ લાગે એમ કહેવું તે ન્યાય શૂન્ય છે. એનો ઉત્તર દે છે કે ગુરૂએ અનુવર્તન નહિ કરવાથી શાસ્ત્રની આજ્ઞાનો ભંગ કર્યો તેથી તે પાપ ગુરુને લાગે છે, અને તે આજ્ઞાભંગ ગુરુમાંજ છે, બીજામાં નથી, તો ગુરુને તેથી લાગતું પાપ ન્યાય બાહ્ય કેમ કહેવાય ? ૨૮

**तम्हा** ૨૯ જે માટે અનુવર્તના કરવા અને નહિ કરવામાં મોક્ષપ્રાપ્તિ અને પાપબંધ છે, માટે આચાર્યે નવદીક્ષિતોને માર્ગમાં વર્તાવવાજ જોઇએ અને તે ગુરુ ગુણ યુક્ત હોય તોજ અનુવર્તનામાં સફળ થાય, માટે એવાજ ગુરુએ પ્રવ્રજ્યા દેવી જોઇએ. ૨૯

ઉપસંહાર

પૂર્વોક્ત રીતિએ ઉત્સર્ગથી દીક્ષા દેનાર ગુરુના ગુણો જણાવી, કાલાદિકની વિષમતાથી અપવાદપદ જણાવે છે:—

**काल** ૩૦ **गीत** ૩૧ અવસર્પિણીકાળને લીધે મેધાદિકની હાનિ જરૂર થતી હોવાથી પૂર્વે જણાવેલા ગુણોમાંથી કેટલાક ગુણ ન હોય, તોપણ શીલવાળા બીજા આચાર્યે પણ દીક્ષા આપવી. સૂત્ર અને અર્થને જાણનારા યોગ ( સંયમવ્યાપાર )ને કરનારા, ચરિત્રવાળા, શિષ્યોને ભણાવવામાં કુશળ, અનુવર્તક ને ખેદ નહિ પામનાર એવા અપવાદપદે દીક્ષાઆચાર્ય હોય છે.

અપવાદપદે દીક્ષા દાતા

આ બીજા દ્વારમાં ઉત્સર્ગપદે દીક્ષા દેનારા આચાર્યના ગુણો અનુવર્તનાની મહત્તા ને અપવાદપદથી દીક્ષા દેવાલાયક આચાર્ય જણાવ્યા.

હવે ત્રીજા દ્વારમાં દીક્ષા લેનારના ગુણો ઉત્સર્ગ અને અપવાદથી જણાવે છે:-**पव्वज्जा** ૩૨, **तत्तो** ૩૩, **विसया** ૩૪, **एवं** ૩૫, **सुक** ૩૬ ૧ મગધઆદિ સાડીપચીસ આર્યદેશમાં જન્મ પામેલા ૨ માતાના પક્ષરૂપ જાતિ અને પિતાના પક્ષરૂપ કુલ એ બે જેનાં નિર્મળ હોય ૩, ૬૯ કોડાકોડની સ્થિતિ ખપવાથી અલ્પકર્મવાળા થઇ નિર્મળ બુદ્ધિવાળા હોય ૪ સંસારસમુદ્રમાં મનુષ્યપણું દુર્લભ છે, જન્મ એ મરણનું કારણ છે, લક્ષ્મી ચંચળ છે, વિષયો દુઃખના હેતુઓ છે, સમાગમ એ જરૂર વિયોગવાળો છે, દરેક સમયે આયુષ્ય ક્ષય થતું હોવાથી મરણ છે, પરભવમાં કરેલા કર્મોનો વિપાક ભયંકર છે, એવી રીતે સ્વભાવથીજ સંસારનું નિર્ગુણપણું જેમણે જાણેલું છે ૫ અને તે જાણવા-

થીજ સંસારને ત્યાગ કરવાની બુદ્ધિવાળા હોય ૬ કષાય અને હાસ્ય વિગેરે જેમના પાતળા હોય ૭, ૮ કરેલા ગુણને જાણનાર ૯ વિનયવાળા ૧૦ રાજાદિકથી વિરોધ વગરના ૧૧ પંચેદ્રિયથી પૂર્ણ ૧૨ શ્રદ્ધાવાળા ૧૩ સ્થિરતાવાળા ૧૪ અને ગુરુની પાસે આવેલા એવા જીવો દીક્ષાને લાયક ગણાય છે।।

પૂર્વે જણાવેલી રીતિએ દીક્ષા લેનારના મુખ્ય ગુણો જણાવી અપવાદપદ કહે છે કે:—

**काल ३७ नउ ३८** કાલની અધમતાના દોષથી પૂર્વે કહેલા ગુણોમાંથી કેટલાક ગુણો ન હોય, તોપણ જે ઘણા ગુણવાળા હોય તે દીક્ષાને યોગ્ય જાણવા, પણ માત્ર મનુષ્યપણુંઆદિ મળ્યું છે તેટલા માત્રથી લાયક ગણી લેવા નહિ, કારણ કે ઘણા ભાગે ગુણસંપન્ન જીવોજ ગુણની અધિકતાને સાધનાર હોય છે. ભગવાન્ હરિભદ્રસૂરિજી 'ધર્મબિંદુ' ગ્રંથમાં દીક્ષા દેનાર અને લેનારના ગુણોમાં ¼ગુણ ઓછાહોય તેને મધ્યમપાત્ર અને અર્ધગુણવાળાને જઘન્યપાત્ર તરીકે જણાવે છે. વળી 'ધર્મસંગ્રહ'માં દીક્ષાના રાગમાત્રથીજ દીક્ષા લેવાને લાયક ગણેલા છે. ત્રીજા દ્વારને સમાપ્ત કરતાં કહે છે કે:-

**एवं ३९** એવા લાયક અને સંસારથી વિરક્ત ચિત્તવાળા મનુષ્યોને દીક્ષા દેવી, કેમકે તે દીક્ષા અત્યંત દુષ્કર છે, તેમજ વૈરાગ્યવાળાને મજબુત આલંબન છે.

દીક્ષાનું દુશ્કરપણું જણાવે છે:—

**अइ ४०, संसा ४१, गुरु ४२, विट्ठा ४३,** અનાદિકાળની સંસારવાસનાથી જેનું મૂળ દઢ થએલું છે એવો મોહવૃક્ષ અત્યંત મ્હોટો છે અને તેનું ઉન્મૂલન સર્વદા અપ્રમત રહેવાવાળાઓથી પણ દુઃખે કરી શકાય છે. અને તે અપ્રમાદ સંસારથી વિરક્ત થએલાઓનેજ હોય છે, પણ ભવાભિન્દીઓને હોતો નથી. ભવાભિનન્દીઓને તો જિનવચન પણ ગુણકારક હોતું નથી, જે માટે ભારે કર્મી અશુદ્ધપરિણામવાળા જીવોને જિનવચનનું રહસ્ય રૂડી રીતે મેલા વસ્ત્રમાં કંકુનો રાગ ન પરિણમે તેમ પરિણમતુંજ નથી.

જેમ ઉપદેશથી પણ ભુંડને વિષ્ઠાથી વારી શકીએ નહિ, તેમ જેનું મન વૈરાગ્ય પામ્યું નથી, એવા સંસારના ભુંડ જેવા મનુષ્યને અકાર્ય કરવાથી રોકી શકાતા નથી.

ઉપસંહાર કરતાં જણાવે છે કે:—

**ता ४४** તેટલા માટે ગીતાર્થ સાધુ દોષ રહિત અને ભાગ્યશાળીઓને દીક્ષા આપે છે, કેમકે વિપરીત વિધાન કરવાથી સ્વ અને પરનું અહિત થાય છે. એજ વાત જણાવતાં કહે છે કે.

**अवि ४५, तस्स ४६,** અવિનીત જીવ શિક્ષાને ગ્રહણ કરે નહિ, પ્રતિકૂળ આચરણ કરે અને તેવાને શિખવાડતાં પોતાના આત્માનું અહિત થાય અને તે અવિનીતને હિતની ઇચ્છા ન હોવાથી આર્તધ્યાન થાય, અને તેને આ ભવ અને પરભવનું જીવન નિષ્ફળ રહે, માટે વૈદ્યક્રિયાના દ્રષ્ટાંતે તેવા અવિનીતનો દીક્ષાવિધિમાં ત્યાગ કરવો ઉચિત છે.

વૈદ્યક્રિયાનું દૃષ્ટાંત સમજાવે છે:--

**गह** ૪૭, **तह** ૪૮, **जिण** ૪૯, જેમ જગતમાં જે વૈદ્ય અસાધ્ય વ્યાધિની દવા કરવા જાય તે વૈદ્ય પોતાના આત્માને તેમજ રોગીઓને દુ:ખમાં પાડે છે, તેવી રીતે ધર્મવૈદ્ય જેવા આચાર્ય અસાધ્ય ભવરોગવાળાઓને ભાવક્રિયા જેવી પ્રવ્રજ્યામાં જોડે તેમને પણ આજ ઉપમા લાગુ થાય. જોકે આ જગતમાં જૈનશાસનની ક્રિયાથી કોઈ પણ અસાધ્ય નથી, તોપણ જે જીવો તે દીક્ષા દેવાને લાયક હોય તેઓજ સાધ્ય તરીકે ગણાય, તેજ તત્ત્વ છે.

દીક્ષા દેવાને લાયક જીવની જઘન્ય અને ઉત્કૃષ્ટ અવસ્થા કહે છે:—

**एएसि** ૫૦ દીક્ષાને લાયક જીવોની અવસ્થાનું પ્રમાણ વીતરાગોએ જઘન્યથી આઠ વર્ષે અને ઉત્કૃષ્ટથી અત્યંત વૃદ્ધ ન થાય ત્યાં સુધી જણાવેલું છે.

નિશીથચૂર્ણિ, પ્રવચનસારોદ્ધારટિપ્પણ, પ્રવચનસારોદ્ધારવૃત્તિ, ધર્મસંગ્રહ વિગેરેમાં ગર્ભથી સાત વર્ષ પુરા થતાં પણ દીક્ષાની યોગ્યતા માનેલી છે. વળી મેઘવિજયજી ઉપાધ્યાયે કરેલા 'યુક્તિપ્રબોધ' ગ્રંથમાં તો ગુરુ મહારાજના ઉપદેશથી પ્રતિબોધ પામનારાને માટે આ વયનો નિયમ ગણ્યો છે, અને તેથી ભવાંતરના અવધિજ્ઞાનવાળા, જાતિસ્મરણવાળા કે જૈનકુલના સંસ્કારથી ભાવવાળા થએલા જીવો માટે આ નિયમ નથી.

આઠ વર્ષથી ઓછી ઉમરવાળાને દીક્ષા ન દેવામાં કારણ.

**तदहो** ૫૧ આઠથી ઓછી ઉમરવાળા બાળકો જગતમાં પરાભવનું સ્થાન બને અને ઘણા ભાગે આઠથી ઓછી ઉમરવાળાને ચારિત્રના પરિણામ પણ હોય નહિ, **आवश्यक**ની અંદર વજ્રસ્વામીના વૃત્તાંતમાં છ મહિનાની દીક્ષાનું કથન તો કોઈ વખત બનવાવાળા બનાવને જણાવનારૂં છે, બાળદીક્ષા બાબતે શંકા કરે છે:--

**केइ** ૫૨, **अन्ने** ૫૩, **विण्णाय** ૫૪, **धम्म** ૫૫, **तह** ૫૬, કેટલાક કહે છે કે જે તમે આઠ વર્ષની વયવાળા બાળકોને દીક્ષા લાયક ગણ્યા છે તે અયોગ્ય છે, કારણ કે તે અવસ્થામાં પણ બાળકપણું હોવાથી તે ચારિત્રને યોગ્ય નથી. વળી કેટલાકો યૌવનઅવસ્થા ગયા પછીજ થતી દીક્ષાને યોગ્ય માને છે કારણ કે લઘુવયવાળાઓને ભવિષ્યમાં દોષ થવાનો સંભવ છે અને યૌવનઅવસ્થામાં વિષય સેવન પછી થએલાઓ વિષયબુદ્ધિથી રહિત હોવાથી દીક્ષાને સુખે પાળે છે, અને તેના ચારિત્રમાં વિરાધનાની શંકા પણ રહેતી નાહ, વળી લોકોમાં જે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચાર પુરુષાર્થ કહેવાય છે તે પણ બધા પોતપોતાને વખતે આદરવાજ જોઈએ, તેથી પણ દીક્ષા વૃદ્ધપણામાંજ લાયક ગણાય. વળી બાળદીક્ષિતોને કૌતુકથી કામ સેવવાની ઇચ્છા, સ્ત્રીની પ્રાર્થના, બળાત્કાર વિગેરે પણ દોષો થવાનો સંભવ છે, તે સર્વ દોષો વૃદ્ધોને દીક્ષા આપવાથી નથી લાગતા.

ઉપર પ્રમાણે વાદીએ બાળ અને યૌવનવયની દીક્ષાનો નિષેધ કરી ફક્ત વૃદ્ધઅવસ્થાનીજ દીક્ષા યોગ્ય ગણી, તેનો ઉત્તર શાસ્ત્રકાર જણાવે છે.:—

**भण्णइ ૫૭, तक्कम्म ૫૮, गय ૫૯, जोव्वण ૬૦, जइ ૬૧, संभा ૬૨, कम्मा ૬૩, तम्हा ૬૪, विण्णा ૬૫,** અને **अब्भा ૬૬,** ન્હાની અવસ્થા કર્મના ક્ષયોપશમથી થવાવાળા ચારિત્રની સાથે શું વિરોધી છે કે જેથી બાલ્યાવસ્થામાં દીક્ષાને યોગ્ય નથી એવો કદાગ્રહ પકડાય છે, કેમકે ચારિત્રમોહનીયકર્મનો ક્ષયોપશમ શુભપરિણામથી થાય છે, પણ વયને લીધે થતો નથી, માટે લઘુવય અને ચારિત્રનો કોઇપણ રીતે વિરોધ નથી. વળી કેટલાક વૃદ્ધપુરુષો પણ દુર્ગતિમાં લઈ જનારા કાર્યોને બાળકની માફક આચરે છે, અને ભાગ્યશાળી જુવાન અવસ્થાવાળા છતાં પણ અકાર્યને કરતા નથી, તેથી યૌવનઅવસ્થા અકાર્ય કરાવેજ છે એમ કહી શકાય નહિ. ખરી રીતે નિર્વિવેકપણું એજ જુવાની છે અને તત્વથી નિર્વિવેકપણાનો અભાવ એટલે વિવેક આવવો તેજ જુવાનીનું ઉલ્લંઘન છે અને તે વિવેકનો કોઇ દિવસે પણ જિનેશ્વરોએ નિષેધ કર્યો નથી. શંકા કરે છે કે જો અવિવેકનો નિષેધજ નથી તો આઠ વર્ષની વયનો નિયમ કેમ કર્યો? ઉત્તરમાં જણાવે છે કે આઠથી ઓછી ઉમરવાળો બાળક લોકોને પરાભવનું સ્થાન થાય એ વિગેરે અનેક કારણો પૂર્વે જણાવેલાં છે તેથી નિષેધ કરેલો છે. વળી બાળક અને યુવાનો ભવિષ્યમાં દોષની સંભવનાવાળા છે એમ જે કહ્યું તે પણ યોગ્ય નથી, કારણ કે લાંબો કાળ સંસારી થઇને વૈરાગી થએલામાં પણ દોષની સંભવના સરખીજ છે. વળી કર્મોનું આગેવાન એવું મોહનીયકર્મ તે વેદના નાશ સુધી રહે છે માટે ચરમશરીરી જીવો પણ સંભાવનીય દોષવાળા ગણાય, અને તેથી વાદીના હિસાબે નવમાં અનિવૃત્તિબાદરગુણસ્થાનકથી પહેલાં દીક્ષા આપવી જોઇએ નહિ, અને દીક્ષા વગર નવમે ગુણઠાણે જીવોનું જવું થાય પણ નહિ, માટે સંભાવનીયદોષથી દીક્ષા નિષેધનારને વિષમદશામાં જવું પડશે. ચિરકાળ સંસાર અનુભવ્યો હોય તે દોષની સંભાવના વગરના હોય એમ જે કહ્યું તે પણ બાળ અને યૌવનની દીક્ષામાં સરખુંજ છે, કેમકે વિષયના પ્રસંગથી રહિત એવા ઘણાએ બાળબ્રહ્મચારીઓ હોય છે, વળી વિકારો અભ્યાસથી વધવાવાળા છે, અને તે વિષયનો અભ્યાસ અશુભ-પ્રવૃત્તિનું કારણ છે, માટે વિષયથી સર્વથા દૂર રહેલા વધારે સુંદર છે,વળી પુરુષાર્થ સંબંધી થએલ વાદીના કથનને ખંડન કરતાં કહે છે:—

**धम्म ૬૭, असुहो ૬૮, अन्नम् ૬૯, मोक्खो ૭૦, तह ૭૧, इयरे ૭૨, तम्हा ૭૩,**

વળી વાદીએ બાલબ્રહ્મચારીમાં દોષો જણાવ્યા તે પણ કહેવા માત્ર છે, કેમકે વિષયમાં પ્રવર્તેલાને તો સ્મૃતિ આદિ અત્યંત દુષ્ટ દોષો સહેજે થાય છે અને બાલબ્રહ્મચારીને જિનેશ્વરના વચનથી બુદ્ધિ ભાવિત થવાથી તેમજ વિષયનું અજ્ઞાનપણું હોવાથી તે કૌતુકાદિ દોષો થતાજ નથી તેથી એ વાત સિદ્ધ થઇ કે જઘન્યથી અષ્ટ વર્ષની વયવાળા પણ યોગ્ય છે અને ઉત્કૃષ્ટથી અત્યંત વૃદ્ધ ન થાય ત્યાં સુધી યોગ્ય છે, પણ સંસ્તારક શ્રમણ તો અત્યંત વૃદ્ધ પણ થઇ શકે.

પંચાવનમી વિગેરે ગાથાથી ધર્મ વિગેરે ચાર વર્ગોને સાધવાનું જે કહ્યું હતું તે અસાર છે, કારણુકે અર્થ અને કામ એ બે સ્વભાવથીજ સંસારને વધારનારા છે, અને સંસાર અશુભ તેમજ મહાપાપમય છે તેથી તેના ક્ષયને માટે બુદ્ધિશાળી પુરુષાએ ચારિત્રધર્મજ કરવો જોઇએ. વળી મનુષ્યજીવન વિજળીના ચમકારા જેવું ચંચળ અને અસાર છે, અને કુટુંબીઓનો સંબંધ પણ તેવોજ છે, માટે સર્વ વખત ધર્મનું આરાધનજ કરવું જોઈએ. પરમાર્થથી મોક્ષ એ ધર્મ-નુંજ ફળ છે, તેથી મોક્ષને માટે પણ જિનેશ્વરમહારાજે કહેલો ચારિત્રધર્મજ વિષયકષાયને છોડીને કરવો જોઈએ.

વળી વાદીએ બાલબ્રહ્મચારીમાં દોષો જણાવ્યા તે પણ કહેવા માત્ર છે, કેમકે વિષયમાં પ્રવર્તેલાને તો સ્મૃતિઆદિ અત્યંત દુષ્ટ દોષો સહેજે થાય છે અને બાલબ્રહ્મચારીને જિનેશ્વરના વચનથી બુદ્ધિ ભાવિત થવાથી તેમજ વિષયનું અજ્ઞાનપણું હોવાથી તે કૌતુકાદિ દોષો થતાજ નથી, તેથી એ વાત સિદ્ધ થઇ કે જઘન્યથી અષ્ટ વર્ષની વયવાળા પણ યોગ્ય છે અને ઉત્કૃષ્ટથી અત્યંત વૃદ્ધ ન થાય ત્યાંસુધી યોગ્ય છે, સંસ્તારકશ્રમણ તો અત્યંત વૃદ્ધ પણ થઇ શકે.

ગૃહસ્થાશ્રમની શ્રેષ્ઠતા માનનાર માટે કહે છે: **अण्णे ૭૪, उव ૭૫, सिअ ૭૬, ते चेव ૭૭, ताणि ૭૮,** કેટલાક મંદબુદ્ધિવાળાઓ ગૃહસ્થાશ્રમજ શ્રેષ્ઠ છે એમ માને છે, કારણુકે સર્વ આશ્રમવાળાઓ તે ગૃહસ્થોના આધારે પોતાનો નિર્વાહ કરે છે. એના ઉત્તરમાં જણાવે છે કે જો નિર્વાહના કારણપણાથી શ્રેષ્ઠતા આવતી હોય તો હળ, ખેડુત અને પૃથ્વી વિગેરેને શ્રેષ્ઠ માનવાં જોઇએ, કેમકે તે ગૃહસ્થો પણ તે હલાદિકને આધારેજ ધાન્યઆદિ પ્રાપ્ત કરી તે દ્વારાએ નિર્વાહ કરે છે, કદાચ એમ કહેવામાં આવે કે તે ખેડુતવિગેરે એમ માનતા નથી કે આ ધર્મિષ્ઠ મનુષ્યોને અમે ઉપકાર કરીએ છીએ, તેથી તે આધારમાં હલાદિકનું મુખ્યપણું કેમ થાય ? એના ઉત્તરમાં જણાવે છે કે તે હળાદિક આધાર ક્રિયા જો ગૃહસ્થ કરતાંઅધિક છે તો પછી નહિં માનવાની મતલબ શી ? અને એમ કહો કે તે હળાદિકને જ્ઞાન વિગેરે નથી માટે તે શ્રેષ્ઠ ન કહેવાય તો તમારા કહેવા પ્રમાણેજ જ્ઞાનદિકનુંજ શ્રેષ્ઠપણું થયું, અને સાધુને જ્ઞાનાદિક ગુણો તો ઘણા નિર્મળ હોયજ છે, તેથી તે સાધુનુંજ શ્રેષ્ઠપણું યોગ્ય છે. વળી સંસારમાં છકાયનો આરંભ છે અને તે મહાપાપનું કારણ છે માટે ચારિત્રધર્મની પ્રવૃત્તિ સર્વ અવસ્થામાં શ્રેષ્ઠ છે. કુટુંબ વગરનાને દીક્ષાલાયક ગણનારાઓને માટે કહે છે:

**अण्णे ૭૯, सोगं ૮૦, इअ ૮૧, आरंभ ૮૨, अण्णं ૮૩, अह ૮૪, सिअ ૮૫, बहु ૮૬, एवं ૮૭, तो पाण ૮૮, एवं ૮૯, अब्भु ૯૦,**

કેટલાકો કહે છે કે ભાઈવિગેરે કુટુંબ વિનાનાજ મનુષ્યો આ કહેલી પ્રવ્રજ્યાને લાયક છે, કારણુ-કે તે કુટુંબ દીક્ષા લેનારને પાળવાલાયક છે અને તેથી દીક્ષા લેનાર તેનો ત્યાગ કરે તેમાં દીક્ષિત થનારને પાપ છે. વળી તે દીક્ષાર્થીના જવાથી દુઃખી થએલું કુટુંબ જે શોક, આક્રંદ અને વિલાપ કરે તેમજ તે દીક્ષાર્થી વગર તે કુટુંબ જે અપકૃત્ય કરે તે બધો દોષ દીક્ષાર્થીને લાગે. આ પક્ષના ઉત્તરમાં જણાવે

છે કે ત્હારા કહેવા પ્રમાણે હિંસાવિગેરેને પાપનાં કારણો ન ગણવાં જોઈએ, કદાચ જો તું એમ કહે કે હિંસાવિગેરે પણ પાપનાં કારણો છે, તો કુટુંબના પાલનમાં શું હિંસા વિગેરે નથી થતાં ?, જરૂર થાય છે. વળી આરંભવગર કુટુંબનું પાલન થતું નથી અને આરંભ (સંસારપ્રવૃત્તિ)માં જરૂર હિંસાવિગેરે થાય છે એ તો પ્રગટજ છે. વળી કુટુંબનો ત્યાગ વધારે પાપમય છે કે જીવહિંસા વધારે પાપમય છે ? તે વિચારો. જો કુટુંબનો ત્યાગ વધારે પાપમય હોય તો તેનું કાંઇક કારણ હોવું જોઈએ. કદાચ કહેવામાં આવે કે તે છોડેલા કુટુંબને પીડા થાય તેથી વધારે પાપ છે, તો તે કુટુંબના પાલનમાં બીજા જીવોને શું પીડા નથી થતી ? કદાચ કહેવામાં આવે કે તે પારકા છે, તો સત્યસ્વરૂપના વિચારની અપેક્ષાએ કુટુંબ પણ આત્માથી ભિન્નજ છે. કદાચ એમ કહેવામાં આવે કે કુટુંબીઓએ તેવું કર્મ કર્યું છે કે જે કર્મથી દીક્ષાર્થી તેમનો પાલક બને, તો તેના ઉત્તરમાં જણાવવાનું કે ત્યારે તે દીક્ષાર્થી કેમ તેઓના પાલકપણે રહેતો નથી ? વાદીને કબુલ કરવુંજ પડશે કે તેઓના હવે તે કુટુંબી જનોએ દીક્ષાર્થી સિવાયના બીજા પાલકને યોગ્યજ કર્મ કરેલું છે. માટે તે કુટુંબને છોડવામાં દોષ નથી. વળી અનંતજીવોની પીડાએ થોડા જીવોને સુખ આપવું તે સમજુઓને માન્ય નથી, અને કુટુંબનો ત્યાગ નહિ કરવામાં જલ વિગેરેના અનંત જીવોનો ઘાત થાય છે. કદાચ કહેવામાં આવે કે પરમેશ્વરે તે જલ વિગેરેના જીવો સંસારમાં એવી રીતે મરવા લાયકજ બનાવેલા છે માટે તે જલ વિગેરેની હિંસામાં દોષ નથી, તો આવી રીતે કર્ત્તાપણાનો વાદ અંગીકાર કરવામાં કુટુંબને ત્યાગ કરવાથી પણ દીક્ષાર્થીને દોષ કેમ લાગે ? કેમકે તે કુટુંબ પણ પરમેશ્વરે તેવી રીતે ત્યાગ કરવાલાયકજ સરજાયું છે એમ માનવું પડશે, માટે હિંસા-વિગેરેજ પાપનાં મોટાં કારણો છે, અને તે હિંસાવિગેરે કુટુંબના પાલનમાં જરૂર થાય છે, એ વાત આગળ પણ કહી છે. વાદી શંકા કરે છે કે તે દીક્ષાર્થી કુટુંબનો ત્યાગ કરે તેમાં થોડો પણ દોષ તે ધર્માર્થે તૈયાર થએલાને કેમ ન હોય ? એનો ઉત્તર દે છે કે **अन्नं च** એ ગાથામાં કહેલો જે અલ્પ દોષ તે માત્ર પક્ષની પરીક્ષા માટેજ કહેલો હતો. તત્ત્વથી તો મમતારહિતપણે વોસરાવવાની દૃષ્ટિથી કુટું-બનો ત્યાગ કુટુંબઆદિકને શોક વિગેરે થાય તો પણ દોષવાળો નથી. નહિંતર અણુસણ કરીને મર-નાર મનુષ્યની પાછળ થતા શોક વિગેરેમાં પણ મરેલાને (કદાચ મરનાર સિદ્ધ થયો હોય તોપણ) પાપ માનવું પડશે. કેટલાક મનુષ્યો કુટુંબાદિકે સહિતવાળાનેજ દીક્ષા માને છે તે સંબંધીનો વાદ જણાવે છેઃ

**अण्णे ९१, जे पुण ९२, मज्जन्ति ९३, एवंपि ९४, संसार ९५, पालेइ ९६, दीसन्ति ९७, चइ ९८, मंस ९९, पयई १००, ता कीस १०१, अण्णा १०२, चेइअ १०३, एत्थ य १०४, ता थेव १०५, सुत्तं १०६, को वा १०७, धण्णा १०८.**

કેટલાકો કહે છે કે કુટુંબાદિકે સહિત એવા જે ભાગ્યશાળીઓ છે તેજ આ દીક્ષાને લાયક છે, કેમ કે તે છતીવસ્તુનો ત્યાગ કરવાવાળા હોવાથી ત્યાગી કહી શકાય, પણ જેઓ કુટુંબાદિકે હીન હોવાથી કર્મને લીધેજ ભીખારી બન્યા છે તે રખડતા મનુષ્યો તુચ્છસ્વભાવવાળા હોવાથી ગંભીર કેમ બને ? વળી તેવા તુચ્છો અધિકપર્યાય પામીને તો ઘણા ભાગે અભિમાનીજ થાય અને લોકોમાં પણ

શાસનની નિંદા કરાવે અને વળી ભોગ મળેલો ન હતો તેથી ત્યાગી કહેવાય પણ નહિ. આ કથનના ઉત્તરમાં જણાવે છે કે આવું કહેવું તે માત્ર મૂર્ખાઓને આશ્ચર્ય કરનારૂં અને યુકિતરહિત છે, કેમકે સત્યરીતિએ અવિવેકનો ત્યાગ કરવાથીજ ત્યાગી માન્યો છે અને તે અવિવેકજ પાપકાર્યનો નેતા અને સંસારની મૂળ જડ છે. તેથી તે અવિવેક ન છોડે તો બાહ્યત્યાગથી ફળ શું ? તે દીક્ષિત અવિવેકને છોડે તોજ સાધુક્રિયાને રૂડી રીતે પાળે અને અવિવેક હોય તો કરેલો ત્યાગ પણ નિષ્ફળ છે, જો કે જગતમાં કેઈ જીવો અવિવેક છતાં પણ બાહ્યત્યાગવાળા હોય છે, પણ તે પ્રવૃત્તિ તુચ્છ હોવાથી આ ભવ, પરભવ બંનેમાં તે પ્રવૃત્તિવાળાનું જીવન ફળરહિત છે. જેઓ સંસાર છોડીને આરંભ, પરિગ્રહમાં બીજા નામે વર્તે છે, તેઓ અવિવેકમાંજ ડુબેલા જાણવા. જેમ કોઇ અવિવેકી માંસ નહિ ખાવાનાં પચ્ચકખાણ કરીને આ દાંત સાફ કરનારી ચીજ છે એમ શબ્દ માત્ર જુદો કરીને માંસને સેવે છે, તેવી રીતે અજ્ઞાની મનુષ્ય આરંભને છોડીને દેવવિગેરેના બહાનાથી આરંભ કરે છે, કારણ કે લોકોમાં વિષને મધુર અને ફોલ્લાઓને શીતળા શબ્દથી જેમ કહેવાય છે તેવી રીતે શબ્દ માત્રનો ભેદ કરવા છતાં પણ જે વસ્તુ સ્વભાવે પાપરૂપ છે તે અયોગ્યજ છે. વાદી શંકા કરે છે કે કૂવાના દષ્ટાંતે પૂજાદિકને શ્રેષ્ઠ જાણવી તેના ઉપદેશ વિગેરેમાં તે પૂજાઆદિકની અનુમતિ કેમ અપાય છે ? તેના ઉત્તરમાં કહે છે કે તે પૂજા વિગેરે શ્રાવકોને લાયક છે એમ શાસ્ત્રની વાત બતાવવામાં સાધુને આરંભની અનુમોદના નથી, તેમજ ગચ્છવાસી સાધુને પણ લાયકગુણવાળાની અપેક્ષાએ શાસ્ત્ર પ્રમાણે વર્તતાં આરંભની અનુમોદના નથી, કેમકે શ્રાવક વિગેરે ન હોય તો શાસ્ત્રોકત યતનાથી પૂર્વે બનેલા ચૈત્યવિગેરેમાં કંઇ ગુણનો સંભવ ધારીને અને માર્ગનો નાશ ન થાય એ મુદ્દાથી ગચ્છવાસી સાધુઓ પ્રવૃત્તિ કરે છે. નહિતર ચૈત્ય, કુલ, ગણ, સંઘ, આચાર્ય, પ્રવચન અને શ્રત એ બધામાં તેણે ઉદ્યમ કર્યો સમજવો કે જેણે તપ અને સંજમમાં ઉદ્યમ કર્યો છે. આ તપ વિગેરે કરવામાં જે માટે અવિવેકના ત્યાગથીજ પ્રવૃત્તિ થાય છે, માટે તે અવિવેકનો ત્યાગજ શ્રેષ્ઠ છે અને રૂડી રીતે બાહ્યત્યાગ થાય તે પણ તેનુંજ ફળ છે, તેથી આ કુટુંબાદિકે સહિત છે કે નથી એ વિચારવું તે અવિવેકનો ત્યાગ થાય તો કોઈપણ રીતે ઉચિત નથી, અને આ અવિવેકના ત્યાગથીજ તે કુટુંબ ન હોય તો પણ અવિવેકને છોડનાર મહાપુરુષને કોઇપણ જાતના દોષો થવાના નથી. વળી જે कंते એ દશવૈકાલિકની ગાથામાં ભોગવાળાને ત્યાગી કહ્યો છે તે માત્ર વ્યવહારની અપેક્ષાએ તપવિગેરે થવાથી જાણવો, પણ તે ગાથામાં કહેલો हु શબ્દ अपिशબ્દના અર્થમાં છે, ને તેથી સ્વજનાદિ વિનાનો પણ પચ્ચકખાણ કરનારો મનુષ્ય હોય તો તે પણ ત્યાગી કહી શકાય. સંસારચક્રમાં કોણ કોનો કુટુંબી થયો નથી ? કોને કયા ભોગો મળ્યા નથી ? માત્ર વિદ્યમાન ભોગોમાં પણ આસક્તિ થાય તે દુષ્ટ છે, ને તેથી તે આસકિત છોડવીજ જોઇએ. જો કે અવિવેક અને કુટુંબ બંનેના ત્યાગવાળા ભાગ્યશાળીઓ બીજાઓને ધર્મપ્રવૃત્તિનું પ્રાયે કારણ બને છે, આ વાતમાં વધારે વિસ્તાર કરવાની જરૂર નહિ ગણીને દીક્ષા લેવાવાળાઓનું દ્વાર પૂર્ણ કરે છે.

औस १०९, दिच्च ११० દીક્ષા આપવાનાં સ્થાન વિગેરે જણાવે છે:-

પ્રથમ સમવસરણમાં દીક્ષા દેવી, તે ન હોય તો જિનચૈત્યમાં, શેરડીના વનમાં, પીપલા વિગેરે

વૃક્ષોના સમુદાય જ્યાં હોય ત્યાં, અથવા પડઘાવાળા અને પ્રદક્ષિણાવર્ત જળવાળા સ્થાને દીક્ષા દેવી પણ ભાંગેલા, સળગેલા સ્થાને કે સ્મશાન શૂન્ય કે ખરાબ સ્થાને રાખ, અંગારો, કચરો કે વિષ્ટા આદિવાળા ખરાબ સ્થાને દીક્ષા દેવી નહિ. चाउ ११ १, तिसु ११२, संझा ११३, एसा ११४ ચૌદશ, પુનમ, આઠમ, નોમ, છઠ, ચોથ અને બારસ તિથ સિવાયની તિથિઓએ દીક્ષા દેવી. ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢા અને ઉત્તરાભાદ્રપદમાં શિષ્યોની દીક્ષા કરવી તેમજ આચાર્યપદ અને ઉપાધ્યાયપદની અનુજ્ઞા તથા મહાવ્રતોનું આરોપણ પણ તે ચારનક્ષત્રોમાં કરવું, પણ જે નક્ષત્રમાં સૂર્ય આથમ્યો હોય તે સંધ્યાગત નક્ષત્ર ૧ જે નક્ષત્રમાં સૂર્ય રહ્યો હોય તે રવિગત નક્ષત્ર ૨ અપદ્વારવાળું વિડ્વર નક્ષત્ર ૩ ક્રુર ગ્રહે કરીને હણાએલું સંગ્રહનક્ષત્ર ૪ સૂર્યની પાછળ રહેલું વિલંબીનક્ષત્ર ૫ જેમાં ગ્રહણ થયું હોય તે રાહુહતનક્ષત્ર ૬ જેની વચમાં થઈને ગ્રહ જાય તે ગ્રહભિન્ન નક્ષત્ર, એ સાત નક્ષત્રો દીક્ષામાં વર્જવાં જોઇએ, કેમકે કલેશ, ખેદ, પરાજય, વિગ્રહ, ચંચળપણું, કુભોજન, મરણ અને રૂધિરનું વમવું એવા દોષો અનુક્રમે એવા નક્ષત્રમાં દીક્ષિતને થાય છે. ઉપસંહાર કરતાં કહે છે કે પૂર્વોક્ત કહેલા ક્ષેત્ર અને કાળમાં દીક્ષા દેવી, એવી તીર્થંકરની આજ્ઞા છે. કર્મના ઉદયઆદિકનું ક્ષેત્રાદિક એ કારણ છે, માટે ક્ષેત્રાદિકશુદ્ધિનો પ્રયત્ન કરવો ॥ એવી રીતે ચોથા દ્વારની વ્યાખ્યા કરી કેવી રીતે દીક્ષા દેવી એ પાંમમું દ્વાર જણાવે છે:

पुच्छ ११५ દીક્ષાની રીતિ જણાવતાં પ્રશ્ન ૧ કથા ૨ પરીક્ષા ૩ સામાયિક આદિ સૂત્રનું દાન ૪ ચૈત્યવંદનાદિક ૫ એ વિધિએ સમ્યગ્દીક્ષા આપવી એમ કહે છે. એ પાંચ દ્વારોમાં પૃચ્છાનામનું દ્વાર કહે છે:-

धम्म ११६, कुल ११७ ધર્મકથા કે અનુષ્ઠાનથી વૈરાગ્ય પામેલાને દીક્ષા સન્મુખ થએલાને પૂછવું કે: હે ભદ્ર! તું કોણ છે? તું કયાં રહેનારો છે? અમે શા માટે દીક્ષા લે છે? આ પ્રશ્નાના ઉત્તરમાં તે દીક્ષાર્થી "હું કુલપુત્રક છું કે બ્રાહ્મણ વિગેરે છું, હું તગરા નગરી કે મથુરાઆદિમાં રહેવાવાળો છું અને પાપમય એવા સંસારના ક્ષયને માટેજ હે ભગવાન્! હું દીક્ષા લઉ છું" એવું ઉત્તરમાં કહેનારો તે દીક્ષાનાવિષયમાં યોગ્ય છે. તે સિવાયના જીવોમાં યોગ્યતા કે અયોગ્યતા વિચારવાની જરૂર છે. એવી રીતે પ્રશ્નનામનું દ્વાર કહી, કથાનામના દ્વારને કહે છે:

साहि ११८, जह ११९, जह १२०, एमे १२१

દીક્ષા દેનારે દીક્ષાર્થીને જણાવવું કે ઉત્તમ સાધુક્રિયા તુચ્છજીવોથી પાળી શકાય નહિં અને હિંસાદિકથી નિવૃત્તિ કરનારા જીવોને સારા સુખોની પ્રાપ્તિ અને દેવલોક-ગમન વિગેરે શુભફળો થાય છે. જેવી રીતે જિનેશ્વરની આજ્ઞા આરાધવાથી મોક્ષ મળે છે, તેવીજ રીતે વિરાધેલી તે આજ્ઞા સંસારદુઃખને દેનારી પણ થાય છે. જેમ રોગી મનુષ્ય રસાયન જેવી દવા શરૂ કરીને અપથ્યસેવે તો નહિં દવા કરનારા કરતાં જલદી અધિક નુકશાનને પામે છે, તેવી રીતે કર્મરૂપી ભયંકર વ્યાધિના નાશને માટે પ્રવ્રજ્યા અંગીકાર કરીને પ્રવ્રજ્યાથી વિરૂદ્ધ વર્તનારો ભગવાનની આજ્ઞાનો લોપક અને દુષ્ટ અભિપ્રાયવાળો થઇ અધિક કર્મ બાંધે છે. આવી રીતે કથાનામનું બીજું અંતર્દ્વાર પુરૂં કરી, પરીક્ષાનામનું ત્રીજું અંતર્દ્વાર કહે છે:

**अन्नु** ૧૨૨ દીક્ષા દીધા પછી પણ સાધુપણાના આચારવિચાર આદિક દેખાડવા દ્વારાએ તેમજ સાવદ્ય (છકાયનો આરંભ)નો ત્યાગ કરે છે કે નહિ તે દ્વારાએ છ મહીના સુધી પરીક્ષા કરવી. કોઇક પાત્રની અપેક્ષાએ પરિણામી પાત્રમાં થોડો અને અપારણામી પાત્રમાં ઘણો કાળ પરીક્ષા માટે જાણવો. એવી રીતે પરીક્ષા નામનું અંતર્દ્વાર કહી સામાયિક આદિ સૂત્રદાન નામનું અંતર્દ્વાર કહે છેઃ મલધારી શ્રીહેમચંદ્રસૂરિજીના કથન પ્રમાણે દીક્ષા પ્હેલાં પણ પ્રાયે છ માસ પરીક્ષાનાં વખત છે.

**सौमण** ૧૨૩ વિશિષ્ટ નક્ષત્રવાળા દિવસે ચૈત્યવંદનાદિક વિધિપૂર્વક સામાયિક, પ્રતિક્રમણ, ઇરિયાપથિક આદિ સૂત્રો જેને જે દેવા યોગ્ય હોય તે પાત્ર પ્રમાણે આપે. સૂત્રદાનદ્વાર પછી બાકીનો વિધિ જણાવે છેઃ

**तत्तो** ૧૨૪, **चिइ** ૧૨૫ પછી પોતાની શક્તિ પ્રમાણે વીતરાગની માલ્યાદિકે અને સાધુની વસ્ત્રાદિકે દીક્ષાર્થી પૂજા કરે. પછી ઉપયોગવાળા ગુરુ આ પ્રમાણે વિધિ કરે. ચૈત્યવંદન,[૧] રજોહરણ આપવું[૨], લોચ કરવો[૩], સામાયિકનો કાયોત્સર્ગ કરવો[૪], ત્રણ વખત સામાયિક બોલવું અને ત્રણ વખતપ્રદાક્ષણા કરવી [૫], એ હકીકત અનુક્રમે કહે છેઃ

**सेह** ૧૨૬, **पुर** ૧૨૭, **खलिय्** ૧૨૮, **वंदिय** ૧૨૯, **इच्छा** ૧૩૦, **पुव्वा** ૧૩૧, આચાર્ય શિષ્યને ડાબે પડખે રાખીને સાધુઓની સાથે વર્ધમાનસ્તુતિએ ચૈત્યવંદન કરે, સૌથી આગળ આચાર્ય બેસે અને બાકીના સાધુઓ અનુક્રમે પોતાના યોગ્ય સ્થાને બેસે. વિધિ કરતાં અસ્ખલિતાદિ ગુણવાળાં સૂત્રો અનુક્રમે બોલે, કેમ વિપરીતસ્થાન અને વિપરીતઉચ્ચારમાં અવિધિ થાય છે. સ્ખલનાવાળું, મળેલું, ઉલટપાલટ, હીન અક્ષર, અધિક અક્ષર આદિ દોષયુક્ત વંદન કરતાં અસમાચારી થાય છે એમ સૂત્રકારની આજ્ઞા છે, ચૈત્યવંદન કરીને ઉભા રહેલા ગુરુની આગળ વંદના કરીને શિષ્ય બોલે કેઃ આપની ઇચ્છાથી મને દીક્ષા આપો. પછી ગુરુ, ઇચ્છામો, એમ કહીને ઉભા થઇને નવકાર ગણીને જિનેશ્વરમહારાજે જણાવેલું રજોહરણરૂપી સાધુનું લિંગ આપે. તે રજોહરણ પૂર્વદિશા સન્મુખ, ઉત્તરદિશા સન્મુખ, જે દિશામાં જિનેશ્વર હોય તે દિશા સન્મુખ કે જિનચૈત્યની દિશાની સન્મુખ દેવું કે લેવું જોઇએ. હવે રજોહરણના શબ્દાર્થને જણાવે છેઃ

**हरइ** ૧૩૨, **संजम** ૧૩૩ જે માટે જીવોની બાહ્ય અને અભ્યંતર રજને હરણ કરે તે માટે રજોહરણ એમ કહેવાય છે. પ્રમાર્જનારૂપ કાર્યનો રજોહરણરૂપ કાર્યમાં ઉપચાર છે. જે માટે પડિલેહણ વિગેરે સંજમના વ્યાપારો બંધાતા કર્મને હરણ કરનારા છે, અને તેનું કારણ રજોહરણ છે. અહીં રજશબ્દથી બંધાતું કર્મ લેવું. કેટલાકો સંયમના ઉપકરણરૂપ રજોહરણને નહિં માનનારા જે કહે છે તે જણાવી તેનો ઉત્તર જણાવે છેઃ

**केई** ૧૩૪, **मुइंग** ૧૩૫, **पडि** ૧૩૬, **आय** ૧૩૭ કેટલાક મિથ્યાત્વી એવા દિગંબરો

કહે છે કે સંયમયોગનું કારણ રજોહરણ નથી, કારણ કે તે રજોહરણથી સંમાર્જન વિગેરે કરવામાં જીવોની વિરાધના થાય છે, કેમકે તેથી કીડી, મંકોડી વિગેરેનો નાશ થાય છે, તેઓ તેથી ત્રાસ પામીને અત્યંત ગમન કરનારા થાય છે, અને તેના દાણાઆદિ પડી જવાથી દાણાનો અંતરાય વિગેરે થાય છે. વળી રેતીથી દરો ઢંકાઇ જાય છે, અને રજોહરણમાં પણ જીવની ઉત્પત્તિ થાય છે. એ બધો પ્રકાર ઉપઘાત હોવાથી રજોહરણને સંયમનું સાધન 'માનવું' નહિ. એવા કથનનો ઉત્તર આ પ્રમાણે સમજવો. પડિલેહણ કરીને તેવા પ્રકારના જીવોની રક્ષા માટે પ્રમાર્જન કરવાથી ઉપઘાત કેમ કહેવાય? સ્થંડિલ, માતરૂ વિગેરે વગર પ્રમાર્જને રાત્રે કરવામાં દોષ તો ચોકખો છે. રાત્રે સ્થંડિલ, માતરૂ રોકે તો આત્માની વિરાધના થાય અને વગર પ્રમાર્જને જઇને કરે તો જીવોની વિરાધના થાય. બન્ને પ્રકારે રજોહરણ જરૂરી છે, છતાં તેને સંયમનાં ઉપકરણ તરીકે નહિં માનનારના તીર્થંકરનું અજ્ઞાન ગણાય, ને તેથી ભગવાન્તીર્થંકરોની આશાતના થાય, તેમજ શરીરની માફક વિધિપૂર્વક વપરાશ કરતાં ઉપકરણમાં જીવોત્પત્તિ કે અંતરાયનો દોષ લાગે નહિં. એવી રીતે રજોહરણનું દ્વાર પુરૂં કરી લોચદ્વાર કહે છે:

**अह १३८, इच्छा१३९**

રજોહરણ લીધા પછી પરમભક્તિવાળો શિષ્ય ગુરુને વંદન કરીને ઇચ્છાકારેણપૂર્વક 'મને મુંડન કરાવો' એમ પ્રણામપૂર્વક કહે. ગુરુ પણ 'ઇચ્છામ' એમ કહીને ત્રણ વખત નવકાર ગણીને તે શિષ્યની અસ્ખલિતપણે ત્રણ ચપટી લઇ લોચ કરે. એવી રીતે લોચ (અષ્ટા) નામનું દ્વાર કહ્યું, હવે સામાયિકકાયોત્સર્ગ દ્વાર કહે છે:

**वंदि १४०, इच्छा १४१, लोग १४२,** શિષ્ય ફરી આચાર્યને વંદન કરીને વૈરાગ્યવાળો છતાં કહે કે 'ઇચ્છાકારેણ' મને સમ્યક્ત્વ આપો. પછી 'ઇચ્છામ' એમ કહીને શિષ્યની સાથે ગુરુ પણ સામાયિક આરોપવા માટે 'અન્નત્થ ઊસસિએણ' સૂત્ર કહીને કાઉસ્સગ્ગ કરે, કાઉસ્સગ્ગમાં લોગસ્સ (સાગરવરગંભીરા સુધી) ચિંતવીને સંભ્રમ વગર નમસ્કારથી પારે.

એવી રીતે કાઉસગ્ગદ્વાર કહીને સામાયકપાઠદ્વાર કહે છે: **सामा १४३,**

નવકારપૂર્વક ત્રણ વખત 'કરેમિ ભંતે' ઉચ્ચરાવે. તે વખતે શુદ્ધપારણામવાળો અને આત્માને કૃતાર્થ માનતો શિષ્ય સામાયિકનો મનમાં જેમ ગુરુ બોલે તેમ અનુવાદ કરે. હવે પ્રદાક્ષણાદ્વાર કહે છે:

**तत्तो १४४, तोवंद १४५, वंदि १४६, तुब्मे १४७, णित्था १४८, अम्हे १४९, आह १५०, आय १५१, आयं १५२, लोगु १५३, वंदम् १५४, भव १५५,** પછી ગુરુમહારાજ વાસક્ષેપ લઇને આચાર્ય હોય તો સૂરિમંત્રથી અને તે સિવાયના ગુરુ પંચ નમસ્કારથી જિનેશ્વરના ચરણકમળનો વાસક્ષેપ કરે પછી નમસ્કારપૂર્વકજ મોટા નાના અનુક્રમે સાધુ, સાધ્વી અને શ્રાવક, શ્રાવિકાને વાસક્ષેપ આપે. પછી જિનેશ્વરમહારાજને શિષ્ય પાસે વંદન કરાવે. પછી શિષ્ય ઉભો થકો વાંદીને કહે કે 'હુકમ કરો, શું કહું?'

ગુરુ કહે કે 'વાંદીને નિવેદન કર' પછી શિષ્ય વાંદીને અર્ધા નમેલા શરીરે ઉપયોગવાળો થકો એમ બોલે કે 'તમે મને સામાયિક આરોપ્યું, હવે શિક્ષા ઇચ્છું છું.' પછી ગુરુ શિષ્યના માથે વાસક્ષેપ દેતા થકા કહે કે, 'પ્રતિજ્ઞાનો નિર્વાહ કરનાર અને સંસારનો પાર પામનાર થા, તેમજ ઘણા જ્ઞાનાદિકગુણોએ કરીને વૃદ્ધિ પામ' એમ કહ્યા પછી શિષ્ય વંદન કરીને કહે કે આપને નિવેદન કર્યું, હુકમ કરો કે જેથી સાધુઓને નિવેદન કરૂં. કેટલાક આચાર્યો અહીં જિનેશ્વરઆદિને વાસક્ષેપ દેવાનું કહે છે, પણ પહેલાં વાસક્ષેપ દેવાથી ગુરુમહારાજ વાસક્ષેપપૂર્વક નિસ્તારક વિગેરે કહી શકે એ ફાયદો છે. પછી ગુરુમહારાજ 'વાંદીને વિવેદન કર,' એમ કહે ત્યારે શિષ્ય અસ્ખલિત નવકારને ગણુતાં અને ઉપયોગવાળો પ્રદક્ષિણા કરે, આ વખતે આચાર્ય વિગેરે બધા શિષ્યના માથા ઉપર વાસક્ષેપ આપે. એવી રીતે ત્રણ વખત જાણુવું. કેટલાક આચાર્યો અહીં ફરી પણ કાઉસગ્ગ કરવાનું કહે છે. દીક્ષા વખતે જેની પરંપરાએ જે તપ દીક્ષા વખતે કરાવવામાં આવતું હોય તે આયંબિલ વિગેરે તપ નક્કી કરાવે, પણ કોઇપણ તપ કે આયંબિલ ન કરાવે તો દોષ નથી. પછી જિનેશ્વરના ચરણુકમળમાં નમસ્કાર કરે, અને આસન ઉપર બેઠેલા આચાર્યને ભાવથી નમસ્કાર કરી બીજા સાધુઓને નમસ્કાર કરે. પછી તે નવદીક્ષિતને સર્વ સાધ્વીઓ અને શ્રાવકશ્રાવિકાઓ વંદન કરે. એ વિધિ થયા પછી એ નવદીક્ષિત સંભ્રમરહિતપણે આચાર્યની પાસે સામો બેસે, ત્યારે આચાર્ય તેને ભવસમુદ્રથી તરવા માટે યાનપાત્ર સમાન એવો જે ધર્મ તે એવી રીતે કહે કે જે સાંભળીને બીજો પણ શ્રોતા સંસારથી વૈરાગ્ય પામી દીક્ષાને અંગીકાર કરે. ધર્મકથનની રીતિ જણાવે છે:-

**भूते १५६, देसे १५७, होइ १५८, सोले १५९, पण्ण १६०, तातह १६१, लघ्घूण १६२, एअंमि १६३**

જીવોમાં ત્રસપણું, તેમાં પણ ઉત્કૃષ્ટ પંચેંદ્રિયપણું, તેમાં પણ મનુષ્યપણું, તે મળ્યા છતાં આર્યદેશ, તેમાં શ્રેષ્ઠકુળ, તેમાં ઉત્તમજાતિ, તેમાં પણ સારૂં રૂપ, તેમાં પણ અત્યંત બળ, તેમાં પણ દીર્ઘઆયુષ્ય, તેમાં હેય ઉપાદેયનો નિશ્ચય, તેમાં પણ સમ્યક્ત્વ, તેમાં પણ વિરતિની પ્રાપ્તિ, તેમાં ક્ષાયિક ભાવ, અને તેમાં પણ કેવળજ્ઞાન, એ અનુક્રમે દુર્લભ છે. કેવળજ્ઞાન સંપૂર્ણ પ્રાપ્ત થયા પછી પરમઉદયવાળો મોક્ષ પ્રાપ્ત થાય છે. આવી રીતે મોક્ષ સાધવાનો ઉપાય પંદર ભાગવાળો છે, તેમાં તને ઘણું પ્રાપ્ત થયું છે અને થોડુંજ પામવું બાકી છે, તેથી તારે શીલમાં તેવી રીતે પ્રયત્ન કરવો કે જેથી થોડા કાળમાં તું મોક્ષને પામે, કેમકે વ્રતને અસાધ્ય હોય એવું આ જગતમાં કાંઇપણ નથી, અને તે વ્રત તને પ્રાપ્ત થયું છે. આ ચિંતામણિ કલ્પવૃક્ષ કરતાં અધિક, આ લોક અને પરલોકમાં ઉત્કૃષ્ટ સુખને દેનારૂં, તીર્થંકરઆદિઓએ આચરેલું એવું વ્રત તને મળ્યું છે, તેથી તે જિનકથિત વ્રતમાં હંમેશાં પ્રમાદરહિત રહેવું જોઇએ, અને સંસારનું ભયંકર નિર્ગુણપણું વિચારવું જોઇએ. પૂર્વોક્ત વિધિને નહિ સહન કરનારાઓનો પક્ષ અને તેનો ઉત્તર કહે છેઃ-

आह १६४, मुव्व १६५, संपा १६६, सइ १६७, सव्वं १६८, जिण १६९, लक्खिम १७०, आह १७१, जइ १७२, वव १७३, होंते १७४, असइ, १७५, होन्ति १७६, तम्हा १७७, छउ १७८, आह १७९

કેટલાકો કહે છે કે વિરતિનો ભાવ તેજ તત્ત્વથી દીક્ષા છે એમ જિનેશ્વરનું જે માટે કથન છે તે માટે તેવી રીતિએ ઉદ્યમ કરવો કે જેથી પરિણામ થાય, પણ આ ચૈત્યવંદનઆદિ વિધિ કરવાનું કામ શું ? શાસ્ત્રમાં પણ ભરતમહારાજ વિગેરેને ક્રિયાના આડંબર સિવાય પણ વિરતિનાં પરિણામ થયાં સંભળાય છે, તેમજ વ્રતનાં પરિણામ ન હોય તો કેવળજ્ઞાન ન થાય એમ શાસ્ત્રમાં કહ્યું છે. અર્થાત્ વિધિના અભાવે કેવળજ્ઞાનનો અભાવ કહ્યો નથી, તેમજ વિધિ કરવાથી પરિણામ થઇજ જાય એવો નિયમ નથી, જે માટે અભવ્ય એવા અંગારમર્દક વિગેરે પણ દીક્ષાનો વિધિ કરે છે. વળી પરિણામ સાબીત હોય તો વિધિ કરવો નિષ્ફળ છે, અને જો પરિણામ નજ હોય તો દીક્ષાનો વિધિ કરાવતાં ગુરુને પણ મૃષાવાદ લાગે છે, માટે દીક્ષાનો વિધિ કરવો યોગ્ય નથી. વાદીના એ કથનના ઉત્તરમાં શાસ્ત્રકારમહારાજ જણાવે છે કે વિરતિનો પરિણામ તે પ્રવ્રજ્યા કહેવાય એવું જિનેશ્વરનું કથન છે તે સત્ય છે, પણ આ વિધિ તે પ્રાયે પરિણામનો ઉપાય છે તેથી કરાય છે. રજોહરણ એ જિનેશ્વરે કહેલું સાધુચિન્હ છે અને તેને ગ્રહણ કરવામાં આજ વિધિ છે, મને આ પ્રાપ્ત થયો છે તેવી રીતે વિચારતાં શિષ્યને વિરતિનો પરિણામ થાય અને એ વાત કાર્યદ્વારાએ જણાય છે, કારણ કે તે ચૈત્યવંદન-પૂર્વક સામાયિક (પ્રવ્રજ્યા) લઇને સત્પુરૂષો પ્રાયે કિંચિત્ પણ અકાર્ય સેવતા નથી. ભરત વિગેરેની હકીકત કોઇકજ વખત બનવાવાળી હોવાથી વિધિના નાશ માટે તેને અહીં આગળ કરવી યોગ્ય નથી, કારણ કે સૂત્રમાં વ્યવહાર અને નિશ્ચય બંને સરખા કહેલા છે, તેજ જણાવે છે કે જો જિનમતને અંગીકાર કરે તો વ્યવહાર અને નિશ્ચય મ્હેલીશ નહિ, તેમાં પણ વ્યવહારનયનો નાશ કરવાથી તો જરૂર શાસનનોજ નાશ થાય છે. વ્યવહારપ્રવૃતિથી પણ હું દીક્ષિત છું વિગેરે શુભ પરિણામ થાય, અને તેથી જરૂર નિશ્ચયનયે માનેલા કર્મના ઉપશમ વિગેરે પ્રાપ્ત થાય. વિરતિનાં પરિણામ હોય તો પણ બાકીની પ્રતિક્રમણાદિકની ક્રિયાઓની પેઠે આજ્ઞાનું આરાધન થવાથી આ ચૈત્યવંદનાદિક વિધિ નકામો નથી, તેમજ આજ્ઞાઆરાધન કરવાની ભાવનાથી વિધિ કરાવવાવાળા ગુરુને શિષ્યનો પરિણામ ન હોય તો પણ જરાપણ મૃષાવાદ લાગતો નથી. કદાચ શિષ્ય કોઇક કર્મના ઉદયથી અયોગ્ય રસ્તે પ્રવર્તે તોપણ પરિવારઆદિની અપેક્ષા રહિત હોવા સાથે પરિણામની નિર્મળતા હોવાની ગુરુને તો જરૂર વિધિ કરવામાં ફાયદોજ છે, માટે આ પ્રવ્રજ્યાનું વિધાન ગુણ થવાની અપેક્ષાએ યોગ્યજ છે, અને વિધાન નહિ કરવામાં તીર્થનો નાશ થાય વિગેરે દોષો છે, કેમકે છદ્મસ્થ એવા ગુરુ શિષ્યના પરિણામને સમ્યગ્ જાણે નહિ અને તેથી દીક્ષા દે નહિ, તેમજ અવધિજ્ઞાનાદિક પણ તે દીક્ષા વિના બને નહિ તેથી અતિશય-વાળાને પણ દીક્ષા દેવાનું રહેશે નહિ, તો પછી ચારિત્રધર્મજ કયાં રહેશે ? વળી ભરતાદિકના કદાચિત્ બનેલા બનાવો પણ પૂર્વભવના વિધિપૂર્વક થએલ દીક્ષાના પ્રભાવથીજ છે એમ જિને-

શ્વરો કહે છે, અને પહેલા ભવની દીક્ષા સિવાય ભવાંતરમાં વગર વિધિએ ભાવ આવવા તે બનતુંજ નથી, માટે દીક્ષાનો આ વિધિ કરેલો છે, અને તે સર્વ મુમુક્ષુઓને આદરવાલાયક છે.

"ગૃહસ્થપણું ઉત્તમ માનનારાની માન્યતા અને તેનો ઉત્તર જણાવે છે:

**अण्णे १८०, बहु १८१, चतं १८२, सुह १८३, तम्हा १८४, किं १८५, जइ १८६, गेहा १८७, जो १८८, एसो १८९, कइया १९०, इअ १९१, दीणो १९२, संते १९३, परि १९४, जं १९५, कंखि १९६, मुत्ती १९७, जस्सि १९८, पढमं १९९, भणिअं २००, तेण २०१, लेसा २०२, तम्हा २०३, नय २०४, आरंभ २०५, तम्हा २०६, केइ २०७, चइऊ २०८, अवगासो २०९, तव २१०, वाहि २११, इअ २१२, णय २१३, सो हु २१४, देहे २१५, तत्थ २१६, चारि २१७, भिक्खं २१८, ईसिं २१९, चई २२०, एए २२१, मुत्तू २२२, तेण २२३, राया २२४, गिहि २२५, गुरु २२६, पर २२७**

કેટલાકો કહે છે કે પાપના ઉદયથી સાધુઓ ઘર છોડે છે, અને પહેલા ભવમાં દાન નથી દીધાં, તેથી ઠંડા પાણી વિગેરેનો ઉપયોગ છોડે છે. જેમ ઘણા દુઃખે મેળવેલો પૈસો નિર્ભાગીયોનો નાશ પામે છે તેવી રીતે પુણ્યથી પ્રાપ્ત થએલો ઘરવાસ પાપવાળાઓનો નાશ પામે છે. ઘરવાસ છોડયા પછી ઘરવગરનો, તરસ્યો, ભૂખ્યો ફરે તે પાપનો ઉદય કેમ નહિ કહેવાય ?, શુભધ્યાનથી ધર્મ થાય છે, અને તે શુભધ્યાન સાધનહીનને કયાંથી હોય ?, વળી શુભધ્યાનને મદદ કરનાર પણ સાધન તે સાધુપાસે હોતાં નથી, માટે ગૃહાશ્રમમાં લીન, સંતુષ્ટ મનવાળો, આકુલતા વગરનો, બુદ્ધિમાન્, પરોપકાર કરવાવાળો, અને મધ્યસ્થ એવો જે ગૃહસ્થ તેજ ધર્મ કરી શકે. આ પક્ષનો ઉત્તર કહે છે:

પાપનું સ્વરૂપ શું ? તેમજ પુણ્યનું સ્વરૂપ શું ? વાદી જણાવે છે કે મલિનપણે જે ભોગવાય તે પાપ કહેવાય છે, અને શુભપણે ભોગવાય તે પુણ્ય કહેવાય છે. જો એમ છે તો પછી પૈસો પેદા કરવાને અને કુટુંબના પાલન વિગેરેમાં શું સંકિલષ્ટવેદના થતી નથી ? અથવા સંકિલષ્ટવેદનાનું સ્વરૂપ શું ? કદાચ એમ કહો કે ઘરવિગેરે ન હોવાથી જે વેદના થાય તે સંકિલષ્ટ કહેવાય, તો ઘરવિગેરેની મમતાવાળાનેજ તે સંકિલષ્ટવેદના ઘટે, પણ મમતારહિતને તે ઘટે નહિં, વિદ્યમાન કે અવિદ્યમાન એવાં ઘરવિગેરેમાં આર્તધ્યાન રૂપ જે મમત્વભાવ તેજ પાપનો હેતુ છે, એ માલિનવેદનાનું સાચુંરૂપ છે, અને તે મમતાભાવ પાપાનુબંધી પુણ્યનાજ ઉદયથી વિદ્યમાન એવા ઘરવિગેરેમાં દઢપણે થાય છે, તેથી તેવું પુણ્ય પણ પરમાર્થથી પાપ જાણવું, તેમજ કયારે કિલ્લો તૈયાર થાય ? મને પ્રતિકૂળ કોણ છે ? અથવા પ્રતિકૂળપણું કેમ થયું ? એવી અધમચિન્તા તેજ પાપનું કારણ છે, અને એવી ચિન્તાના ઝેરથી ભરાએલો જીવ વિદ્યમાનવિષયોને પણ ભોગવી શકતો નથી, તો ધર્મ કરવાની વાત તો દૂરજ રહી એવીજ રીતે

અવિદ્યમાન ઘરવિગેરેમાં પણ સમજવું. કૃપણ મનુષ્ય લોકોથી નિંદાએલો, પેટ માત્ર ભરવામાં પણ અશક્ત, અને ચિત્તથી પાપ કરનારો એવો મનુષ્ય હોય તોપણ તે જન્માન્તરના પાપો ભોગવે છે, અને નવાં પાપો બાંધે છે. સત્યરાતિએ વિદ્યમાન એવા ભોગોમાં પણ જેને મમત્વ નથી, દાનાદિક્રિયા દઢપણે કરે છે, અને ભવાંતરને માટે પણ પુણ્ય ઉપાર્જન કરે છે, તેને પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય કહેવાય, પણ આ શુદ્ધ પુણ્ય સંસારવૃક્ષના કારણભૂત વિષયોથી વૈરાગ્યનું કારણ બને છે, અને વળી ધર્મધ્યાનનો હેતુ થાય છે. શુભધ્યાનથી ભાવિત બુદ્ધિવાળા, અને વિષયથી વિરમેલા મહાપુરૂષોને જે સુખ થાય છે તે અનુભવથી મુનિવરોજ જાણી શકે છે, બીજો કોઇપણ જાણી શકતો નથી, કેમકે પંડિતોનું કહેવું છે કે ઇચ્છેલા અર્થની પ્રાપ્તિથી ઇચ્છા કરનારને તે સુખ નથી કે જે સુખ ઇચ્છાની નિવૃત્તિથી થાય છે. મોક્ષની ઇચ્છા પણ ઇચ્છા છે તેથી વિરુદ્ધપણું કહેવાશે નહિં, કેમકે તે મોક્ષ જિનેશ્વરોએ ઇચ્છાનિવૃત્તિનુંજ મોટું ફળ કહેલું છે. જે પુરુષોને ઇચ્છાથી પ્રાપ્તિ થાય છે તેની અપેક્ષાએ આ ઇચ્છા ને અનિચ્છાની વાત કહી છે, કેમકે મોક્ષ તો કેવળી મહારાજા મનવગરના હોવાથી ઇચ્છા વગરનાજ હોય છે, અને તેમનેજ તે મળે છે તેથી ઇચ્છાને અભાવેજ મોક્ષ થાય છે. દીક્ષા લેતી વખત જે મોક્ષ વિષયક ઇચ્છા છે તે શુભ હોવાથી નિષેધેલી નથી, અને તેજ પ્રશસ્ત ઇચ્છા નિરિચ્છકપણાનું કારણ બને છે. જિનેશ્વર મહારાજે પણ કહ્યું છે તે એક મહીનાથી બાર મહીનાના પર્યાયવાળો મહાશ્રમણ વ્યંતરથી અનુત્તર સુધીનાં સુખો કરતાં વધારે સુખ પામે છે, અને બાર મહીનાથી વધારે પર્યાયવાળો સાધુ શુક્લ ક્રિયાવાળો યાને શુદ્ધ આશયવાળો થઇને મોક્ષ પામે છે, અને તે ભગવાન્ સર્વોત્તમ સ્થાનને પામે છે. સારી લેશ્યા તે સુખવાળાનેજ હોય છે એ વાત સિદ્ધ છે, તો આવી રીતે સુખના કારણરૂપ પ્રવ્રજ્યાને પાપ તરીકે કેમ કહે છે? માટે તત્ત્વને જાણકાર મુનિઓને નિર્મમત્વ ભાવ હોવાથી તેમજ કર્મક્ષયનું કારણ હોવાથી પુણ્યથીજ ધર્મધ્યાનમાં શુભ વેદના છે, અને તે શુભ વેદના ઘરવાસ છોડયા સિવાય થતીજ નથી, કેમકે તે ઘરવાસનું પાલન મમત્વ સિવાય થતું નથી. ઘરવાસમાં આરંભપરિગ્રહથી પાપ બંધાયજ છે, અને સંયમોપકરણનું તો તુચ્છપણું છે તેથી તેમાં પ્રતિબંધ થતો નથી, અને તેથી તે દેહ આહારાદિકની માફક સંયમોપકરણના સંગ્રહનો દોષ નથી, તેટલા માટે બુદ્ધિશાળીઓ પુણ્યના ઉદયેજ ઘરવાસ છોડે છે અને વિપાકે વિરસ હોવાથી ઠંડા પાણી વિગેરે વાપરતા નથી. એજ વાત જણાવે છે: કેટલાક અજ્ઞાનીઓ હિંસાવિગેરેથી સુખ માને છે, જયારે કેટલાકો તેમ માનતા નથી, તો હિંસાદિકથી સુખ માનનારાઓ પ્રવ્રજ્યાને અપુણ્ય ગણે તો આશ્ચર્ય નહિ. ચારિત્રવાળો, ઘર વિગેરેને છોડી સૂત્રને અનુસારે જે જે ક્રિયા કરે છે તે તે જિનેશ્વરને સંમતજ છે. તત્ત્વથી જાણકારને તો આત્મા એજ ઘર છે, મેં આ કરાવ્યું એ કથન દુઃખનું કારણ છે, તપ, શોષ, અને પિપાસા એ વિદ્યમાન છતાં પણ દુઃખરૂપ નથી, કારણ કે કર્મરૂપી વ્યાધિનાં નાશનાં કારણો કહેલાં છે. જેમ વ્યાધિના ક્ષયને માટે સેવાતાં કટુ કરિયાતું વિગેરે ધૃતિને કરે છે અને કાંઇક નીરોગતા દેખાડે છે, એવી રીતે આ મુનિઓ પણ શુદ્ધભાવની સ્થિરતા, ગુરૂની આજ્ઞાનું માન્યપણું અને ચારિત્રની તીવ્રતાને દેખાડતા ધૈર્યજ કરે છે. વળી તે તપ વિગેરે નિર્વિકલ્પે ધર્મ સાધવાની બુદ્ધિવાળાને ઘણા

ભાગે દુઃખઃરૂપ હોતાં નથી, અને તે તપવિગેરેનું એકાંતે કર્ત્તવ્યપણું કહ્યું નથી, કેમકે જેનાથી મનને આર્તધ્યાન ન થાય, ચક્ષુઆદિ ઇંદ્રિયોની હાનિ ન થાય, અને સંયમવ્યાપારને હાનિ ન થાય તેજ તપ કરવાનું છે. શરીરમાં મમતાવગરનો તે સાધુ જિનેશ્વરે કહેલી ક્રિયા છે એમ સમજી અનાજનું ગ્રહણ કરે તે પાપનો વિષય કેમ કહેવાય? તે ગ્રહણમાં પણ ધર્મધ્યાન છે, ઇચ્છા નથી, તેથી તે શુભ છે, અને આ બધું સાધુપણાનું અનુષ્ઠાન સુખ દેનારૂં છે એમ જાણવું. અજ્ઞાની મલિનપરિણામવાળો, મમતાવાળો, અને ચારિત્રરહિત એવો જે જીવ હોય તેને જિનેશ્વર મહારાજે ગોચરીનો પણ નિષેધ કરેલો છે, તેથી એમ નક્કી થયું કે અશુદ્ધપરિણામને ધારણ કરનારા આરંભવાળા, ગરીબો સંસારને વધારનારી જે દીક્ષા લે છે તે પાપના ઉદયથીજ છે. જેઓએ કાંઇક સુખ દેખાડીને કપટથી ઘણા પ્રાણીઓને દુઃખમાં નાંખ્યા હોય, તેઓને આવા પાપનો ઉદય હોય છે. જેઓ ઘરવાસ તેમજ દીક્ષાને છોડીને મોહને આધીન રહે છે તેઓ ગ્રહાશ્રમી કે પ્રવ્રજિત એકકે કહેવાય નહિં, પણ કેવળ સંસારને વધારનારાજ છે. ઘરવાસમાં શુભધ્યાન આદિનો અભાવ હોવાથી પૂર્વોક્ત અધિકારદ્વારાએ વાદીનું કહેલું બધું ખંડિત થયું જાણવું. રાજાની રાણીયો અને ચોરના દૃષ્ટાંતથી અભયદાનને છોડીને જગતમાં બીજો કોઇ પણ પરોપકાર નથી, અને ઘરવાસમાં સંપૂર્ણ અભયદાન હોતુંજ નથી. પૂર્વે કહેલું દૃષ્ટાંત જણાવે છેઃ ચોરને શૂળીએ દેવા લઇ જાય છે. ચોર ગભરાય છે. રાજાની સ્ત્રીયો દેખે છે, રાજાને વિનતિ કરે છે કે આ ચોરને કાંઇક ઉપકાર કરીએ. રાજાએ હુકમ કર્યો, તેથી કોઇકે સ્નાન, કોઇકે વિલેપન કોઇકે ભૂષણ અને કોઇકે શુભઆહાર આપ્યો, જ્યારે અણમાનીતી એક રાણીએ તો અભયદાન આપ્યું, પછી તે રાણીઓમાં કોણે સારૂં દાન આપ્યું? એનો વિવાદ થતાં ચોરને પૂછતાં અભયદાનનો સારાપણાનો નિર્ણય થયો. ગૃહસ્થને તો ભોજન માત્ર પણ છ કાયજીવની હિંસાથીજ થાય છે, માટે ગૃહસ્થપણું સારૂં કેમ કહેવાય? તપઆદિકના દુઃખોને શિષ્યોની પાસે કરાવનાર ગુરુને કેમ દોષ ન લાગે એ વિગેરે ચર્ચા પણ ઉપરના વાદથી દૂર થઇ, કારણ કે જેમ કુશળવૈદ્યની દવા દુઃખ દે તોપણ પરમાર્થથી તે સુખનું કારણ હોવાથી દુઃખરૂપ નથી, તેવી રીતે સંસારના દુઃખોને નાશ કરનારૂં આ તપ પણ સુખરૂપ જાણવું ॥

**इति प्रव्रज्याविधाननामकं प्रथमं वस्तु** એવી રીતે દીક્ષા કેમ આપવી એ દ્વાર પુરૂં કરી પ્રવ્રજ્યાવિધાનને સમાપ્ત કરી પ્રતિદિનની ક્રિયાને કહેવાની પ્રતિજ્ઞા કરે છેઃ

**पव्व** ૨૨૮, એવી રીતે આ પ્રવ્રજ્યાનું વિધાન સંક્ષેપે કહ્યું, હવે બીજી વસ્તુ તરીકે મુનિમહારાજની પ્રતિદિન ક્રિયા કહીશ.

**पव्व** ૨૨૯ જે માટે દીક્ષિત થએલો સાધુ પ્રમાદનો પરિહાર કરીને જે સૂત્રવિધિએ પ્રતિદિન ક્રિયા કરે છે અને ત્યારે તેની પ્રવ્રજ્યા જૈનશાસનમાં સફળ ગણી છે, પ્રથમ પ્રાતદિનક્રિયાના દશ ભેદો જણાવે છેઃ

**पडि** ૨૩૦, ઉપધિનું પડિલેહણ ૧ ઉપાશ્રયનું પ્રમાર્જન ૨ વિધિએ ગોચરી લાવવી ૩ ઈર્યાવહિયાપૂર્વક કાઉસ્સગ્ગ કરવો ૪ ગોચરીનું આલોવવું ૫ ભોજન ૬ પાત્રાનું ધોવું ૭ સ્થંડિલ જવું ૮ વિરાધના વગરની સ્થંડિલની ભૂમિ ૯ પ્રતિક્રમણ અને કાલગ્રહણ વિગેરે ૧૦ એ દશ

દ્વારો પ્રતિદિન ક્રિયા નામની વસ્તુમાં છે. તેમાં પહેલું પડિલેહણુ નામનું દ્વાર કહે છે:–

**उव २३१, उव २३२** અહીં પડિલેહણુ સંયમને ઉપકાર કરનાર ઉપકરણોની જાણવી. નહિં પડિલેહેલા ઉપકરણોમાં જીવહિંસાદિક દોષો જાણવા. ઉપકરણને આશ્રીને વસ્ત્ર અને પાત્રની પડિલેહણા હોય છે. દીક્ષાવખતે પહેલાં વસ્ત્રગ્રહણ કરવાથી તેમજ સૂત્રોમાં પાત્રૈષણા કરતાં વસ્ત્રૈષણા પહેલી કહેલી હોવાથી વસ્ત્રસંબંધી પડિલેહણા પહેલાં કહેવાશે. સવારે અને ચોથે પહોરે મુહપત્તિ, રજોહરણુ ચોળપટ્ટો, ગુરૂની માંદાસાધુની અને નવાશિષ્યની, ઉપધિ પોતાના કપડાં અને સંથારો તેમજ ગુરુમહારાજે કહેલું અન્ય જે કંઈ હોય તે પડિલેહવું જોઇએ. હવે વસ્ત્ર પડિલેહવાની વિધિ કહે છે **उड्ढं २३३, वत्थे २३४ ,अंगुट्ठ २३५, परि २३६, इअ २३७, अदंस २३८, अणच्चा २३९, वत्थे २४०, तिरि २४१, छप्पु २४२, तइअं २४३, विहि २४४,** વસ્ત્ર અને કાયાનું ઊર્ધ્વપણું, સજ્જડ ગ્રહણ કરવાથી સ્થિરપણું, વસ્ત્રનું વિધિથી પડિલેહવું, પહેલાં વસ્ત્રને આગળ પાછળ ચક્ષુથી દેખવું, પછી વિધિથી પ્રસ્ફોટન કરવું અને પછી આગળ કહેવાશે તે વિધિએ પ્રમાર્જન કરવું. વસ્ત્ર અને કાયના ઊર્ધ્વમાં, કોઈક કહે છે કે ઉભો રહીને છેડાથી વસ્ત્ર પકડવું, પણ તે વ્યાજબી નથી, કેમકે લિપાયલાની માફક શરીરને નહિ અડાડતાં ઉભા પગે જમીનમાં નહિ લગાડતાં તીર્છું રાખી વસ્ત્રને પડિલેહે અંગુઠા અને આંગળીથી ત્રિભાગબુદ્ધિએ વસ્ત્રને ગ્રહણ કરીને સંભ્રમરહિત સ્થિરપણે ચક્ષુનો વ્યાપાર કરીને જે પડિલેહવાય તે સ્થિર કહેવાય. ઊતાવળ કર્યા વગર વાયુકાયની જયણાપૂર્વક, પ્રયત્નથી સમ્યગવસ્ત્રને બીજે પડખે ફેરવવું તે અત્વરિત કહેવાય. જો ત્વરિત કરે તો વાઉકાયની વિરાધનાદિ દોષો થાય. એવી રીતે બે પડખે દેખવાથી સર્વગ્રહણુ થયું, તેથી સર્વ એટલે બધું વસ્ત્ર પહેલાં ચક્ષુએ દેખે, ત્યાં જો કીડીઆદિક જીવો ન દેખાય તો પ્રસ્ફોટન કરે અને દેખાય તો તે જીવોને વિધિપૂર્વક અન્યત્ર મૂકે. પ્રસ્ફોટન કરવાની વિધિ કહે છે: વસ્ત્ર કે શરીર નાચવું ન જોઇએ અને તે બે વળવા પણ ન જોઇએ, તથા નિરંતર ન જોઇએ અને તીર્છું લાગવું પણ ન જોઈએ, વસ્ત્રના છ પ્રસ્ફોટન પહેલાં કરવાં અને હાથતલનાં પ્રમાર્જનવાળાં નવ પ્રસ્ફોટન પછી કરવાં, અને પછી હાથમાં જીવોનું શોધન કરવું. વસ્ત્ર અને આત્માને આશ્રીને અનર્તિતને અને અવલિતના ચાર ભાંગા થાય. નિરંતર પડિલેહવું તેને અનુબંધી દોષ કહેવાય છે. તીર્છું, ઉપર કે નીચે વસ્ત્ર લાગવાથી મુસલી દોષ કહેવાય છે. તીર્છું ભીતવિગેરેમાં, ઉપર માળવિગેરેમાં અને નીચે ભૂમિવિગેરેમાં લાગવું થાય. એવી રીતે મુસલીદોષનું લક્ષણ કહેલું છે. પહોળા કરેલા વસ્ત્રમાં બે બાજુ નિરીક્ષણ કરતાં છ પ્રસ્ફોટન થાય છે, અને હાથમાં ત્રણ વખત પ્રમાર્જન કરી, ત્રણ ત્રણે આંતરિત, નવ પ્રસ્ફોટન જાણવા. હાથના રંગ સરખા અદૃશ્ય જીવોની રક્ષા માટે ત્રીજું પ્રમાર્જન છે, કેમકે પ્રમાર્જેલી ભૂમિમાં પડિલેહણ થયા પછી કાજો ન કાઢયો હોય તો તે ભૂમિ વપરાય નહિ એવો નિયમ છે. એવી રીતે વિધિની મુખ્યતાએ પડિલેહણક્રિયા જણાવીને હવે આગળ આચાર્ય મહારાજ (નિર્યુક્તિકાર) એજ પડિલેહણની ક્રિયાને પ્રતિષેધની મુખ્યતા-દ્વારાએ જણાવે છે:

आर २४५, वित २४६, गुरु २४७, उड्ड २४८, पसि २४९, पसि २५०, घूण २५१, उड्डा २५२, अणु २५३, नो २५४, खोड २५५, देव २५६, एए २५७, जीव २५८, एए २५९

પડિલેહણના આ પ્રમાણે છ દોષ વર્જવા.

આરભડા ૧ સંમર્દા ૨ અસ્થાન સ્થાપના ૩ પ્રસ્ફોટના ૪ વિક્ષિપ્તા ૫ વેદિકા ૬

આરભડાદોષ તેને કહેવાય કે ઉલટું કરે, જલદી કરે કે બીજું બીજું લે. સંમર્દાદોષ તેને કહેવાય કે ખુણા અંદર રાખીને પડિલેહે અગર વીંટીઆ ઉપર બેસીને પડિલેહે. અસ્થાન સ્થાપના તેને કહેવાય કે પડિલેહેલી ઉપધિને ગુરુની અવગ્રહાદિભૂમિમાં મ્હેલે. પ્રસ્ફોટનદોષ ત્યારે લાગે કે ધૂળથી ભરેલાનું વગર યતનાએ પ્રસ્ફોટન કરે, પડિલેહેલા વસ્ત્રોને જેમ તેમ ફેંકે તે વિક્ષિપ્તાદોષ અને ઉર્ધ્વવેદિકાઆદિ પાંચપ્રકારની વેદિકા કરે તે વેદિકા દોષ. એવી રીતે પડિલેહણમાં છ પ્રકારના દોષો છે. ઢીંચણ ઉપર હાથ રાખીને પડિલેહણ કરવું તે ઉર્ધ્વવેદિકા કહેવાય, નીચે રાખે તે અધોવેદિકા, એક ઢીંચણ વચ્ચે રાખે તે એકતોવેદિકા, બે ઢીંચણ વચમાં રાખે તે દુહઓ વેદિકા, ઢીંચણની અંદર પડિલેહે તે અન્તર્વેદિકા, વસ્ત્ર ઢીલું પકડવું, એક છેડે પકડવું, હાથ કે ભૂમિમાં લોટાવવું, ત્રણથી વધારે વખત ધુણાવવું, પ્રસ્ફોટન વિગેરેમાં પ્રમાદ કરવો, અને શંકા થવાથી ગણતરી કરીને પડિલેહણ કરવી એ પડિલેહણના દોષો છે. ઢીલું લેવું કે ઉકેલ્યા વગરનું લેવું તે શિથિલ કહેવાય. વચમાંથી લેવું કે બીજે છેડે લેવું તે પ્રલંબ કહેવાય. હાથ અને ભૂમિને લોટે તો એટલે વીંટિયાને એક આંગળીએ લે તો તે આમર્ષદોષ કહેવાય. ત્રણ વખતથી વધારે વખત ધુણાવે અથવા તો ઘણાં વસ્ત્ર લઈને એકઠાં ધુણાવે તો અનેકરૂપ ધુણનદોષ કહેવાય, તેવી રીતે પ્રસ્ફોટન અને પ્રમાર્જનામાં પ્રમાદી થઇને શંકાવાળો થયો છતો ગણતરી કરે તે પણ દોષ કહેવાય. ઉર્ધ્વ વિગેરેનું વિધિદ્વારાએ વર્ણન કર્યા છતાં પ્રતિષેધદ્વારાએ જે આ વર્ણન કર્યું છે તે શુદ્ધ અનુષ્ઠાનજ ફળ દેનાર છે એમ દેખાડવા માટે છે. નિર્યુક્તિકાર મહારાજા પણ કહે છે કે ન્યૂનપડિલેહણા, અધિકપડિલેહણા અને વિપર્યાસપડિલેહણા વર્જવાનું હોવાથી આઠ ભાંગા થાય, તેમાં પહેલો ભાંગોજ શુદ્ધ છે, બાકીના સાત અશુદ્ધ છે. ઓછી ન હોય, અધિક ન હોય, અને વિપર્યાસવાળી ન હોય તે પહેલો ભાંગો અને શુદ્ધ, બાકીના પછીના જે સાત ભાંગા તે અશુદ્ધ ભાંગા છે. પ્રસ્ફોટન, પ્રમાર્જન, અને વખતની અપેક્ષાએ ઓછા અધિકપણું જાણવું.

કેટલાકો કુકડો બોલે ત્યારે, અરૂણોદય થાય ત્યારે, ૨ પ્રકાશ થાય ત્યારે, પરસ્પર દેખાય ત્યારે,૪ અને હાથની રેખા દેખાય ત્યારે, પડિલેહણ માને છે. જે માટે છેલ્લી પોરસીમાં દિવસની પડિલેહણા થાય છે, માટે (રાત્રિની છેલ્લી પોરસીમાં રાઇપડિલેહણા થવી જોઇએ) એવો ભ્રમ કુર્કુટ આદેશવાળાનો છે, અને તેમાં અંધારૂં હોવાથી બાકીના મતો છે. શાસ્ત્રકાર કહે છે કે એ પાંચે વિરોધી છે, કેમકે અંધારાવાળા મકાનમાં સૂર્ય ઉદય થયા છતાં પણ રેખા દેખાતી નથી. શાસ્ત્રીય રીતિએ પડિલેહણા કાળ તો પાડકમણું કર્યા પછી મુહપત્તિ, રજોહરણ, બે નિષદ્યા, ચોળપટ્ટો, સંથારો, ઉત્તરપટ્ટા, ત્રણ કપડાં, અને કેટલાકના કહેવા પ્રમાણે અગીઆરમા દાંડાનું પડિલેહણ થાય ત્યારે સૂર્યોદય થવો જોઇએ, કેમકે જીવદયા માટે પડિલેહણ છે, તેથી પડિકમણું સ્તુતિ કર્યા પછી દશ વસ્તુનું પડિલેહણ થાય ત્યારે સૂર્ય ઉદય પામે એ પડિલેહણનો કાળ જાણવો.

અસંબદ્ધ બોલવાવાળા પણ સરળ શિષ્યને આચાર્યોએ સમજાવવા જોઈએ એવું જણાવવા માટે પહેલાના પાંચ વૃદ્ધ કાળો જણાવ્યા. હવે અવિપર્યાસ અને વિપર્યાસપણું જણાવે છે,

**गुरु २६०, पुरि २६१, अप्पडि, २६२**

પુરુષનો અવિપર્યાસ તે કહેવાય કે આચાર્ય, તપસ્વી, ગ્લાન, નવદીક્ષિત અને વેયાવચ્ચ કરનારની ઉપધિ પોતાની ઉપધિથી પહેલી પડિલહેવી, વસ્ત્રના અવિપર્યાસમાં પહેલાં સંસ્કાર ન કરવો પડયો હોય તેવાં પહેલાં પડિલેહીને પછી અલ્પસંસ્કારવાળાનું અને તે પછી બહુ સંસ્કારવાળાનું પડિલેહણ કરવું, પણ ગૃહસ્થો હાજર હોય કે ઉપધિ અનુચિત હોય કે ગુરુનું પડિલેહણ કરવાવાળો નિયમિત હોય તો પુરુષ અને ઉપધિનો વિપર્યાસ પણ કરે. પાત્ર અને વસ્ત્રની બાબતમાં પણ વિપર્યાસ સમજવો. ઉપસંહાર કરતાં કહે છે કે ઉપધિ નહિ પડિલેહવામાં જે આજ્ઞા વિગેરે દોષો છે તેજ દોષો અવિધિથી ઉપધિને પડિલેહવામાં પણ થાય છે, માટે પડિલેહણનો વિધિ જાણવો અને આદરવો જોઇએ. એવી રીતે ઉપાધની પડિલેહણનું પહેલું પૂરૂં કરીને વસતિપ્રમાર્જનનું બીજું દ્વાર કહે છે—

**पडि २६३, वस २६४, सइ २६५, अपम २६६** સવારે ઉપાધ પડિલેહીને વસતિની પ્રમાર્જન થાય છે, અને સાંજે તો પહેલી વસતિનીપ્રમાર્જના કરીને પછી વસ્ત્રાદિનું પડિલેહણ થાય છે. અન્યવ્યાપારરહિતપણે ઉપયોગવાળા ગીતાર્થે વસતિપ્રમાર્જન કરવી–એથી ઉલટી રીતે વસતિને પ્રમાર્જતાં અવિધિ જાણવો. હંમેશાં રૂવાંટાવાળા, કોમળ, ચીકાશ વગરના, જેને વિધિએ ગાંઠ બાંધેલી હોય તેવા દંડાસનથી વસતિ પ્રમાર્જની, પણ સાવરણાઆદિકથી નહિં. વસતિ પ્રમાર્જવામાં ન આવે તો લોકનિંદા, ધૂળ લાગવાથી જીવહિંસા, અને પગ નહિં પૂજવાથી ઉપધિનું મેલાપણું એ વગેરે દોષો થાય, અને ઉપધિને ધોવામાં અને નહિં ધોવામાં છકાયની વિરાધના તેમજ આત્મવિરાધના વિગેરે પણ દોષો થાય ॥

હવે પાત્રની પડિલેહણનું દ્વાર કહે છેઃ—

**चरि २६७, तीआ २६८, माण २६९, मुह २७०, चउ २७१, मूसग २७२ नवग २७३, कोत्थल २७४, इयरेसु २७५, भायण २७६, दाहिण २७७,**

ચોથો ભાગ બાકી રહે એવો દિવસનો ભાગ એટલે પહોર બાકી રહે ત્યારે પાત્રનું પડિલેહણ કરવું, અને તે પડિલેહણ વીતરાગોએ આ રીતિએ કહેલું છે. અતીત અને અનાગત કાલે પડિલેહણ કરતાં જેમ આજ્ઞા વિરાધના વિગેરે દોષો લાગે છે, તેમ અવિધિએ પડિલેહવામાં પણ દોષ લાગે છે, માટે પાત્રની પડિલેહણ વિધિથી કરવી. તે વિધિ આ પ્રમાણે છેઃ—

માત્રકથી એક વેંત છેટે થાપેલા ભાજનની પાસે બેસી મુહપત્તિ પડિલેહીને બહાર ચક્ષુથી દેખે અને અંદર શ્રોત્ર પ્રાણ ને જિહ્વાથી ઉપયોગ કરે. પછી પડલાને ફરશે અને પડિલેહણના ઉપયોગવાળો આવી રીતે પાત્રાને પડિલેહેઃ—

મુહપત્તિએ ગુચ્છાને પડિલેહીને આંગળીમાં ગુચ્છાને લઈ પડલાને પડિલેહે. કેટલાક કહે છે કે ઉભે પગે પડલા પાડલેહવા, પણ તે ઉઠવા બેસવાના દોષથી નકામું છે, તે પડલાથી ઝોળીના ચારે છેડા પુંજીને ભાજનનો જે કાંઠો પકડવો હોય તે પુંજે, અને પછી પુંજણીથી પાત્રની અંદર

અને બહાર ત્રણ ત્રણ વખત પુંજી, ભાજનના મધ્ય ભાગને પુંજે. મધ્ય ભાગને પછી પડિલેહવાનાં કારણો કહે છે:–ઉંદરે કરેલી રજનો ઢગલો, કરોળીઓ, પાણી અને માટી એ વિરાધનાના સ્થાન છે. નવાગામમાં દૂરથી ઉંદર સચિત્ત રજ ખોદીને ઢગલો કરે. સ્નિગ્ધપૃથ્વી હોય તો ઓળીને ભેદીને હરતનુ (પાણીનાં બિંદુઓ) પેસે, ભમરી ઘર કરે, કરોળીઆ વિગેરે પાત્રામાં લાગે, તેમજ સચિત્તરજ હોય તો ઉપર પુંજવું, હરતનુ હોય તો તે સુકાય નહિં ત્યાંસુધી રહેવું, કરોળીઆ વિગેરેમાં ત્રણ પહોર વિલંબ કરીને પાત્રનો તેટલો ભાગ છેદી નાખવો, અથવા આખું પાત્ર છોડી દેવું, અને જુની માટીને જલદી કહાડી નાંખવી. પાત્રાં પુંજીને બહાર અને અંદર પ્રસ્ફોટન કરવું. કેટલાક તે ત્રણ વાર કરવું એમ કહે છે. પાત્રને જમીનથી ચાર આંગળ માત્ર ઉંચે રાખીને પડિલેહવું કે જેથી પડવાનો ભય ન રહે. પાત્રાંને કાંઠેથી જમણા હાથે લઈને ડાબી તરફ ત્રણ વખત પ્રસ્ફોટન કરે, ત્રણ વખત ભૂમિએ અને ત્રણ વખત તળીએ પ્રસ્ફોટન કરે. (આ ગાથા અન્ય મતને દેખાડનારી છે) અત્યારે પાત્રાં ભૂમિએ નથી થપાતાં તેમ બધું ન કરવું એમ કહેનારને કહે છે કે:—

काल ૨૭૮, अव ૨૭૯, णय ૨૮૦, दोसा ૨૮૧, દુષ્ષમાકાળના દોષથી ખીલીએ લગાડતાં પ્રમાદથી ભંગ થાય માટે પાત્રાંને સીક્કગ બંધ કર્યા પછી અપ્રમત્તપણે બાકીનો વિધિ કરવો, પણ પાત્રાનું સ્થાપન છોડવાની માફક બધો વિધિ છોડવો નહિં, કેમકે તે સ્થાપનજ છોડવાનું પૂર્વાચાર્યોએ આચરેલું છે. જેમાં દોષ થોડો હોય અને ગુણ ઘણો હોય એવું જે કાંઇ કાર્ય અપેક્ષાથી ગીતાર્થો આચરે તે બધાઓએ પ્રમાણ ગણવું. (આ સ્થાને ટીકાકારે માસકલ્પના અવિહારનો આપેલો દાખલો દુર્ભિક્ષાશકિત આદિ કારણથી વિહાર થયો ન હોય તોપણ સચિત્ત અચિત્ત દ્રવ્ય સંબંધી તે વિહાર નહિ કરનારાનો હક, બીજા વિહાર કરનારાઓએ કાયમ રાખવો એને માટે છે, અથવા તો માસકલ્પથી મહીનો નિયત રહેવાનું થાય છતાં મહીનાની અંદર પણ વિહાર કરી શકાય, કેમકે તેવાં બધાં ક્ષેત્રો માસકલ્પને વિહારના લાયકનાં હોય નહિં, એ જણાવવાને માટે આ દષ્ટાંત છે, કેમકે એમ નહિ હોય તો આજ ગ્રંથમાં માસકલ્પને છોડીને બીજો વિહારજ નથી એવું આગળ ૮૯૫ અને ૮૯૬ ગાથામાં જે નિવેદન કરેલું છે તે તદ્દન વિરૂદ્ધ થાય,વળી એમ જો ન હોય તો એકના કાર્યને સર્વને પ્રમાણ કરવાની ભલામણ અહીં હોત નહિ, માટે દુર્ભિક્ષાદિકનો અવિહાર કે તેવા ક્ષેત્રને અભાવે થતો માસકલ્પનો ભેદ કોઇએ સકારણ કર્યો હોય તો તે બીજાઓએ પ્રમાણ ગણવો એ જણાવવા માટેજ આ દૃષ્ટાંત છે.)

આગમનું ઉત્સર્ગ અપવાદમયપણું હોવાથી જિનેશ્વરોએ સર્વથા કાંઇપણ કરવાનું છે કે નથીજ કરવાનું એવું જણાવેલું નથી. તીર્થંકરમહારાજની તો એ આજ્ઞા છે, કે દરેક કાર્યમાં નિષ્કપટ થવું. તેનું કારણ એ છે કે રોગીપણામાં દવાની માફક જે કાર્યથી દોષો રોકાય અને પ્રથમનાં કર્મોનો નાશ થાય તે તે અનુષ્ઠાનો કરવાં. હવે ચાલુ પડિલેહણ અધિકારમાં બીજી વાત પણ કહે છે: विंटि ૨૮૨, रय ૨૮૩, परि ૨૮૪, वासा ૨૮૫, ઉપધિ પડિલેહીને વીંટીઓ બાંધવો અને પાત્રાંને રજસ્ત્રાણથી વીંટીને રાખવાં, નહિં તો ચોર ધાડ વિગેરેમાં વિપત્તિ થાય. ઋતુબદ્ધકાળમાં ઉપધિનું ધરણ અને પાત્રાનું બંધન કરવું, પણ ચોમાસામાં નહિં. રજસ્ત્રાણ અને

ભાજનનું ધરણુ ઋતુબદ્ધમાં કરવું. વરસાદમાં નિક્ષેપ કરવો, કેમકે વર્ષાઋતુમાં અગ્નિ, ચોર અને રાજ્યના ક્ષોભનો ભય ન હોવાથી વિરાધના થતી નથી. શેષઋતુમાં ઉપધિ ન બાંધે તો ઉપધિ અને પાત્રાનું કોઈ હરણુ કરી જાય, દાહ થાય, ભંગ થાય ને છકાયની વિરાધના થાય, અને તેનું રક્ષણુ કરવા જાય તો સાધુ પોતે બળી જાય કે તેનું હરણુ થાય, અને તેનો બચાવ ન કરવાથી ઉપધિ વગર જીવવિરાધના થાય તે દોષ લાગે. ચોમાસામાં અગ્નિ કે ધાડનો ભય હોતો નથી અને રાજાઓ પણુ સ્વસ્થ હોય છે તેથી ઉપધિનું અબંધન અને સ્થાપન ચોમાસામાં કરવાનાં કહ્યાં ॥ એવી રીતે પાત્રની પડિલેહણાનું દ્વાર સમાપ્ત કર્યું. હવે ભિક્ષાનામનું દ્વાર કહે છેઃ—

**कय २८६, काइय २८७, संदि २८८, अह २८९, तप्पु २९०, चिंतितु २९१, कह २९२, आव २९३, गुरुणा २९४, जस्स २९५, साहूण २९६, हिंडन्ति २९७,**

માતરૂં વિગેરે કરીને તેમજ આચાર્ય પાસે કાલોચિત પ્રશસ્ત ઉપયોગ કરીને આવશ્યકી કહેવા-પૂર્વક ને જેનો જોગ એવું બોલીને ભિક્ષા માટે જાય આ અધિકારને વિસ્તારથી કહે છે. માતરા-આદિક કરીને દાંડો અને પાત્રાં લઈને ઉપયોગપૂર્વક ગુરુ પાસે ઉભો રહી ગુરુ મહારાજને કહે કે, હુકમ કરો, હું ઉપયોગ કરૂં. ગુરુની આજ્ઞા મળ્યા પછી ઉપયોગ કરાવવા કાઉસ્સગ્ગ કરૂં એમ બોલી અસ્ખલિતાદિગુણવાળું કાઉસ્સગ્ગનું સૂત્ર કહી કાઉસ્સગ્ગમાં રહે, અને તેમાં પંચનમસ્કાર ચિંતવે, કાઉસ્સગ્ગમાં નવકાર ચિંતવવાપૂર્વક જેને માટે જતો હોય તે વિચારે. કેટલાક કહે છે કે ગુરુ, બાળ, વૃદ્ધ અને નવદીક્ષિત માટેજ આ ધર્મવ્યાપાર કરૂં છું, મારે માટે કરતો નથી એમ વિચારે. પછી નવકાર બોલીને વિનયપૂર્વક ગુરુને કહે કે "હુકમ કરો," ગુરુ પણુ ઉપયોગવાળા છતા 'લાભ' એમ કહે. પછી અત્યંત નમ્ર એવા શિષ્યો સમ્યગ્ રીતિએ કહે કે "કેવી રીતે લઈશું ?" ત્યારે ગુરુ પણુ તેવીજ રીતે કહે કે, જેવી રીતે પહેલાનાં સાધુએ લીધું છે, અર્થાત્ સાધુને અયોગ્ય લેવાનું ગુરુ નિષેધે છે. પછી સાધુઓ "આવસ્સિયાએ જસ્સ ય જોગો" એમ કહીને વસતિથી નીકળે. વગર કારણે સાધુને વસતિથી બહાર નીકળવું કલ્પતું નથી. આચાર્ય મહારાજે કે તેમણે ભળાવેલા કોઇ મ્હોટા સાધુએ સ્વાધ્યાય વિગેરે કાર્યમાં કે ભિક્ષાટનઆદિમાં નહિં મોકલેલા સાધુનું સ્વચ્છંદતાના દોષથી વસતિ બહાર નીકળવું કલ્પતું નથી. જો "જસ્સ જોગો" એમ ન કહે તો ગચ્છને ઉપકાર કરનારા અને યોગ્ય એવાં પણુ વસ્ત્રાદિક મળે તો પણુ તે લેવાં કલ્પે નહિં, કેમકે શ્વાસોચ્છ્વાસ સિવાય કોઇપણુ કાર્ય ગુરુને પૂછ્યા સિવાય કરવું કે કાંઇપણુ લેવું તે સાધુને કલ્પે નહિં, એવી મર્યાદા છે. વસતિથી બહાર નીકળ્યા પછી મૂર્ચ્છા-રહિતપણે શુદ્ધ ગવેષણામાં ઉપયોગવાળા અને શુદ્ધ અંતઃકરણથી મોક્ષને માટે તે સાધુઓ ગોચરી ફરે ॥ તેવા સાધુઓ દ્રવ્યાદિકના અભિગ્રહવાળા હોય છે, અને તે આવી રીતે અભિગ્રહો છેઃ-

**लेव २९८, अट्ठ २९९. उज्जु ३००, काले ३०१, दिंतग ३०२, उक्खित्त ३०३, ओस ३०४, पुरिसे ३०५, मेजो ३०६, सत्थे ३०७,**

લેપવાળું કે લેપ વગરનું દ્રવ્ય કે અમુકજ દ્રવ્ય અથવા અમુક દ્રવ્યથી એટલે કડછી-વિગેરેથી ગોચરી લઈશ એવો અભિગ્રહ તે દ્રવ્યાભિગ્રહ કહેવાય. ઋજુક વિગેરે ગોચરીના આઠ

પ્રકારો જે આગળ જણાવાશે તેપણ ક્ષેત્રાભિગ્રહ ગણાય, તેમજ ઉમરો બે પગ વચ્ચે રાખીને દે તે લેવું, સ્વગ્રામ કે પરગ્રામમાં લેવું, એટલા ઘરોએ લેવું એવો જે અભિગ્રહ તેપણ ક્ષેત્રાભિગ્રહ કહેવાય. પૂર્વે જણાવેલી ગોચરીની આઠ ભૂમિ તે આવી રીતે છે: પહેલા ઘરથી છેલ્લા ઘરસુધી જવું તે ઋજિવકા, છેલ્લા ઘરથી પહેલા ઘર તરફ આવવું તે પ્રત્યાગતિકા, સામસામી લાઈનમાં એક એક ઘેર છોડતાં વહોરવું તે ગોમૂત્રિકા, પતંગિયાની માફક અનિયમિત વહોરવું તે પતંગવિધિ, ચારે ખુણે વહોરવું તે પેટા, અને બે લાઇને વહોરવું તે અર્ધપેટા, મધ્યભાગથી વહોરતાં વહોરતાં બહાર નીકળવું તે અભ્યંતરશમ્બુકકા અને બહારથી વહોરતાં વહોરતાં અંદર જવું તે બાહ્યશમ્બુકકા, એ આઠ પ્રકારોમાંથી જે કોઇપણ પ્રકારે નિયમિત કરે તે ક્ષેત્રાભિગ્રહ. ભિક્ષાનો વખત પ્રાપ્ત થયા વિના પહેલે પહોરે ગોચરી ફરવાનો નિયમ તે આદિ, બીજે ત્રીજે પહોરે ગોચરી ફરવું એવો નિયમ તે મધ્ય, અને ચોથે પહોરે ગોચરી ફરવું તે અંત્ય એવી રીતે કાલાભિગ્રહ ત્રણ રીતે છે. એ ત્રણે કાલમાં ગોરીચ ફરતાં થતા ગુણ અને દોષો કહે છે:– દેનાર અને લેનારને સૂક્ષ્મ પણ અપ્રીતિ ન થાય તે માટે પહેલો પહોર, અને આરંભની પ્રવૃતિ ન થાય માટે બીજો ત્રીજો પહોર, અને ચોથો પહોર કાલથી અતીત હોવાથી ભિક્ષા યોગ્ય નહિં. હવે ભાવઅભિગ્રહ કહે છે:–

ભાજનમાંથી કાઢેલું લેવાવાળા, ભાજનમાં નાંખેલું લેવાવાળા, ગાતો, રોતો કે બેઠો વિગેરે અવસ્થાવાળો દે તેજ લેવાવાળા, એવા જેઓ હોય તેઓ ભાવઅભિગ્રહવાળા કહેવાય. તેમજ ખસતો, સામો આવતો, ઉલટે મોંઢે હોય ઘરેણાંવાળો હોય, ઘરેણાં વગરનો હોય, એવી કોઇ પણ અવસ્થાએ આપે તો લેવું એવો જે અભિગ્રહ તે પણ ભાવાભિગ્રહ કહેવાય. આ કહેલા અભિગ્રહો પુરુષવિશેષને આશ્રીને જાણવા, કારણ કે જીવો વિવિધપરિણામવાળા છે, તેથી કેટલાકો આવી રીતેજ શુદ્ધિ પામે. વાદી શંકા કરે છે કે: જહેને ન્હેને જે તે દુઃખ થાય તે તે ન્હેને કર્મક્ષયનું કારણ માનવું જોઇએ, અને જો એમ ન હોયે તો આ અભિગ્રહો સારા કહેવાય નહિં. એ કથનના ઉત્તરમાં જણાવે છે કે:– સ્વભાવે મોહાદિકને નાશ કરવામાં સમર્થ અને નિરવદ્ય હોવાથી શાસ્ત્રોમાં અભિગ્રહ કરવાનું જણાવ્યું છે, અને તીર્થંકરોએ પણ અભિગ્રહો કરેલા છે, માટે તે અભિગ્રહો સારાજ છે ॥

ગોચરીથી નિવર્તવાનો વિધિ કહે છે:

**सुत्त ३०८, तक्काल ३०९, सुन्न ३१०, पाय ३११, एवं ३१२, हत्थु ३१३, उवरिं ३१४, जइ ३१५, वोसि ३१६, हरिअं ३१७, घउ ३१८, पुव्वु ३१९, काउ ३२०, तेउ ३२१, ते चेव ३२२, मुह ३२३, काय ३२४, जइ ३२५, चिन्ति ३२६,**

ઉપયોગપૂર્વક સૂત્રમાં કહેલી વિધિએ ભિક્ષા લઇને પછી સામાચારીને નહિં ભેદતાં સાધુઓ ઉપાશ્રયે આવે. ઉપાશ્રયની આગળ ગોચરીમાં નહિં માલમ પડેલા અથવા તો માલમ પડયા છતાં તે વખતે કોઇ કારણસર નહિં પરિઠવેલા એવાં માંખીનું કલેવર કે કાંટો વિગેરે જે હોય તે પરઠવે. શુન્યઘર કે દેવકુળ ન હોય તો ઉપાશ્રયના બારણા આગળ પણ મક્ષિકા અને કંટક વિગેર પરઠવીને ઉપાશ્રયમાં પેસવું. પેસતી વખત પગ પૂજે, નિસીહિ કહે, અંજલિ કરે, દંડ અને ઉપધિ સ્વસ્થાને

મૂકે, પછી તે સાધુ ઉપયોગ અને સંવેગવાળા છતા વિધિથી ગોચરીની આલોચના કરે. પ્રવેશ કરે તે વખતે અગ્રદ્વારમાં, મધ્યમાં અને પેસતાં એમ ત્રણ સ્થાને ત્રણ નિસીહિ કરે અને ગૃહસ્થ ન હોય તો પગ પૂંજે, કપાળે હાથ લગાડવારૂપ કાયિકનમસ્કાર અને **नमः क्षमाश्रमणेभ्यः** એવું કહેવારૂપ વાચિકનમસ્કાર કરે, જો ભાજનમાં ભાર વધારે હોય તો વચનમાત્રથી પણ નમસ્કાર કરે, અને હાથ ઉંચો ન પણ કરે. દાંડો મેલવાને ઠેકાણે ઉપર અને નીચે પૂંજીને દાંડો મ્હેલે. ચોળપટ્ટાને ઉપધિ ઉપર મ્હેલે, ઝોળીને પાત્રા ઉપર મ્હેલે, જો તેને માતરાની શંકા હોય તો પડલા સહિત પાત્રાં બીજા સાધુને આપીને, તેમજ ચોળપટ્ટાવાળોજ છતો માતરૂં વોસિરાવે. માતરૂં વોસરાવીને અસંભ્રાંતપણે આવીને યોગ્યદેશમાં સૂત્રમાં કરેલી વિધિથી પૂંજીને, ઇચ્છાકારેણ વિગેરે ઇરિયાવહીનું સૂત્ર કહીને ઈરિયાવહિયા પડિક્કમે અને અતિચારને શોધવા માટે બરાબર કાઉસ્સગ્ગ કરે. કાઉસ્સગ્ગમાં ઢીંચણથી ચોળપટ્ટો ચાર આંગળ ઊંચો અને નાભિથી ચાર આંગળ નીચો, અને બે કોણીએ પકડેલો ચોળપટ્ટો અગર પડલા રાખે. પહેલાં જણાવેલ યોગ્યસ્થાને પગના આગલા ભાગે ચાર આંગળોનું અંતર રાખીને અને પાછલના ભાગમાં તેથી કંઈક ઓછું અંતર રાખીને જમણા હાથે મુહપત્તિ અને ડાબા હાથે ઓઘો રાખી કાઉસ્સગ્ગ કરે. કાઉસ્સગ્ગમાં રહેલો નીકળ્યાથી માંડીને તે પેસતાં સુધીના ગોચરીના અતિચારોને ચિંતવે. જે દોષ માલમ પડે તે મનમાં રાખે. તે દોષો લાગવાની અપેક્ષાના અનુક્રમવાળા હોય અગર આલોચનાની અપેક્ષાના અનુક્રમવાળા હોય, અર્થાત્ દોષોનું લાગવું અને આલોચવું એમાં ચાર ભાંગા હોય છે. તે આલોચનમાં શાસ્ત્રકારો ઇરિયાવહિયાના કાયોત્સર્ગનેજ પ્રાયશ્ચિત્ત કહે છે. જે માટે હંમેશાં શુભયોગ તેજ કર્મક્ષયનું કારણ છે, અને ચારિત્રની આરાધનાને નિમિત્તે થોડું પણ દૂષણ ન લાગે એવી રીતે, તેમાં ઉપયોગવાળો દોષોને વિચારે તે શુભયોગજ છે, અથવા તો કાઉસ્સગ્ગમાં જે સંભાર્યું તેજ પ્રાયશ્ચિત્ત છે, કેમકે શાસ્ત્રોક્ત અનુષ્ઠાન અત્યંત નિર્જરાનું કારણ છે. શંકા કરે છે કે જો કાયોત્સર્ગજ પ્રાયશ્ચિત્ત હોય તો માતરા વિગેરેની ઈરિયવહિયામાં પણ નિયત ચિંતવન વગરનો કાયોત્સર્ગજ પ્રાયશ્ચિત્ત તરીકે હોવો જોઈએ. સમાધાનમાં શાસ્ત્રકાર કહે છે કે તે કાઉસ્સગ્ગમાં પણ કુશલનું ચિંતવન તેજ નિયમિત છે, પણ લોગસ્સ ચિંતવવો એમ નિયમિત નથી. પછી બધા વ્યાપારો ચિંતવીને, નવકારથી કાઉસ્સગ્ગ પારીને લોગસ્સ કહીને, સાધુ વિધિપૂર્વક આલોચન કરે ॥ તેમાં કઈ રીતે નહિં આલોવવું અને તે કઈ રીતે આળોવવું તે જણાવે છેઃ–

**वक्खित्त ३२७, कह ३२८, अव्व ३२९, कह ३३०, णट्ठं ३३१, करे ३३२, गार ३३३, एअ ३३४, काले ३३५ पुर ३३६** ધર્મકથાદિકથી ગુરૂ વ્યાક્ષેપવાળા હોય, પરાઙ્મુખ હોય, વિકથાદિકથી પ્રમાદી હોય તો કહેલા દોષોનું ધારણ ન થાય માટે તેવી વખતે આલોવવું નહિ. એવી રીતે ભૂખનું નહિ સહન થવું વિગેરેના સંભવથી, આહાર કરતાં છતાં અને વેગને ધારવાથી મરણાદિનો સંભવ છે માટે તે હોવાથી માતરૂં કે સ્થંડિલની શંકાવાળા જો ગુરૂ હોય તો આલોલવું નહિ. ભાષ્યકાર પણ એજ કહે છે કે ધર્મકથાદિકથી વ્યાક્ષિપ્તપણું, વિકથાથી પ્રમત્તપણું અન્યત્ર મુખ હોવાથી પરાઙ્મુખપણું, ભોજન કરતાં આલોચનાને સ્વીકારતાં ક્ષુધાની તીવ્રતા અથાવ

ભૂખનું મરવું થાય અને નિહાર કરતાં પણ આલોવતાં શંકા અને મરણ જાણવાં, કેવા ગુરૂ આગળ કેવી રીતે આલોવવું તે જણાવે છે:-ગુરુ જો અવ્યાક્ષિપ્ત, અને ક્રોધાદિક વિનાના હોય તો આલોવવું ઉપશાંત, અને આલોયણ સાંભળવામાં ઉપયોગવાળા હોય તે ઉપસ્થિત કહેવાય. એમ સર્વ હોય તો 'હુકમ દો' એમ આજ્ઞા માગીને ગુરૂએ આપેલા વખતે આલોવવું ॥

આલોચન વખતે શું શું ન કરવું ? તે કહે છે. નૃત્ય, ચંચળપણું, ભાષા, મુગાપણું, ઉંચે સ્વરે બોલવું તે બધું વર્જીને સુવિહિત સાધુ હસ્ત, પાત્ર અને ક્રિયા સંબંધી આલોયણ લે. નૃત્ય વગેરેને સ્પષ્ટપણે જણાવે છે. હાથ, પગ, ભ્રમર, માથું, આંખ, હોઠ એ વિગેરેને, વિકાર તે નાચવું કહેવાય. હાથને શરીરમાં વિકારવાળી પ્રવૃત્તિ ન કરવી, કાયાથી પરાવર્તન અને ભાવથી મનોહર એવી ગોચરીના દોષો ઓળવવા તે ચલન કહેવાય. ગૃહસ્થની ભાષા છોડવી જોઇએ. અવ્યકતભાષા તે મૂકપણું અને મોટાશબ્દે આલોવવું તે ઢઙ્ઢર દોષ, અને હાથ તથા પાત્ર સંબંધી ખરડયા અને નાહં ખરડયાપણાની જે ક્રિયા ગોચરી લેતાં થઇ તે આલોવવી, એ દોષ છોડીને ગુરુ અથવા ગુરુમહારાજે કહેલા અન્ય મુનિરાજ પાસે જે જે વસ્તુ જેવી જેવી રીતે ગ્રહણ કરેલી હોય તે પહેલેથી છેલ્લે સુધી આલોવે, કદાચ વખત ન પહોંચતો હોય કે થાકી ગયો હોય, અથવા ગ્લાનને વખત થઈ જતો હોય કે ગુરુ શાસ્ત્રના ચિંતનથી થાકેલા હોય તો સામાન્યરીતેજ આલોવવું. પૂર્વકર્મ કે પશ્ચાત્- કર્મ કે અશુદ્ધિ ન હોય તો સામાન્ય રીતે આલોવવું. જો ઉતાવળ હોય તો જેટલું શુદ્ધ હોય તેટલું કહેવું. આલોવ્યા પછીનો વિધિ કહે છે:

आलो ३३७, उड्ढंम् ३३८, ओण ३३९, काउं ३४०, ताहे ३४१, विणए ३४२

બધી ગોચરી આલોવીને માથું અને પાત્રાં પ્રમાર્જીને ઉપર નીચે તથા તીચ્છું બધી દિશામાં બરોબર જુએ. ઉપરથી ગરોળી વિગેરે તીર્ચ્છામાંથી બિલાડી, કુતરૂં કે બચ્ચાં વિગેરે અને નીચેથી ખીલો, લાકડું વિગેરે પડી ન જવાય તેના રક્ષણને માટે જુએ. નીચાં નમતાં મસ્તકથી જીવ ન પડે માટે પૂજવું. ઝોળી સંકોચાવાથી ત્રસજીવનો નાશ ન થાય માટે પાતરૂં પૂજવું. પછી હાથમાં પાતરૂં લઇને અડધા નમીને ગુરુને ભાતપાણી દેખાડવાં. પછી ભાતપાણીમાં બરાબર આલોચના ન થઇ હોય માટે શુદ્ધ અને અશુદ્ધને અંગે એક નવકારનો કાઉસ્સગ્ગ કરે, અથવા 'जइ मे अणुग्गहं' એ ગાથા વિચારે. પછી વિનયથી સ્વાધ્યાયનું પ્રસ્થાપન કરીને બે ઘડી સ્વાધ્યાય કરે.

એમ કરવાથી વાયુઆદિનો ક્ષોભ ને થાક વિગેરે મટી જાય. હવે ભોજનનો વિધિકહે છે:-

दुविहो ३४३ इअरो ३४४ दिन्ने ३४५ इच्छिज्ज ३४६ परिणा ३४७ आइ ३४८ वसा ३४९ जा तत्थ ६५० इअरे ६५१ धम्मं ३५२ दिन्ति ३५६ बायाली ३५४ राम ३५५ निद्ध ३५६ अह ३५७ कुक्क ३५८ गहणे ३५९ पय ३६० असुर ३६१ रागेण ३६२ जइ ३६६ निअ ३६४, સાધુમાંડલીમાં આહાર કરનારા તથા તે સિવાયના એમ બે પ્રકારના સાધુઓ હોય છે. તેમાં માંડલીમાં આહાર કરનારો સાધુ તો બધા સાધુ એકઠા થાય ત્યાં સુધી ટકે, અને બીજો

સાધુ ગુરુની પાસે આજ્ઞા લઇને પ્રીતિથી પરોણા, તપસ્વી, ગ્લાન અને નવદીક્ષિતોને બધાને નિમંત્રણ કરે. એમ કરવાથી મમતાનો ત્યાગ અને સાધર્મિકનું વાત્સલ્ય થાય છે, ગુરુએ તે આહારપાણીમાંથી તે પરોણા વિગેરેને આપ્યા પછી, અથવા તો ગુરુના કહેવાથી પોતે આપ્યા પછી બાકી રહેલું આહારપાણી ગુરુની આજ્ઞાથી પોતે વાપરે. સાધુ લે કે ન લે તો પણ સાધુએ પ્રયત્નથી નિમંત્રણ કરવું તો જોઇએજ કેમકે સાધુ ગ્રહણ ન કરે તો પણ નિમંત્રણ કરનારને તો પરિણામની નિર્મળતાથી નિર્જરા થાયજ છે, અને પરિણામની નિર્મળતા ન હોય તો ગ્રહણ કર્યાં છતાં પણ નિર્જરા થોડીજ થાય છે. તેથી સાધુ વિધિ અને ભકિત પૂર્વક પરોણા વગેરેને નિમંત્રણ કરે, અને પ્રીતવાળો થાય. એ નિર્જરાની વાત ઉદાહરણથી જણાવે છે કેઃ-

જીરણશેઠે ભગવાનને પારણું ન કરાવ્યું અને અભિનવશેઠે કરાવ્યું, તેમાં જીરણશેઠને વિધિ અને ભકિત હતી, અને અભિનવશેઠને ભકિત ન હતી. જીરણશેઠમાં જે વિધિ અને ભકિત હતી તેજ મોક્ષનું કારણ બન્યાં. આ હકીકત કાંઇક વિસ્તારથી કહે છેઃ-

વિશાલાનગરીમાં ભગવાન ચોમાસું રહ્યા. દેવકુળમાં કાઉસ્સગ્ગ કર્યો. જીરણશેઠે દેખ્યા, અત્યંતભકિતથી પારણું કરાવવાને દિવસે પારણું કરાવવાનો મનોરથ કર્યો, ભગવાન અભિનવશેઠને ત્યાં ગયા, તેણે દાન દીધું. વસુધારા થઇ. લોકમાં ભાગ્યશાળી છે એમ અભિનવશેઠની પ્રશંસા થઈ. કેવળીમહારાજ પધાર્યા. શહેરમાં કોણ ભાગ્યશાળી છે ? એમ ગામલોકોએ પૂછયું. કેવળીમહારાજે જીરણશેઠને ભાગ્યશાળી જણાવ્યા. એમ માંડલીમાં નહિં આવવાવાળા સાધુનો વિધિ કહ્યો. માંડલીમાં આવવાવાળા સાધુઓ પોતાને આસને જઇને 'धम्मो मंगल' વગેરે સૂત્ર બીજાઓ ન આવે ત્યાં સુધી ભણે. 'धम्मो मंगल'નુ અધ્યયન कहं नु कुज्जानुं અધ્યયન અને संजमे सुट्ठिअप्पाणं એટલું બધાએ ગોચરી પ્હેલું ગણવુંજ જોઇએ. અથવા જે શાસનમાં જે ગણવાની પ્રવૃત્તિ હોય તેને તેના શાસનવાલા એ ગણવું. પછી સંવેગવાળો સાધુ રાગ અને દ્વેષના અભાવને તથા સમ્યગ્‌વાદને માનતો પોતે પોતાના જીવને શિખામણ દે. તે શિખામણ આ પ્રમાણે છે.

એષણાના બેતાલીસ દોષે વ્યાપ્ત એવા વનમાં હે જીવ ! તું ગોચરી ફરતાં ઠગાયો નથી, તો હમણાં ગોચરી વાપરતો રાગ અને દ્વેષે ન ઠગાય તેમ કર. પછી ગુરુનો હુકમ લઇને નવકાર ગણીને રાગદ્વેષરહિતપણે જેમ ગુંમડાને લેપ કરાય એ વિગેરેની માફક વિધિથી ભોજન કરે. પિત્તાદિકની શાંતિ માટે અને બુદ્ધિબલની વૃદ્ધિ માટે પહેલાં સ્નિગ્ધ અને મધુરઆહારને વાપરે, કેમકે તે સ્નિગ્ધાદિ વધે તો પરઠવવાની પણ મુશ્કેલી થાય, કદાચિત સ્નિગ્ધ અને મધુર આહાર અલ્પપરિકર્મ અને સપરિકર્મ પાત્રમાં હોય તો સ્નિગ્ધ, મધુર ભોજનને વાપરી હાથ ધોઇ, પછી શુદ્ધઆહારને વાપરે. કુકડીના ઇંડાં પ્રમાણ અથવા તો નાના કોળીઆ લેવાવાળાને કોળીઆ માત્ર લેવું. મ્હોટો સાધુ સ્વાભાવિક મુખવાળો રહીને વાપરે. કોળીઆનું ગ્રહણ અને મોઢામાં નાંખવું તે બાબતમાં બે પ્રકારની સામાચારી છે, પાતરામાંથીજ ગ્રહણ હોય છે, અને પ્રક્ષેપ મોઢામાં હોય છે, ધૂમ્ર અને અંગાર દોષને વર્જીને એક અને અનેક સાધુઓએ પ્રતરછેદ તથા કટક-

ચ્છેદથી કે સિંહભક્ષણથી ખાવું. એક પડખેથી ખાતાં ખાતાં સંપૂર્ણ ખાય તે કટકચ્છેદ કહેવાય અને ઉપરથી નીચે સુધી ખાય તે પ્રતરચ્છેદ કહેવાય, જ્યાંથી શરૂ કરે ત્યાં સમાપ્ત કરે તે સિંહભક્ષિત.પણ માંડલીમાં બેસવાવાળાને કટકચ્છેદનો વિધિ નથી. સુરસુર કે ચવચવ શબ્દો ન થાય તેવી રીતિએ આહાર કરવો. જલદી નહિં તેમજ ધીમું પણ નહિં, અને વળી ભોંય પડે નહિં તેવી રીતિએ મનવચન અને કાયાની ગુપ્તિવાળો જે ભોજન કરે તે પ્રક્ષેપશુદ્ધિ કહેવાય. ભોજનની ઉપર રાગ કરીને ખાવું તે અંગારદોષ કહેવાય અને તે ઉપર દ્વેષ કરીને ખાવું તે ધૂમ્રદોષ જાણવો. પરમાર્થ એ છે કે સાધુઓએ રાગદ્વેષ રહિતપણે ભોજન કરવું. રાગાદિકનું પ્રમાણ જેટલું હોય તેટલોજ કર્મબંધ થાય. પ્રાયે કરીને ભોજનનું અશુદ્ધપણું હોવાથી રાગાદિ થાય છે, અને તેને લીધે આત્માનું ચંચળપણું પણ થાય છે. સારી રીતે અભ્યસ્ત કરેલી અને વૈરાગ્યાદિમય એવી નિર્મળભાવનાઓથી જરૂર રાગાદિકદોષોનો ક્ષય થાય છે હવે ભોજનનાં કારણો જણાવે છે.

**वेयण ३६५ णत्थि ३६६, ईरियं ३६७, नउ ३६८ जे ३६९** ક્ષુધાવેદનીય તે શમાવવા માટે, વેયાવચ્ચ કરવા માટે, ઇરિયાસમિતિને શોધવા માટે, સંયમના પાલન માટે, પ્રાણના રક્ષણને માટે અને છઠું ધર્મચિંતનને માટે સાધુઓ ભોજન કરે. જગતમાં ક્ષુધા સરખી વેદના નથી તેથી ક્ષુધાની શાંતિ માટે ભોજન કરે. ભૂખ્યો વેયાવચ્ચ ન કરી શકે માટે વેયાવચ્ચ માટે ભોજન કરે, ભૂખ્યો થયેલો ઇરિયાસમિતિ ન શોધી શકે માટે ઇરિયા શુદ્ધિને માટે પણ ભોજન કરે, ભૂખ્યો પડિલેહણ વિગેરે સંજમનું પણ ન પાલન કરી શકે તેથી સંયમ માટે ભોજન કરે, તેમજ ભુખ્યાના પ્રાણ બળ વિગેરે નાશ પામે માટે તે પ્રાણબલના બચાવ માટે ભોજન કરે. ભૂખ્યો સૂત્રાદિને ગણવામાં અને સૂત્રના અર્થ વિચારવામાં અશકત થાય તે ધર્મચિન્તા કહેવાય તે માટે પણ ભોજન કરે.

પણ સાધુએ રૂપ, રંગ કે બળને માટે ભોજન કરવું નહિ. પૂર્વે કહેલા ક્ષુધાદિકકારણોમાંથી કોઇ કારણે સાધુઓ ભોજન કરે, તે આહાર પણ વિગયવાળો નહિં, તેમ અતિશય પણ નહિં, પરંતુ પ્રમાણસર ભોજન કરે. ક્ષુધાદિકઆલંબનો સિવાય રૂપરંગને માટે જે ભોજન કરે છે તેઓને વર્ણાદિકના વિચારોને લીધે તીવ્રકર્મબંધ થાય છે એમ જાણવું ॥

વિગયોનું વર્ણન કહે છે.

**विगइ ३७०, खीरं ३७१, गो ३७२ चत्ता ३७३, दव ३७४, गल ३७५, सेसा ३७६, एगे ३७७, दहि ३७८, घय ३७९, मज्ज ३८० खज्जूर ३८१ एत्यं ३८२ विगई ३८३, दीवा ३८४, एत्थ ३८५, अब्भं ३८६, पडु ३८७,**

દુર્ગતિથી ડરેલો જે સાધુ હોય તે વિકારને કરનારી એવી વિગયોને ખાય નહિં, કેમકે વિગયો વિકાર કરવાના સ્વભાવવાળીજ છે, અને તેથી તે વિગઇયો બળાત્કારે પણ ખાનારને દુર્ગતિએ લઇ જાય છે. તે વિગયોના ભેદો કહે છે. દૂધ[૧], દહિં[૨], માંખણ[૩], ઘી[૪], તેલ[૫], ગોળ[૬], મદ્ય[૭], મધ[૮] માંસ[૯] તેમજ પકવાન્ન[૧૦] એ દશ પ્રકારની વિગયો છે. તેમાં ગાય, ભેંસ, ઊંટડી, પશુ અને મેંઢાના દુધો તે પાંચ દુધની વિગય છે. ( આ ઉપરથી જેઓ ઉંટડીનું દુધ અભક્ષ્યજ માને છે તે

સૂત્રવિરૂદ્ધ બોલનારા છે એમ માનવું.) અભક્ષ્યવિગયોની ગણતરીમાં માંખણ વગેરે ચારજ ગણાવ્યા છે. પિંડનિયુકિતમાં પ્રથમ તો અન્યમતની વાત છે અને વળી સાથે મેંઢીનું દુધ પણ ગણ્યું છે. તો શું તે મેંઢીનું દુધ પણ અભક્ષ્ય ગણવું ? જો મેંઢીના દુધને અભક્ષ્ય ન ગણવું તો ઉંટડીના દુધને અભક્ષ્ય કહેતાં અણસમજ જ ગણાય, સ્રીનું દૂધ વિગેરે વિગય કહેવાય નહિ,) તે પાંચ જાતિના વિગય તરીકે ગણાતાં દુધોમાં પણ ઊંટડી સિવાય બાકીના જાનવરોના દહિં વિગેરે હોય છે, પણ ઊંટડીના દૂધના દહિં ઘી થતાં નથી માટે ચાર જાતનાં દહી અને ઘી વિગયમાં લેવાં. માખણ, એ વિગય છે પણ તે અભક્ષ્ય છે. તલ, અળશી, કુસુંભ અને સરસવ એ ચાર તેલો વિગય કહેવાય. બાકીના ડોળીઉં વિગેરે વિગય કહેવાય નહિ. દ્રવગોળ અને પિંડગોળ એ બે પ્રકારે ગોળ હોય છે, કાષ્ઠ અને લોટથી થએલો દારૂ એમ પ્રકારે દારૂ હોય છે; માખીનું કુંતિયું અને ભમરાનું એમ ત્રણ પ્રકારે મધ હોય છે, જળચર, સ્થળચર અને ખેચરનું એમ ત્રણ પ્રકારે માંસ અથવા ચામડું, ચરબી અને લોહી એમ ત્રણ પ્રકારે પણ માંસ કહેવાય છે, એ ત્રણે વિગયો પણ અભક્ષ્ય છેપહેલાના ત્રણ ઘાણતળેલા હોય તેવાં પકવાન્ન વિગેરે પકવાન્નવિગય કહેવાય છે. પણ ચોથા ઘાણથી વિગય ગણાતી નથી. અને તેથી સામાન્ય નીવીના પચ્ચક્ખાણવાળાને તે ખપે છે. તેમાં દોષ નથી, પણ કેવી રીતે થયેલાં છે તે માલમ ન પડે માટે ઘણા ભાગે વપરાતાં નથી. એકજ પુડલાએ આખો જો તવો ભરાય તો તેનો બીજો ઘાણ પણ કલ્પે, પણ તે લેપકૃત તો જરૂર ગણાય. દહિંની તર તે વિગય ગણાય, પણ છાશ વિગય ન ગણાય. દૂધ, માખણ અને પકવાન્ન તો ભેદ વગરનાં છે. ધૃતઘટ્ટ જેને મહીઆડું કહે છે તે વિગય ગણાય. કેટલાક આચાર્યો અડધા બળેલા ઘીમાં નાખેલા ચોખાથી થએલા એવા વિષ્યંદનને વિગય તરીકે માને છે. સુખડી અને ખાંડ વિગેરે તેલ અને ગોળ વિગયના નીવીઆતાં છે. મદ્ય અને મધના ખોળ અને મીણએ વિગય કહેવાય નહિ. પુદ્ગલમાં પિંડ એટલે કાલિજ્જ વિગય કહેવાય નહિ. માંસનો અવયવ જે રસક તે જરૂર વિગય ગણાય. ખજુર, દ્રાક્ષ, દાડમ, પીપળો, આંબલી વિગેરેના પિંડરસો તે વિગય ન ગણાય, પણ લેપકૃત તો ગણાય. આ વિગયના અધિકારમાં જણાવેલી નીવીઆતાંના ઉત્કૃષ્ટ દ્રવ્યનો પરિભોગ તે કારણની અપેક્ષાએ છે, સામાન્યપણે નથી. વિગય પરિણામને પલટાવવાના ધર્મવાળી છે, અને તેથી તે વિગયથી મોહનો ઉદય થાય છે, અને મોહનો ઉદય થયા પછી ચિત્તને જીતવામાં અત્યંત ઉદ્યમવાળો પણ મનુષ્ય હોય તો પણ કેમ અકાર્યમાં ન વર્તે ? કયો મનુષ્ય દાવાનળની વચમાં રહ્યો છતાં તેની શાંતિ માટે વિદ્યમાન એવા જલાદિકને ન લે ? એવી રીતે આ સંસારમાં મોહઅગ્નિથી સળગેલા ને સ્રીસેવવાની વૃત્તિ કરાવનાર એવી વિગયો સેવવાની ઘટના જાણવી. આ અધિકારમાં શરીરે દઢ એવો જે સાધુ હોય અને તેમ છતાં જે રસલોલુપતાએ વિગયોને ન છોડે, તેના પ્રત્યે આ નિષેધ છે, પણ શરીરઆદિના કારણસર વાપરનારને માટે નથી. જેમ ઉંજ્યા વગર ગાડું ચાલી શકે નહિં, તેવીજ રીતે જે સાધુ વિગય વગર નિર્વાહ ન કરી શકે તે સાધુ રાગદ્વેષ રહિતપણે, પ્રમાણયુક્ત એવી વિગયને વિધિથી વાપરે. વર્તમાનમાં કે ભવિષ્યમાં જે વિગયથી સંયમયોગોની હાનિ ન થાય તેટલું પ્રમાણ વિગયવાલા આહારને અંગે પણ સાધુને માટે જાણવું ॥ મૂળ જે દ્વારગાથા હતી તેનું ભોજનદ્વાર કહી હવે પાત્ર ધોવાનું દ્વાર કહે છે.

अइ ३८८, अच्छ ३८९, अन्तो ३९०. હવે ખાધા પછી હાથ ચોફખા કરીને ચોફખાં કરેલાં પાતરાંને વસતિની બહાર લઈ જઇ ધોવાં જોઈએ. ગૃહસ્થની અવરજવર હોય તો અંદર પણ ધોવે. ઉપયોગ પૂર્વક ચોફખા પાતરામાં ચોફખા પાણીથી ત્રણ વખત ધોવે, પણ આધાકર્મ આદિ આહારાદિકમાં કલ્પોની વૃદ્ધિ કરે. મકાનમાં પાતરાં ચોફખાં કરેલાં છતાં બીજી ત્રીજી વખત ધોલાં પણ જો અનાજ દેખાય તો વસતિની અંદર તેજ વિધિએ ફેર પણ પાત્રાં ધોવાનું કરવું॥ પ્રચ્છન્ન ભોજન કરવાનું કારણ અને એકાસણુવાળાને પણ તિવિહારના પચ્ચકૃખાણનું કારણ જણાવે છે.

દાનથી પાછા હઠેલા સાધુઓએ એકાંતમાંજ ભોજન કરવું જોઇએ, નહિં તો દરિદ્રની માગણી થતાં જો ન દેવામાં આવે તો તે દરિદ્રને દ્વષ વિગેરે થવા સાથે તેને કર્મનો બંધ થાય. ભોજન કર્યા પછી એકાસણું હોય તો પણ અપ્રમાદને માટે અજ્ઞાન અને અનુભવથી કલ્યાણકારક જણાતુ એવું તિવિહારનુ પચ્ચખાણુ જરૂર કરવું. એકાસણા કરતાં તિવિહારનાં આગારો પણ ઓછા થાય છે તે પણ ફાયદો છે ॥ હવે સ્થંડિલગમનનું દ્વાર કહે છે:—

काल ३९३ अह ३९४ कप्पे ३९५ कप्पे ४९६ ऐक्किक्को ३९७ अजुअलिया ३९८

કાલે અને અકાલે એમ બે પ્રકારે સ્થંડિલ જવાનું બને છે. ત્રીજીપોરસિએ સ્થંડિલ જવું તે કાલસંજ્ઞા કહેવાય. ત્રીજી પોરસી શિવાય બાકીની વખતે જવું તે અકાલસંજ્ઞા કહેવાય. પહેલી પોરસિએ ઠલ્લે જવાનું થાય તો ગુરુને પૂછીને ચોફખું પાણી લઇને સાધ્વીઓ કે અન્યસ્રીયો જે દિશાએ ઠલ્લે જતી હોય તેનાથી બીજી દિશાએ ઠલ્લે જવું. કંઇક વધારે પાણી વહોરીને ગુરુની પાસે આલોવીને, ગચ્છને પૂછીને જવું. પણ એ અકાલસંજ્ઞા છે. ગોચરી નહિં ફરનારા અને ફરનારા બન્નેને માટે એ કાલસંજ્ઞા અને અકાલસંજ્ઞા જાણવી. પાતરાં ધોઇને પછી એકેક સાધુને બે બે પાતરાં દઈને બે બે સાધુ જોડલે ઠલ્લે જાય અને પાણી તો ત્રણ જણને જોઇએ તેટલું લે. એજ વાત સમજાવે છે કે પાતરાં ધોઇને સંઘાડામાંનો એક સાધુ બંનેના પાતરાં રાખે અને બીજો સાધુ કોઈક અન્ય સંઘાડાના સાધુ સાથે પાણી લેવા જાય. એકેક સંઘાડો ત્રણ સાધુને જેટલું પાણી જોઇએ તેટલું લે, પછી આ આગલ કહેવાય છે તે સ્થંડિલ વિધિએ જાય. સ્થંડિલ જતાં સરખી ગતિએ સરખો ખભો રહે તેવી રીતે જવું નહિં. ચાલતાં ઉતાવળ ન કરવી, રસ્તામાં વિકથા ન કરવી, ઠંડિલ જવા પહેલાં બેસીને ઈંટ-આદિનાં ડગલ લેવાં. તે ડગલને ત્રણ વાર ખંખેરવાં. ડગલની સંખ્યાનું પ્રમાણ સ્થંડિલના જાડા પાતળા ઉપર આધાર રાખે છે. હવે સ્થંડિલની જગાનું સ્વરૂપ કહે છે:–

अणा ३९९, विच्छि ४०० एक्कं ४०१, दुग ४०२ अह उ वाम ४०३ दस ४०४ दस ४०५ अणा ४०६, तत्थावा ४०७ संविग ४०८ पर ४०९, पुरिसा ४१० एए ४११ दित्ता ४१२ गम ४१३, जत्थ ४१४ दव ४१५ आह ४१६ कलुस ४१७, आवा ४१८, आया ४१९ विसम ४२० जे ४२१ हत्था ४२२, दव्वा ४२३ हुन्ति ४२४

જે જગ્યાએ લોકોની અવરજવર ન હોય તે અનાપાત જે જગાએ સ્થંડિલ જવા બેઠેલાને લોકો

દેખે નહી[1] તેઅસંલોક કોઇ ત્રસ કે સ્થાવર જીવનો ઉપઘાત ન હોય[2] ઉંચાણુ કે નીચાણુ પણ વિના સરખી જમીન[3] દરઆદિના પોલાણુ વગરની હોય[4] થોડા કાલ પહેલાંજ અચિત્ત થએલી હોય[5] વિસ્તારવાળી હોય[6] ગંભીર હોય[7] નજીક ન હોય[8] બિલ રહિત હોય[9] અને ત્રસપ્રાણીઓ તથા વૃક્ષાદિના બીજે કરીને રહિત હોય એવી જમીનમાં સ્થંડિલ વિગેરે પરિઠવવાં. એકથી દશ સુધીના એ પદોથી ભાંગા કરતાં એકહજારને ચોવીસ ભાંગા થાય, તે ભાંગા જણાવે છે. દ્વિકસંજોગોમાં ચાર ત્રિક-સંજોગમાં આઠ, બાકીનામાં બમણા બમણા ભાંગા થવાથી સોલ બત્રીશ ચોસઠ એકસો અઠાવીશ બસો છપ્પન પાંચસો બાર અને એકહજારને ચોવીસ, એમ દશે પદોએ એક હજારને ચોવીસ ભાંગા થાય, અથવા તો પૂર્વાનુપૂર્વી અને પશ્ચાનુપૂર્વીથી ભાંગાના એકથી દસ સુધીના આંક ઉપર નીચે મ્હેલીને, હેઠળના પાછળના આંકની સાથે ઉપરનો પહેલાનો આંક ગુણવો, અને જે રાશિ મળે તેને ઉપલાની સાથે ભાગવાથી સંયોગી ભાંગા આવે, એમ કરવાથી દશ સંજોગના ભાંગ આ પ્રમાણે થાય: દશ, પીસતાળીસ, એકસોવીસ, બસો દશ, બસો બાવન, બસો દશ, એકસો વીસ, પીસતાળીસ, દશ અને એક, એવી રીતે એકાદિક સંજોગે અનુક્રમે ભાંગા થાય, અને દશેના ભાંગાનીદશે શુદ્ધ એવા ભાંગાની સાથે જોડવાથી એક હજાર ચોવીસ ભાંગા થાય. અનાપાત અને અસંલોક, અનાપાત અને સંલોક, આપાત અને અસંલોક તેવીજ રીતે આપાત અને સંલોક એમ ચાર ભાંગા થાય, વળી તેમાં સ્વપક્ષ અને પરપક્ષ એમ આપાત બે પ્રકારે સમજવો, સ્વપક્ષમાં પણ સાધુ અને સાધ્વી એમ બે પ્રકાર છે. સાધુમાં પણ સંવેગી અને પાસત્થા એમ બે પ્રકાર છે, સંવેગીમાં પણ સરખી સામાચારીવાળા અને જુદી સમાચારીવાળા એમ બે ભેદ જાણવા. અસંવેગીમાં પણ સંવિગ્નપાક્ષિક અસંવિગ્નપાક્ષિક એમ બે ભેદ જાણવા. પરપક્ષમાં પણ મનુષ્ય તિર્યંચ બે ભેદો જાણવા. તે બધાના સ્ત્રી, પુરૂષ, અને નપુંસક એવા ત્રણ ભેદો છે. રાજા, કૌટુંબિક અને સામાન્યજન એમ ત્રણ પ્રકારે પુરૂષઆપાત છે. તે ત્રણેમાં પણ શૌચવાદી અને અશૌચવાદી એવા બે બે ભેદો છે. એવીજ રીતે સ્ત્રી અને નપુંસક આપાતના પણ રાણીઆદિ ભેદો સમજવા. પરતીર્થિ. મનુષ્યોના પણ એજ વિભાગ જાણવા. તિર્યંચના વિભાગને હવે આગળ કહું છું. દુષ્ટ અને અદુષ્ટ એવી રીતે બે પ્રકારના તિર્યંચો હોય છે, તેમાં પણ જાતની અપેક્ષાએ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ ભેદો છે. એ પુરૂષ તિર્યંચોના ભેદ જણાવ્યા એવી રીતે સ્ત્રીઓ અને નપુંસકતિર્યંચો પણ જાણવા વળી તેમાં મેંઢા, ખર વિગેરે નિંદિત તિર્યંચો ગણાય અને ગાય વિગેરે અનિંદિત ભેદો જાણવા. સરખી સામાચારીવાળાના આપાતવાળાસ્થાનમાં સ્થંડિલ જઇ શકાય. બીજે સ્થાને જતાં વિપર્યાસ દેખવાથી ક્લેશ થાય, કદાચ અસંવેગીમાં જવું થાય તો તેઓના ઘણા પાણીના ઉપયોગને દેખીને કુશીલસેવન કે નવદીક્ષિતનું ભ્રષ્ટપણું વિગેરે બને. પરપક્ષપુરુષના આપાતમાં તે પરપક્ષવાળા એવું ચિંતવે કે જ્યાં અમે જઇએ છીએ, અથવા અમારા કુટુંબીઓ જ્યાં જાય છે ત્યાં આ સાધુઓ પણ જાય છે, તેમ ધારીને તેઓ સાધુઓનો પરાભવ કરે અથવા તો કામથી એ વ્યાપ્ત થયેલા છે ને તેથી બીજીસ્ત્રીઓને સંકેત દે છે. એમ તેઓ ધારે. થોડા કે ઘણા, મેલ કે ચોકૂખા પાણીએ કે કદાચિત લાવેલા પાણીના નાશથી પાણીના અભાવે શૌચ કરવાનો પ્રસંગ આવે તો તેઓ નિંદા કરે, તેઓના કદાચધર્મને સન્મુખ પરિણામ થયેલા હોય તો તે પણ બદલાઈ જાય

અને શંકા વિગેરે દોષો થાય, નપુંસક અને સ્ત્રીમાં પણ ગ્રહણ કરવા વગેરેના જે દોષો થાય તે સમજવા. દુષ્ટતિર્યંચો ઘા કરે, નિંદિતતિર્યંચોમાં લોકોને શંકા વિગેરે થાય, જેવી રીતે આ આપાતનો અધિકાર ભેદપ્રભેદ સાથે કહ્યો, તેવી રીતે તિર્યંચોને છોડીને મનુષ્યનો સંલોક પણ દોષવાળો સમજવો. મેલા પાણીથી કે પાણી નહિં હોવાથી પુરૂષના આલોકવાળા સ્થાનમાં પણ દોષ થાય છે. નપુંસક અને સ્ત્રીમાં પણ એજ દોષો થાય છે. મોટા અને વિકારવાળા ચિહ્નમાં મૂર્ચ્છા થાય છે, તે માટેજ કહે છે કે ત્રીજામાં આપાતનો દોષ, બીજામાં સંલોકથી થએલા દોષ અને પહેલામાં એકૂકે પ્રકારનો દોષ નથી, માટે તેવા અનાપાત અને અસંલોકવાળા સ્થાને વિધિથી જવું. આત્મા, શાસન અને સંજમ એવી રીતે ત્રણ પ્રકારનો ઉપઘાત જાણવો. તેમાં બગીચામાં સ્થંડિલ જતાં પિટ્ટનવિગેરેનો ઉપઘાત, જાજરૂમાં સ્થંડિલ જતાં અશુચિનો ઉપઘાત, અને અગ્નિવાળામાં સંયમનો ઉપઘાત જાણવો. વિષમ જમીન હોય તો ઘસી પડવાથી આત્માને નુકસાન અને નીચેના ભાગમાં ઉથલી પડતાં વિષ્ઠામાં પડવાથી ધોવા વગેરેમાં પણ છએ કાયાની વિરાધના, પોલાણમાં વિંછી આદિનો ઉપદ્રવ તેમજ સ્થંડિલ, માતરાના આક્રમણથી તેમાં રહેલ ત્રસવિગેરેની પણ વિરાધના થાય. કુંભાર ચુનાવાળા વગેરેની ભઠ્ઠીઆદિકથી જે ઋતુમાં જે ભૂમિ અચિત્ત થઇ હોય તે ઋતુમાં તે ભૂમિ અચિરકાલકૃત કહેવાય. અને બીજી ઋતુમાં તે ભૂમિ ચિરકાલકૃત કહેવાય. ગામ વિગેરે જ્યાં વસ્યું હોય ત્યાં બાર વરસ સુધી અચિરકૃત કહેવાય. ચારે બાજુએ એક હાથ લાંબુ તે જઘન્યવિસ્તીર્ણ અને બાર જોજન પ્રમાણ સ્થંડિલ તે ઉત્કૃષ્ટ વિસ્તીર્ણ કહેવાય, જઘન્યથી ચાર આંગળ છેટું તે જઘન્ય દૂરાવગાઢ કહેવાય, મકાન વિગેરેની નજીકમાં સ્થંડિલ કરવા તે દ્રવ્યાસન્ન કહેવાય અને તેમાં સંયમ અને આત્માની વિરાધના થાય, અને સ્થંડિલની ઉતાવળ થાય તે રૂપ ભાવાસન્ન કહેવાય, તેમાં આત્મા, પ્રવચન, અને સંજમ એ ત્રણેની વિરાધના થાય. બિલવાળી જમીનમાં આત્મા અને સંયમવિરાધનાના દોષ છે, અને ત્રસ અને બીજમાં પણ તેજ દોષો છે. એ દશ પદોના બેઆદિસંયોગથી મુળ ભેદ કરતાં અધિક દોષો જાણવા હવે સ્થંડિલ જવાનો વિધિ કહે છે.

**दिसि** ४२५, **उत्तर** ४२६, **संसत्त** ४२७, **आलो** ४२८ **उव** ४२९, પૂર્વ દિશા, ઉત્તર દિશા, પવન, ગામ અને સૂર્યને પુઠ નહિં કરીને તેમજ જેને સ્થંડિલમાં કીડા પડતા હોયતે છાયાવાળી જગ્યાએ ત્રણ વખત પ્રમાર્જન કરીને **अणुजाणह जस्सुग्गहो** એમ કહીને સ્થંડિલ વોસરાવે અને શુદ્ધિ કરે. તેમાં ઉત્તર અને પૂર્વ એ બે દિશાઓ પૂજ્ય છે માટે તેને પુઠ ન કરવી. રાત્રિએ નિશાચરો દક્ષિણદિશામાં આવે છે, માટે રાત્રિએ તે દક્ષિણદિશા બાજુ પુઠ ન કરવી. પવનને પુઠ કરવાથી નાકમાં ખરાબ ગંધ આવે અને તેથી નાકમાં હરસનો રોગ થાય, માટે પવનને પુઠ ન કરવી સૂર્ય અને ગામને પુઠ કરવાથી લોકો નિંદા કરે, માટે પૂર્વાદિકને પુઠ વર્જવાનું કહ્યું છે. કીડાઆદિ જીવવાળો સ્થંડિલ જહેને થતો હોય તે ઝાડથી બહાર નીકળેલી એવી ઝાડની છાયામાં વોસરાવે, અને છાયા ન હોય તો વોસરાવીને બેઘડી તેમને તેમ પોતાના શરીરની છાયા કરીને રહે કે જેથી તે જીવો છાયામાં રહ્યા થકા પોતાની મેળેજ પોતાનું આયુષ્ય પુરૂં કરે, સ્થંડિલ જવામાં ઉંચે, નીચે, અને તીર્છું દેખે, પછી ગૃહસ્થ ન હોય તે પગ પૂંજે, અને અવગ્રહ

માગીને વિધિથી તે જગ્યા પડિલેહે, સ્થંડિલ જતી વખત ડાબી સાથળ ઉપર ઉપકરણ (દાંડો અને ઓઘો) રાખે, અને જમણા હાથમાં પાણીનું ભાજન રાખે. અને પછી તેજ જગ્યાએ કે બીજી જગ્યાએ ડગલથી શુદ્ધ કરી નજીકમાં ત્રણ ચોગળાપાણીથી ધોવે ॥ હવે સ્થંડિલની વિધિમાં અપવાદ જણાવે છે.

**पढमा ४३०, तेण ४३१, तेण ४३२, तत्तो ४३३,** પૂર્વે કહેલા અનાલોકઆદિ દશગુણવાળા સ્થંડિલની જગ્યાની બાબતમાં જો અનાલોક અને અસંપાતવાળી જગ્યા ન મળે તો જુદી સામાચારીવાળા, અસંવેગી અને ગૃહસ્થોના આલોકવાળા સ્થાને જવું, પણ ત્યાં દરેક સાધુએ જુદું જુદું પાતરૂં રાખવું, નકકી હાથ પગ ધોવા અને તેમાં વળી ગૃહસ્થોનો આલોક હોય તો પાણી પણ વધારે લેવું, તેવી પણ જગ્યા ન હોય તો અશૌચવાદી પુરુષના આપાતવાળી જગ્યાએ જવું, તે પણ ન મળે તો સ્ત્રી અને નપુંસકના આલોકવાળી જગ્યાએ જવું, પણ આલોક થતો હોય તે તરફ પુઠ કરીને બેસવું, અને હાથ પગ ધોવાની વિધિ પહેલાંની પેઠે કરવી.

તે પણ ન મળે તો, પુંરુષ નપુંસક અને સ્ત્રી સહિત તિર્યંચના આપાતવાળે સ્થાનકે જવું, પણ ત્યાં નિંદિત અને દુષ્ટચિત્તવાળા જાનવરોનો આયાત છોડવો, પછી સ્ત્રી અને નપુંસકમાં આગલ જણાવેલ પ્રાકૃત આદિ ત્રણ પ્રકારના અશૌચવાદી લેવા, પણ ત્યાં બોલતાં બોલતાં અને ઉતાવળથી જવું, અને હાથ પગ ધોવા, હવે સાંઝના પડિલેહણ અને પડિકમણાથી પહેલાનો વિધિ કહે છે,

**सण्णाइ ४३४, पुव्वु ४३५, पडि ४३६, तत्तो ४३७, पट्ठग ४३८, तस्स ४३९, घस ४४०, अहि ४४१, एमेव ४४२, इत्थेव ४४३, कालो ४४४**

સ્થંડિલથી આવેલો સાધુ ચોથો પહોર થયો જાણીને ઉપકરણની પડિલેહણા કરે. ચોથો પહોર ન બેઠો હોય તો સ્વાધ્યાય કરે. આજ ગ્રંથમાં પહેલાં જે સવારના પડિલેહણનો વિધિ કહ્યો છે તેજ વિધિ સાંઝના પડિલેહણનો પણ જાણવો, પણ જે જુદાપણું છે તે સંક્ષિપ્તે હું કહું છું.

પડિલેહણ કરનાર બે પ્રકારના હોય છે. એક ખાનારા અને બીજા તે સિવાયના એટલે ઉપવાસવાળા, એબન્ને પ્રકારવાળાને મુખવસ્ત્રિકા અને સ્વકાયની પહેલી પડિલેહણા હોય છે, પછી આચાર્ય, અણશણવાળો, માંદો, અને નવદીક્ષિત જે સાધુ હોય તેની ઉપધિની પડિલેહણ કરે. તે પછી ગુરુને પૂછીને પાત્ર અને માત્રકની પડિલેહણ કરે, પછી તેમજ ગુરુઆદિકની આજ્ઞા લઈને પોતાની ઉપધિ શેષપાત્ર વસ્ત્ર અને પડિલેહવે. અને ભોજન કરનારો ઓઘાનું પડિલેહણ કરે, જે સાધુને જ્યારે પડિલેહણ પૂરી થાય ત્યારે તે સાધુ ભણવાનો, આવૃત્તિ કરવાનો, કે બીજો કોઇ વ્યવસાય પ્રયત્નથી કરે. પછી ચોથેભાગે ન્યૂન ચોથી પોરસી થાય ત્યારે કાલનું પ્રતિક્રમણ કરે, તેમાં પહેલાં સ્થંડિલ અને માતરાન ચોવીસ સ્થાનો પડિલેહે. ઉપાશ્રયની અંદર નજીક, મધ્ય અને દૂર એમ ત્રણ ભૂમિ, સહન કરનાર એટલે મધ્યમ શંકાવાળાની અપેક્ષાએ ત્રણ સ્થંડિલ માટે એવીજ રીતે સહન ન કરનારની અપેક્ષાએ ત્રણ સ્થંડિલ માટે ત્રણ ભૂમિ એવીજ રીતે સહન ન કરનારની અપેક્ષાએ પણ ત્રણ સ્થાને, એટલે તે આસન્નઆદિ બે બે કરતાં છ પડિલેહણા થાય, સ્થંડિલની માફકજ માતરામાં પણ બાર થવાથી સ્થંડિલ ભૂમિના ચોવીસ ભેદ થયા, તેમજ કાલ પડિલેહવાની ત્રણ ભૂમિઓ

હોય, એકંદરે સત્તાવીસ પડિલેહણ થયા પછી સૂર્ય અસ્ત થાય, તે વખત સ્વાધ્યાય વિગેરેમાં ઉપયોગવાળા સારા સાધુઓને જણાવવા માટે ગીતાર્થ સાધુ આ પ્રમાણે જાહેર કરે: કાલગ્રહણવિધિ, ગોચરી, સ્થંડિલ, વસ્ત્રપાત્રની પડિલેહણ, એ બધું હે સાધુઓ ! સંભાળી લો, અથવા જે બાબતમાં અનુપયોગ થયો હોય તે સંભારી લો. આટલું થયા પછી પ્રતિક્રમણ કરાય તેનો વિધિ કહે છે:

जइ ४४५, सेसा ४४६, जो हुज्ज ४४७, हत्थ ४४८, आय ४४९, जा ४५०, मुह ४५०, संवेग ४५२, नमु ४५३, उस्सग्ग ४५४, संडंसं ४५५, किइ ४५६, आलो ४५७, वंदित्तु ४५८, परि ४५९, विण ४६०, कय ४६१, दुप्प ४६२, जो ४६३, उप्पण्णा ४६४, तस्स ४६५, आलो ४६६, तं ४६७, परि ४६८ आय ४६९, सव्व ४७०, सव्व ४८१, एवं ४७२, आय ४७३, जा हु ४७४, धिइ ४७५, असढेण ४७६, विअ ४७७, खामि-तु ४७८, जीवो ४७९, चोएइ ४८०, तत्थवि ४८१, एस ४८२, सामा ४८३, ऊसा ४८४, दंसण ४८५, सुअ ४८६, चरणं ४८७, सुद्ध ४८८, सुकयं ४८९, थुइ ४९०, पम्हुट्ठ ४९१, पाउ ४९२, पाउ ४९३, साम ४९४, उस्सा ४९५, ऊसा ४९६, पाउ ४९७, निद्दा ४९८ तइए ४९९, तइए ५००, सामा ५०१, खामित्तु ५०२, जइ ५०३, तं ५०४.

કોઇપણ જાતનો વ્યાઘાત ન હોય તો સર્વસાધુઓ ગુરુની સાથેજ આવશ્યક કરે, પણ શ્રાવકને ધર્મકથા કહેવા વિગેરેનો કદાચ આચાર્યને વ્યાઘાત હોય તો ગુરુમહારાજ પછીથી આવશ્યક શરૂ કરે. એટલે બાકીના (ગુરુમહારાજ સિવાયના) સાધુઓ ગુરુને પૂછીને સૂત્રાર્થનું સ્મરણ કરવા માટે યથાશક્તિ કાયોત્સર્ગ કરે, અને ગુરુ જ્યારે પડિક્કમણું ઠાવે ત્યારે દિવસના અતિચારો વિચારવા માંડે અશક્ત, બાલ, વૃદ્ધ, કે રોગી સાધુ આવશ્યકતા સહિત હોય તો નિર્જરાની અપેક્ષાવાળો છતાં પણ બેસે. આવશ્યકમાં પહેલું સામાયિક કહીને કાઉસ્સગ્ગ કરે, પછી ગુરુ સામાયિક કહે, અને પછી ગુરુની સાથે દિવસના અતિચારો કાઉસ્સગ્ગમાં વિચારે.

કેટલાક કહે છે કે ગુરુની સાથે સામાયિક કહે, તે એવી રીતે કે જ્યારે આચાર્ય સામાયિક બોલે ત્યારે તે સાધુઓ પણ કાઉસગ્ગમાં રહ્યાં છતા સામાયિક ચિંતવે, અને પછી ગુરુમહારાજની સાથેજ દિવસના અતિચારો સાધુઓ વિચારે. ગુરુમહારાજ દિવસમાં પણ અલ્પ વ્યાપારવાળા હોવાથી દિવસના અતિચારો બે વખત વિચારે, તેટલામાં ઘણી ક્રિયાવાળા એવા બીજા સાધુઓ એક વખતજ વિચારે. સવારની એટલે સવારના ત્રીજા આવશ્યકની મુહપત્તિ પડિલેહવાના વખતથી કાઉસ્સગ્ગ કરવાના વખત સુધીમાં જે અતિચારો થયા હોય તે કાંટાવાળા માર્ગમાં જેમ ઉપયોગથી જવાય તેમ ઉપયોગથી ચિંતવે. સંવેગવાળા, નિર્મળચિત્તવાળા, ચારિત્રના પરિણામવાળા એવા તે સાધુઓ તે પછી પણ ચારિત્રની શુદ્ધિ માટે એમ ઉપયોગથી અતિચારનું ચિંતન કરે, નમસ્કારથી પારે, લોગસ્સ કહે, વંદન કરે, આલોવે, પ્રતિક્રમણ સૂત્ર કહે, વંદન કરે, અને આલોચના અને પ્રતિક્રમણમાં રહી ગએલી અશુદ્ધિને દૂર કરવા કાયોત્સર્ગ કરે, આ સંક્ષેપથી જણાવેલ હકીકત વિસ્તારથી કહે છે. કાયોત્સર્ગ સમાપ્ત થાય ત્યારે નવકારથી પારે, પછી ચતુર્વિંશતિસ્તવ નામનો

દંડક જે લોગરસ તે ઉપયોગ પૂર્વક કહે, પછી સત્તર સંડાસા પડિલેહી બેસીને મુહપત્તિ પડિલેહવી, અને તેમજ તેવીજ રીતે કાયાનું પણ પ્રમાર્જન કરવું. પછી ઉપયોગવાળા સર્વે સાધુઓ અત્યંત વિનયથી જેવી રીતે વીતરાગોએ કહ્યું છે તેવી રીતે સર્વપ્રકારે શુદ્ધ એવું દ્વાદશાવર્ત નામનું વંદન કરે. કારણ કે આલોયણ લેવી, પ્રશ્નોત્તર પૂછવા, પૂજા, સ્વાધ્યાયને અપરાધના સ્થાનોમાં વિનયમૂલ એવું ગુરુને વંદન કરવું એ રીતિ છે. વંદના કરીને અનુક્રમે બેહાથે રજોહરણ પકડીને, શરીરે અર્ધા નમેલા રહીને ઉપયોગપૂર્વક આલોચન કરે. પછી નિર્મળભાવવાળા, સંસારસમુદ્રથી ઉદ્વિગ્ન એવા સાધુઓ કાઉસ્સગ્ગમાં ચિંતવેલા સૂક્ષ્મ પણ અતિચારોને ગુરૂસમક્ષ આલોવે. કહ્યું છે કે સંવેગ પામીને આચાર્યના ચરણકમળમાં ફરી પાપ ન કરવાના પરિણામરૂપે સુવિહિત સાધુ આલોયણ જણાવે. જેવી રીતે પોતાને જણાવે તેવીજ રીતે ભૂલેલા બીજાને પણ જણાવે, મનુષ્ય પાપ કરે તો પણ ગુરુની પાસે આલોયણ નિંદન કરીને ઉતરી ગયલા ભારવાળા ભારવહકની પેઠે તે પાપ કરનાર અત્યંત હલકો થાય છે. મન, વચન, અને કાયાના યોગોની ખરાબીથી પાપ બંધાય છે, તેથી જે સાધુ તે યોગોને સુધારે તેનું તે એટલે યોગની ખરાબીથી થયેલું અને બીજું પ્રમાદકષાયાદિ થયેલ પાપ પણ નાશ પામે છે. જેમ જગતમાં જે કુપથ્યથી જે વ્યાધિ ઉત્પન્ન થાય છે તેજ કુપથ્ય વર્જવાથી તે વ્યાધિ ક્ષય પામે છે, તેવી રીતે કર્મવ્યાધિમાં પણ સમજવું. અશુભકર્મના ઉદયે ઉત્પન્ન થતી માયા, આલોચન, નિંદન ગર્હણ વિગેરે રૂપ કુશલવીર્યથી હણવીજ જોઇયે અને બીજી વખત તે માયા કરવી નહિં. તે લાગેલા દૂષણોનું મર્મ જાણનાર એવા ગુરુમહારાજ જે પ્રાયશ્ચિત્ત કહે તે અનવસ્થાઆદિપ્રસંગથી ડરેલા સાધુઓએ તેવીજ રીતે આચરવું જોઇએ. દોષ આલોવીને, ગુરુ પાસેથી પ્રાયશ્ચિત્ત લઇને પછી સામાયિક કથન કરવા પૂર્વક પ્રતિક્રમણસૂત્ર કહે, તે પ્રતિક્રમણસૂત્ર ધૈર્ય અને બળવાળા થઇને ડાંસ અને મચ્છરને નહિ ગણતાં પદે પદે સૂત્રાર્થનો અત્યંત ઉપયોગ કરતાં થકાં કહે. સૂત્ર કહીને પછી વંદન કરીને આચાર્ય આદિક સર્વને ભાવથી ખમાવે. જે માટે શાસ્ત્રમાં કહ્યું છે કે આચાર્ય, ઉપાધ્યાય, શિષ્ય, સાધર્મિક, કુળ અને ગણમાં જે કોઇને મ્હેં. કષાયવાળા કર્યા હોય તે બધાને હું ત્રિવિધે ખમાવું છું. ભગવાન સકળ શ્રમણસંઘને મસ્તકે અંજલિ કરીને ખમાવું છું, અને હું પણ તેમનો અપરાધ ખમું છું. નિર્મળમનથી ધર્મમાં પોતાનું ચિત્ત સ્થાપન કરીને સર્વજીવરાશિને ખમાવીને હું પણ તેમનો અપરાધ ખમું છું. એવા પારણામવાળા સર્વસાધુઓ આચાર્યને ખમાવે. આચાર્ય પર્યાયથી જેષ્ઠ હોય તો આ વિધિ સમજાવો. જો પર્યાય જ્યેષ્ઠ ન હોય તો આચાર્ય પણ જેષ્ઠને ખમાવે, કેટલાક કહે છે કે એ ખમાવવામાં વિકલ્પ છે. જ્યારે કેટલાકો કહે છે કે શિક્ષકઆદિની શ્રદ્ધા માટે લઘુ એવા પણ આચાય નેજ ખમાવે. એવી રીતે આચાર્ય અને ઉપાધ્યાયને ખામીને બાકીના સાધુઓને યથાપર્યાયે ખમાવે. ખમાવવામાં ઉલટી રીતે કરવામાં કે તે ખમાવવાનું નહિં કરવામાં આજ્ઞાવિરાધનાદિક દોષો છે. પ્રતિક્રમણસૂત્ર કહ્યા પછી છેલ્લા બે સાધુ સિવાય બધાને ખમાવવાના છે, પણ આચરણાથી દેવસિપ્રતિક્રમણમાં ગુરુ અને બીજા બે સાધુ એમ ત્રણને ખમાવવાનું છે. ધૃતિ અને સંઘયણ વિગેરેની તથા મર્યાદાની હાનિ જાણીને ગીતાર્થો નવદીક્ષિત અને અગીતાર્થના પરિણામની રક્ષા માટે આચરણા

કરે છે. અશઠ એવા આચાર્યે કોઈપણ સ્થાને, કોઇપણ કારણથી અસાવદ્ય આચર્યું હોય અને બીજા ગીતાર્થોએ તે નિવાર્યું ન હોય તો એ બહુજન સંમત એવી રીતિ તે આચરણા ગણાય. વળી આલોચન પચ્ચક્ખાણ અને ઉદ્દેશાદિકમાં મોટા સાધુઓ પણ આચાર્યને વંદન કરે, પણ પ્રતિક્રમણના ખામણામાં મોટા વંદન ન કરે, પણ આચાર્યજ તેઓને કરે, એવી રીતે આચાર્યઆદિને ખમાવીને સર્વસાધુઓ દુરાલોચિત અને દુષ્પ્રતિક્રાંતને શોધવા માટે નિર્મળ એવા કાઉસ્સગ્ગો કરે. જીવ પ્રમાદે ભરેલો છે, અને સંસારમાં પ્રમાદની ભાવનાથી પણ અનાદિથી વાસિત છે, તેથી સાધુમાં પણ તેવા અતિચારો થાય, માટે તેની શુદ્ધિનો કાઉસ્સગ્ગ કરે. કોઈ શંકા કરે કે એમ અશુદ્ધિની સંભાવન કરીએ તો કાયોત્સર્ગોમાં પણ તે અશુદ્ધિ થવાથી અનવસ્થા આવે ? તે શંકાના ઉત્તરમાં કહે છે કે પ્રમાદનો જય કરવાના કામમાં પ્રમાદ જીતીને પ્રવર્ત્તવાથી અનવસ્થા રહેતી નથી. તે કાયોત્સર્ગોમાં પણ જે સૂક્ષ્મ દૂષણ રહે તે પણ તેનાથીજ જીતાય છે. કાયોત્સર્ગ વારંવાર થતા નથી, જે માટે સર્વ પણ સાધુનો વ્યાપાર સૂક્ષ્મ પણ પ્રમાદની પ્રતિકૂળતાવાળો છે. પ્રતિક્રમણમાં બીજો કાયોત્સર્ગ ચારિત્રનો છે. ત્રીજો દર્શનશુદ્ધિ માટે હોય છે, ચોથો શ્રુતજ્ઞાનનો છે, પછી **सिद्धाणं**ની સ્તુતિ, અને કૃતિકર્મ (વંદન) કરવાનું છે. હમણાં જણાવ્યો તે ચારિત્રશુદ્ધિ માટેનો કાયોત્સર્ગ ધર્મપ્રેમી અને પાપભીરુ સાધુઓ સામાયિક કથનપૂર્વક પચાસ શ્વાસોશ્વાસ (બે લોગસ્સનો)નો કરે. વિધિથી તે કાયોત્સર્ગ પારીને શુદ્ધચારિત્રવાળા સાધુ લોગસ્સ કહીને, અરિહંતચેઈયાણં૦ વિગેરે કહીને તેનો કાયોત્સર્ગ કહે. આ કાયોત્સર્ગ દર્શનશુદ્ધિ માટે છે અને પચીસ શ્વાસોશ્વાસનો છે. તેને વિધિથી પારીને પુક્ખરવરદીવડ્ઢે કહે, અને પછી શ્રતઅતિચારની શુદ્ધિ માટે પચીસ શ્વાસોશ્વાસનો શ્રતજ્ઞાનનો કાયોત્સર્ગ કરે. પછી તેને વિધિથી પારે ચારિત્ર એજ સાર છે, અને નિશ્ચયથી દર્શન અને જ્ઞાન એ બે ચારિત્રનાં અંગો છે, માટે સારભૂત એવા ચારિત્રમાં પ્રયત્ન કરવોજ જોઇએ. અહીં શુદ્ધ તો પશ્ચાનુપૂર્વીએ છે. સર્વ અતિચારો શોધીને પછી સિધ્ધાણં એ સૂત્ર કહે, પછી પૂર્વ કહેલી વિધિએ ગુરૂને વંદન કરે, કેમકે લોકમાં પણ સારી રીતિએ કાર્ય કરનારા મનુષ્યો હુકમ લેતાં અને તે હુકમ બજાવ્યા પછી નિવેદનમાં નમસ્કાર કરે છે, તેમ અહિં જિનેશ્વર પણ આજ્ઞાની માફક પવિત્ર કાર્ય કરીને સ્વર અને શબ્દથી વધતી ત્રણ થોયો કહે, પણ તેમાં ગુરૂમહારાજ એક થોય કહે. પછી શેષ સાધુઓ ત્રણ થોયો કહે. એજ હકીકત કહે છે કે ગુરૂએ સ્તુતિમંગલ કહ્યા પછી શેષ લોકો થોય કે સ્તુતિ કહે. પ્રતિક્રમણ કર્યા પછી ગુરૂમહારાજની પાસે થોડો કાળ બેસવું, કારણકે વિસ્મૃત થએલી કોઇક મર્યાદા તેઓ યાદ કરાવે, અને એમ બેસવાથી વિનય પણ નાશ ન પમે, આ ગાથાઓથી જણાવાયેલ પ્રતિક્રમણના વિધિમાં શ્રતદેવતા આદિનો કાઉસ્સગ્ગ નથી કહ્યા તેનું સમાધાન કરે છે કે શ્રુતદેવતા વગેરેના કાઉસગ્ગો આચરણાથી થાય છે. ચોમાસી અને સંવચ્છરીને દિવસે ક્ષેત્રદેવતાનો કાયોત્સર્ગ અને પાક્ષિકમાં શય્યાદેવતાનો કાયોત્સર્ગ હોય છે. કેટલાકો ચોમાસીમાં પણ શય્યાદેવતાનો કાયોત્સર્ગ કરે છે. કાલગ્રહણ સ્વાધ્યાય આદિ બધો વિધિ અહીં વિશેષસૂત્રથી જાણવો. હવે પ્રભાતના પ્રતિક્રમણનો વિધિ યથાક્રમે જણાવવામાં આવશે. સામાયિકસૂત્ર બોલીને અહીં પહેલો ચારિત્ર શુદ્ધિ માટે પચીસ શ્વાસોશ્વાસ પ્રમાણ કાઉસગ્ગ ધીર પુરૂષો કરે છે. પછી વિધિથી કાઉસગ્ગ પારીને શુદ્ધચારિત્રવાળા સાધુઓ લોગસ્સ કહીને

દર્શનશુદ્ધ માટે પચીસ શ્વાસોશ્વાસનો કાઉસ્સગ્ગ કરે છે, પછી પણ વિધિથી તેને પારીને શ્રતસ્તવ કહે છે. અને પછી ઉપયોગવાળા છતાં અહીં રાત્રિએ થયેલ અનિયમિતપણાનો કાઉસગ્ગ કરે છે. સાંજના પ્રતિક્રમણની થોઇથી માંડીને ચાલુ કાઉસગ્ગની ક્રિયા સુધીમાં રાત્રિ સંબંધી જે અતિચાર લાગ્યા હોય તે બધાને હૃદયમાં વિચારે, સવારના પડિક્કમણામાં અતિચારનો કાઉસ્સગ્ગ છેલ્લો કરવામાં કેમ આવે છે તેનું કારણ જણાવે છે કે નિદ્રાવાલા સાધુ અતિચારને બરોબર યાદ ન કરી શકે, તેમજ આલોચનની પ્હેલાના વંદનમાં માંહેમાંહે સાધુઓમાં સંઘટ્ટન થાય, અથવા અંધારાઆદિથી કોઇ વંદન ન પણ કરે તો વંદન ન કરવાના દોષ લાગે માટે પ્રાભાતિકપ્રતિક્રમણમાં જ્ઞાનાદિના કાઉસ્સગ્ગ પહેલાં કરવાના કહ્યા, અને ત્રીજા કાઉસ્સગ્ગમાં રાત્રિના અતિચારો વિચારે અને છેલ્લાં તપચિંતવણીના કાઉસ્સગ્ગમાં છ માસથી શરૂ કરી એકાદિદિવસની હાનિ કરતાં કરતાં યાવત્ પોરસી કે નવકારસી સુધીમાંથી કોઇક પચ્ચક્ખાણ ધારે. એજ વાત વિસ્તારથી કહે છે કે ત્રીજા કાઉસ્સગ્ગમાં રાત્રિના અતિચાર ચિંતવી, વિધિથી પારી પછી સિધ્ધસ્તવ (સિદ્ધાણં બુદ્ધાણં) કહીને આલોવીને પૂર્વ પ્રમાણે પ્રતિક્રમણસૂત્ર કહે. તે પ્રતિક્રમણ સૂત્રમાં સામાયિકસૂત્ર કહેવાય છે માટે જણાવે છે કે:–સામાયિકસૂત્ર વધારે વખત એટલાજ માટે કહેવાય છે કે સર્વ સાધુવ્યાપાર સામાયિક પૂર્વકજ છે, અને સામાયિક રૂપ ગુણ અર્થની સ્મૃતિ અને પાઠના સ્મરણથી પ્રાયે થાય છે એમ દેખાડવા માટે છે. પ્રતિક્રમણ પછી આચાર્યાદિકને ખમાવીને સામાયિક કથન પૂર્વક કાયોત્સર્ગ કરે. તે કાયોત્સર્ગમાં અમને ગુરૂએ કયા કામમાં જોડયા છે ? તે વિચારે. જેવી રીતે તે કાર્યને હાનિ ન થાય તેવી રીતે છ માસ આદિના અનુક્રમથી અશઠભાવે કરી શકાય તેવું તપ હૃદયમાં કરવાનું ચિંતવીને, તે પારી લોગસ્સ કહીને મૂહપત્તિ પડિલેહી વાંદણાં દઇને તે કાયોત્સર્ગમાં ચિંતવેલો નવકારસીઆદિ તપ ગુરૂ પાસે અંગીકાર કરે ॥ હવે પચ્ચખાણ કરવાનો વિધિ કહે છે;

**आगा ५०५, नव ५०६, दो ५०७, दो ५०८, सत्त ५०९, पंच ५१०, णव ५११, वय ५१२, गह ५१३, अम्म ५१४, एवं ५१५, गम ५१६, एवं ५१७, सं ५१८, तं ५१९, मरण ५२०, एत्तो ५२१, संते ५२२, तस्स ५२३, नय ५२४, नय ५२५, नय ५२६, उभ ५२७ अण्णे ५२८, णणु २२९, एवं ५३०, उव ५३१, जिण ५३२, आह ५३३, नो ५३४, नो ५३५, सय ५३६, कय ५३७, संवि ५३८, मावि ५३९, पुरिसं ५४०, भर ५४१, मुहिज ५४२, पासम् ५४३ मुह २४४.**

જિનેશ્વરમહારાજાએ કહેલું એવું અને આગારોથી શુધ્ધ એવું ઉપયોગપૂર્વક વિધિએ પચ્ચખાણ કરે. તે નવકારશી આદિ પચ્ચક્ખાણ માત્ર પોતેજ પાળવાનું છે, પણ પોરસી વગેરેમાં આહારાદિકનું દાન અને તેનો ઉપદેશ તો સમાધિ પ્રમાણે કરી શકાય. ॥ પચ્ચખાણોના આગારો જણાવે છે.

નોકારશીમાં બે, પોરસીમાં છ, પુરિમડ્ઢમાં સાત, એકાસણામાં આઠ, એકલઠાણામાં સાત, આંબેલમાં આઠ, ઉપવાસમાં પાંચ, પાણીમાં છ, ચરમમાં ચાર, અભિગ્રહમાં ચાર, અગર પાંચ,

વિગયમાં આઠ અગર નવ, પિંડવિગયમાં હોય તો નવ અર્થાત્ દ્રવવિગય હોય તો આઠ અને અભિગ્રહમાં વસ્ત્રનો અભિગ્રહ હોય પાંચ આગાર અને બાકીના અભિગ્રહોમાં ચાર આગાર હોય છે. વિગયમાં નવ અને આઠ આગારનો ખુલાસો કરે છે કે માખણ, તળેલું, ઝામેલું દાહં, માંસ, ઘી, ગોળ, એ બધામાં નવ આગાર હોય. પચ્ચખાણોના અને આગારોના અર્થો આવશ્યક વિગેરેમાં વિસ્તારથી કહેલા છે. માટે તે ત્યાંથી જાણવા. આગારો કરવાનો હેતુ જણાવે છે:–પ્રતિજ્ઞાનો ભંગ થવામાં આજ્ઞાવિરાધના રૂપી મોટો દોષ છે, અને થોડા પણ વ્રતનું પાળવું એ ગુણ કરનાર છે, માટે આગારો કહ્યા છે, તેમજ ધર્મમાં ગુણ અને દોષનું અલ્પબહુપણું સમજવાની જરૂર છે, માટે પચ્ચખાણોના આગારો કહ્યા છે, ગ્રહણ કર્યા પ્રમાણે પાલન કરવાથીજ જરૂર અપ્રમાદનું સેવન થાય છે. અને તેવી રીતે સેવાતો અપ્રમાદ અનુક્રમે વધે છે. અને તે પ્રમાદનો સર્વથા નાશ કરે છે. સંસારમાં ભમતા જીવે પ્રમાદનો અભ્યાસ ઘણો કાલ કર્યો છે, તેથી પ્રમાદના અભ્યાસથી કોઇપણ પ્રકારે પચ્ચખાણનો કદાચ ભંગ થાય માટે ભંગ ન થાય, તેથી આગારો કહ્યા છે, કેમકે પચ્ચખાણના ભંગમાં આજ્ઞા, અનવસ્થા વિગેરે દોષો થાય છે, અને તેથી જન્મમરણ વિગેરે સર્વ અનર્થો થાય છે. કદાચ કહેવામાં આવે કે એવા પ્રમાદીને દીક્ષાજ કેમ હોય? તો તે સવાલના ઉત્તરમાં સમજવું કે દીક્ષા તો ચારિત્રના પરિણામથી છે, અને ચારિત્રના પરિણામ આવવાની સાથેજ સર્વથા બધો પ્રમાદ ક્ષય પામતો નથી. વળી જે માટે આ પ્રમાદનો અનાદિકાલથી અભ્યાસ છે, તેથીજ તેના ક્ષયને માટે ઉદ્યમી થએલાએ પચ્ચખાણોને લીધા પ્રમાણે પાળીને અપ્રમાદ આચરવો જોઇએ- વાદી કહે છે કે એ પ્રમાણે તો સામાયિકચારિત્ર પણ નકકી આગારવાળુંજ લેવું જોઇએ, અને જો તે સામાયિક આગાર વગરનું છે, તો પછી પચ્ચખાણોમાં આગારો રાખવાનું શું કામ છે? અહીં ઉત્તર દે છે કે સર્વપદાર્થમાં સમભાવ હોવાથીજ સામાયિક થાય છે, તેમજ તે સામાયિક યાવજ્જીવ માટે છે, તેથી વીતરાગોએ તેમાં આગારો કહ્યા નથી. તેજ વાત સ્પષ્ટ કરે છે: કે સામાયિક એ ભાવ છે અને એ ભાવ મમત્વ વગરનો છે, તેમજ સમપણાને લીધે સર્વપદાર્થ વિષયક છે. જાવજીવરૂપી કાલની મર્યાદા પણ આવતા ભવમાં ભંગ ન થાય તેટલા માટેજ છે, પણ આવતા ભવમાં સેવીશ એવી ઇચ્છા રાખીને તે ઇચ્છાની અપેક્ષાએ જાવજીવની મર્યાદા નથી. મરણ કે જીતના વિચારથીજ તૈયાર થએલા સુભટના જેવા પરિણામ હોય છે તે સરખો આ સામાયિકમાં પરિણામ છે, પણ હલકાના દૃષ્ટાંતોએ આ સામાયિક અપવાદનું સ્થાન નથી, આ વાત બારીકીથી સમજવાની છે, અને એટલાજ માટે અત્યંત અયોગ્યોને સામાયિક લેવા અને દેવાનો નિષેધ શાસ્ત્રોમાં કહેલો છે. જરૂર પડવાવાળો જાણ્યો હતો એવા આભીર વિગેરેને કેવલજ્ઞાનથી એજ સામાયિક અવશ્ય મુક્તિનું અવંધ્ય કારણ સમજીનેજ કેવળીમહારાજાએ સામાયિક દેવડાવ્યું હતું. સામાન્યથી આ સામાયિક એ ચારિત્ર છતાં પણ સામાયિકની વિશિષ્ઠતા માટે નોકારશીઆદિ પચ્ચક્ખાણ કરવાનું આગમોમાં કહેલું હોવાથી, તેમજ અનુભવથી જણાતી વિશિષ્ઠતાવાળું થતું તેથી સામાયિક હોવાથી, નોકારશી વિગેરે પચ્ચકખાણો કેમ ન કરવાં? આ આગારો સામાયિકપરિણતિના બાધક છે, એમ કહેવામાં આવે તો તેના ઉત્તરમાં જણાવે છે કે જેમ સુભટને મરણ કે જયના નિશ્ચયને બાધા ન આવે

તેવી રીતે પ્રવેશ, નિર્ગમ, વારણના પ્રયત્નોમાં જેમ અપવાદો છે, તેવી રીતે સામાયિકના નિશ્ચયવાળાને નોકારશી વિગેરેમાં આગારો સમજવા, તે સુભટને પ્રવેશ વિગેરેનો પ્રયત્ન છતાં પણ જીવનના મમત્વરહિતપણું નથી એમ નથી, તે મમત્વરહિત પરિણામ શત્રુનો પ્રતિકાર કરવારૂપ હેતુથી નક્કી સિદ્ધ થાય છે, અને તે સુભટને પહેલાના મરણ કે જયના ભાવને કોઈપણ પ્રકારે નુકસાન થતું નથી, પણ તે પ્રવેશાદિક વ્યાપારથી તે કાર્યની સિદ્ધિ થાય છે, અને એવી રીતે પ્રવર્તવાથીજ સુભટ સારી રીતે કાર્ય કરી શકે છે, તેવી રીતે અહીં પણ આગારવાળું પચ્ચક્ખાણ પણ સામાયિકની સારી રીતે સિદ્ધિ કરી શકે છે, પણ આગારના નામે પચ્ચક્ખાણ ન લેવાં તે તો કેવળ મૂઢપણુંજ છે. સામાયિકઉચ્ચારની સાથેજ મરણ કે અનશન થવાનો કે કરવાનો નિશ્ચય નથી. તેમજ સામાયિકની ધારણા અને ભવાંતરની થવાવાળી અવિરતિથી બચવા માટે જ્ઞાનાદિ પોષણના મુદ્દાથી દેહધારણની જ્યારે જરૂર છે તો પછી તે દેહના પોષણના સાધનમાં નિરંકુશપણે રાગ દ્વેષ પૂર્ણપણે ન વર્તાય માટે આહારસંબંધિ પ્રત્યાખ્યાનોની બાહ્યવસ્તુના સંયોગમાત્રને અંગે હોવાથી તે પચ્ચખાણ અને તેના આગારોની બુદ્ધિશાલિયો જરૂરીયાત સ્વીકારેજ છે, સર્વ અશનાદિક વસ્તુમાં સમભાવપૂર્વક પ્રવૃત્તિ, નિવૃત્તિ હોવાથી અસનાદિકભેદે લેવામાં આવતું પચ્ચખાણ પણ સામાયિકને બાધ કરનાર નથી. કાયોત્સર્ગ અને ઇરિયાસમિતિથી ગમનના દૃષ્ટાંતે આ સમજી શકાય તેમ છે. એટલે કાયોત્સર્ગમાં ઉચ્છ્વાસ આદિઆગારો અને ઈર્યાસમિતિમાં માર્ગઆલંબન વગેરે કારણો છેજ, સુભટને મરણ અને જય એ બંનેનો કોઈ કારણથી કોઇક વખત અભાવ થાય તો પણ ભવિષ્યમાં તેવા પ્રસંગે ક્ષયોપશમની વિચિત્રતા હોવાથી તેવોજ મરણ કે જય સંબંધી ભાવ થાય છે. તેવી રીતે ભાવાંતરના ગમનથી સામાયિક અને પચ્ચખાણ બંનેનો થોડા કાલ માટે અભાવ થયા છતાં પણ ભવાંતરમાં તેવો ક્ષયોપશમ થાય કે જેથી સામાયિક અને પચ્ચક્ખાણનો સંપૂર્ણપણે લાભ થાય. કેટલાકો કહે છે કે સાધુને ત્રિવિધ આહારનું અને થોડા કાળનું પચ્ચખાણ યોગ્ય નથી, કારણ કે સાધુ સર્વવિરતિવાળા છે, અને એવી રીતે કંઇક આહાર અને થોડા કાળના ભેદથી પચ્ચખાણ લેતાં તે સર્વવિરતિ કેમ રહે? અહીં ઉત્તર દે છે કે: પૂર્વેજ જણાવ્યું છે કે આ પચ્ચખાણ અપ્રમાદ સેવન માટે છે, તો પાણીમાત્ર વાપરવાનું છૂટું રાખી બાકીના આહારનો ત્યાગ કરવાથી તે અપ્રમાદ અધિક છે, માટે ઇત્વરિક એટલે થોડા કાલ માટે ત્રિવિધાહારનું પચ્ચખાણ અયોગ્ય નથી, કદાચ કહેવામાં આવે કે કોઇક કારણસર દ્વિધાહારનું પચ્ચખાણ સાધુને કેમ ન હોય? એ વિચારવા જેવું છે. પણ સાધુને ઘણા ભાગે અન્ન, અને પાન સિવાય ખાદિમ, સ્વાદિમનો ઉપભોગ કરવાની આજ્ઞા નથી, માટે દ્વિધાહાર પચ્ચક્ખાણની આચરણા કરી નથી. એવી રીતે આહાર સંબંધી વ્યાખ્યા કરી હવે તેના ઉપયોગની હકીકત જણાવે છે:

નોકારશી વિગેરે પચ્ચખાણ, વિગય કે નીવીઆતાં વિગેરેનો ઉપયોગ, પચ્ચખાણનું સ્પષ્ટ બોલવું, નવકારનો પાઠ કરવો, ગુરૂની આજ્ઞા લેવી એ વિગેરે વિધિ, અને પછી પણ ક્ષુધાવેદનીની શાંત વિગેરે કારણોથી વાપરવું એ સર્વ ઉપયોગ જાણવો. વિવેકવાળા અને ભાવનાપૂર્વક નિર્દોષ અને મમતા રહિતપણે કરાતું પચ્ચખાણ કેવળજ્ઞાનનો હેતુ છે એમ શ્રીજિનેશ્વરોએ દેખેલું છે.

આ જગો પર કોઇક કહે છે કે જેમ જીવહિંસાના પચ્ચખાણુ કર્યાં હોય તો વ્રતભંગના ભયથી બીજા પાસે પણુ હિંસા કરાવાય નહિં, તેવી રીતે ઉપવાસઆદિ તપસ્યાવાળો મનુષ્ય બીજાને જેઆહાર દે કે દેવડાવે તે પણુ નકકી કરાવવુંજ કહેવાય, અને તેથી પચ્ચખાણુવાળાએ આચાર્યઆદિકને અશનઆદિ લાવી દેવાં જોઇએ. નહિં, તથા લાવી દેવાં કે લાવવાની સવડ પણુ અન્યસાધુને માટે કરવી જોઇયે નહિં, આ વાત તો સિદ્ધજ છે કે પચ્ચખાણુનું પાલન કરવા કરતાં गिहिणो वेयावडियं એ આગમ વચનથી ગૃહસ્થની માવજતનો પણુ અસંયમના પોષણુને અંગે નિષેધ હોવાથી વ્રત કરતાં વેયાવચ્ચ કોઇપણુ પ્રકારે અધિક નથી. આવી શંકાના ઉત્તરમાં શાસ્ત્રકાર કહે છે કે: નોકારશી વિગેરેના પચ્ચખાણુ સાવદ્યઆદિના પચ્ચખાણુની માફક ત્રિવિધ ત્રિવિધ થતાં નથી, માટે શુદ્ધ એવા મુનિને તથા આચાર્યાદિને અશનાદિક દેતાં કે તેમને માટે લાવતાં અથવા સવડ કરી આપવાથી પચ્ચખાણુના ભંગનું કારણુ થતું નથી, કેમકે દેવાના પચ્ચખાણુ કર્યાંજ નથી. મૂલ તો આ પચ્ચખાણુમાં પોતાને પાલવાની પ્રતિજ્ઞા છે, પણુ બીજાને, દાન, દેવું તેમજ શ્રદ્ધાળુના ઘર બતાવવાં, વિગેરેરૂપ ઉપદેશનો નિષેધ કર્યો નથી, માટે પચ્ચખાણુ કરનાર સાધુ પોતાની સમાધિપ્રમાણે બાલ, ગ્લાનાદિકને આહાર આપી પણુ શકે અને લાવવાનો ઉપદેશ દઈ પણુ શકે, અર્થાત્ પચ્ચખાણુ કર્યું હોય તોપણુ આચાર્ય, ગ્લાન, બાલ અને વૃદ્ધોને પોતાના વીર્યાચારને સાચવતો થકો જો મળી શકે તો જરૂર અશનાદિક લાવીને આપે. તેવીજ રીતે સંવેગી અને અન્યસમાચારીવાળાઓને ભિક્ષાદિક માટે શ્રાવકનાં કુલો પણુ દેખાડે, તેમજ અશક્ત હોય તો સરખી સામાચારીવાળાને પણુ શ્રાવકનાં કુલો દેખાડે, લાવી આપવું, તેમજ બતાવવું, તેમાં સમાધિ પ્રમાણે કરે. જિનવચનને જાણુનારા અને મમતા રહિત એવા મહાનુભાવોને પોતાનામાં કે પરમાં કાંઇપણુ ફરક હોતો નથી, તેથી બંનેની પણુ પીડા વર્જે. હિંસાદિક પાપોને નિષેધ્યાં નથી માટેજ ગૃહસ્થના વેયાવચ્ચની મનાઇ કરી છે. અને સાધુઓને સંવરના રક્ષણુઆદિ માટેજ પોષણુ આપવા વેયાવચ્ચ કરાય છે. માટે વેયાવચ્ચ કરવામાં ગુણુ છે અને તે એકાંતે છે. વેયાવચ્ચનો વિધિ આ પ્રમાણે છે. આચાર્ય વિગેરે પુરૂષ, સ્વાધ્યાય વિગેરે તેનો ઉપકાર અને શકિતની ખામી વિગેરે તેના શારીરિક અપકાર જાણીને તેમજ પોતાને પણુ જ્ઞાનદિકની મદદ, ગુરૂહૂકમની ખામીથી અને અપકાર અથવા તો તે ગ્લાનાદિકની અપેક્ષાએ ઉપકાર અને અપકાર જાણીને તેમજ આ શાસ્ત્રોકત અનુષ્ઠાનો છે એમ ધારીને નિઃસ્પૃહપણે વેયાવચ્ચ કરવું. ભરતમહારાજે પણુ પહેલાભવમાં ઉત્તમસાધુનું વેયાવચ્ચ કર્યું, તેનાથી બંધાએલા સાતાવેદનીયથી તે ભરતચક્રવર્તિ રાજા થયો. આખા ભરતક્ષેત્રમાં રાજ્ય કરીને તેમજ ઉત્તમસાધુપણું પાળીને, આઠે પ્રકારના કર્મથી મુકાએલો એવો ભરત મોક્ષ પામ્યો. આવી રીતે વેયાવચ્ચ પ્રાસંગિક ભોગોને દઇને, અનુક્રમ આજ્ઞા આરાધનથી મોક્ષફળને જરૂર આપે છે. સ્થાન કરતાં અનુકમ્પાદિકની પેઠે આ વેયાવચ્ચમાં ગુણુની અધિકતા સમજવી. કોઇક નગરનો એક માર્ગ સારા વૃક્ષોની છાયાએ કરીને સહિત હોય, અને બીજો છાયા વગરનો હોય, તેમ મોક્ષ માર્ગ પણુ બે પ્રકારનો જાણુવો. પહેલો માર્ગ સુખે પાર પામવાવાળા એવા તીર્થંકરવિગેરેને અનુકમ્પા અને વેયાવચ્ચવવાળો હોય છે, અને બીજો સામાન્યસાધુઓને હંમેશાં વેયાવચ્ચ વગરનો હોય છે. તત્ત્વ એ છે કે પચ્ચખાણુ કર્યા છતાં પણુ અધિકરણુ રહિત એવા આહારના દાન, અને ઉપદેશમાં દોષ નથી, પણુ

શુધ્ધ છે, અને તેથીજ એવી રીતે દાન ઉપદેશથી આ પચ્ચખાણ શુધ્ધ થાય છે. કહ્યું છે કે સ્પર્શન, પાલન, શોભિત તીરિત, તેમજ કીર્તિત અને આરાધિત એવું પચ્ચક્ખાણ હોય, તેમાં વારંવાર સમ્યગ્ ઉપયોગથી સાચવ્યું તે પાલિત કહેવાય. ગુરૂમહારાજને દીધા પછી બાકી રહેલા અશનાદિકને સેવવાથી શોભિત કહેવાય. પચ્ચખાણનો કાળ પૂરો થયા છતાં પણ થોડો કાળ રહેવાથી તીરિત કહેવાય. ભોજન વખતે અમુક પચ્ચખાણ કર્યું હતું એમ વિચારી ભોજન કરે તોતે કીર્તિત કહેવાય, અને એ બધા પ્રકારોએ સંપૂર્ણ રીતે રક્ષણ કરેલું પચ્ચખાણ તે આરાધિત કહેવાય. આ પચ્ચખાણ સંબંધી અંતર દ્વાર સમાપ્ત કરતાં કહે છે કે આ પચ્ચખાણ નિર્મળભાવવાળા જીવને ચારિત્રની આરાધના રૂપ હોવાથી તે મોક્ષ ફળને દેનારૂં છે. એમ જિનેશ્વરો કહે છે॥ પચ્ચખાણનો અધિકાર કહી બાકીનો વિધિ જણાવે છે:—

થુઇ ૫૫૨, गुरुणा ५५३ उव ५५४, પ્રતિક્રમણને અંતે સાંઝના પ્રતિક્રમણમાં નમોઽસ્તુ૦ કહેવાય છે, તેની પેઠે વિશાલ૦ની સ્તુતિ કહે, પછી અસ્ખલિતપણે દેવવંદન કરી, બહુવેલનો આદેશ માંગી, ઓઘો પડિલેહે. સર્વપણ કાર્ય સાધુઓને ગુરૂના હુકમથીજ કરવું કલ્પે છે, માટે બહુવેલનો આદેશ સાધુઓ માગે છે, (તેથી ચક્ષુનિમેષાદિકરૂપ વારંવાર કરવાની ક્રિયા કે જેમાં પૂછવું અશકય છે તે ક્રિયાની રજા મળે છે) પછી ઉપધિ સંદિસાવીને, સવારની વિધિમાં કહ્યું તેમ, આચાર્યાદિ અનુક્રમે ઉપધિ પડિલેહે. પછી વચમાં સ્વાધ્યાય કરે, અને તે સ્વાધ્યાયના ગુણો આ પ્રમાણે છે:

आय ५५५ आय ५५६ आय ५५७ सज्जायं ५५८ नाणे ५५९ जह ५६० नाणा ५६१ बारस ५६२ एत्तो ५६३ जं ५६४ आय ५६५ एत्तो ५६६ एसो ५६७ उम्माय ५६८ लहु ५६९,

આત્માના હિતનું જ્ઞાન થાય[1] તેવા જ્ઞાનથી પરમાર્થથી સંવર થાય[2] નવું નવું જાણવાથી નવો નવો સંવેગ થાય[3] મોક્ષમાર્ગમાં નિશ્ચળતા થાય. ઉત્કૃષ્ટું તપ થાય[5] કર્મની નિર્જરા થાય[6] અને બીજાને ઉપદેશ દેનારો ગુરુ બને.[7] આ સાત ફાયદાને અનુક્રમે સમજાવે છે. આત્માને હિતને નહિ જાણનારો મનુષ્ય મૂર્ખ હોય છે, અને તે મૂર્ખ કર્મ બાંધે છે, અને તે કર્મથી અનંતા ભવસાગરમાં તે ભમે છે. આત્માના હિતને જાણનારોજ મનુષ્ય જીવહિંસાદિકની નિવૃત્તિ અને પરમાર્થ કરણની પ્રવૃત્તિમ જે માટે સમર્થ થાય છે તે માટે આત્માનું હિત જાણવુંજ જોઇએ. સમાધિવાળો અને વિનયયુક્ત સાધુ વાચનાદિસ્વાધ્યાયને આચરતો પંચેંદ્રિયના સંવરવાળો અને ત્રણ ગુપ્તિવાળો થવાથી એકાગ્ર મનવાળો થાય છે. જેમ જેમ જીવ અપૂર્વ અપૂર્વ અતિશયના રસના વિસ્તારવાળો શાસ્ત્રને સાધુ ભણે છે તેમ તેમ નવા નવા સંવેગની વાંછાવાળો મુનિ આનંદ પામે છે. વળી જ્ઞાનમાં રહેલો તેમજ દર્શન, તપ, નિયમ અને સંજમમાં રહીને નિર્મળ થતો સાધુ યાવજ્જીવપણ સ્થિરપણે વિચરે છે. જિનેશ્વરોએ કહેલા અભ્યંતર અને બાહ્ય ભેદે સહિત બાર ભેદવાળા તપમાં સ્વાધ્યાય સરખું તપ થતું નથી, થયું, નથી ને થશે પણ નહિ. આ સ્વાધ્યાયનાજ કારણથી શુદ્ધ જ્ઞાન થતાં ત્રિકરણની શુદ્ધપ્રવૃત્તિથી નકકી નિર્જરકપણું અને તે પણ ઉત્કૃષ્ટ થાય છે. સંવેગ રહિત હોવાથી અજ્ઞાની જીવો જે કર્મ કોડાકોડી વર્ષોએ નિરંતર દુઃખ વેઠીને ખપાવે તે કર્મો શ્વાસોશ્વાસ માત્રમાં ત્રણ

ગુપ્તિવાળો જ્ઞાની ખપાવે છે. અન્યને ઉપદેશ દેવાથી સ્વ અને પરનો ઉદ્ધાર થાય છે. તીર્થંકરની આજ્ઞાનું હિતૈષીપણું દીપન થાય છે અને ભકિત થાય છે, યાવત્ તીર્થંનું પ્રવર્ત્તવું તે પણ જ્ઞાનથીજ થાય છે. આ જણાવેલો સ્વાધ્યાય અપ્રમત્તપણે વિધિથીજ હમેશાં કરવો જોઇએ. કેમકે અવિધિથી સ્વાધ્યાય કરવામાં ઉન્માદ વિગેરે દોષો શાસ્ત્રોમાં કહેલા છે, તે દોષો આ પ્રમાણે: અવિધિ કરનારનું ચિત્ત વિભ્રમને પામે, દીર્ઘ એવા ક્ષય જવર વિગેરે રોગાતંકો થાય, પરમાર્થપણે કેવળીએ કહેલા ચારિત્રધર્મથી ભ્રષ્ટ થાય નાના મોટા, ને અત્યંત મોટા અવિધિમાં અનુક્રમે ઉપર કહેલાં ફળો જાણવાં, જે ઉત્કૃષ્ટ અવિધિ કરવાથી ધર્મથી ભ્રષ્ટ થવાય તે ઉત્કૃષ્ટદોષ જાણવો. હવે સૂત્ર આપવાના વિચારો જણાવે છે:—

**जोगा ५७०, सुतस्स ५७१, छलि ५७२ पव्वा ५७३ जिण ५७४ पव्वा ५७५ मुंडा ५७६ सिक्खा ५७७ उव ५७८ संभुज्जि ५७९ एमाइ ५८०,**

યોગ્ય એવા શિષ્યોને અવસર પ્રાપ્ત એવું સૂત્ર દેવુંજ જોઈએ. તે કારણથીજ યોગાદિકે કરીને શુદ્ધ એવા ગુરૂએ સમ્યગ્ રીતે સૂત્ર આપવું એ અહિં વિધિ છે. જેઓ દીક્ષાને લાયક છે તેઓ સૂત્રને લાયકજ છે. પણ આ સૂત્ર દેવાનો સ્થળે અધિકાર હોવાથી સૂત્રનું પ્રધાનપણું જણાવે છે, અથવા તો અધિકગુણવાળા સાધુનેજ દેવું એમ જણાવે છે. દીક્ષાની વખતે કદાચ અયોગ્યતા ન જણાય અને પછી પણ અયોગ્યતા જાણી હોય તો તેને સૂત્ર વિગેરે આપવું નહિં, એમ સૂચવે છે. એજ વાત શાસ્ત્રકાર મહારાજ કહે છે:—જિનમતમાં નિષેધ કરેલાની કદાચિત્ કથંચિત દીક્ષા થઇ પણ ગઈ હોય, તોપણ તેના મુંડન વિગેરે તો કરવાનું નાજ કહેછે. સૂત્રકારો ફરમાવે છે કે જેને દીક્ષા દેવાનો સૂત્રકારે નિષેધ કરેલો છે તેવાને લાભ દોષથી જે સાધુઓ દીક્ષા આપે છે. તે સાધુ વ્યવહારથી ચરિત્રમાં રહ્યો છતાં તેજ ચારિત્રનો નાશ કરે છે. ભૂલથી દીક્ષા દઇ દીધી હોય તોપણ પછી અયોગ્ય જણાય તો મુંડન કરવું નહિ, અને અયોગ્ય જાણ્યા છતાં મુંડન કરે તો પહેલાં કહેલા આજ્ઞાદિક દોષો તેને લાગે. અજાણપણે મુંડન પણ કદાચ થયું હોય અને અયોગ્ય જણાય તો જ્ઞાન અને ક્રિયાની શિક્ષામાં અયોગ્ય ગણવો, છતાં જો શીખવે તો પહેલાં કહેલાઆજ્ઞાદિક દોષોને પામે. અજાણપણાને લીધે શિખવ્યું હોય તોપણ ઉપસ્થાન (વડીદીક્ષા) કરવી યોગ્ય નથી. અને જો વડીદીક્ષા કરે તો પહેલાં કહેલા દોષો ચાલુ રહે (લાગે) ભૂલથી વડીદીક્ષા કરી દીધી પણ હોય અને પછી અયોગ્ય માલમ પડે તો ભોજન ક્રિયામાં જોડવા લાયક નથી. છતાં જો તેવાને માંડલીમાં ભોજન કરાવે તો પૂર્વે કહેલા દોષો લાગે. અનુપયોગથી માંડલીમાં ભોજન કરાવાનું પણ થયું હોય તોપણ તેની સાથે વસતિ કરવી કલ્પતી નથી, અને કદાચ એમ છતાં પણ એક વસતિમાં વાસ કરે તો પહેલાંના દોષો ચાલુ સમજવા ॥ હવે સૂત્ર માટે યોગ્ય કાળ જણાવે છે.

**काल ५८१, ति ५८२, दस ५८३, दस ५८४, बारस ५८५, चोदुस ५८६, सोळस ५८७, एगूण ५८८, उव ५८९ जं ५९० एगेण ५९१, मिच्छत्तं ५९२ एवं ५९३, गह ५९४, ते ५९५, विहि ५९६, सम्मं ५९७, तं ५९८, गुरुणा ५९९, बज्झ ६०० सीस ६०१, परय ६०२, अंगार ६०३, एसो ६०४, छउ ६०५, जो ६०६ मोत्तू ६०७ देवय ६०८,**

વર્ષ વિગેરે કાળના અનુક્રમે જે શિષ્યમાં જે સૂત્રની યોગ્યતા આવી તે વખતે તે સૂત્ર તે સાધુને ગીતાર્થે વંચાવવું. સૂત્રને માટે કાળક્રમ આવી રીતે છે.

ત્રણવર્ષના પર્યાયવાળાને આચારપ્રકલ્પ અધ્યયન એટલે નિશીથસૂત્ર ભણાવવું. ચારવર્ષ વાળાને રૂડી રીતે સૂયગડાંગ ભણાવવું. પાંચવર્ષવાળાને દશા કલ્પ અને વ્યવહાર. આઠવાળાને ઠાણાંગ અને સમવાયાંગ એ બે અંગ. દશવર્ષવાળાને ભગવતીજી અગીઆરવષવાળાને ખુડ્ડીયા વિમાન પ્રવિભક્તિ વિગેરે પાંચ અધ્યયનો. બારવર્ષવાળાને અરૂણોપપાત વિગેરે પાંચ અધ્યયનો. તેરવર્ષવાળાને ઉત્થાનશ્રુત વિગેરે ચાર અધ્યયનો. ચૌદવર્ષવાળાને જિનેશ્વરો આસીવિષનામનું અધ્યયન ભણાવવાનું કહે છે. પંદરવર્ષવાળાને દૃષ્ટિવિષભાવના ભણાવાય. પછી એકોત્તરપણે વધતાં સોળ વિગેરે વર્ષમાં ચારણભાવના[1] મહાસ્વપ્નભાવના[2] તેજ નિસર્ગ[3] અધ્યયનોભણાવાયઓગણીસવર્ષવાળાને દૃષ્ટિવાદ નામનું બારમું અંગ. સંપૂર્ણ વીસવર્ષવાળો સર્વશાસ્ત્રને માટે લાયક ગણાય. સૂત્રોને માટે યોગ્યતા અને પાત્રતા જણાવે છે. જે સૂત્રનું જે આંબિલ વિગેરે તપ શાસ્ત્રોમાં વર્ણન કરેલું છે તેજ સૂત્ર તેજ રીતિએ દેવું નાહંતર આજ્ઞા લોપ વિગેરે દોષો લાગે. તત્ત્વથી કેવળજ્ઞાને જાણીને કેવળીઓએ આ વિધાન કહેલું છે માટે તેનાથી ઉલટું કરવામાં આજ્ઞાભંગરૂપી મહાપાપ લાગે. તે આજ્ઞા દોષ. વળી એકે અકાર્ય કર્યું, અને બીજો પણ તેના કારણથી જો અકાર્ય કરે તો એ અનવસ્થા નામનો દોષ એવી રીતે પરંપરા ચાલવાથી સુખશીલપણાની પરંપરા ચાલે અને સંજમ તપનો વિચ્છેદ થાય. વળી લોકોને સાધુઓની કથની અને કરણી જુદી લાગવાથી શ્રદ્ધા હોય તે ચાલી જાય, અને મિથ્યાત્વ પ્રાપ્તિ થાય, કેમકે સૂત્રમાં કહેલી રીતથી ઉલટી રીતે કરવામાં,એ ઉલટું કરનાર સાધુઓને દેખીનેઆ સૂત્રો વચન માત્ર છે. પણ પરમાર્થથી એમ સૂત્રમાં કહ્યા પ્રમાણે નથી એવી તે દેખનારને શંકાનું કારણ બનવાથી મિથ્યાત્વ લાગે, અને એ આજ્ઞાભંગ આદિકથી, સંજમ અને આત્માની અનેક ભવસુધી ચાલવાવાળી, સ્વ અને પરનો ઘાત કરવાવાળી, અને જિનેશ્વરોએ નિષેધેલી એવી તીવ્ર વિરાધના થાય. જેવી રીતે જગત્માં વિધિરહિતપણે મંત્ર વિગેરે સિદ્ધ થતા નથી, પણ ઉલટાં નુકશાન કરનાર થાય છે. તેવીજ રીતે અવિધિથી સૂત્રનું દેવું પણ સિદ્ધિ નહિં આપતાં, નુકશાન કરનાર થાય છે એમ સમજવું. જેમ આ લોકમાં મંત્ર વિગેરે વિધિપૂર્વક હોય તોજ સફળ થાય છે, તેવીજ રીતે નક્કી સૂત્ર પણ વિધાનપૂર્વકજ લેવા દેવાથી પરલોકમાં ફળે છે. એજ વાત જણાવે છે કે વિધિપૂર્વક સૂત્ર દેવામાં નક્કી જિનેશ્વરની આજ્ઞાનું આરાધન થાય છે, અને બીજાઓને પણ વિધિ દેખાડવાની પરંપરા થઇ તેથી મોક્ષમાર્ગનું સ્થૈર્ય થાય છે. શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે કરવાથી બીજાને અને પોતાના આત્માને અત્યંત શ્રેષ્ઠ એવું સમ્યક્ત્વ મળે છે. એવી રીતે સંજમ અને આત્માની આરાધના મોક્ષ દેવાવાળી થાય છે. શાસ્ત્રમાં જે જે અંગ વિગેરેના અધ્યયનમાં જુદું જુદું તપ કહેલું છે તે તપ અહીં યોગવિધિના વિશેષગ્રંથોથી જાણવું. એ સૂત્ર ચારિત્રયોગમાં રહેલા અને [illegible]ાવવાળા ગુરુએ દેવું જોઈયે અને તેમ કરવાથી વક્તાના શુભભાવથી શ્રોતાના શુભભાવની વૃદ્ધિ થાય છે. આ વાત લોકોમાં પણ પ્રસિદ્ધ છે. નિર્મળ એવા બાહ્ય આચરણથી નિર્મળભાવરૂપ ચારિત્ર જાણવું. આંતરચારિત્ર ન હોય તો પણ બાહ્યચારિત્ર હોય તો છદ્મસ્થને આજ્ઞાથી

ચારિત્ર માનવામાં દોષ નથી. શિષ્યને પણ તેમાં દોષ નથી, પરંતુ તેમાં પરિણામવિશુદ્ધિથી ગુણજ છે. જેમાં દુષ્ટ કારણ હોય તે સિવાયનો એ શુભપરિણામ બધે વખણાયલોજ છે, જે માટે કહ્યું છે કે સંપૂર્ણ દ્વાદશાંગીના સારને જાણનારા મહર્ષિઓનું એજ તત્વભૂત કથન છે કે નિશ્ચયને અવલંબનારા જીવોને પરિણામજ પ્રમાણ છે. જે માટે અંગારમર્દક નામના અભવ્ય-આચાર્યના શિષ્યો પણ પરિણામવિશેષથી શ્રુતસંપદાને પામ્યા છે. માટે તે પરિણામ વિશેષથીજ અહીં શ્રેષ્ઠ ગણાય છે. એ પરિણામ સૂક્ષ્મઅનુપયોગને લીધે કાંઇક અશુદ્ધ હોય તોપણ રાગાદિકથી બાધા નહિં પામેલો અને પોતાને યોગ્ય એવા વિષયમાં પ્રવર્તેલો હોવાથી શુદ્ધજ છે. છદ્મસ્થજીવ શાસ્ત્રસંબંધી સર્વથા પરમાર્થને ન જાણે એ સહજ છે તેથી આસ્તિકયને લીધે છદ્મસ્થને શાસ્ત્રાનુસારે વર્ત્તવું તેજ યોગ્ય છે. મોહના ઉદયથી માત્ર પોતાની બુદ્ધિએ કલ્પેલો, તત્વથી વિરૂદ્ધ, પરિણામે શુદ્ધ લાગતો હોય તો પણ પત્થરમાં સોનાના પરિણામની પેઠે તે અશુદ્ધજ કહેલો છે. તીવ્રદોષવાળા પ્રાણીને છોડીને અતત્વમાં તત્વપણાનું પરિણામ થાયજ નહિ તે તત્વ અને અતત્વ બન્નેની કોઈ પણ પ્રકારે સરખાવટ છેજ નહિં. અને તેમ ન હોવાથી કોઇપણ દિવસ કોઇને પણ તત્ત્વ અતત્વની સરખાવટ થાય નહિં એ વાત પ્રસિદ્ધજ છે. દેવતા અને સાધુવિગેરેમાં પણ વિષય અને અવિષયના વિભા- ગથી પંડિતોએ સ્વમતિથી થએલી એવી નિપુણબુદ્ધિએ જે પણ પરિણામ થાય તે અશુદ્ધજ જાણવો, બીજી વસ્તુને સમાપ્ત કરતાં કહે છે કે:—

**एसा** ૬૦૯, **पइ** ૬૧૦ સંક્ષેપથી આ સાધુઓની પ્રતિદિન ક્રિયા જણાવી. હવે વિધિપૂર્વક મહાવ્રતનું સ્થાપન જણાવીશ, કારણકે જૈનમાર્ગમાં પ્રતિદિનક્રિયાનો બરોબર અભ્યાસ કર્યા પછી વ્રતસ્થાપનાની ક્રિયામાં ભાગ્યશાળી શિષ્યો જરૂર યોગ્યતા પામે છે:—

## इति प्रतिदिन क्रियाख्यं द्वितीयं वस्तु समाप्तं

**संसार ६११ आवि ६१२ अहि ६१३ पढि ६१४ अप्प ६१५ सेह ६१६ पुव्वा ६१७ ए ६१८ एअमू ६१९ रागे ६२०.**

હવે ત્રીજી વસ્તુમાં વ્રતસ્થાપનાનો અધિકાર જણાવે છે. વ્રતો સંસારના ક્ષય માટે છે. તે વ્રતો જેને હોય, જેવા રીતે દેવાય અને જેવી રીતે પળાય, તે સર્વસંક્ષેપથી કહું છું. અવિરતિને લીધે કર્મ બંધાય છે, અને કર્મથી સંસારમાં ભ્રમણ થાય છે, માટે કર્મને ખપાવવાં માટે વિરતિ કરવીજ જોઇએ, અને તે વિરતિ વ્રતરૂપજ છે, તેથી વ્રતો કર્મક્ષયનું કારણ કહેવાય. જેઓને શાસ્ત્રપરિજ્ઞા (આચારાંગનું પહેલું અધ્યયન) કે દશવૈકાલિકનું ષડ્જીવનિકાય નામનું ચોથુ અધ્યયન વિગેરે આવડતાં હોય, છકાયની હિંસાને તજવાવાળા હોય શ્રદ્ધા અને સંવેગ વિગેરેવાળા, હોય ધર્મની પ્રીતિવાળા, અને પાપથી ડરવાવાળા જે સાધુઓ હોય તેજ આ વ્રતસ્થાપનને યોગ્ય કહેવાય. કહ્યું છે કે ઉચિત સૂત્ર ભણ્યો હોય, તેનો અર્થ જાણ્યો હોય, અને છકાયની હિંસાને છોડનારો હોય તે સાધુ વ્રત સ્થા-

પનનેલાયક કહેવાય, અને તેજ છકાયની હિંસાને નવકોટએ (ત્રિવિધ ત્રિવિધે) છોડે. એથી ઉલટા-પણામાં દોષ જણાવતાં કહે છે કે યોગ્ય પર્યાય ન થયો હોય, છજીવનિકાય | સ્વરૂપ જેની આગલ ગુરૂએ ન કહ્યું હોય અગર દીક્ષા લેનારે તે સ્વરૂપ જાણ્યું ન હોય, તેમજ દીક્ષા દેનારે તેની પરીક્ષા ન કરી હોય, અને તે છતાં વડીદીક્ષા દેવામાં આવે તો જિનેશ્વરમહારાજે આજ્ઞાભંગઆદિ દોષો કહ્યા છે, માટે પર્યાયથી પ્રાપ્ત વિગેરેનીજ વડીદીક્ષા કરવી. નવદીક્ષિતની ત્રણ પ્રકારે પર્યાયભૂમિઓ છે. સાત રાત્રિદિવસવાળી એક જઘન્ય, ચાર મહીનાની બીજી મધ્યમ અને છમહીનાની ત્રીજીએ ઉત્કૃષ્ટિ, તેમાં પહેલાં વડીદીક્ષા લઈને પતિત થએલાને ક્રિયાનો પરિચય કરવા અને ઇન્દ્રિયોને જિતવા માટે જઘન્યભૂમિ હોય છે. સૂત્ર નહિ સમજી શકવાવાળા, નિર્બુદ્ધિ, તેમજ શ્રદ્ધાથી શૂન્યજીવને માટે ઉત્કૃષ્ટભૂમિ હોય છે. એવીજ રીતે નહિં ભણનાર અને શ્રદ્ધાની ખામીવાળાને, તેમજ ભાવિતઆત્મા એવા બુદ્ધિશાળીને પણ કરણ એટલે ઇદ્રિયોનાજયને માટે મધ્યમભૂમિ હોય છે. એ પર્યાયને નહિ પામેલા નવદીક્ષિતને જે વડીદીક્ષા દે તે આજ્ઞાભંગ, અનવસ્થા, વિરાધના અને મિથ્યાત્વને પામે. તેવીજ રીતે રાગદ્વેષ કે પ્રમાદથી પર્યાયથી પ્રાપ્ત થએલા એવા શિષ્યો છતાં પણ તેને વડીદીક્ષા ન આપે તો તે આજ્ઞાભંગઆદિક દોષોને પામે છે. હવે વડીદીક્ષાને અંગે ક્રમ જણાવે છે:—

**पिय ६२१, पिति ६२२, थेरे ६२३, इय, ६२४, जं ६२५, सच्च ६२६, संज ६२७, पढि ६२८, तिण्ह ६२९, एए ६३०, अइ ६३१, अहवा ६३२, दो ६३३, दो पुत्त ६३४, राया ६३५, समयं ६३६,**

પર્યાયને પ્રાપ્ત અને અપ્રાપ્તના અધિકારોમાં ભદ્રબાહુસ્વામીવિગેરેએ જે ક્રમ કહ્યો છે તે સંક્ષેપથી કહે છે: પિતા અને પુત્રે સાથે દીક્ષા લીધી, અને બંને સરખાપ્રાપ્ત થયા હોય તો તેઓની અનુક્રમે વડીદીક્ષા આપવી, પણ પુત્ર અધ્યનઆદિ પ્રાપ્ત થયો ન હોય તો સ્થવિરને વડીદીક્ષા પહેલાં આપવી એ ઠીક છે, પણ પુત્ર પ્રાપ્ત થયો હોય, પણ સ્થવિર ન પ્રાપ્ત થયો હોય તો વડીદીક્ષાનો શુદ્ધદિવસ આવે ત્યાં સુધી સ્થવિરને મહેનતથી શિખવાડવું, ને પિતા તથા પુત્રના અનુક્રમેજ વડીદીક્ષા કરવી, તે છતાં પિતા જો ન શીખ્યો હોય તો, પિતાની આજ્ઞાએ પુત્રને પ્હેલી વડીદીક્ષા આપવી. પણ તે પિતા પુત્રની વડીદીક્ષા પ્હેલાં કરવાનું ન ઇચ્છતો હોય તો સ્થવિરને રાજાઆદિકના દૃષ્ટાંતે સમજાવવો. તે છતાં જો તે પિતા નજ ઇચ્છે તો પાંચ દિવસ રોકાઇને ફરી પિતાને પુત્રને પ્હેલી વડીદીક્ષા આપવા માટે સમજાવવવો. એવી રીતે ત્રણ વખત પાંચ પાંચ દિવસની રોકાવટ અને સમજાવટ કરતા છતાં જો એટલામાં જો સ્થવિર શીખ્યા હોય તો અનુક્રમે ઉપસ્થાપન કરવું, પણ પંદર દિવસ પછી સ્થવિરની ઇચ્છા ન હોય તો પણ ક્ષુલ્લકની વડીદીક્ષા કરવી, પણ જો તે સ્થવિર અભિમાની હોય અને પુત્રના મ્હોટાપણાને લીધે દીક્ષાજ છોડી દે. કે ગુરુ અથવા ક્ષુલ્લક ઉપર ્ષ પામે, તેવું લાગતું હોય તો સ્થવિર શીખે ત્યાંસુધી પણ ક્ષુલ્લકનેવડી દીક્ષા ન દેવી, પણ રોકવો. શંકાકાર કહે છે કે ગુરુમહારાજના વચનને જે સાધુ ન માને તે સાધુને સામાયિકજ કેમ હોય ? અને સામાયિક ન હોય તો શાસ્ત્રના ન્યાયથી તેની ઉપ-સ્થાપના કરવી યોગ્યજ નથી. કારણ કે આ વડીદીક્ષા એ બીજું છેદોપસ્થાપનીય નામનું ચારિત્ર છે, અને પહેલા સામાયિક નામના ચારિત્રના નામના અભાવે તે બીજું ચારિત્ર કેમ હોય ? ચોકખું જણાય છે કે

સામાયિકચારિત્રના અભાવે છેદોપસ્થાપનીય ચારિત્ર દેવું તે અજ્ઞાનપણું સૂચવે છે. એ શંકાના ઉત્તરમાં જાણવું કે નિશ્ચયનયે તો સામાયિકચારિત્ર છતાં પણ સંજવલનકષાયના ઉદયનો નિષેધ નથી, સંજવલનકષાયો ચારિત્રના અતિચારનું કારણ બને છે, ને તે અતિચાર હોવાથી સામાયિક અશુદ્ધ જરૂર થાય છે. વળી દ્રવ્યલિંગ છતાં પણ સામાયિકચારિત્ર પ્રાતિપાતી કહેલું છે. અને કોઈ બીજી જગો પર વારંવાર ચારિત્ર થાય પણ છે. જે માટે સૂત્રમાંક હ્યું છે કે સમ્યકત્વ શ્રુત અને દેશવિરતિસામાયિક નવ હજાર વખત એકજ ભવમાં પણ આવે અને જાય અને સર્વવિરિત પણ એકભવમાં નવસો વખત સુધી આવે અને જાય, એ આવડજાવડની વચ્ચે અપ્રજ્ઞાપનીય હોય, પણ તેથી વાદીના કરેલા એવા આ છેદોપસ્થાનીયચારિત્ર દેવામાં અજ્ઞાનતાઆદિ દોષો નથી, અને તે અપ્રજ્ઞાપનીય થયેલા સાધુનો પણ છદ્મસ્થગુરુએ ત્યાગ કરવો યોગ્ય નથી, કારણ કે ગયેલું સમાયિકચારિત્ર ફરીથી પણ થાય છે. વળી અતિસંકલેશ વજવા માટે અપ્રજ્ઞાપનીયની સાથે પણ ઉપધિઆદિ લેવા દેવારૂપ પરિભોગ કરવો તે વર્તમાન દુષમાકાળ અત્યંત કિલષ્ટ હોવાથી આચારરૂપ છે. એવી રીતે હવે પછીના રાજા પ્રધાન વગેરેના કહેવાશે એ અધિકારોમાં પણ જોડવું અથવા રાજા, નોકર વિગેરેમાં જ્યાં મ્હોટું આંતરૂં હોય ત્યાં સ્વભાવ વિચારવો, જો વડીદીક્ષામાં તેઓનો સ્વભાવ ન વિચારવામાં આવે તો અનિષ્ટ ફળ છે જેનું એવો લોકવિરોધ થાય. બે સ્થવિરોએ પુત્રો સાથે દીક્ષા લીધી હોય અને તે સાથે શીખે તો સ્થવિરોની પહેલી ઉપસ્થાપના કરવી, પણ બે ક્ષુલ્લક લાયક થયા હોય અને સ્થવિર લાયક ન થયા હોય, ત્યાં પણ પહેલાંની પેઠે સમજાવટ અને ઉપેક્ષા કરવી. બે સ્થવીર અને એક ક્ષુલ્લક હોય, અથવા બે ક્ષુલ્લકો અને એક સ્થવિર હોય તેમાં પણ સ્થવિર ન શીખે તો રાજાના દૃષ્ટાંતે સમજાવીને ઉપસ્થાપના કરવી. પિતાંપુત્રની માફક રાજા અને અમાત્ય તેમજ રાજા અને શ્રેષ્ઠી તથા સાર્થવાહ, માતા અને પુત્રી, રાણી અને પ્રધાનની સ્રી વિગેરેની દીક્ષા માટે પણ સમજવું. વળી જો રાજાઓ બે દીક્ષિત થયા હોય તો તેની વિધિ કહે છે. એક રાજા અને બીજો મોટો રાજા એ બંનેએ સાથે દીક્ષા લીધી હોય તોપણ પિતાપુત્રની પેઠે જાણવું. બે વિગેરે સરખા રાજાઓએ જો સાથે દીક્ષા લીધી હોય અને સાથે શીખ્યા હોય તો તે બંન્નેને બે બાજુ રાખીને બંનેને સાથે વડીદીક્ષા દેવી. પિતાપુત્રઆદિના સંબંધ વગર ઘણાઓની એક સાથે વડીદીક્ષા હોય તો ગુરુએ કે બીજાએ ઉભા રાખવાના અનુક્રમનો નિયમ હુકમ વિગેરે ન કરવા, પણ ગુરુની નજીક હોય તેને મ્હોટો કરવો. ગુરુની બે બાજુ બે પડખે રહેલાને સરખા કરવા, એવી રીતે બે નગરશેઠો, બે શેઠીઆઓ, બે પ્રધાનો, બે વાણીઆ, બે મિત્રને અંગે પણ સરખાપણું કે પહેલા શીખેલાની પહેલી વડીદીક્ષા જાણવી, ॥ હવે અકથન વિગેરેને માટે વિધિ કહે છે.

अकहि ६३७, एगिन्द्रि ६३८, जइ ६३९, बहि ६४०, एए ६४१, तत्थ ६४२, जीव ६४३, आह ६४४, मंसं ६४५, भूमी ६४६, आहा ६४७, गम्म ६४८, बेइन्दि ६४९.

યોગ્યતા પ્રમાણે હેતુ અને દૃષ્ટાંતથી છ કાય અને પાંચ મહાવ્રતોને કહ્યા સિવાય કે તેનો અર્થ નહિ જાણનાર અથવા જાણકારની પણ પરીક્ષા કર્યા સિવાય ઉપસ્થાપના કરવી નહિ. એકેન્દ્રિય પૃથ્વીકાય વિગેરે છએ કાયો જીવરૂપ છે, જો કે એકેન્દ્રિયોને સ્પર્શ ઇન્દ્રિય શિવાય બાકીની

રસનાઆદિ ઈન્દ્રિયોનો અભાવ છે તોપણ તે પૃથ્વીઆદિકનું કાન વિગેરેનો નાશ છતાં પણ જેમ બધિરાદિકમાં જીવપણું છે તેમ જીવપણું જાણવું, જો કે કર્મને લીધે જેમ બધિરની શ્રોત્રઇન્દ્રિય આવરાયલી છે અને તે શ્રોતનો અભાવ છે છતાં પણ બાકીની ચક્ષુઆદિ ઇન્દ્રિયો તો છેજ, તો પછી શું તે બધિરને અજીવ કહેવો? ઘ્રાણ અને જિહ્વા જેની હણાઇ હોય છે અને તે બહેરો અને આંધળો પણ હોય છે છતાં જેમ જીવપણું હોય છે તેમ એક સ્પર્શનઈન્દ્રિય હોય તો પણ તેમાં જીવપણું માનવું શું અયોગ્ય છે? એજ દષ્ટાંતે ચઉરિંદ્રિયથી માંડીને પશ્ચાનુપૂર્વીએ એકેન્દ્રિય સુધીના જીવોને જીવ તરીકે સમજવા. તેમાં ચઉરિંદ્રિયથી બે ઈન્દ્રિય સુધીના જીવોને તો પ્રાયે સર્વવાદીઓ જીવ તરીકે માને છે. પણ એકેન્દ્રિયના જીવપણામાં અજ્ઞાનથી ઘણા લોકો વિરૂદ્ધ પડે છે, તેથી તેમનું જીવપણું જેવી રીતે ઘટે તેવીરીતે સામાન્યે ઉપર જણાવેલ સ્પર્શનેન્દ્રિયથી સિદ્ધ થયા છતાં પણ વિશેષથી સંક્ષેપે કહું છું.

શંકા કરે છે કે જેમ બહેરાવિગેરેને તે તે વિષયનું જ્ઞાન કરનાર તે તે ભાવેંદ્રિયો નાશ છતાં દ્રવ્યઇન્દ્રિય એટલે તે તે ઇન્દ્રિયોના આકાર દેખાય છે, તેમ એકન્દ્રિયોને દેખાતો નથી. ઉત્તર દે છે કે એકેન્દ્રિયોને તેવું દ્રવ્યન્દ્રયોને બતાવનાર કર્મ નથી. જેમ ચઉરિંદ્રિયને શ્રોત્રનું બતાવનારૂં કર્મ નથી છતાં તે જીવે છે, તેમ પરવાળાં, લવણ અને પત્થર વિગેરે પૃથ્વીના ભેદો સરખી જાતવાળા અંકુરા મ્હેલે છે, માટે મસાઆદિની પેઠે પૃથ્વી સચિત્ત સમજવી. ભૂમિને ખોદવાથી સ્વાભાવિક રીતે તૈયાર મળતું એવું જે પાણી તે દેડકાંની માફક સચેતન છે, અથવા તો સ્વભાવથી પાણી આકાશમાં ઉત્પન્ન થઇને પડે છે માટે માછલાંની માફક પાણી સચેતન છે. આહારથી વૃદ્ધિ અને વિકાર દેખાય છે માટે પુરૂષની માફક અગ્નિ પણ સચેતન છે, ગાયઆદિકની માફક બીજાની પ્રેરણા વગર તિર્છી અનિયમિત દિશાએ જાય છે માટે વાયરો સચેતન છે. જન્મ, જરા, જીવન, મરણ, ઊંઘવું, આહાર, દોહલો, રોગ, તેમજ ચિકિત્સા વિગેરે બનાવો વનસ્પતિમાં થાય છે માટે તે વનસ્પતિ નારીની માફક સચેતન છે. કીડા, કીડી અને ભમરા વિગેરે બેઇન્દ્રિય આદિક જીવો તો અન્યમતવાળામાં પણ જીવ તરીકે સિદ્ધજ છે. એવી રીતે નવદીક્ષિતને છકાય કહીને હવે વ્રતો કેવી રીતે સમજાવવાં તેનો અધિકાર કહે છેઃ પ્રાણાતિપાતવિરમણ, વિગેરે રાત્રિભોજન વિરમણ સુધીનાં છ વ્રતો એ સાધુને મૂળગુણરૂપ છે, એ વીતરાગોએ કહ્યું છે. સૂક્ષ્મ વિગેરે સર્વજીવોના વધનું સર્વથા વર્જન તે અહીં પ્રાણાતિપાતવિરમણ નામનું પહેલું વ્રત એટલે મૂળગુણરૂપ વ્રત કહ્યું છે. ક્રોધ, લોભ, ભય કે હાસ્યથી મૃષાવાદનો ત્યાગ કરવો તે બીજો મૂળગુણ છે. એવી રીતે ગ્રામ વિગેરે સ્થળે વગર આપ્યે અલ્પબહુ વિગેરે ન લેવું તે ત્રીજો મૂળગુણ કહેલો છે. દેવતા વિગેરેના મૈથુનનું સર્વથા વર્જવું તે ચોથો મુળગુણ છે. ગ્રામ વિગેરે સ્થળે અલ્પ કે બહુ પદાર્થના મમત્વનું વર્જન કરવું તે પાંચમો મુળગુણ જાણવો. અશન વિગેરે ચારે આહારનું રાત્રિએ વર્જવું તે સાધુઓનો છેલ્લો છઠો મૂળગુણ કહ્યો છે. ॥ હવે છએ વ્રતોના અતિચારો જણાવે છેઃ—

**पाणा ६९०, मुहु ६९१, कोहा ६९२, दिव्वा ६९३, असणाइ ६९४, पढ ६९५, बिइ ६५६, तइ ६९७, साइ ६९८, मेहु ६९९, पंच ६६०, दव्वा ६६१, छह ६६२,**

પહેલાવ્રતમાં એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અને પંચેન્દ્રિય જીવોનું સંઘટ્ટન, પરિતાપન, અને ઉપદ્રાવણ તે અતિચારો જાણવા. બીજા મૃષાવાદવિરમણમાં નિદ્રા સંબંધી જુઠું બોલાય તે સૂક્ષ્મ અતિચાર અને ક્રોધાદિથી જે બોલાય તે બાદર મૃષાવાદદોષ, ત્રીજા મહાવ્રતમાં ઘાસ, ઈંટના કટકા, રાખોડો કે કુંડી વિગેરે વગર દીધી લેવાય તે સૂક્ષ્મઅતિચાર. તેમજ સાધુ, અન્યધર્મી કે ગૃહસ્થના સચિત્ત કે અચિત્તનું ક્રોધઆદિથી અપહરણ કરતાં બીજો સ્થૂલ અતિચાર. હસ્તકર્માદિકે કરીને કે ગુપ્તિ બરોબર ન પાળે તો મૈથુનનો અતિચાર. તેવી રીતે કાગડા, કુતરાં, બળદ કે બચ્ચાંના રક્ષણ અને મમત્વમાં પાંચમા વ્રતનો સૂક્ષ્મ અતિચાર અને લોભથી દ્રવ્યાદિકનું ગ્રહણ અથવા જ્ઞાનાદિક કારણને છોડીને અતિરિક્ત વસ્તુનું રાખવું તે બાદરઅતિચાર કહેલો છે. છઠ્ઠાવ્રતમાં દિવસે લીધું, દિવસે ખાધું વિગેરે ચારભાંગે ધીર અનંતજ્ઞાનીઓએ અતિચાર કહેલો છે. ॥ હવે સંબંધ જોડતાં આગળનો અધિકાર કહે છેઃ—

**कहि ६६३, उच्चा ६६४, विय ६६५, जइ ६६६,**

છકાય અને વ્રતોનું સ્વરૂપ એવી રીતે કહીને, બરોબર સમજાયાં હોય પછી આગળ કહીશું એ રીતે નવદીક્ષિતની ગીતાર્થદ્વારાએ પરીક્ષા કરવી. તે પરીક્ષા આ પ્રમાણે—અસ્થંડિલમાં ઉચ્ચાર વિગેરે કરવા, સચિતપૃથ્વીમાં કાયોત્સર્ગ વિગેરે કરવા, નદીઆદિકનાં પાણી પાસે સ્થંડિલ વિગેરે કરવાં, અગ્નિવાળા કે અગ્નિઉપર રહેલામા સ્થંડિલ કરવો, વાયરાનું વિંજવું અને ધારવું એ વાઉકાયની બાબતમાં કરવાં, અને વનસ્પતિ અને ત્રસમાં પૃથ્વીકાયની માફક સ્થંડિલમાં પરીક્ષા કરવી, એવીજ રીતે છએ કાયથી ગોચરીમાં પણ પરીક્ષા કરવી, સર્વસ્થાને જો વિરાધના છોડે કે જોડે વાળાને આ અયોગ્ય છે એમ જણાવે તો તે વડીદીક્ષાને લાયક છે એમ જાણવું. અને તે વડીદીક્ષાનો વિધિ આ પ્રમાણે છેઃ

**अहि ६६७गु, उद ६६८, गुरवो ६६९, काप्पर ६७०, पायो ६७१, ईसिं ६७२ दुविहा ६७३, तत्तो ६७४, तत्तो ६७५, अणुव ६७६, तम्हा ६७७**

શિષ્ય છકાય અને છવ્રતોને સમજ્યો છે એમ જાણીને આચાર્ય શિષ્યને વડીદીક્ષા માટે પોતાને ડાબે પડખે રાખી એકેક વ્રત ત્રણ ત્રણ વખત ઉચ્ચરાવે પ્રદક્ષિણા કરાવે, સાધુઓને નિવેદન કરાવે, ગુરૂગુણે કરીને વૃદ્ધિ પામે એમ આશીર્વાદ આપે, અને સાધુની બે પ્રકારની અને સાધ્વીની ત્રણ પ્રકારની દિશા બાંધે, એ સંક્ષેપાર્થવાળી ગાથાનો વિસ્તારથી અર્થ કહે છે કે ઉદકાર્દ્ર એટલે સચિત્તપાણીથી ભીના હાથે ગોચરી લેવી વિગેરેની પરીક્ષાથી જીવને જાણવાવાળો અને હિંસાનો ત્યાગ કરનાર છે એમ માલમ પડે તો ચૈત્યવંદનઆદિ કરીને વ્રતો દે, તેમાં કાઉસ્સગ્ગ પણ કરે, ગુરૂ શિષ્યને ડાબે પડખે રાખીને આગળ જણાવીએ છીએ તેવી રીતે ઉપયોગવાળા છતાં એકેકે વ્રત ત્રણ ત્રણ વખત ઉચરાવે. શિષ્યે કોણીથી ચોળપટ્ટો ધારણ કરવો, ડાબા હાથની અનામિકામાં સરખી રહે તેમ મુહપત્તિ રાખવી અને હાથીના દાંત સરખા હાથવડે એટલે મસ્તકે બન્ને હાથ રહે તેવી રીતે રજોહરણ રાખવું, એવી રીતે ઉપસ્થાપના એટલે વડીદીક્ષા કરવી. પછી

શિષ્યો પ્રદક્ષિણા અને નિવેદન કરે, અને તે વખતે ગુરૂએ મોટા ગુણોએ વૃદ્ધિ પામ એમ આશીર્વાદ વચન કહેવું. આ સ્થાને ભવિષ્ય માટે બીજી પણ પરીક્ષા કહે છે.

શરીર નમાવીને અત્યંત ભાવનાવાળો એવો શિષ્ય જો સમવસરણમાં પોતાની મેળે ફરે તો તે શિષ્યને અને ગચ્છને બન્નેને જ્ઞાનાદિકની વૃદ્ધિ થાય ! સાધુને આચાર્ય ઉપાધ્યાય એવી બે દીક્ષાઓ અને સાધ્વીને આચાર્ય, ઉપાધ્યાય અને પ્રવર્તની એમ ત્રણ દિશા જાણવી. (દિશાબંધ દિગ્બંધ કરાય છે, તેનો અર્થ એવો છે કે તેઓની આજ્ઞામાંજ વર્ત્તવું) વડીદીક્ષાને દહાડે આંબેલ નીવી વિગેરે યથાયોગ્ય તપોપધાન કરાવવું, અને તે વડીદીક્ષા થયા પછી શિષ્યને માંડલીમાં પ્રવેશ કરાવવાનાં સાત આંબેલ જરૂર કરાવવાં. પછી પણ તે દીક્ષિતનો ભાવ જાણીને વિધિથી અનેક પ્રકારે ઉપદેશ કરવો, અને જો પરિણમેલો લાગે તોજ માંડલીમાં પ્રવેશ કરાવવો. નહિ પરિણામ પામેલાને માંડળીમાં પ્રવેશ કરાવવામાં આજ્ઞાવિરાધનાદિક દોષો જાણવા. જે શિષ્યની વડીદીક્ષા ન થઇ હોય તેમજ માંડલીના સાત આંબેલ ન કર્યાં હોય છતાં તેની સાથે જે કોઇ સાધુ ભોજનઆદિક વ્યવહાર કરે તે સાધુ મર્યાદાનો વિરાધક કહેલો છે. તેટલા માટે સંસારથી બચાવનાર ઉત્કૃષ્ટ એવી શાસનની મર્યાદા જાણીને પરિણમેલા શિષ્યનેજ મંડલીમાં યથાવિધિએ પેસાડવો. હવે તેને પાળવાના ઉપાયો કહે છેઃ-

**गुरु ६७८, जह ६७९, तह ६८०, जोगि ६८१, तह ६८२, सुस्सा ६८३, एमेव ६८४, एएसि ६८५, वित्तं ६८६, गुरु ६८७, तम्हा ६८८** ગુરુ[૧], ગચ્છ[૨], વસતિ[૩], સંસર્ગ[૪], ભકત[૫], ઉપકરણ[૬], તપ[૭], અને વિચારોમાં[૮], તેમજ ભાવના,[૯] વિહાર[૧૦], યતિકથા[૧૧], અને સ્થાનમાં[૧૨], વ્રતવાળો સાધુ પ્રયત્ન કરે અને એમ કરવાથી તે સાધુને નિરાબાધપણે વ્રતો પાળવાનું બને તે દ્વારોમાં જે પહેલું ગુરુદ્વાર કહ્યું છે તે જણાવે છે, જેમ કોઈક પ્રકારે ભાગ્યયોગે કોઇકને ઘણું દ્રવ્ય મળેલું હોય તો પણ તે શહેરનો સારો રાજા ન હોવાથી[૧]તેમજ દુષ્ટજનોમાં રહેવાનું થવાથી[૨] તથા લક્ષણરહિત ખરાબ પાડોશવાળા ઘરમાં રહેવાથી[૩] જુગારીઆદિની ખોટી સોબતથી[૪] જીવ વશમાં નહિં ટકવાના કારણથી વિરુદ્ધ ભોજન કરે તેથી[૫]લક્ષણરહિત ને નિન્દિત એવી વસ્ત્રાદિથી[૬], અજીર્ણમાં ભોજન કરવાથી[૭] ખરાબ વિચારોથી[૮] અશુભ પરિણામોથી[૯] અયોગ્યસ્થાને ફરવાથી[૧૦], વિરુદ્ધ વાતોથી [૧૧]પાપનો ઉદય થઇ જાય ને તેથી ધનવાનનું ધન લોકોમાં પ્રગટપણે નાશ પામે છે, અને સારા રાજા આદિનો યોગ હોય તો તેમના પ્રભાવથી તે આલોક અને પરલોકમાં સુખ દેનારૂં ધન થાય, અને તે નિર્મળ રીતે વધે છે. એવી રીતે ચારિત્રરૂપી ભાવદ્રવ્યને માટે પણ સમજવું, પણ ચારરિત્રના અધિકારમાં સુસ્વામી જન અને શુદ્ધ વર વિગેરે જાણવા, કેમકે વિશુદ્ધકાર્યોવાળા, ચારિત્રનું કારણ અને શાસ્ત્રવિધિ આરાધવામાં તત્પર એવા એ આચાર્યાદિના પ્રભાવથી નકકી ચારિત્ર વૃદ્ધિ પામે છે, જો કે ભાગ્યયોગે સુસ્વામી વિગેરે ન હોય તો પણ દ્રવ્યની વૃદ્ધિ કોઇકને થઈ પણ શકે, પણ આજ્ઞાના વિરાધન અને આરાધનથી અશુભ અને શુભ ફળ થવામાં તેમ કોઇપણ પ્રકારે અનેકાંતિકપણા માટે સંદેહ નથી. જે માટે આચાર્યઆદિકમાં પ્રયત્ન કરવો એવી ભગવાનની આજ્ઞા છે તેથી આચાર્યઆદિકના પ્રયત્નો નહિં કરવામાં દોષો છે,

અને પ્રયત્ન કરવામાંજ ગુણો છે, માટે નિર્મળપરિણામવાળો અને ચારિત્રનો અર્થી સાધુ તીર્થંકરની આજ્ઞાને આરાધતો ગુરુઆદિની આરાધનામાં વિધિથી જરૂર પ્રયત્ન કરે ॥ ગુરુદ્વારમાંજ વિશેષથી જણાવે છે કે—

गुरु ६८९, गुरु ६९०, बेया ६९१, अंतो ६१५, इअ ६९३ एवम् ६९४, ता ६९५,

શ્રીમત મનુષ્ય જેમ સારા રાજાને છોડે નહિ, તેમ હંમેશાં ગુણ થવાના સંજોગથી ચારિત્રધન રૂપી ફળને આપનાર ગુરુના ગુણવાળા એવા ગુરુને છોડવા નહિ ગુરુકુળવાસ કરવામાં સારૂં એવું ગુરુ મહારાજનું દર્શન મળે, મહાનુભાવ એવા ગુરુનો વિનય મળે, બીજા મુમુક્ષુઓને માર્ગનું ભાન થાય, દીક્ષા વખતે કરેલું જે આત્માનું સમર્પણ તે સફળ થાય, અપ્રતિપાતિ એવા પરમવૈયાવચ્ચનો લાભ થાય, ગુરૂમહારાજના બહુમાનદ્વારા ગૌતમઆદિના મહાપુરુષોમાં પણ બહુમાન થાય, તીર્થંકરમહારાજની આજ્ઞાનું પાલન થાય, શુદ્ધ એવા આજ્ઞાદિકની પ્રાપ્તિ થાય, આદરેલા મહાવ્રતોનું સફળપણું થાય, તે મહાવ્રતોના સફલપણાથી ઉત્કૃષ્ટો પરોપકાર પણ થાય, અને પ્રાયે નિર્મળ એવા એ આત્માને શિષ્ય સંપત્તિ પણ શુભ થાય, એવી રીતે શુદ્ધમાર્ગને પામેલો સાધુ જન્માંતરે પણ શુદ્ધમાર્ગને જરૂર પામે અને તેથી જરૂર શાશ્વત અવ્યાબાધ એવો મોક્ષ થાય, જે માટે એવી રીતે જે ગુરુકુળવાસ તે મોક્ષનું કારણ છે તે માટે ગૌતમસ્વામી વિગેરે તે ભવે મોક્ષે જનારા મહાપુરૂષોએ પણ તે ગુરુકુળવાસ સેવ્યો છે. માટે પોતાના સંસારીકુળને છોડીને કુલીન એવા સાધુ આચાર્યમહારાજની સેવાને જરૂર આદરે, પણ એમ નહિ કરવાથી બંને કુળનો ત્યાગ થાય છે અર્થાત્ સંસારિ કુલ છોડયું તેનું ફલ ન મળવાથી બન્ને કુલો છુટયાં, તે બન્ને કુલ છુટવાથી તે જરૂર અનર્થને પ્રાપ્ત થાય છે. હવે ગચ્છવાસથી થતા ફાયદા કયા છે તે કહેવા માટે જણાવે છેઃ–

गुरु ६९६, केसिं ६९७, एमेव ६९८, अण्णो ६९९, सारण ७००, सीसो ७०१, नणु ७०२, सच्च ७०३, मोत्तण ७०४ एवं ७०५,

ગુરુનો જે પરિવાર તે ગચ્છ કહેવાય, તે ગુરૂના સમુદાય રૂપ ગચ્છમાં રહેવાવાળાને દરેક પ્રકારના વિનયનો પ્રસંગ મળવાથી અત્યંત નિર્જરા થાય, તેમજ પરમકૃપાલુ આચાર્યાદિ મહાપુરૂષો તરફથી દોષના સ્મરણ આદિ થવાથી અજ્ઞાન અને પ્રમાદથી એક વખતે થઈ ગએલા દોષોની ફેર પ્રાપ્તિ થતી પણઅટકે, આચાર્યાદિકને વિષે મહાનુભાવોનો જે વિનય થતો હોય તે દેખીને નવદીક્ષિતો પણ તે વિનયને કરતાં શીખે, તથા કર્મક્ષયને કરાવનાર સુયોગોનો નાશ થતો હોય તો તે ભાગ્યશાળીઓ આચારને સંભારી પણ આપી અટકાવે તેમજ અહિતની પ્રવૃત્તિ થતી હોય તો તે ભાગ્યશાળીયો નિવારણ પણ કરે, તેમજ હિતકારી એવા સમ્યગ્દર્શનાદિ કાર્યોમાં પ્રેરણા પણ કરે, એવી રીતે ગુરૂના સમુદાયરૂપી ગચ્છમાં વાસ કરવાથી સ્વ અને પર બન્નેને ફળની પ્રાપ્તિ છે. માંહોમાંહેની અપેક્ષાએ પણ તે તે શુભકાર્યોમાં વર્તે તો પણ ગચ્છવાસી જરૂર મોક્ષ સાધનારો થાય છે, એમ છતાં પણ કોઇક ગચ્છને છોડી દેવાની પણ જરૂર પડે છે તે છોડવા લાયક ગચ્છ જણાવે છે. જે ગચ્છ સ્મારણઆદિ વિનાનો હોય, ગુરુના ગુણથી હીન હોય, એવા ગચ્છને સંસારી કુટુંબ છોડનારે

સાધુ સૂત્રની વિધિએ છોડી દે. શિષ્ય ગુરુભાઈ, કે એકગણવાળો એવોસાધુ તે કાંઈ સુગતિએ લઇ જતો નથી, પણ તેમાં જો જ્ઞાન દર્શન અને ચારિત્ર એ ત્રણ જે નિર્મળ છે તો તેજ સદ્ગતિનો માર્ગ છે, કોઇ કહેશે કે ગુરુપરિવાર તે ગચ્છ છે, તો ગુરુકુળવાસ કરનારને ગચ્છવાસ થઇજ જશે, અર્થાત્ ગચ્છવાસ જુદાં જણાવવાની જરૂર નથી. આવું કહે તેના ઉત્તરમાં જણાવે છે કે ગચ્છની જે રીતિ ઉચિત હોય તે રીતિએજ ગચ્છમાં રહેવું અને ગચ્છનીજ પ્રતિષ્ઠા જેવી રીતે વધે અને અન્ય સાધુને પણ ગચ્છવાસનું કારણ બને તેવી રીતે સાધુએ ગચ્છમાં રહેવું જોઇએ, એમ જણાવવા માટે ગચ્છવાસ ગુરૂકુલવાસથી જુદો કહેલો છે, કેમકે પરસ્પર ઉપકાર ન હોય ને ગુણાદિકનો પારમાર્થિક સંબંધ ન હોય તો તે ગચ્છવાસ કહેવાય તો પણ તે સ્વચ્છંદવાસજ છે, એવી રીતે સામાન્યથી શુદ્ધભાવ છતાંપણ હંમેશાં ગચ્છના સ્થવિરે આપેલા સંથારાઆદિના પરિભોગથી વસતિ વિગેરે દ્વારોમાં પણ આ ગચ્છવાસની માફક સફળતા જાણવી. હવે વસતિ (ઉપાશ્રય)નું સ્વરૂપ જણાવે છે.

**मूलु ७०६, पट्टि ७०७, वंसग ७०८, दूमिअ ७०९, चाउ ७१०, विह ७११,**

હંમેશાં સ્ત્રી, પશુ અને પંડકથી રહિત, તેમજ મૂળ અને ઉત્તરગુણોએ શુદ્ધ એવા સ્થાનોમાં સાધુઓએ રહેવું જોઈયે, નહિં તો વ્રતોમાં દોષ લાગે, મોભા તેના બે ટેકાઓ ચારે ખુણાની થાંભલીઓ, શુદ્ધ હોય તો તે વસતિ મૂળગુણે કરીને શુદ્ધ ગણાય, અને યથાકૃત કહેવાય. ભીતનાં દાંડાઓ વળીઓ, તાડછાં, ઢાંકણ, ભીંતોનું લીંપવું, દ્વારને સરખાં કરવાં, જમીન સરખી કરવી, એ બધાં કાર્યોવાળી વસતિ હોય તો તે સપરિકર્મ વસતિ કહેવાય, ભીંતનું ધોળવું, ધૂપ દેવો સુગંધિએ વાસિત કરવી, ઉદ્યોત કરવો, વસ્તુ માટે બળિ કરવો, જમીન લીંપવી, પાણી છાંટવું, અને કચરો દૂર કરવો, એ દોષો વિશોધીકોટિના છે. પૂર્વે જણાવેલી રીતિએ મહેલ વિગેરેમાં પણ મૂળ વિગેરે ગુણોનો વિભાગ જાણવો. તે મ્હેલઆદિ દોષોને સાક્ષાત્ નહિં કહેવાનું કારણ એ છે કે ઘણે ભાગે સમાપ્તકાર્યવાળા વિચરતા સાધુઓને ગામડામાં રહેવાનું હોય છે અને તેમાં ઉપાશ્રય મોભ વિગેરેવાળોજ હોય છે. માટે વસતિનું મૂળ ઉત્તર ગુણથી અશુદ્ધ જણાવતાં મોભ વિગેરે વિભાગ કર્યો. સામાન્યથી સ્થાનને અંગે દોષો જણાવ્યા હવે ઉપાશ્રયમાં મુનિયોના રહેવા તે અંગે ઉપાશ્રયના દોષો કહે છે.

**काला ७१२, उव ७१३, जावं ७१४, अत्तट्ठ ७१५, पासंड ७१६, जा ७१७, एत्थ ७१८, वय ७१९,** ઋતુબદ્ધ એટલે શીયાળા ઉન્હાલાના મળી આઠમાસમાં એક માસથી અધિક રહેવામાં આવે તોતે કાલાતિક્રાન્ત દોષ[1] મહિનાથી કે ચાર માસથી બમણો વખત છોડયા સિવાય તેજ મકાનમાં આવવું તે ઉપસ્થાન દોષ[2] બીજાઓએ વાપરેલા એવા સાધુ માટે કરેલા મકાનો તે અભિક્રાન્ત દોષવાળી વસતી[3] બીજાઓએ નહિં વાપરેલા તેવા મકાનમાં પ્રવેશ કરે તે અનભિક્રાન્ત નામે દોષવાળી વસતિ[4] ગૃહસ્થે પોતાને માટે કરેલું મકાન હોય તે સાધુને દઇને પછી પોતે નવું મકાન કરે તો તે પહેલાંનું મકાન વર્જ્ય નામે દોષવાળું છે, તે માટે વર્જ્યવસતિ[5] કોઇપણ ધર્મવાળા પાખંડીઓ માટે નવો આરંભ કરે તે મહાવર્જ્યા[6] નિર્ગ્રન્થ શાક્ય વગેરે જે શ્રમણો

પાંચ પ્રકારના છે, તે શ્રમણો માટે જે મિશ્રજાત સાવધ, અને જે નિર્ગ્રંથ સાધુ માટે કરે તે મહાસાવદ્ય૮ એ પૂર્વ કહેલા દોષોથી રહિત, ગૃહસ્થોએ પોતાને માટે કરાવેલી, તેમજ જેમાં સાધુ માટે સંસ્કાર પણ ન કરેલો હોય તે અલ્પક્રિયા વસતિ૯ પોતાના ઉપભોગને આશ્રીને કરાવેલી તે સ્વાર્થે કરાવેલી જાણવી અથવા જિનબિંબની પ્રતિષ્ઠા માટે વસતિ છે એમ જાણવી. વચનથી જે શુદ્ધપ્રવૃત્તિ તેજ અહીં સ્વાર્થ જાણવો. બીજાઓને ભાવપીડાનું કારણ હોય તો વસતિ અનર્થરૂપ જાણવી ॥ વસતિની ઉત્પત્તિ અને સ્થિતિને અંગે મૂલ ઉત્તર ગુણો અને દોષો જણાવી હવે આપાધિક-નિર્દોષતા માટે સ્ત્રીઆદિકે રહિતપણું જણાવે છેઃ-

**थी ७२०, ठाणं ७२१, ठाणे ७२२, चंक ७२३, जल्ल ७२४, गीया ७२५, गंभीर ७२६, एवं ७२७, पसु ७२८, तम्हा ७२९,**

જ્યાં સ્ત્રીઓનું રહેવું અને તેનાં ચિત્રામણો સ્વરૂપ રૂપ ન દેખાય, તેના શબ્દો ન સંભળાય અને સ્ત્રીઓ પણ પુરૂષના સ્થાન તથા રૂપ ન દેખે ને શબ્દ ન સાંભળે તે સ્ત્રીવર્જિત વસતિ કહેવાય. જ્યાં સ્ત્રીઓ ગુપ્તકથા એટલે પરસ્પર ક્રિયાની કથા તે વગેરે કરીને રહે તે સ્ત્રીઓનુ સ્થાન ગણવું. સ્થાન હોય ત્યાં રૂપ જરૂર હોય છે, અને શબ્દ તો દૂર હોવાથી ન પણ સંભળાય, માટે સ્થાન, રૂપ અને શબ્દ ત્રણે વર્જવાં. જો તે ત્રણે વસ્તુઓ સ્ત્રીસંબંધી ન વર્જે તો સાધુઓની બ્રહ્મચર્યની ગુપ્તિ નાશ પામે, લજ્જા ઉડી જાય, સ્ત્રીસાથે પ્રીતિ વધવા માંડે, સાધુઓનું આ જુઓ તપ અને જુઓ સાધુઓનો વનવાસ એમ કહીને લોકો ધર્મ અને સાધુની હાંસિ કરે, આચાર રહિત જાણીને આહાર આદિકનો નિષેધ પણ કરે, અને નવા તેમજ માર્ગાભિમુખ લોકો પણ ધર્મમાં ન જોડાવાથી શાસનમાં હાનિ થાય, વળી તેવા સ્ત્રીવાળાસ્થાનમાં સ્ત્રીઓનું ચાલવું, ઉભા રહેવું, ચેષ્ટા કરવી, કટાક્ષ કરવા, અને અનેક પ્રકારના શૃંગારો થાય તે દેખીને ભુક્તભોગી અને અભુક્તભોગી બંનેપ્રકારના સાધુને સ્મૃતિ આદિ દોષો થાય. સંસાર અવસ્થામાં જેમને ભોગો ભોગવ્યા હોય તે ભુકતભોગી કહેવાય, અને તે સિવાયના હોય તે અભુકતભોગી કહેવાય તેવીજ રીતે જલ્લ એટલે શરીરે પરસેવાથી લાગેલો મેલ અને ધુળઆદિ લાગવા રૂપ સામાન્ય જે મેલ, તે મેલે કરીને ભરેલા એવા સાધુઓના શરીરમાં અત્યારેઅત્યંત રૂપવાળી જો કાંતિ છે, તો ગૃહસ્થપણે તો તેઓની સેંકડોગુણી કાંતિ હશે. (એમ ચિંતવીને સ્ત્રીઓ રાગવાળી થાય, અને તેથી સાધુના બ્રહ્મચર્યનો નાશ થવા આદિ અનર્થ થાય.) સ્ત્રીઓના ગીતો વચનો, હાસ્ય મધુરવાણી, ઘરેણાનાં શબ્દો અને એકાંતની ક્રીડા વગેરેની વાતચીત સાંભળીને ભુકતભોગઆદિને પૂર્વોકત દોષો લાગે, તેવીજ રીતે જે સાધુઓનો સ્વાધ્યાય કરતી વખત, ગંભીર, મધુર, સ્પુટ સ્પષ્ટ અને સ્પષ્ટપણે વસ્તુને સમજાવનારો સારો મનોહર સ્વર છે, તેવા સાધુઓના ગાયનનો તો કેવો સ્વર હશે ? (એમ સ્ત્રી સાધુ ઉપર મોહ પામે, અને પછી રાગાદિ અનર્થ થાય) એવી રીતે ન જીતી શકાય એવા મોહનીયકર્મના દોષથી પરસ્પર દૃઢરાગ થાય, માટે સ્ત્રીવાળું સ્થાન સાધુઓએ વર્જવુંજ જોઈએ આ સંસારમાં મોહરૂપી દાવાનળમાં સળગી રહેલાઓને પશુ અને પંડક (નપુંસક) વાળા મકાનમાં પૂર્વભવના અભ્યાસથી પ્રાયે અશુભપ્રવૃતિ થાય છે, માટે સ્ત્રી પશુપંડકે કરીને રહિત એવા ઉપાશ્રયમાં નર્મળ અને

નિરિચ્છકભાવપણે સાધુ રહે. જો સાધુ આ જણાવેલાથી વિપરીતસ્થાનમાં રહે તો આજ્ઞાવિરાધનાદિક દોષો લાગે. વળી સંસર્ગદોષ વર્જવા માટે પાપમિત્રોનો સંગ છોડવા માટે કહે છે કેઃ—

**वज्जिज्ज ७३०, जो ७३१, सुचिरं ७३२, सुचिर ७३३, भावु ७३४, जीवो ७३५, अम्ब ७३६, संसग्गी ७३७,**

પાસત્થા વિગેરે પાપમિત્રોની સોબત કરવી નહિં, પણ ધીર અને શુદ્ધચારિત્રવાળા એવા પુરૂષોની અપ્રમત્તસાધુઓએ સોબત કરવી. જે માણસ જેવાની સાથે દોસ્તી કરે છે, તે માણસ થોડાકાળમાં તેના જેવો થાય છે. કુલની સાથે રહેવાવાળા તલ પણ કુલની ગંધવાળા થાય છે. માટે મોક્ષ–માર્ગના વિઘ્નરૂપ પાપમિત્રોની સોબત સર્વથા છોડવી. આ સ્થાને શંકા કરે છે કે વૈર્યમણિ કાચની સાથે ઘણાલાંબા કાળ સુધી રહે તો પણ પોતાનામાં શ્રેષ્ઠગુણો હોવાથી તે વૈડૂર્ય કોઇ દિવસ પણ કાચપણાને પામતો નથી. તેવીજ રીતે શેરડીના વાડામાં ઘણો લાંબો કાળ રહેલું નળથંભ ઝાડ હોય છે તે જો સંસર્ગથીજ દોષ ગુણો થતા હોય તો કેમ મીઠું થતું નથી ? એ શંકાના સમાધાનમાં જણાવે છે કે જગત્માં અન્યથી વાસિત થનારા અને વાસિત નહિં થનારા એવી રીતે બે પ્રકારનાં દ્રવ્યો છે, તેમાં વૈડૂર્ય અને નળથંભ એ બેના જેવાં અન્યપદાર્થથી ન વાસિત થાય તેવાં દ્રવ્યો હોય તે અવાસિતદ્રવ્ય કહેવાય છે. પણ શાશ્વતા કાલથી જીવ પ્રમાદઆદિક અશુભ ભાવનાએજ સંસારમાં વાસિત થએલો છે, તેથી તે સંસર્ગના દોષે જલદી વાસિત થઇ જાય છે, અર્થાત્ ગુણરહિત કે ક્ષાયોપશમિક ગુણવાળો જીવ અભાવુક દ્રવ્ય નથી, પણ અન્યથી વાસિત થનારા ભાવવાળો છે. જગત્માં આંબા અને લીમડાનાં મૂળ જો એકઠાં થઇ ગયાં હોય તો લીમડાના સંબંધે આંબો પણ લીમડાપણું એટલે મધુરતાના નાશને પામીને બગડી જાય છે, પાસત્થાઆદિની સાથે સોબત કરવાથી તે તેવા સારા સાધુને પણ દોષોમાં પડવાનું નિમિત્ત થાય છે, વળી તે પાસત્થાદિની દાક્ષિણ્યતાથી આધાકર્માદિની પ્રવૃત્તિ થવાથી આચાર રહિતપણું થાય છે. વળી અધમઆચારવાળા થવાથી લોકમાં પણ નિંદા થાય છે, પાસત્થાદિના પાપને સાધુના સંસર્ગથી બચાવ થાય છે અને તે મળવાથી સાધુને તે પાપની અનુમતિ થાય છે, તેમજ આજ્ઞાવિરાધનાદિક દોષો લાગે છે. હવે ભોજનનો વિધિ કહે છે.

**भत्तं ७३८ सोळस ७३९ तत्थु ७४० आहा ७४१ परि ७४२ सच्चित्तं ७४३ छद्दे ७४४ कम्मा ७४५ साहो ७४६ नीअ ७४७ पामिच्च ७४८ सग्गाम ७४९ मालो ७५० अणि ७५१ कम्मु ७५२.**

આધાકર્મઆદિ બેતાળીસ દોષોએ રહિત ભોજન હોય અને તે પણ આસંસારહિતપણે ખાવું જોઇએ. તે આધાકર્મઆદિમાં ઉદ્ગમ વિગેરે બેતાળીસ દોષો આવી રીતે જાણવા. આધાકર્મ વિગેરે ઉદ્ગમના સોળ દોષો, ધાત્રી વિગેરે ઉત્પાદનાના સોળ દોષો, અને શંકિત વિગેરે એષણાના દશ દોષો એ ત્રણ મળીને ભોજનના બેતાળીસ દોષો થાય. તેમાં ઉદ્ગમ, પ્રસૂતિ, પ્રભવ એ વિગેરે એકાર્થવાચક શબ્દો છે. અને અહીં પિંડના ઉદ્ગમનો અધિકાર છે, તેના સોળ ભેદો આ પ્રમાણે છેઃ આધાકર્મ[1], ઔદ્દેશિક[2], પૂતકર્મ[3], મિશ્ર[4], સ્થાપના[5], પ્રાભૃતિકા[6], પ્રાદુષ્કરણ[7], ક્રીત[8], અપમિત્ય[9], પરિવર્તિત[10],

અભ્યાહૃત[૧૧], ઉદ્દભિન્ન[૧૨], માલાહૃત[૧૩], આચ્છિન્ન[૧૪], અનિસૃષ્ટ[૧૫], અધ્યવપૂરક[૧૬], એ પિંડોદ્દગમના સોળ દોષો છે હવે તે અનુક્રમે જણાવે છેઃ

સાધુને માટે સચિત્તનું જે અચિત્ત કરવામાં આવે અથવા તો અચિત્તને પણ રાંધવામાં આવે તે આધાકર્મી કહેવાય. [૧] સાધુઆદિને ઉદ્દેશીને દુષ્કાળ પછી જે ભિક્ષાઓ દેવી અથવા બચેલું ભોજન બીજા સાથે ભેળવીને તપાવીને જે દેવું તે ઔદ્દેશિક કહેવાય [૨] આધાકર્મીના એક પણ અંશે સહિત જે બીજું શુદ્ધ ભોજન હોય તે પૂતિકર્મ[૩] ગ્રહસ્થ અને સાધુને માટે પહેલાંથી ભેળું રાંધવું તે મિશ્ર કહેવાય [૪] સાધુએ માગેલા દૂધ આદિને દેવા થાપી રાખવું તે સ્થાપના [૫] સાધુને માટે સુક્ષ્મ કે સ્થૂળપણે વિવાહ આદિ અવસરનું આઘાપાછાપણું કરવું તો પ્રાભૃતિકા દોષ કહેવાય [૬], નીચા બારણાવાળું ઘર અને અંધારાવાળા મકાનમાં ગોખલા વિગેરે જે કરવા તે પ્રાદુષ્કરણ દોષકહેવાય [૭], દ્રવ્યાદિકે કરીને સાધુ માટે વેચાતી લાવે તે ક્રીત[૮], સાધુ માટે ઉછીનું લઈને આપે તે અપમિત્ય[૯], ગોરસ વિગેરે પલટાવીને આપે તે પરિવાર્તત [૧૦] સ્વગ્રામ કે પરગ્રામથી લાવીને જે આપે તે આહૃતદોષ[૧૧], છાણ આદિથી લીપેલાંને ઉખેડીને આપે તે ઉદ્દભિન્ન દોષ[૧૨] માલ વિગેરેથી ઉતારીને આપે તે માલાપહૃતદોષ [૧૩] ચાકર પાસેથી છીનવીને માલિક આપે તે આચ્છિદ્યદોષજ[૧૪] સમુદાયના સામાન્ય ભોજનમાંથી એક જણ આપે તે અનિસૃષ્ટ દોષ[૧૫] પોતાને માટે રાંધવા માંડેલામાં સાધુ માટે નવું નાંખે તે અધ્યવપૂરકદોષ [૧૬] એ સોળ ઉદગમના દોષો ગૃહસ્થથી પ્રાયે થાય છે. એ સોળ ઉદ્દગમ દોષોમાં આધાકર્મી[૧] ઔદ્દેશિકના પાખંડી શ્રમણ અને નિર્ગ્રંથ એ ત્રણ સંબંધી જે સમુદ્દેશાદિદોષો[૨] પૂતિકર્મ[૩] મિશ્ર[૪] બાદરપ્રાભૃતિકા[૫]અને અધ્યવપૂરક[૬]એ ઉદ્ધરી શકાય નહિ એટલે અવિશોધિ તેવા દોષો જાણવા. હવે સોળ ઉત્પાદનદોષ. કહે છે—

उप्पा ७५३ धाई ७५४ पुव्विं ७५५ धाइ ७५३ जो ७५७ कोह ७५८ अति ७५९ गब्भ ७५०

ઉત્પાદન, સંપાદન અને નિર્વર્તન એ ઉત્પાદનના એકાર્થક શબ્દો છે. અહીં આહારસંબંધી ઉત્પાદનાનો અધિકાર છે, તેના સોળ દોષો આવી રીતે છે.

ધાત્રી[૧] દૂતી[૨] નિમિત્ત[૩] આજીવ[૪] વનીપક[૫] ચિકિત્સા[૬] ક્રોધ[૭] માન[૮] માયા[૯] લોભ[૧૦] પૂર્વ-પશ્ચાત્‌સંસ્તવ[૧૧] વિદ્યા[૧૨] મંત્ર[૧૩] ચૂર્ણ[૧૪] યોગ[૧૫] અને ઉત્પાદનાનો મૂળકર્મ નામે[૧૬] સોળમો દોષ છે. તે દોષો અનુક્રમે કહે છે. ભોજન માટે છોકરાંને રમાડવાઆદિદ્વારાએ ધાઇમાતાપણું કરે[૧] તેવી રીતે તે માટે સંદેશા લાવવા લઈ જવાથી દૂતિપણું કરે[૨] અતીતઆદિ કાલનું નિમિત્ત કહે[૩] તેમજ આહારાદિ માટે પોતાની જાતિઆદિક જાહેર કરે[૪] જે દાતા જેનો ભક્ત હોય તેની આગલ તેની પ્રશંસા કરે[૫] મૂર્ખ સાધુ આહારને માટે સૂક્ષ્મ કે બાદર વૈદક કરે[૬] ક્રોધના ફળની સંભાવના કરવાથી પિંડ લેવા તૈયાર થાય તે ક્રોધપિંડ [૭] પિંડ લેવા માટે ગૃહસ્થીને અભિમાન કરાવે તે માનપિંડ[૮] માયાથી દેવડાવે તે માયાપિંડ[૯] અત્યંતલોભથી ઘણું ભટકે તે લોભ પિંડ[૧૦] માબાપ કે સાસુસસરાના સંબંધો આહારને માટે કહે તે પૂર્વસંસ્તવ અને પશ્ચાત્‌સંસ્તવ[૧૧] તેમજ આહાર માટે વિદ્યા મંત્ર, ચૂર્ણ કે યોગનો પ્રયોગ કરે તે વિદ્યાઆદિક નામના પિંડદોષો જાણવા.

૨, ,૧૪,૧૫, પિંડને માટે ગર્ભનું પરિશાટન વિગેરે કરે તે મૂળકર્મ દોષ ૧૬, એ સોળ ઉત્પાદના દોષો સાધુથી થાય છે, હવે એષણાના દોષો કહે છે.

**एसण ७६१, संकिय ७६५, कम्माइ ७६३, मत्तग ७६४, अपरि ७६५,**

એષણા, ગવેષણા, અન્વેષણા અને ગ્રહણ એ એષણાના એકાર્થક શબ્દો છે. અહીં આહારની એષણાનો અધિકાર છે. તેના દશ દોષો છે. શંકિત મ્રક્ષિત નિક્ષિપ્ત[3] પિહિત[4] સંહૃત[5] દાયક[6] ઉન્મિશ્ર[7] અપરિણત[8] લિપ્ત[9] અને છર્દિત[10] એ દશ એષણાના દોષો છે. આધાકર્મ વિગેરે દોષોની જે આહારાદિકમાં શંકા થાય તે શંકિત[1] સચિત પાણી આદિ પદાર્થોથી જે સહિત હોય તે મ્રક્ષિત[2] સચિત્તમાં નાંખેલું હોય તે જો લેવામાં આવેતો નિક્ષિપ્ત દોષ[3] ફળાદિકે જે અશનાદિ ઢાંકેલું હોય તે જો લેતો પિહિત દોષ ન દેવાની ચીજ સચિત્ત પૃથ્વીવિગેરેમાં નાંખીને પછી તે ભાજનથી આપે તે સંહૃત અયોગ્ય એવા બાલાદિક જે ભિક્ષા આપે તે દાયકદોષ[6] બીજઆદિકે સહિત જે આહાર આપે તે ઉન્મિશ્ર દોષવાળા[7] દેવાનું અશનાદિ દ્રવ્ય સચિત્ત હોય અથવા બેની માલીકીવાળા દ્રવ્યમાં એકનો દાનપરિણામ ન હોય તો અપરિણત દોષ[8] ચરબીઆદિકે લીપાંએલું તે લિપ્ત[9] અને ઢોળતાં ઢોળતાં દે તે છર્દિત દોષ[10] એ દશ એષણાના દોષો જાણવા હવે બેતાળીસ દોષોનો ઉપસંહર કરી પાંચ માંડળીના દોષો જણાવે છે:—

**एवं ७६६ संजो ७६७ बत्ती ७६८.**

એવી રીતે બેતાળીસ દોષો ગૃહસ્થ સાધુ અને બંનેથી થવાવાળા છે, અને માંડળીના તો સંયોજન વિગેરે પાંચ દોષો આ પ્રમાણે છે, સંયોજના[1], પ્રમાણ[2], અંગાર[3], ધૂમ[4] અને કારણ[5], એ પાંચ માંડળીના દોષો છે. તેમાં ઉપકરણો કે ભાતપાણીમાં ઉપાશ્રયની બહાર કે ઉપાશ્રયની અંદર સંયોગ કરવો તે સંયોજના દોષ ૧ બત્રીસ કોળીઆથી અધિક ખાવું તે પ્રમાણ દોષ૨ વખાણીને ભોજન કરવું તે અંગાર દોષ૩ નિંદા કરીને ભોજન કરવું તે ધૂમ દોષ૪ વેયાવચ્ચ વિગેરે કારણ વગર ભોજન કરવું તે કારણ દોષ૫॥ એવી રીતે અવિધિમાં દોષ લાગે છે હવે ઉપકરણ નામના દ્વારનું નિરૂપણ કરે છે.

**उव ७६९, दुविहं ७७०, जिणा ७७१, पत्तं ७७५, तिण्णे ७७३, बारस ७७४, बिअ ७७५, रय ७७६, तिण्णे ७७७, पत्तग ७७८, एए ७७९, पत्तं ७८०, एए ७८१, उग्गह ७८२, ओक ७८३, एसो ७८४, उक्को ७८५, तिन्नेव ७८६, पट ७८७, उक्को ७८८, तिण्णेव ७८९, पत्ता ७९०, मुह ७९१ तिन्नि ७९५ इण ७९३ उक्कोस ७९४, एयं ७९५, वेआ ७९६, दिज्जो ७९७, पत्ता ७९८, पत्तग ७९९, रय ८००, पाय ८०१, जेहि ८०२, गिम्हा ८०३, ८०४,८०५, अट्ठा ८०६, पुक्ख ८०७, माणं ८०८ मूसग ८०९, छक्काय ८१०, अतरंत ८११, कप्पा ८१२, तण ८१३, बत्ती ८१४, आया ८१५, चउ ८१६, संपा ८१७, जो ८१८, सूवो ८१९, आय ८२०, दुगुणो ८२१, वेउव्व ८२२, पत्ताई ८२३, कमढ ८२४, अह ८२५, पट्टोवि ८२६, अद्धो ८२७, अंतो ८२८, छाए ७२९, वेक**

**८३० दोसि ८३१, खंधे ८३२, संघा ८३३, पीढग ८३४ वास ८३५, चम्म ८३६, अक्खग ८३७ ओहेण ८३८ मुच्छा ८३९**

વસ્ત્રપાત્ર વિગેરે ઉપકરણો તેવાં ધારણ કરવાં કે જેથી આત્માને તે ઉપકરણ ઉપર રાગ પણ ન થાય અને તેના મલિનઅાંદપણાથી લોકોમાં નિંદા પણ ન થાય, અને તે પણ પડિલેહણા આદિવિધિથી અને પ્રમાણસર રાખવાં. તેમાં ગણત્રી અને માને કરીને ઉપધિનું પ્રમાણ બે પ્રકારે છે. તેમાં જીનકલ્પીઆદિને માટે સૂત્રમાં આવી રીતે ગણત્રી કહી છેઃ જીનકલ્પીને બાર ઉપકરણ, સ્થવિરકલ્પીને ચૌદ ઉપકરણ અને સાધ્વીઓને પચીસ ઉપકરણ હોય છે. એ ઔધિક ઉપકારણ કહેવાય છે અને તેનાથી વધારે હોય તે આપગ્રહિક ઉપકરણ કહેવાય છે. પાત્ર [1], ઝોળી [2], પાત્રસ્થાપન (નીચેના ગુચ્છા) [3], પૂજણી [4], પડલા [5], રજસ્રાણ એટલે અંતરપટ અને ગુચ્છા ઉપર રાખવાના ગુચ્છા એ સાત પાત્રનાં ઉપકરણો કહેવાય. ત્રણ કપડા[10] ઓઘો [11] અને મુહપત્તિ[1] એ બાર પ્રકારનો જિનકલ્પીને ઉપધિ હોય છે. જિનકલ્પીને એ બાર પ્રકારનો ઉત્કૃષ્ટ ઉપધિ જાણવો, પણ બધા જિનકલ્પીઓને એમ બાર પ્રકારની ઉપધિ હોયજ તેમ નિયમ નથી, કારણ કે **નિશીથ ભાષ્ય**માં કહ્યું છે કે: બે, ત્રણ, ચાર, પાંચ, નવ, દશ, અગીઆર અને બાર એવા આઠ વિકલ્પો જિનકલ્પીને ઉપધિને વિષે છે. ઓઘો અને મુહપત્તિ એ બે હોય, એક કપડું તેની સાથે હોય તો ત્રણ, બે કપડાં સાથે હોય તો ચાર, ત્રણ કપડાં સાથે હોય તો પાંચ, કરપાત્રી જિનકલ્પીને આ પાંચ પ્રકારનો ઉપધિ હોય છે. કરપાત્રી તેજ જિનકલ્પીક બને કે જેના ખોબામાં હજારો ઘડાનું પાણી અથવા બધા દરીયાનું પાણી માઈ જાય, અર્થાત્ ઉપર શિખા વધે, પણ એક બિંદુ સરખું જમીન ઉપર ન પડે, પાત્રધારી જિનકલ્પીને નવઆદિ ઉપધિના ભેદો હોય છે. યાવત્ પૂર્વે કહેલી બાર પ્રકારની ઉપધિ તેમને હોવાથી જિનકલ્પીને ઉત્કૃષ્ટથી બારે પ્રકારે ઉપધિ હોય છે. એ બાર પ્રકારની ઉપધિમાં માત્રક અને ચોળપટ્ટો વધારવાથી સ્થવિરકલ્પીને ચૌદ પ્રકારે ઉપધિ થાય છે. સાધ્વીઓને પાત્ર વિગેરે પૂર્વે કહેલાં સાત પાત્રનાં અને બાકીનાં કપડાઆદિ સાત એમ ચૌદ તો સ્થવિરકલ્પીના જેવાંજ ઉપકરણો હોય છે, પણ સાધ્વીઓને ચૌદમું પાત્રની જગો પર કમઢગ હોય છે. વળી અવગ્રહાનંતક [15], પટ્ટ[16], અર્ધોરૂક[17], ચલનિકા[18], અભ્યંતરનિવસની[19], બાહ્યનિવસની[20], કંચૂક[21], ઉત્કક્ષિકા[22], વૈકક્ષિકા[23], સંઘાટી [24], અને સ્કંધકરણી[25], એવી રીતે અગ્યાર ઉપકરણો સાધ્વીઓ વધારે હોવાથી સાધ્વીઓને ઓઘોપધિને પચીસ ભેદે હોય છે. સર્વજિનકલ્પીઆદિને પૂર્વે કહેલો ઉપધિ પ્રાયશ્ચિત્તઆદિના પ્રસંગમાં ઉત્કૃષ્ટાદિક ત્રણ ભેદે હોય છે. ચારપ્રકારનો ઉપધિ ઉત્કૃષ્ટો, ચારપ્રકારે અને છપ્રકારે મધ્યમ, અને ચારપ્રકારે જઘન્ય જિનકલ્પી અને સ્થવિરકલ્પીને ઉપધિ હોય છે તે બતાવે છે. ત્રણ કપડાં[3] અને પાત્ર[4] એ ઉત્કૃષ્ટ, ગુચ્છા[1] પાત્રસ્થાપન[2] મુહપત્તિ[3] અને ચરવલી[4] એ જઘન્ય ઉપધિ, પડલા,[1] રજસ્રાણ,[2] અને ઓઘો[3] અને ચરવલી[4] એ જિનકલ્પીઓને ચાર પ્રકારનો મધ્યમ ઉપધિ, પણ સ્થવિરકલ્પીઓને ચોળપટ્ટો અને માત્રક સહિત ગણવાથી છપ્રકારનો મધ્યમ ઉપધિ જાણવો. સાધ્વીઓને ઉત્કૃષ્ટ આઠ પ્રકારનો ઉપધિ, મધ્યમ તેરપ્રકારનો ઉપધિ અને જઘન્ય ચારપ્રકારનો ઉપધિ જાણવો.

ઉત્કૃષ્ટઉપધિમાં ત્રણ કપડાં , અભ્યંતરનિવસની,[4] બાહ્યનિવસની[5] સંઘાટિકા[6] સ્કંધકરણી[7] અને પાત્ર[8] એ આઠ જાણવાં. ઝોળી[1] પડલા[2] ઓઘો[3] માત્રક[4] કમઠક[5] રજસ્રાણ[6] અવગ્રહાનંતક[7] પટ્ટ અર્ધોરૂ[9] ચલણીકા[10] ઉત્કક્ષિકા[11] કંચુક અને વૈકક્ષિકા[13] એ તેરપ્રકારનો સાધ્વીને મધ્યમ ઉપધિ જાણવો. મુહપત્તિ[1] ચરવળી[2] પાત્રસ્થાપન[3] અને ગુચ્છા[4] એ ચારપ્રકારે સાધ્વીનો જઘન્ય ઉપધિ જાણવો ॥ એવી રીતે જિનકલ્પી સ્થવિરકલ્પી અને સાધ્વીઓને ઉપધિનું માન અને ઉત્કૃષ્ટાદિ ભેદો જણાવી હવે ઉપકરણનું માન જણાવે છે.

પાત્રાનું મધ્યમપ્રમાણ પરિધિથી ત્રણ વેંત ને ચાર આંગળનું જાણવું. એનાથી ઓછું હોય તે જઘન્ય અને વધારે હોય તે ઉત્કૃષ્ટ પાત્ર જાણવું. કાલવિશેષ જે જ્યેષ્ઠમાસ તેના પ્રમાણથી બનેલું અને પોતાના આહારની અપેક્ષાવાળું એટલે પેટની અપેક્ષાએ પાત્ર, બીજું પણ આ પાત્રનું માપ છે. જેઠમહીનામાં બે ગાઉથી આવેલો સાધુ જેટલું વાપરે તેટલો આહાર ભરતાં પાત્ર ચાર આંગળ ઓછું રહેવું જોઇએ. અપવાદપદે જંગલ, દુષ્કાલ, અને ઘેરા વિગેરેમાં મ્હોટું પણ પાત્ર રખાય અથવા આચાર્યઆદિના વેયાવચ્ચને કરનારો ઔપગ્રહિક એવા નંદીભાજનને ધારણ કરે, પણ તે વેયાવચ્ચકરનારોજ રાખે, બાકીના સાધુઓ તો પ્રમાણયુક્તજ પાત્ર રાખે, પણ તે નંદી-ભાજનનો ઉપયોગ શહેરના ઘેરા વિગેરેની સ્થિતિમાં કોઈક ઋદ્ધિમાન શેઠ ભાજન ભરીને આપતો હોય ત્યાંજ થાય. બાકીના વખતમાં તેનો ઉપયોગ કરવાનો નિષેધ છે. ભાજનના પ્રમાણે ઝોળી એવી રીતે કરવી કે ગાંઠ દીધા પછી ચારે ખુણા ચાર ચાર આંગળ રહે. પાત્રસ્થાપન અને ગુચ્છો તેમજ ચરવળી. એ ત્રણેનું પ્રમાણ એક વેંતને ચાર આંગળ જાણવું. સચિત્તરજ વિગેરેના રક્ષણ માટે ઝોળી અને પાત્રસ્થાપન હોય છે. ભાજનના વસ્ત્રને પ્રમાર્જન કરવા માટે ગુચ્છો, પાત્ર પ્રમાર્જન માટે ચરવળી હોય છે. પડલાનું સ્વરૂપ અને માન વિગેરે હમણાં કહું છું જે પડલામાંથી સૂર્ય ન દેખાય તેવા કેલણના પાંદડાં જેવા હલકા ત્રણ, પાંચ અગર સાત પડલા હોય છે. ઉનાળામાં ત્રણ, શિયાળામાં ચાર, અને વર્ષાઋતુમાં ઉત્કૃષ્ટ પાંચ પડલા હોય છે, હવે મધ્યમ રીતિએ પડલાનું પ્રમાણ કહું છું: ઉનાળામાં ચાર, શિયાળાસાં પાંચ અને ચોમાસામાં છ એ મધ્યમ પ્રમાણ છે. હવે પડલાનુંજ જઘન્ય માન કહું છું: ઉનાળામાં પાંચ, શિયાળામાં છ, અને ચોમાસામાં સાત હોય છે. ત્રણે ઋતુઓમાં પડલા પાત્રાં ઉપર ઢંકાય છે. અઢીહાથ લાંબા છત્રીસ આંગળ પહોળા પડલા જોઇએ. અથવા તો પાત્રાં અને પોતાના શરીરને લાયક પડલા જોઇએ. પુષ્પ, ફળ, પાણી, રજ, રેણુ, ને કાકઆદિની વિષ્ટાના રક્ષણ માટે તેમજ ચિહ્નના ઢાંકવામાં અને વેદોદય છુપાવવામાં પણ પડલા ઉપયોગી થાય છે. ભાજનની ચારેબાજુ વીંટાઈને ભાજનમાં ચાર ચાર આંગળ જાય એ રજસ્રાણનું પ્રમાણ છે. ઉનાળાવિગેરેમાં ઉંદરની રજના સમૂહનું ને ચોમાસામાં અવશ્યાય (સ્નેહ) અને રજનું રક્ષણ થાય એ રજસ્રાણના ગુણો જિનેશ્વરે કહેલા છે. જિનેશ્વરોએ છકાયની રક્ષા માટે પાત્રાં રાખવાનું કહ્યું છે. જે ગુણો મંડલીના ભોજનમાં છે, તેજ ગુણો પાત્રના ગ્રહણમાં છે. ગ્લાન, બાળ, વૃદ્ધ, નવદીક્ષિત, પ્રાઘૂર્ણક અને આચાર્ય વિગેરે ગુરુ અને ભૂખ તથા તરસને નહિ સહન કરે તેવા સાધુને આશ્રીને સાધારણ અવગ્રહ માટે તેમજ લબ્ધિરહિત

સાધુ માટે પાત્રગ્રહણ કહેલું છે. કપડા સ્થવિરોને અધિક અથવા આત્મપ્રમાણ હોય છે. તે અઢી હાથ લાંબા હોય છે, તેમાં બે સુતરના અને ત્રીજો ઊનનો કપડો જાણવો. ઘાસનું લેવું, અગ્નિનું નિવારણ, ધર્મશુક્લધ્યાનની વૃદ્ધિ, ગ્લાન અને મૃતકને ઢાંકવું, એ પ્રયોજન માટે કપડાં રાખવાનાં ભગવાને કહ્યાં છે. બત્રીસ આંગળનો લાંબો ઓઘો હોય, તેની દાંડી ચોવીસ આંગળની હોય. બાકીના આઠ આંગળ દશીઓનું માન હોવાથી ઓઘાનું પ્રમાણ બરોબર બત્રીસ આંગલ થાય છે. લેવામાં, મુકવામાં, ઉભા રહેવામાં, બેસવામાં, સુવામાં અને અંગોપાંગ સંકોચવામાં, પહેલાં પ્રમાર્જન કરવા માટે અને સાધુપણાના ભાન માટે રજોહરણ હોય છે. એક વેંતને ચાર આંગળ પ્રમાણ મુહપત્તિ હોય છે. મુખના પ્રમાણે પણ મુહપત્તિ હોય છે. સંપાતિમજીવો (જેમ મક્ષિકાદિ) અને રજરેણુના પ્રમાર્જન માટે મુહપત્તિ કહેલી છે, તે મુહપત્તિથી વસતિ પ્રમાર્જન કરતાં, નાસિકા અને મુખ બંધાય છે (નાકના હરસ હોય તો સ્થંડિલ જતાં પણ બાંધવી.) મગધદેશના પ્રસ્થ જેટલું અગર તેથી અધિક એવું માત્રકનું પ્રમાણ છે. શિયાળા, ઉનાળા ને ચોમાસામાં વૈયાવચ્ચ કરનારો આચાર્યાદિકને લાયક વસ્તુ એમાં ગ્રહણ કરે, ગોચરીનો સંકોચ હોય તો બધા સંઘાડાવાળા રાખે. ચોમાસામાં સંસક્તિ દોષવાળા આહારના પરિહાર માટે પણ તેનો અધિકાર છે. બે ગાઉથી આવેલો સાધુ એક ઠેકાણે બેસીને જેટલા દાળભાત ખાય તે માત્રકનું પ્રમાણ છે. આચાર્ય ગ્લાન, પ્રાઘૂર્ણક, ઘૃતાદિની દુર્લભતા ગોચરી ઓછી મળવી, ભાતપાણીમાં સંસક્તિ થવી એટલાં કારણે અને ચોમાસામાં માત્રકનો ઉપયોગ કરવાનો છે. સ્થવિરને પાતળો, બે હાથનો, અને જુવાનને ચાર હાથનો ચોળપટ્ટો હોય છે. વેદઉદયમાં વાયરાથી ચિન્હના ફૂલવામાં, લજ્જામાં, અને વૃદ્ધઇંદ્રિયવાળામાં ઉપકારને માટે અને વેદોદય નિવારણ માટે ચોળપટ્ટો કહેલો છે. સાધ્વીઓને પેટના પ્રમાણે કમઢકનું માણ પ્રજાણવું, જાતિસ્વભાવથી તેઓની તુચ્છતા હોવાથી હંમેશાં તે રાખવું જોઇએ. નાવડીના આકારે, સ્વરૂપ અને મનથી ગુહ્યભાગની રક્ષા માટે અવગ્રહાનંતક નામનું ઉપકરણ કહેલું છે, એ અવગ્રહાનંતક સજ્જડ કે સુંવાળો શરીરની અપેક્ષાએ જાણવો અવગ્રહાનંતકને ઢાંકતો મલ્લકચ્છની માફક કેડે બંધાય તેવો શરીરપ્રમાણે પટ્ટક જાણવો તે અવગ્રહાનંતક અને પટ્ટક બંનેને ઢાંકીને કેડના ભાગને ઢાંકે એવો અર્ધોરૂક હોય છે, નાટકણીની માફક નહિ સીવેલી, ઢીંચણ જેટલીજ ચલણિકા હોય છે, કેડથી અર્ધી સાથળ ઢંકાય એવી અંતરનિવસની શરીરની સાથે સજ્જડ હોય છે. કેડે દોરાથી બાંધતાં ઢીંચણ ઢંકાય તેવી બાહ્યનિવસની હોય છે. વગર સીવેલો શિથિલ અને સ્તનને ઢાંકનારો કંચુક હોય છે. જમણે પડખે ઉત્કક્ષિકા હોય છે. વૈકક્ષિકાનો પટ્ટ વળી કંચુક અને ઉત્કક્ષિકાને ઢાંકનારો હોય છે. સાધ્વીઓને સંઘાટીઓ ચાર હોય છે. તેમાં ઉપાશ્રયમાં બે હાથની, ગોચરી માટે અને સ્થંડિલ માટે ત્રણ ત્રણ હાથની અને વ્યાખ્યાનમાં નહિ બેઠાં થકાં બરોબર જેનાથી શરીર ઢંકાય એમાં અને કોમળ તથા છિદ્રવગરની એવી ચાર હાથની એક સંઘાડી હોય છે.

વાયરાથી ખસી ન જાય માટે ચાર હાથની સ્કંધકરણી હોય છે અને રૂપવાળી સાધ્વીને કદરૂપાપણા માટે કુબ્જકરણી પણ કરાય છે. આ બધો સાધ્વીનો ઉપધિ સંક્ષેપથી પડખે બાંધેલો.

છિદ્ર વગરનો હોવા સાથે સાંધેલો કે વગર સાંધેલો પણ હોય છે, અથવા તો અહીં જે જે ગચ્છ-વિશેષે ઉપધિ સંબંધી આચરણા છે તે જાણી લેવી. હવે ઔપગ્રહિક ઉપાધિ કહે છે. બાજોઠ, આસન, દાંડો, દંડાસન, લોઢાનું ઘટ્ટક, સોય, નરણી, કાન, અને દાંત શો ધવાની કડછી, એ જઘન્ય ઔપગ્રહિક છે. કાંબલી, સૂત્ર, તાડપત્ર, પલાશપત્ર, ને શીર્ષક એ પાંચ પ્રકારનાં વર્ષાત્રાણ, પાંચ-પ્રકારના પડદા તથા બે પ્રકારના સંથારા, પાંચ જાતના દાંડા, પ્રશ્રવણ, સ્થંડિલ, અને શ્લેષ્મની કુંડીઓ, પાદલેખનિકા, ત્રણ પ્રકારનાં ચર્મ, સંથારો અને ઉત્તરપટ્ટો એ સર્વ સ્થવિરકલ્પીની મધ્યમ ઔપગ્રાહિક ઉપધિ છે. અને સાધ્વીઓને પાણી રાખવા માટે વારક ઉપધિ વધારે જાણવો. સ્થાપના-ચાર્ય, એક કે અનેક ભાગવાળો ઉત્કૃષ્ટ સંથારો, પાંચપ્રકારનાં પુસ્તકો પાટી કે સમવસરણનું પાટીઉ એ ઉત્કૃષ્ટ ઉપધિ છે. સામાન્ય જેનું ગ્રહણ હમેશ થાય પણ ઉપભોગ કારણ પડયેજ થાય તે ઓઘોપધિ કહેવાય, અને જેનું ગ્રહણ અને ઉપભોગ બન્ને કારણસર થાય તે ઔપગ્રહિક ઉપધિ કહેવાય પ્રમાણ અને વાપરવાની યતનાથી એ બધો ઉપધિ મમતા રહિતોને સુંદર રીતે ચારિ-ત્રને સાધનાર કહ્યા છે. નહિંતર તો અહીં પણ આજ્ઞા વિરાધનાઆદિક દોષો જાણવા ॥ હવે તપોવિધાનનામનું દ્વાર કહે છેઃ—

**कायव्वं ८४०, तित्थ ८४१, किं पुण ८४२, वय ८४३, सुह ८४४, अण ८४५, पाय ८४६ नो ८४७, चिअ ८४८, सह ८४९, तम्हा, ८५०, सिअ ८५१, तुल्ल ८५२, ता ८५३, पढि ८५४, एअं ८५५, एएण ८५६, जं ८५७, खंताइ ८५८, णय ८५९, जे केइ८६० न कया ८६१ कुसला ८६२ अल ८६३ अडिमं ८६४** બુદ્ધિશાળીઓએ પરિણામે અત્યંત સારૂં અને જિનેશ્વરમહારાજે આચરેલું એવું તપનું અનુષ્ઠાન સુત્રમાં કહેલા વિધિએ શક્તિ પ્રમાણે અવશ્ય કરવું જોઇએ. વિચાર કરવો જરૂરી છે કે જ્યારે દેવતાઓએ પૂજેલા અને ચાર જ્ઞાનવાળા હોવા સાથે તેજ ભવમાં અવશ્ય મોક્ષે જનારા એવા તીર્થં-કર ભગવામો બલ અને વીર્યને ગોપવ્યા સિવાય અનશનઆદિ તપમાં ઉદ્યમ કરે છે. તો પછી બાકીના સાધુઓએ અનિત્ય એવા આ મનુષ્યપણામાં દુઃખક્ષયનેમાટે સમર્થ એવા તપના આચરણમાં કેમ ઉદ્યમ ન કરવો? તપવિધાન કરવામાં વ્રતનું રક્ષણ કરવું તે પરમતપ છે એમ જિનેશ્વરો કહે છે, અને વળી તે તપથી નક્કી મોક્ષને દેનારી એવી અત્યંત ગુણવૃદ્ધિ થાય છે. વળી કરવા યોગ્ય તપનું સ્વરૂપ જણાવતાં કહે છે કે શુભયોગની વૃદ્ધિને કરનાર હોય શુભધ્યાને કરીને યુક્ત હોય અને નિઃસ્પૃહપણે જે અનશનઆદિ કરે તે તપ જાણવો, તપના બે પ્રકારમાં બાહ્યતપના છ ભેદો આવી રીતે છે—અનશન (ઉપવાસ વિગેરે)[1] ઉણોદરી[2] (ઉપકરણ ને આહારના પ્રમાણમાં ન્યૂનતા) ગોચરી અને ઘરનું માન વિગેરે કરવું[3] વિગયનો ત્યાગ[4] કાઉસગ્ગઆદિથી કાયક્લેશ એટલે કાયાની સકુમાલતા ટળે અને કોઈ પ્રકારના અશુભધ્યાનને રોકી શુભ ધ્યાન ટકાવી શકે એવી કાયાની સ્થિતિ કરવી[5] તથા ઈંદ્રિય અને મનને ગોપાવવા માટે વિષયો અને કષાયોનો ત્યાગ વગેરે રૂપ સંલીનતા[6] સર્વલોકો આ તપને આચરાતાં દેખી તપ તરીકે જાણે અને ગણે છે માટે તે બાહ્ય તપ કહેવાય છે. અભ્યંતર તપ, આમ છ પ્રકારે આલોચન વિગેરે જે પ્રાય-શ્ચિત્ત[1] જ્ઞાનઆદિ સંબંધી જે વિનય[2] આચાર્યઆદિ સંબંધી જે વેયાવચ્ચ[3], વાચનારૂપિ જે સ્વાધ્યાય[4],

ધર્મધ્યાનાંદિ[૫] અશુદ્ધઆહારઆદિકનો ત્યાગ[૬] એવી રીતે છ પ્રકારે છે. પ્રાયશ્ચિત્તાદિ અન્ય લોકો અને મિથ્યાત્વિયો દેખે તથા કરે પણ છે. છતાં તેનો તપ તરીકે વ્યવહાર કરતા નથી, અને આ પ્રાયશ્ચિત્તાદિ કર્મ તપાવવામાં સમર્થ છે માટે આ છ પ્રકારને અભ્યંતર ગણવું વ્યાજબીજ છે. તપસ્યાની સિદ્ધિને માટે કહે છે. દુષ્ષમાકાલમાં અનશનઆદિ તપ વગર શરીરનું પુષ્ટપણું (ધાતુવૃદ્ધિયુક્તપણું)શરીર છોડતું નથી, માટે અનશનઆદિ તપ કરવુંજ જોઈએ. પુષ્ટમનુષ્યને સંજોગ વિશેષ મળવાથી અશુભપ્રવૃત્તિનું કારણ એવો મોહોદય થાય છે. અને તે મોહોદય થતાં જ્યારે વિવેકી મનુષ્ય પણ પોતાનું કાર્ય (કલ્યાણ) સાધી શકતોજ નથી તો પછી અદીર્ઘદર્શી તથા તપસ્યા નહિ કરનારો,અને વિવેકથી હીન મનુષ્ય તો કલ્યાણ કેવી રીતે સાધી શકે ? માટે હંમેશાં સાધુએ શરીરને કાંઇક પીડા કરનાર પણ અનશન આદિ તપ બ્રહ્મચર્યની માફક આદરવુંજ જોઈએ. કોઇ કહેશે કે શ્રુતના ઉપયોગવાળો તત્વને જાણનારો, અને સંવેગવાળો સાધુ શુભઆશયવાળો હોવાથી તેને બ્રહ્મચર્યમાં પીડા નહિ થાય. તેના ઉત્તરમાં જણાવે છે કે એવી રીતે તો અનશન આદિતપથી પણ તેવાને પીડા નહિં થાય. જિનેશ્વરભગવાનની આજ્ઞા છે કે શુભધ્યાનને બાધા કરાનારૂં તપ નહિં કરવું, પણ શક્તિઅનુસાર તપમાં પ્રયત્ન કરવોજ જોઈએ, તેટલા માટે જેવી રીતે શરીરને અત્યંત પીડા નહિં થાય, તેમ પુષ્ટપણું પણ ન થાય, અને ધર્મધ્યાનની વૃદ્ધિ થાય, તેવું તપ કરવુ. કર્મના ક્ષયોપશમથી તેમજ આજ્ઞાના આરાધનથી અનશનાદિતપ ભવ્યજીવને શુભભાવનું કારણજ બને છે. નિર્મળગવાવાળા સાધુવિગેરેને તત્વથી પૂર્વોક્ત વાત અનુભવ સિદ્ધજ છે. અને રાજાના હુકમ બજાવનારા બીજાઓને પણ હુકમ બજાવતાં કંઇક દુઃખ થવા છતાં મ્હોટા લાભને જાણવાથી સારા રહેતા પરિણામની સ્થિતિ સ્પષ્ટપણે દેખાય છે. આ કહેવાથી જેઓ તપોવિધાનને અસાતાવેદનીયકર્મનો વિપાક માનીને, તેમજ તે તપને દુઃખરૂપ માનીને મોક્ષનું કારણ નથી માનતા, તેઓનું મત ખંડન થયું, આ તપ દુઃખરૂપ નથી, તેમ સર્વથા કર્મના ઉદયથી પણ થવાવાળું નથી, પણ જૈનશાસ્ત્રમાં તપને ક્ષયોપશમભાવમાં કહેલું છે. કારણ કે ક્ષાંતિઆદિ દશપ્રકારના સાધુધર્મમાં તપને લીધેલો છે, અને તે સાધુધર્મ ક્ષયોપશમભાવમાં રહેલો છે, અને દુઃખ તો સર્વ ઔદયિક ભાવનું છે, વળી કર્મનો બધો ઉદય મોક્ષનું કારણ નથી એમ નથી, કારણ કે પુણ્યાનુબંધી અને નિરનુબંધી એવો પણ કર્મોદય શાસ્ત્રમાં માનેલો છે. આ જગતને વિષે ધર્મઆરાધનમાં તત્પર જે કોઇ મહાપુરૂષો થયા છે તે કુશલાનુબંધી કર્મઆદિથીજ થએલા છે, પણ કિલષ્ટકર્મના ઉદયથી વિષકંટકાદિ જેવા ક્ષુદ્રસત્વો કોઇ દિવસ પણ ધર્મમાં શુભપ્રવૃત્તિ કરનારા થતા નથી, અને નિર્મળઅભિપ્રાયનું તેમજ શ્રેષ્ઠસુખનું કારણ હોવાથી શુદ્ધ એવું પુણ્યફળ જરૂર જીવને પાપથી હઠાવી દેછે. વધારે વિસ્તાર કરવાના પ્રસંગથી સર્યું, પણ કર્મક્ષયને ઇચ્છતા બુદ્ધિશાળીએ એ બાહ્યતપ પણ કરવુંજ જોઈએ. સર્વ પણ સાધુઓને અભ્યંતર તપનું ન કરવું એ અનર્થરૂપ છે, માટે તે સર્વથા વર્જવું એમ શાસ્ત્રકારોએ સ્પષ્ટ જણાવેલું છે!! હવે તત્વવિચાર નામનું દ્વાર કહે છેઃ—

**सम्मं** ૮૬૫, **गइ** ૮૬૬, **सइ** ૮૬૭, **एवं** ૮૬૮, **पडि**૮૬૯, **एव** ૮૭૦ **सम्मं** ૮૭૧, **जे** ૮૭૨, **खुड्ड** ૮૭૩ **एवं** ૮૭૪, પદાર્થનું સ્વરૂપ ભાવનાની મુખ્યતાએ સમ્યગ્ વિચારવું

જોઇએ, અને બહુશ્રુતગુરુપાસેથી સમજીને વિષયવ્યવસ્થા કરવી જોઇએ. જેમ બ્રાહ્મીપ્રમુખને સ્ત્રીપણું પ્રાપ્ત થવાના કારણભૂત માત્ર સૂક્ષ્મ અતિચારો તેનું જે મોટું પાપ જણાવ્યું છે તે કેમ ઘટે? કેમકે સૂક્ષ્મઅતિચારનું એવું ફળ આવે તો પ્રમત્તસાધુઓ કે જે અતિચારની બહુલતવાળાજ છે તેમનું જે ધર્મકૃત્ય હોય તે પણ મોક્ષનું કારણ કેમ બને! એ વસ્તુ એમજ ઘટે કે કુષ્ઠવિગેરેની દવાની માફક કર્મરૂપી મહારોગના ઔષધ જેવી પ્રવ્રજ્યા અંગીકાર કરીને જે સાધુ સૂક્ષ્મ પણ અતિચાર કરે તે અતિચાર તે કરનારાને ભવિષ્યમાં ભયંકર નીવડે છે. પ્રાયે કરીને તે અતિચારના દોષને ખપાવનાર શુદ્ધઅધ્યવસાયજ જાણવો, પણ અતિક્રમણઆદિમાં સામાન્ય રીતે અતિચારનું જે આલોચન માત્ર થાય તે તેવા દોષના ક્ષયનું કારણ નથી, કેમકે તે પ્રતિક્રમણ આદિ તો બ્રાહ્મીવિગેરેને પણ હતાં, એવી રીતે પ્રમાદીસાધુઓને પણ થતા દરેક અતિચારે તે નિવારવાના શુભઅધ્યવસાય હોય અને તેથી તેવો દોષ નજ લાગે, અને તેનું ધર્માચરણ મોક્ષનું કારણજ બને. કેમકે જેનો સમ્યક્ રીતે પ્રતિકાર કરવામાં આવ્યો હોય તેવું ઘણું વિષ હોય તો પણ તે મારનાર થાય નહિં, પણ વગરપ્રતિકારનું થોડું પણ ઝેર મારનારજ થાય છે. એ દૃષ્ટાંત અહીં ધ્યાનમાં રાખવું. પ્રતિકારવગરના જે પ્રમાદી સાધુઓ હોય છે, તેમને જેમ બાણ શત્રુનો નાશ કરી પોતાના બચાવ માટે ઉપયોગી છે, છતાં તે અવળાં પકડેલાં બાણ શત્રુનો નાશ ન કરતાં પોતાનોજ નાશ કરે તેની માફક ધર્માચરણ પણ કર્મરૂપી અનિષ્ટને નાશ કરનાર છતાં શુભઅધ્યવસાય વગર અને અશુભ અધ્યવસાયવાળું હોવાથી અનિષ્ટફળ દેવાવાળું પણ કહ્યું છે. ક્ષુદ્ર અતિચારોનું તો મનુષ્યાદિ ગતિમાંજ અશુભફળ હોય છે. અને મોટા અતિચારોનાં નરકાદિકગતિમાં પણ ફળ ભોગવવાનાં હોય છે, એમ વિચારી એમ કેમ ન બને? એવી રીતે સંવેગથી સમ્યગ્વિચાર કરવામાં આવે તો દિનપ્રતિદિન ચારિત્રની વૃદ્ધિજ થાય, નહિતર સંમૂર્છિમ પ્રાણી જેમ અનુબંધનું કારણ નથી તેવી રીતે સંવેગ વિનાની ક્રિયા પણ તેવી અનુબંધ વિનાનીજ થાય અને દોષને માટે પણ થાય॥ હવે ભાવના દ્વાર કહે છેઃ—

**एवं** ૮૭૫, **सम्मं** ૮૭૬, **विजण** ૮૭૭, **जीअं** ૮૭૮, **विसया** ૮૭૯, **तत्तो** ૮૮૦, **तस्सेव** ૮૮૧, **असदा,** ૮૮૨, **तस्सेव** ૮૮૩, **जचइ** ૮૮૪, **चिन्तइ** ૮૮૫, **तस्सेव** ૮૮૬, **अणुगा** ૮૮૭, **पर** ૮૮૮, **भावे** ૮૮૯, **जो** ૮૯૦, **अत्थ** ૮૯૧ **दोस** ૮૯૨, **एत्थ** ૮૯૩, **जह** ૮૯૪, ગુરુઆદિનીનિશ્રાએ પ્રવર્તતા સાધુને કર્મોદયે સ્ત્રીમાં રાગ થાય અથવા તે સ્ત્રીઆદિમાં પણ ન પણ હોય તો પણ આચારધારી મહાત્માને અશુભ મનરૂપી હાથીને વશ કરવા માટે અંકુશ સમાન એવા અને વિષયરૂપી વિષના ઔષધરૂપ એવા આ આગલ જણાવીશું તે પ્રકારો સમ્યક્ વિચારવા. ગીતાર્થ સાધુઓએ સહિત એવા મુનિરાજે એકાન્તમાં કે શ્મશાનઆદિમાં પણ રહેલાએ આ જીવલોકનું અનિત્યપણું પહેલું વિચારવું. અનિયમિત કઠોર વાયરાએ હણાયેલા કુશાગ્રના જલબિંદુ જેવાંજ જીવન, યૌવન, ઋદ્ધિ પ્રિયસંયોગ વિગેરે સર્વ પદાર્થો હોવાથી તે અનિત્ય છે. ચિંતા, પ્રયાસ, અને બહુદુઃખને કરવાવાળાં એવાં અને કિંપાકનાં ફળ જેવાં તેમજ પરિણામે માયા અને ઇંદ્રજાળ જેવા તથા પાપમય એવા વિષયો દુઃખસ્વરૂપ છે. સ્ત્રીના શરીરના કારણભૂત એવા લોહી, વીર્યની

અશુભતા વિચારવી, તેમજ દુર્ગંધિ, માંસ, લોહી અને વિષ્ઠાથી ભરેલું તેનું શરીર વિચારવું, તેવીજ રીતે સ્ત્રીનો સર્વત્ર અને સર્વદા એકસરખો રાગ હોતો નથી, તેમ વિચારી સંધ્યાના વાદળાંની માફક તેનું સ્વભાવે ચંચળરાગપણું સમજવું, વળી લોકોમાં નિંદનીય પરલોકને બગાડનાર એવા બધા ખરાબ કાર્યોનું કારણ સ્ત્રીઓ છે એમ વિચારવું વાયરો અગ્નિ અને સાપ કરતાં પણ અત્યંત સ્વભાવથીજ દુર્ગ્રાહ્ય એવા મનનું ચંચળપણું વિચારવું, તેમજ જાત્યાદિકગુણ સહિત એવા ભર્તારથી પણ તે સ્ત્રીયોની નિરપેક્ષતા જોવી, તેમજ તે સ્ત્રીયો પાપ સ્થાન છે. તેમજ અત્યંત કપટ સહિત છે, તે સમ્યગ્ વિચારવું, તે સ્ત્રીઓ ચિંતવે કાંઇ, કરે કાંઇ બોલે કાંઇ, આરંભ કંઇ અન્યનોજ કરે, એવી રીતે સ્ત્રીયો માયાપ્રધાન હોય છે, સ્વભાવે તે નદીની માફક નીચગામી હોય છે. શાશ્વતાસુખનું સ્થાન એવો જે મોક્ષ તેને પમાડનાર એવું જે સદ્ધ્યાન તેનો શત્રુ પણ તે સ્ત્રીયોજ છે. અત્યંત ઉગ્ર અને ઉત્કૃષ્ટ સંતાપને કરનારી છે. નારકીના દીપનું એ કારણ છે, અને તેવી સ્ત્રીઓથી વિરક્ત થએલા મહાનુભાવોને પ્રશમાદિગુણોનો લાભ આ ભવમાંજ થાય છે, અને પરભવમાં પણ તેજ મહાનુભાવો આ સંસ્કારિત એવા વૈરાગ્યથી શરીર અને મનના અનેક દુઃખો પામ્યા વિના અત્યંતસુખને મેળવે છે. આવી રીતે ભાવના રાખનારને અત્યંતસંવેગથી શુદ્ધ એવા વ્યાપારો થાય છે. અને તેમ થવાથી કિલષ્ટકર્મનો જરૂર ક્ષય થાય છે, અને તે સંવેગથી નક્કી ચારિત્રની શુદ્ધિ પણ થાય છે. સ્ત્રી સંબંધી રાગને નિવારવાનું તે સ્ત્રીયોનાં સ્વરૂપ અને ફલ જણાવવા દ્વારાએ બતાવી અન્ય પદાર્થ ઉપર થતા રાગને ટાળવા માટે તે તે પદાર્થોનાં સ્વરૂપ તથા ફલ વિચારવાં એમ જણાવે છે. જે મનુષ્ય સ્ત્રીવિગેરેમાંથી જે દોષથી બાધિત થતો હોય, તે મનુષ્ય તેનાથી વિરૂદ્ધ તે સંબંધી સ્વરૂપ અને ફલનો વિચાર કરે. દ્રવ્યમાં રાગ થતો હોય તો તેને ઉપાર્જન રક્ષણ કરવા આદિના કલેશને વિચારે, તેમજ તેના અભાવે ધર્મનું બનવું કેટલું બધું નિરૂપાધિતાને લીધે થાય છે તે વિચારે. દ્વેષ થતો હોય તો હમેશાં સર્વભૂતોમાં મૈત્રી વિચારવા સાથે સર્વજીવોની સાથે થએલો માતાપિતાઆદિપણાનો અનંત વખતનો સંબંધ વિચારે, અને અજ્ઞાન જો આત્માને બાધા કરતું હોય તો ચિત્તની સ્થિરતા કરી પ્રતીતિપ્રમાણે વસ્તુનો સ્વભાવ વિચારવો. અહીં વ્રતોનો અધિકાર છે. અને વિષયો વ્રતોથી પ્રતિકૂલ છે, ને તે વિષયોનું સ્થાન સ્ત્રીઓ છે, માટે વિશેષ ઉપદેશ સ્ત્રીયોને અંગે જણાવ્યો છે. જેમ અશુભપરિણામવાળો જીવ ઘણાં કર્મને બાંધનારો થાય છે. તેવીજ રીતે શુભપરિણામવાળો જીવ ઘણાં કર્મને ખપાવનાર પણ થાય છે એ સમજવું ॥ હવે વિહારનામનું દ્વાર કહે છે.

अप्प ८९५, मोत्तण ८९६, एअंपि ८९७, इयरसि ८९८, गोअर ८९९, एअस्स ९००, आई ९०१, આચાર્યાદિકના ઉપદેશ પ્રમાણે સર્વપદાર્થથી અપ્રતિબદ્ધ એટલે મમતારહિતપણે ઉચિતતાએ માસકલ્પઆદિ વિહારે સાધુ જરૂર વિચરે. શંકાકાર શંકા કરે છે કે માસકલ્પ સિવાયનો સૂત્રમાં વિહારજ કહયો નથી તો માસાદિશબ્દમાં આદિશબ્દ કેમ લીધો ? ઉત્તરમાં કહે છે કે તેવું દુર્ભિક્ષ અશક્ત આદિનું કાર્ય હોય તો માસથી અધિકપણું પણ થાય, માટે આદિશબ્દ લીધો છે. (વિહારનો અને દીક્ષા સાથેનો પ્રસંગ હોવાથી આદિશબ્દથી ચોમાસું ન લીધું)

ફરી શંકા કરે છે કે ગુરુના વિહારથી શિષ્યનો વિહાર ગુરૂકુલ અને ગચ્છવાસથી શિષ્ય ગુરૂની સાથે હોય તેથી પણ સહજ થયો છે, તો પછી વિહારનો અધિકાર જુદો કેમ કહયો? ઉત્તરમાં જણાવે છે કે શિષ્યોએ તો મોહને જિતવા માટે જરૂર વિહાર કરવો. ગુરુઆદિને તો કારણસર કદાચ દ્રવ્યથી સ્થિર રહેવાપણું પણ હોય. વિધિમાં તત્પર અને ગીતાર્થ એવા સાધુઓને કોઈપણ દિવસ ભાવથી સ્થિરવાસ હોયજ નહિ. વૃદ્ધત્વાદિ કારણે સ્થિરવાસ જો હોય તો તેમાં પણ મહીનો થયા પછી ગોચરીઆદિના સ્થાનોમાં પરાવર્તન જરૂર હોય છે. તેમજ સંથારો કરવાની જગ્યા આદિને વિષે પણ નકકી પરાવર્તનનો વિધિ કહેલો છે. દ્રવ્યથી કદાચ ગુરૂઆદિના કારણે એ ન બને તો પણ જો મોહનો ઉદય થાય તો તો તે સાધુએ જરૂર વિહાર કરવોજ જોઈએ, એ જણાવવા માટે વિહારદ્વાર જુદું લીધેલું છે. અથવા તો શિષ્યોને પ્રથમથીજ પ્રતિબંધ ન થાય તેમજ અપરિણામીઆદિશિષ્યોને વધિનું સ્પર્શન થાય માટે વિહારદ્વાર કહ્યું છે. ॥ હવે સાધુકથા દ્વાર કહે છે:—

**सज्झाया ९०२, जिण ९०३, भयव ९०४, अणु ९०५, इअ ९०६, अण्णेसिं ९०७ विस्सोअ ९०८, णो ९०९, पायं ९१० पुव्विं ९११, एअं ९१२, एएण ९१३, निच्छय ९१४,**

સ્વાધ્યાયઆદિકથી થાકેલો સાધુ તીર્થંકરના કુળવાસને અનુરૂપ એવા ધર્મવાળા મહાત્માઓની કથા વિધિપૂર્વક સંવેગ વધારવા માટે કરે. જૈનધર્મમાં સ્થિરપણે રહેલા પૂર્વકાળના સાધુઓનાં ચરિત્રો સાંભળે, અથવા ભાવપૂર્વક યોગ્યતા પ્રમાણે બીજાને એવા મહાનુભાવોની ધમ કથા કહે. ભગવાન દશાર્ણભદ્ર, સુદર્શન સ્થૂલભદ્ર, અને વજ્રસ્વામીજીએ જેમ સંસારનો ત્યાગ કર્યો, તેમ સંસાર ત્યાગને સફળ કરનારજ સાધુ હોય તે મહાપુરૂષોના શુદ્ધચારિત્રનું અનુમોદન કરીએ છીએ, એવી રીતે વિચારીને સંવેગની તીવ્રતાએ સાધુઓ પોતાના આત્માને શોધે. આમ ધર્મકથા કરવાથી આત્માનું સ્થિરપણું થાય, તે મહાષઓના કુળમાં હું રહ્યો છું એમ તેમના બહુમાનથી શુદ્ધધર્મનું આચરણ થાય, તે પણ કલ્યાણજ છે. તે ધર્મકથા સાંભળનાર બીજા સાધુઓને પણ એવી રીતે આત્માનું નકકી સ્થિરપણું વિગેરે થાય છે, અને જન્માંતરે પણ આવી રીતે કરેલો કથા પ્રબંધ વિકથાને નાશ કરનાર થાય છે. શંકારહિતપણે મળેલા એવા દુર્લભચરિત્રના પરિણામની રક્ષા કરે, અને નહિ મળેલા એવા ચારિત્રપરિણામને પામે. એકલી વડીદીક્ષા માત્રથી ચારિત્ર છે એમ સમજવું નહિ, કેમકે અભવ્યને પણ દ્રવ્યથી તો તે દીક્ષા અને વડીદીક્ષા બન્ને હોય છે, જોકે વિધિ કરનારા છદ્મસ્થસાધુઓને તો તે પ્રવ્રજ્યાનો વિધિ સફળજ છે, પ્રાયે કરીને આ વિધિનો નિયમ કહ્યો છે. નહિં તો વડીદીક્ષા વિનાના સામાયિકમાત્રથી પણ અનંતા જીવો મોક્ષે ગયા છે. તત્ત્વથી વિધિપૂર્વક ગુરુ અને ગચ્છ વિગેરેની સેવાથી આ ચારિત્રના પરિણામ પહેલાં હોય છતાં પણ ગોવિંદવાચક વિગેરે ઘણાંને પણ નવા થયાં છે. વિધિપૂર્વકનું વર્તન મોક્ષનું સાધક છે એમ તીર્થંકરો પણ કહે છે, કેમકે જ્ઞાન અને દર્શનનું ફળ વિધિપૂર્વક પ્રવર્તન કરવું તેજ કહેલું છે. વિધિપૂર્વક પ્રવૃત્તિએ કરીને રહિત જ્ઞાન અને દર્શન એ બન્ને નિશ્ચયથી હોતાં નથી, અને વ્યવહારથી હોય તો તે પણ પોતાના ફળને સાધનાર હોતાં નથી. પૂર્વાચાર્યોએ કહ્યું છે કે જ્યારે ચારિત્રરૂપી આત્માનો ઘાત થાય ત્યારે નિશ્ચયનયથી જ્ઞાન અને દર્શનનો તો ઘાતજ છે, માત્ર વ્યવહારથીજ ચારિત્ર હણાય તોજ જ્ઞાન અને દર્શનની ભજના છે. ॥ પૂર્વોક્ત રીતિએ ચારિત્રની મુખ્યતા સાંભળી દર્શનવાદી કહે છે:

णणु ९१५, एवं ९१६, एअ ९१७, इअ ९१८, सम्म ९१९ एव ९२०, नेव ९२१, तेसिंपि ९२२, तह ९२३, मरु ९२४, सच्च ९२५, उव ९२६, हरि ९२७, नणु ९२८, तह ९२९ इअ ९३०, एवं ९३१,

સૂત્રમાં યુક્તિથી સમ્યક્ત્વગુણુની પ્રાધાન્યતા કહેલી છે, જે માટે કહ્યું છે કે ચારિત્ર રહિત જીવ મોક્ષ પામે, પણ દર્શન રહિત જીવ મોક્ષ પામે નહિ. એ વચનથી સમ્યક્ત્વજ નિશ્ચિત મોક્ષનું સાધન છે, કેમકે સમ્યક્ત્વના સદ્ભાવેજ મોક્ષની પ્રાપ્તિ કહી છે, એવું કોઇ કહે તેના ઉત્તરમાં જણાવે છે કે સમ્યક્ત્વને મોક્ષનું કારણ જે કહ્યું છે તે એક રૂપીઆથી વધારે રૂપીઆ થઇ અત્યંત ધનવાન થવાય તેની માફક પરંપરાએજ જાણવું, પણ એક રૂપીઆ માત્રથી જેમ ઋદ્ધિમાન થવાતું નથી, તેમ એકલા દર્શનમાત્રથી સીધો મોક્ષ મળતો નથી. સમ્યક્ત્વમાં અપ્રમત્તપણું થવાથી ચારિત્રમોહનીય નાશ પામે અને તેથી શ્રાવકપણુઆદિની પ્રાપ્તિ થાય અને તે શ્રાવકપણુ આદિથી મોક્ષ થાય અર્થાત્ શ્રાવકપણામાં અપ્રમતપણે વર્તે અને તેથી સર્વવિરતિચારિત્રની પ્રાપ્તિ થાય અને તે ચારિત્રને વિષે અપ્રમત્તપણે વર્ત્તવાથી ક્ષપક શ્રેણિ અને કેવલજ્ઞાન મેળવી મોક્ષ પામે, પણ એકલા સમ્યક્ત્વમાત્રથી મોક્ષ થતોજ નથી, જે માટે શાસ્ત્રમાં કહ્યું છે કે સમ્યક્ત્વ પામ્યા પછી બે પલ્યોપમથી નવ પલ્યોપમની સ્થિતિ ખપાવે ત્યારે શ્રાવક થાય, અને આગળ અનુક્રમે સંખ્યાતા સંખ્યાતા સાગરોપમ ખપાવે ત્યારે ચારિત્ર[1] ઉપશમશ્રેણી[2] અને ક્ષપકશ્રેણી[3]ની પ્રાપ્તિ થાય. એવી રીતે દેવ અને મનુષ્યજન્મમાં અવિચળ સમ્યક્ત્વવાળો હોય, યાવત્ એકભવે પણ સમ્યક્ત્વઆદિક મોક્ષ સુધીનાં બધાં વાનાં પણ પામે, પણ ઉપશમશ્રેણી ને ક્ષપકશ્રેણી બે એકભવે ન હોય. શંકાકાર કહે છે કે એ પ્રમાણે તો ચારિત્ર વગર મોક્ષ ન થાય એમ નક્કી થયું, શાસ્ત્રકાર કહે છે કેઃ ભાવચારિત્ર વગર મોક્ષ થતોજ નથી, પણ સોમેશ્વરઆદિ અંતકૃત્કેવળીને દ્રવ્યચારિત્ર ન હોવાથી તે દ્રવ્યચારિત્રમાં ભજના કહી શકાય. વસ્તુતાએ તો તે સોમેશ્વરઆદિકને પણ અન્યભવની અપેક્ષાએ તો દ્રવ્યચારિત્રપૂર્વકજ તેવા પ્રકારનું ભાવચારિત્ર જાણવું. કેમકે તેઓનું ઉત્તમપણું છે, અને અનેક યોગથીજ ચરમશરીરીપણું મેળવી શકાય છે, કેમકે દુઃખે જીતી શકાય એવો મોહ અનાદિકાળનો છે ભવના કુશળ યોગથીજ ચરમશરીરિપણું મેળવી શકાય છે, કેમકે દુઃખે જીતી શકાય એવો મોહ અનાદિકાળનો છે. શંકા કરે છે કે મરુદેવીમાતાને ભાવચારિત્ર, દ્રવ્યચારિત્રપૂર્વકનું નથી. કેમકે તે અનાદિવનસ્પતિકાયમાંથીજ મરૂદેવાપણે જન્મેલાં છે. અને મનુષ્યગતિ શિવાય દ્રવ્યચારિત્ર તો હોયજ નહિં, તેમજ અત્યંત વૃદ્ધ અથવા તો કોઇ દિવસ પણ ત્રસપણાને નહિં પામેલાં છતાં તેઓ સિદ્ધ થએલાં છે. એના ઉત્તરમાં શાસ્ત્રકાર કહે છે કે આ વાત સાચી છે, પણ તે અત્યંત સ્થાવરપણાથી આવી તરત મોક્ષ પામવાની વાતને સુત્રમાં આશ્ચર્યભૂત ગણેલી છે. જૈનશાસનમાં પૂર્વઆચાર્યોએ બીજાં પણ આશ્ચર્યો કહેલાં છે તે કહે છેઃ મહાવીરમહારાજને ઉપસર્ગો થયા, તેમનું ગર્ભાન્તરમાં સંક્રમણ, મલ્લીનાથજીનું સ્રીપણું, મહાવીર મહારાજની પહેલી દેશનામાં દીક્ષા ન થવી, કૃષ્ણનું અમરકંકાનગરીએ જવું, મૂલવિમાનો સાથે ચંદ્ર–સૂર્યનું આવવું, જુગલિયાના અપહારથી હરિવંશકુલની ઉત્પત્તિ, ચમરેન્દ્રનું સૌધર્મદેવલોકે જવું,

એકજ સમયે એકસો આઠ ઉત્કૃષ્ટ અવગાહનામાં મોક્ષે ગયા, અસંયત અવિરતની પૂજા, એ દશે આશ્ચર્યો અનંતકાળે થાય છે. શંકા કરે છે કે આ દશ આશ્ચર્યોમાં મરુદેવાની મુક્તિને તો આશ્ચર્ય તરીકે જણાવેલી નથી. ઉત્તરમાં જણાવે છે કે એ વાત સાચી છે, પણ જે દશ આશ્ચર્યો કહ્યાં છે તે ઉપલક્ષણ તરીકે સમજવાં, અને તેથી આખો ભવચક્ર વનસ્પતિમાં રહીને તરત મનુષ્યમાં આવેલો મોક્ષે જાય એ પણ અનંત કાળે બને તેવું છે, માટે આશ્ચર્ય તરીકે કહ્યું છે. બીજાઓને પ્હેલાજ ભવમાં સમ્યકત્વથી મોક્ષ સુધીની પ્રાપ્તિ થવાની યોગ્યતારૂપ તથાભવ્યત્વ ન હોવાથી, તેમ અનાદિવનસ્પતિપણું ન હોવાથી દ્રવ્યચારિત્ર વિના મોક્ષ નથી. એ ઉપરથી મોક્ષનું પરમસાધન દ્રવ્યચારિત્રજ છે, અને તે દ્રવ્યચારિત્ર હોય તો ગુરૂગચ્છવાસઆદિ બીજું બધું હોય છેજ, ચર્ચાને ટુંકાવી ત્રીજું દ્વાર સમાપ્ત કરી ચોથા દ્વારની પ્રસ્તાવના કરે છે કે એવી રીતે સંક્ષેપે સાધુઓને વ્રતમાં સ્થાપન કરવાની એટલે વડીદીક્ષાની વિધિ જણાવી. હવે અનુયોગ અને ગચ્છની અનુજ્ઞાનો આધકાર ચોથા દ્વારમાં કહું છું.

जम्हा ९३२, इहरा, ९३३, अणु ९३४, कालो ९३५, किंपि ९३६, अणु ९३७, सो ९३८, जं किंचि ९३९,

જે માટે જેઓ વ્રતવાલા હોય અને અનુક્રમે તે કાલને ઉચિત એવા સકલસૂત્રાર્થને ગ્રહણ કરનારા હોય તેવા સાધુનેજ તીર્થંકરોએ અનુયોગની અનુજ્ઞાને ઉચિત માનેલા છે. એ સિવાયના સાધુઓને અનુજ્ઞા કરવામાં આવે તો ગુરૂને મૃષાવાદ લાગે, લોકમાં શાસનની હીલના થાય, ગચ્છના સાધુઓના ગુણોનો નાશ થાય, અને સમમ્યગ્જ્ઞાનાદિની પ્રવૃતિ નહિં થવાથી તત્ત્વથી તીર્થનો પણ નાશ થાય. અનુયોગની અનુજ્ઞા એટલે શું ? તે સમજાવે છે. અનુયોગ એટલે હંમેશાં અપ્રમત્તપણે વિધિથી તમારે વ્યાખ્યાન કરવું, આવો અનુયોગઅનુજ્ઞાશબ્દનો અર્થ હોવ.થી જો કાલોચિત એવા સૂત્રાર્થને ધારણ કરનાર તે ન હોય તો એ વ્યાખ્યા કરવાની આજ્ઞાને આપનારૂં વચન દરિદ્રને આ રત્ન તું અમુકને આપજે એમ કહેવાની મ ફક નકામું ગણાય. જેમ દરિદ્રની પાસે રત્ન હોયજ નહિં, તો પછી તે બીજાને આપે શું ? એવી રીતે જે કાલોચિતસૂત્રાર્થને પોતે ધારણ કરતા નથી તે બીજાને શું આપે ? કંઇક ભણ્યો છે, એવું જે કથન તે ગુણથી મહંતોને ખાડાઆદિમાં પડતા મનુષ્યને કુશાદિની માફક આલંબનરૂપ નથી, અને એવા અતિપ્રસંગથી મૃષાવાદ પણ લાગે. અનુયોગ દેવાવાળો એટલે શ્રીજિનેશ્વરભગવાનના સુત્રોની વ્યાખ્યા કરનારો તો લોકોના સંશયોને બરાબર નાશ કરનારોજ હોય અને લોકો પણ નિપુણજ્ઞાનને માટેજ તેની પાસે આવે છે. તે લોકોને તે અનુયોગ દેનાર અલ્પશ્રુતવાળો હોવાથી શંકડો ગંભીર એવા શાસનના પદાર્થોના સ્વરૂપમાં એકાંતે અનભિજ્ઞ હોવાથી બંધાદિક સૂક્ષ્મપદાર્થોને કેવી રીતે સમજાવશે ? એને યદ્વા તદ્વા બોલવાવાળો દેખીને અહો આ પ્રવચનધર છે ? એવી લોકોમાં તેની અને પ્રવચનની અવજ્ઞા થશે, અને તે બંધાદિથી મોક્ષસુધીના જે નિરૂપણીય પદાર્થો છે તે પદાર્થોના સ્વરૂપની પણ અસારતા જણાશે. વળી ગુણહાનિ અને તીર્થઉચ્છેદ માટે કહે છે.

सीसाण ९४०, अप्प ९४१, तो ९४२, नाणा ९४३, णय ९४४, इय ९४५,

અગીતાર્થ એવા તે આચાર્યો હોય તો તેઓ શિષ્યોને સંસારથી પાર પમાડનારી અને ઉત્કૃષ્ટી એવી જ્ઞાનાદિકની અધિકાધિક પ્રાપ્તિ કેવી રીતે કરાવી શકે? તેમજ તે આચાર્ય પોતે અલ્પશ્રુત હોવાથી તુચ્છ હોય અને હેય તથા ઉપાદેયનું જ્ઞાન પણ યથાર્થ રીતે તેને ન હોય, તેમજ તુચ્છ-પણાથી મિથ્યાભિમાનને લીધે બીજા બહુશ્રુત પાસેથી પણ તે જ્ઞાનાદિ મેળવે નહિં, અને તેથી તેના જે શિષ્યો હોય તેઓ બહુકાળે પણ નક્કી તેવા અવગુણવાળાજ થાય, એવી રીતે પરંપરાએ બાકીના પ્રશિષ્યઆદિની પણ ગુણહાનિ જાણવી, અને જીવાદિપદાર્થ અને સૂત્રાદિ સંબંધી વિશિષ્ટજ્ઞાના-દિકના અભાવે તે આચાર્ય અને તેના શિષ્યોનાં પરિવ્રાજકો—બાવાની માફક ભિક્ષાટન અને મસ્ત-કમુંડન આદિક સર્વ નકામાં જાણવાં. આગમશૂન્ય મનુષ્યે માત્ર પોતાની મતિથીજ કરેલું શિરલોચ-આદિ અનુષ્ઠાન તે ફળ દેતું નથી, પણ રોગની દવાની માફક આગમને અનુસારેજ કરેલું હોય તે અનુષ્ઠાન ફળ દે છે, એટલે અગીતાર્થઆચાર્યથી ચારિત્ર લેનાર અને તેની પરંપરાવાળાને અનર્થ-ફળવાળું માત્ર દ્રવ્યલિંગજ થાય, અને તેથી તત્ત્વથી તીર્થનો ઉચ્છેદ સમજવો, કેમકે તે દ્રવ્ય-લિંગથી કંઈ મોક્ષરૂપ ફળ મળે નહિં. એવી રીતે અનુયોગની અનુજ્ઞાને માટે જે અયોગ્ય તેઓને જણાવી હવે અનુયોગને લાયક કેવા હોય તે જણાવવા કહે છે.

**कालो ९४६, जहे ९४७, सव्व ९४८, अवि ९४९, ता ९५०,** અજ્ઞાનીને અનુયોગની અનુજ્ઞા કરવાથી ઉપર જણાવ્યા પ્રમાણે અનર્થ થાય છે, તેટલા માટે નક્કી કાલોચિતસૂત્રાર્થમાં બરોબર નિશ્ચિતબુદ્ધિવાળાનેજ અનુયોગની આજ્ઞા કરવી. સૂત્રાર્થને શ્રવણ કરવા માત્રથી અનુજ્ઞાને લાયક નથી, જે માટે કહેલું છે કે, જેમ જેમ ઘણાં શાસ્ત્રો સાંભળે, તથાવિધલોકોને બહુ બહુ માનીતો થાય, ઘણા મૂઢશિષ્યોનો પરિવાર એકઠો કરે, તેમ તેમ તે શાસ્ત્રનો વૈરી છે, કારણ કે સર્વજ્ઞભગવાને કહેલું, અતિશયોથી ભરેલું, ભાવાર્થવાળું, એવું શાસ્ત્ર પણ સંઘટિત હેતુ યુક્તિ પૂર્વક ન કહેતાં અજ્ઞાની આચાર્ય તુચ્છપણે કહે, અને તેથી બીજા મતના શાસ્ત્રોથી સર્વજ્ઞ શાસ્ત્રને હલકું કરે, વળી તત્ત્વનો અજાણ એ આચાર્ય સમ્યક્પ્રકારે ઉત્સર્ગ અને અપવાદને જાણે નહિં, અને તે ઉત્સર્ગ તથા અપવાદનો પ્રયોગ વિરુદ્ધ સ્થાને અયોગ્યપણે કરવાથી તે અગીતાર્થ જરૂર સ્વ અને પરનો નાશ કરનાર થાય, તેટલા માટે નિશ્ચિત કાલોચિતસૂત્રાર્થવાળાનેજ તેના પોતાના તેમજ તેના શિષ્યના અને તેના અનુમોદનારાઓના અને દેનારના અને વળી પોતાના આત્માના હિતને માટે આચાર્ય અનુયોગની અનુજ્ઞા કરે. અનુજ્ઞાનો વિધિ કહે છે.

**तिहि ९५१, तत्तो ९५२, पेहिंति ९५३, पट्ठ ९५४, तत्तोवि ९५५. अभि ९५६, इअरो ९५७ तो ९५८, दव्व ९५९, नवरं ९६०, तिपय ९६१, उव ९६२, देइ ९६३, उट्ठेन्ति ९६४, भणइ, ९६५, आय ९६६, वंदन्ति ९६७, घण्णो ९६८, इहरा ९६९ परमो ९७०, एवं ९७१,**

જ્યારે સંપૂર્ણ તિથિ હોય, યોગ શુભ હોય, ત્યારે કાલગ્રહણ કરીને તેનું નિવેદન કર્યા પછી સમવસરણ અને નિષધા કરી, વસતિ પ્રવેદન કર્યા પછી મૂલ આચાર્ય પોતાની નિષદ્યાએ બેસે

અને યથાજાતોપકરણવાળો શિષ્ય કે જેને અનુયોગની અનુજ્ઞા કરવાની છે તે તેમની આગળ ઉભો રહે. પછી મુહપત્તિ પડિલેહી, તે મુહપત્તીથી મસ્તકસહિત સમગ્ર કાયાને પૂંજી, દ્વાદશ આવર્તવાળું વંદન દઇ પછી સ્વાધ્યાયને સંદેશાવી તે સ્વાધ્યાયને પઠાવવાનો આદેશ માંગે, પછી ગુરુએ તે સ્વાધ્યાય પઠાવવાની આજ્ઞા આપી એટલે ગુરૂ અને શિષ્ય બંને સજ્ઝાય પઠાવે. પછી ગુરૂ નિષદ્યા ઉપર બેસે, અને શિષ્ય સ્વાધ્યાયનું નિવેદન કરે, પછી પણ બંને ઉપયોગપૂર્વક અનુયોગનું પ્રસ્થાપન કરે. એટલે અનુયોગના પ્રસ્થાપનનો કાઉસ્સગ્ગ કરી મુહપત્તિ પડિલેહી પછી વાંદીને શિષ્ય અનુયોગની અનુજ્ઞા માગે. પછી આચાર્યગુરુ અક્ષોને મંત્રીને, વિધિપૂર્વક દેવ વાંદે. અને પછી ઉભા થકા નવકાર અને સંપૂર્ણ નંદીસૂત્ર કહે. શિષ્ય પણ મુહપત્તિથી મ્હોડું ઢાંકીને વૈરાગ્યવાળો, ઉપયોગી અને શુદ્ધ પરિણામવાળો થઇ તે સાંભળે, એવી રીતે નંદીસૂત્ર કહી ગયા પછી ક્ષમાશ્રમણના હાથે આ સાધુને અનુયોગની દ્રવ્ય ગુણ પર્યાયે કરીને અનુજ્ઞા કરૂ છું એમ કહે,પછી વંદન કરીને શિષ્ય **संदिसह किं भणामो** એ વિગેરે સામાયિકની વિધિની માફક સાત ખમાસમણની વિધિ કરે. પણ સમ્યગ ધારણ કર, અને બીજાઓને નિરૂપણ કર એમ આચાર્યગુરૂ કહે. શિષ્ય જ્યારે **इच्छामो अणुसर्ट्ठि** એમ કહે ત્યારે ત્રણ પ્રદક્ષિણા કરીને ગુરૂ નિષદ્યા ઉપર બેસે અને કાઉસગ્ગ કર્યા પછી શિષ્ય પોતાની નિષદ્યાને લઇને ભગવાન્ અને આચાર્યને ત્રણ પ્રદક્ષિણા કરી, ગુરુને વંદન કરે. પછી ગુરુ પાસે પોતાની નિષદ્યાએ બેસે, ત્યારે ગુરુ મહારાજ પોતાની આચાર્યપરંપરાએ આવેલા મંત્રપદો શિષ્યને કહે, અને સુગંધી ચૂર્ણવાળી વધતી અક્ષોની ત્રણ મુઠીઓ શિષ્યને દે. મુઠીઓને તે ઉપયોગવાળો શિષ્ય વિધિથી ગ્રહણ કરે. પછી આચાર્ય પોતાની નિષદ્યા એટલે આસનથી ઊઠે, તેજ આસને નવા આચાર્ય શિષ્ય બેસે, અને શેષ સાધુ સહિત મૂલ આચાર્ય તે નવા આચાર્યને વંદન કરે. પછી નવા આચાર્ય વ્યાખ્યાન કરે, એથી મૂલઆચાર્યગુરુની માગણીથી તેજ મૂલઆચાર્યના આસન ઉપર રહેલો તે શિષ્ય નંદીઆદિક શાસ્ત્રનું શકિત પ્રમાણે વ્યાખ્યાન કરે, અથવા તો પર્ષદા જેવી બાલાદિ પ્રકારની દેખે તેવું વ્યાખ્યાન કરે. આ વિધિમાં આચાર્યના આસન ઉપર શિષ્યનું બેસવું, શિષ્યને મૂલ આચાર્યગુરૂએ વંદન કરવું તે પરસ્પર ગુણની તુલ્યતા જણાવવા માટે હોવાથી બેમાંથી એકકેને પણ અયોગ્ય કે કર્મબંધ કરાવનાર નથી. પછી સાધુઓ નવીન આચાર્યને વંદન કરે, નવીન આચાર્ય નિષદ્યાથી ઉઠે, મૂલઆચાર્ય તે પોતાના મૂલ આસને બેસે અને નવીન આચાર્યની પ્રશંસા કરે. કેટલાકો કહે છે કે વ્યાખ્યાનની પહેલાં મૂલઆચાર્ય નવા આચાર્યની પ્રશંસા કરે. પ્રશંસા આવી રીતે કરે: તું ધન્ય છે કે જેણે સર્વદુઃખને હરણ કરનાર એવું જિનવચન બરોબર જાણ્યું છે, હવે હંમેશાં ત્હારે આ જિનપ્રવચનનો સમ્યગ્ ઉપયોગ કરવો, નહિંતર સુખશીલપણાથી તું શાસનનો દેવાદાર રહીશ, તેમજ ખરાબ રીતિએ ગુણમય જિનવચનનો જેપ્રયોગ કરવો તે જિનપ્રવચનના અપ્રયોગ કરતાં પણ અત્યંત પાપમય છે, માટે આ જિનવચનનો પ્રયોગ કરવાના પ્રયત્નમાં એવો પ્રયોગ કરવો કે જેથી આ પ્રયોગથીજ તમોને કેવળજ્ઞાન થાય. વળી બીજા પ્રાણીઓના માટે પણ મોહને દૂર કરવા તેમજ સંવેગની તીવ્રતાથી આ જિનપ્રવચનનો પ્રયોગ કેવલજ્ઞાનનો પરમ હેતુ બને. એવી રીતે પ્રશંસા કરીને અનુયોગના વિસર્જન માટે આઠ શ્વાસોચ્છવાસનો બન્ને આચાર્યો કાઉસ્સગ્ગ કરે, શિષ્ય કાલ પડિકમ્મી, તપનું પ્રવેદન કરે. પછી

સકલસંઘ વિધિ પ્રમાણે નકકી દાન કરે ॥ હવે ત નવીન આચાર્યનું કાર્ય બતાવે છે.

**पच्छा १७२, मज्झत्था १७३, मज्झत्था १७४, बुद्धि १७५, धम्मत्थी १७६, पत्तो १७७, छेअ १७८, सो १७९, अइ १८०, तेसि १८१, आमे १८२, न १८३, अविअ १८४, एव १८५, एव १८६ अप्प १८७,**

પછી તે આચાર્ય શાસનના કાર્યમાં હંમેશાં ઉપયોગવાળો છતાં શાસ્ત્રવિધિએ યોગ્ય શિષ્યોને અનુયોગ એટલે સુત્રોનું વ્યાખ્યાન આપે, મધ્યસ્થ, બુદ્ધિશાળી અને ધર્માર્થી એવા જે શિષ્યો હોય તેજ સામાન્ય રીતે સિદ્ધાંત સાંભળવાને યોગ્ય ગણાય છે, તેવી રીતે જે સૂત્રવિશેષ શ્રીનિશીથઆદિ છે તેને આશ્રીને તો પ્રાપ્તાદિ હોય તેજ યોગ્ય ગણાય છે. જે જીવો મધ્યસ્થપણે હોય તે કોઈપણ જગ્યા ઉપર કદાગ્રહ કરે નહિં, તથા પ્રાયે પવિત્ર આશયવાળા હોય, અને તેઓ નજીકમાં મોક્ષ પામનારા હોય છે. બુદ્ધિયુક્ત શિષ્યો સર્વત્ર સૂક્ષ્મ અને બાદર ગુણ તથા દોષોને અતિગંભીરપણે કષ, છેદ અને તાપથી શુદ્ધ તરીકે હૃદયમાં અંગીકાર કરે છે. કચરામાં જેમ હડા નામની વનસ્પતિ પ્રતિબંધવાળી હોતી નથી, તેમ ધર્માર્થી શિષ્ય આ લોકના ધનકણકંચનાદિ પદાર્થોમાં પ્રતિબંધ વગરનો હોવાથી તેને મોહરહિત સહેજે કરી શકાય છે. આગલ કાલઆદિને ઉચિત એવાં સૂત્ર આપવા જણાવ્યું તેથી પ્રાપ્તઆદિ સમજાવે છે. સૂત્રના અધિકારમાં જે ત્રણ વર્ષ આદિ દીક્ષાપર્યાયથી કલ્પિક હોય તેને પ્રાપ્ત કહેવાય છે, અને આવશ્યકથી માંડીને સૂયગડાંગ સુધીમાં જે સૂત્ર જે સાધુ ભણ્યો હોય તે સાધુ તે સૂત્રનો કલ્પિક કહેવાય છે, પણ નિશીથવિગેરે જે છેદસૂત્રો છે તેમાં તેનો ત્રણ વર્ષઆદિ સમય થયો હોય તોપણ જે શુદ્ધઅંતઃકરણવાળો, ધર્મની પ્રીતિવાળો અને પાપથી ડરનારો એવો પરિણામક સાધુ જણાય તેજ યોગ્ય ગણાય. નિશીથાદિ છેદસૂત્રો પરિણામકને આપવાનું કારણ જણાવે છે. તે પરિણામક એવો સાધુ ઉત્સર્ગ અને અપવાદ વિગેરેનો યથાસ્થિત જાણનાર અને આચરનાર હોવાથી વિષયવિભાગોને જે માટે હિતમાંજ પરિણમાવે તે માટે તેની આગળજ તે નિશીથાદિછેદસૂત્રોનું વ્યાખ્યાન કરાય. અતિપરિણામી અને અપરિણામી એવા શિષ્યોને વિચિત્ર એવો કર્મદોષ હોવાથી તેઓને નવજવરાદિની માફક–કાલથી અસાધ્યયોગમાં ઔષધ દેતાં અહિત જેમ થાય તેની માફક છેદસૂત્રોનું વ્યાખ્યાન તેઓને અહિતકારી છે. તે અતિપરિણામક અને અપરિણામકને જે માટે તેવા છેદસૂત્રોના વ્યાખ્યાનથી ઉત્સગ અને અપવાદનું યથાસ્થાન પરિણમન ન થતાં વિપર્યાસ થવાથી અનર્થ થાય છે, માટે તે બુદ્ધિમાનઆચાર્યે તેમના હિત માટેજ તેમની આગળ છેદસૂત્રોનું વ્યાખ્યાન કરવું નહિં. પૂજ્યો પણ કહે છે કે કાચા ઘડામાં નાંખેલું પાણી જેમ ઘડાનોજ નાશ કરે છે. અર્થાત્ પાણીરૂપ આધેયનો તો નાશ થાય છેજ. તેમ છેદસૂત્ર પણ તુચ્છને આપવાથી તે તુચ્છપ્રાણીનો અસ્થાન ઉપયોગ થવાથી તે તુચ્છ જીવો–પ્રાણીનો નાશ કરે છે. મિથ્યાભિનિવેશે કરીને ભાવિત બુદ્ધિવાળા તે અપરિણામક આદિથી પરંપરાએ પણ બીજા પુરુષોને શુદ્ધસ્વરૂપવાળો પુરુષાર્થ પ્રાપ્ત થતો નથી. વળી તે અપરિણામીઆદિ જીવોને અભિનિવેશ ભાવ અનાદિકાળથી રહેલો છે, આવું સમજીને છેદસૂત્રના અર્થનું વ્યાખ્યાન પરિણામક એવા યોગ્યની આગળજ કરવું. વિધિ પ્રમાણે ઉપસંપદાથી આવેલા એવા ગુણયુક્તોને આચાર્યમહારાજે સૂત્ર

અર્થ આદિનું ક્રમે વ્યાખ્યાન દેવું, પણ તે દેવાતું સૂત્ર કે અર્થ પોતાના આત્માથી નિશ્ચિત થએલું હોવું જોઇએ. ઉપસંપદા ગ્રહણ કરવાની રીતિ જણાવે છે. ઉપસંપદાનો કલ્પએ છે કે પોતાના ગુરુની પાસે જે સૂત્રાર્થ હોય તે ગ્રહણ કરીને તેનાથી અધિક ગ્રહણ કરવાને સમર્થ અને ગુરુની આજ્ઞા પામેલો જે શિષ્ય હોય તેજ ઉપસંપદા લે. નવદીક્ષિતોના પરિવારવાળા, અને એકલા એવા ગુરુ પાસેથી શિષ્ય ઉપસંપદની આજ્ઞા માગે નહિં, અને આચાર્ય પણ પરિણતપરિવાર આદિવાળો જે ગુરુ ન હોય તેના શિષ્યને ઉપસંપદા આપે નહિં. વિશેષથી ઉપસંપદાનો વિધિ જણાવે છે.

**संदिट्ठो ९८८, गुरु ९८९, अस्सामित्तं ९९०,** બીજે ઉપસંપદ લે એવો આદેશ જેને ગુરુએ કહેલો હોય અને જે ગુરૂ પાસે ઉપસંપદ લેવાનું ગુરૂએ કહ્યું હોય તે ગુરુ પાસે ઉપસં-પદ લે, તેમાં ઉપસંપદ લેનાર અને દેનાર માંહોમાંહે પરીક્ષા કરે. આવેલો સાધુ તે આચાર્યના ઉન્માર્ગે જતા સાધુઓ હોય તેઓને અટકાવે. ત્રણ વખત મિચ્છામિ દુક્કડં દીધા પછી પણ બંધ ન થાય તો ગુરુને કહે. પણ ગુરુને એ વાત સંમત હોય અને સાધુને કંઈ ન કહે તો શિથિલ જાણીને આચાર્યનો ત્યાગ કરે. એટલે ઉપસંપદા ન લે. ગચ્છના સાધુઓ પણ તેવીજ રીતે આવેલા સાધુની પરીક્ષા કરે. ગુરુનો પણ આચાર છે કે કઠોર અને અધિક વચનો શુદ્ધ નિષ્ઠાને સમજનાર એવા સાધુને કહે, પછી વિધિથી ઉપસંપદ લેતાં ફલાણા શ્રુતસ્કંધ માટે અને અમુક કાળ સુધી એમ આરહંતાદિકની સાક્ષીએ તેમજ કાયોત્સર્ગપૂર્વક સ્થાપન કરે. પછી શિષ્યે સ્વતંત્રતા છોડવી અને ગુરુએ તે ઉપસંપદાવાળાનું સમ્યગ્ પાલન કરવું. આ ઉપસંપદાનું પ્રયો-જન જણાવે છે કે એમ કરવાથી નિર્મમત્વભાવ થાય, બીજા ગુરુની અપેક્ષાએ આચાર્યની અધિક પૂજ્યતા થાય, ભગવાને એ કલ્પ કહેલો છે. તેથી આજ્ઞા પાલન થાય અને શુભભાવરૂપ હોવાથી શાસ્ત્રનું જ્ઞાન પરિણમે, આટલાજ માટે ઉપસંપદ પામેલા શિષ્યે મળેલી વસ્તુ આચાર્યને દઈ દેવી. અને ગુરૂએ તેના ઉપકારની બુદ્ધિએ તે વસ્તુઓ ગ્રહણ કરવી. એવી રીતે ઉપસંપદાનો વિધિ જણાવી હવે સૂત્ર વ્યાખ્યાનનો વિધિ કહે છે.

**अह ९९१, जम्हा ९९२, जो ९९३, आणा ९९४, तो ९९५, मग ९९६, होन्ति ९९७, कालो ९९८, एत्थं ९९९, ता १०००,**

જેમ જેમ શિષ્યોને શાસ્ત્રનું જ્ઞાન થાય તેમ તેમ કેવળશાસ્ત્રથીજ જણાય તેવી વસ્તુઓ શાસ્ત્રદ્વારાએ કહેવી અને શાસ્ત્રસિદ્ધ વસ્તુઓ છતાં પણ જો તે યુક્તિગમ્ય હોય તો યુક્તિદ્વારાએજ કહેવી, જે માટે પ્રજ્ઞાપક અને કથાનું લક્ષણ નિર્મળ બુદ્ધિવાળા એવા પૂર્વાચાર્યોએ આગમથી કહેલું છે, કે જે આચાર્ય યુક્તિગમ્ય એવી વસ્તુમાં હેતુદ્વારાએજ નિરૂપણ કરે, અને કેવળ આગમગમ્ય એવી વસ્તુ-માં આગમથીજ નિરૂપણ કરે, અર્થાત્ આગમિકવસ્તુમાં મતિને મુઝવનારી યુક્તિઓ કહે નહિં. તેવા આચાર્યનેજ સિદ્ધાંતનો વ્યાખ્યાતા કહેલો છે, તેથી ઉલટાને સિધ્ધાંતનો વિરાધક કહેલો છે. આજ્ઞાથી ગ્રાહ્ય એવો અર્થ આજ્ઞાથીજ કહેવો, અને દૃષ્ટાંતસિદ્ધ એવો અર્થ દૃષ્ટાંતથીજ કહેવો, એ સૂત્રાર્થનો કથ-નવિધિ છે, ઉલટું કહેવામાં વિરાધન છો, તેટલા માટે શાસ્ત્રના પદાર્થો જણાવતાં શાસ્ત્રમાં ગૌરવ ઉત્પન્ન કરવા પૂર્વક ઉત્તમ એવા દૃષ્ટાંતોએ સહિત અને નિશ્ચયઆદિ અનેક નયાર્થવાળો તેમજ ભગવાનમાં

પ્રતીતિ કરનારો પદાર્થ ગંભીર અને સુંદર વચનોથી શ્રોતાને નકકી સંવેગ કરે, એવી રીતે આગમ અને હેતુદ્વારાએ, વ્યાખ્યાન કરવું જોઇએ, એથી ઉલટું કરવામાં ઉલટાપણાથીજ દોષો છે, માટે પોતાની પાસે આવેલા શિષ્યોને બુદ્ધિમાન્ આચાર્ય પૂર્વોક્ત રીતેજ સમજાવે. એથી ઉલટું કરવામાં કાલનું આલંબન કરાય તો તે સર્વથા શરણભૂત નથી, કેમકે મંત્રવગરના વિષ વિગેરે આ કાળમાં પણ સુખ દેનારા થતા નથી. કિન્તુ દુઃખને દેનારાજ થાય છે. વ્યાખ્યાનની બાબતમાં જાણી જોઇને બધું પણ ઉલટું કરાતું હોય તો તે પાપરૂપ જે કાર્ય તે વિષાદિના સરખું જાણવું અને મંત્રસમો સૂત્રનો વ્યાપાર જાણવો, તેટલા માટે દુઃષમાકાલમાં પણ સાવચેતીથી શાકત પ્રમાણે સૂત્રોને આધારે વ્યાખ્યાન કરવાનો ઉદ્યમ કરવો ॥ હવે તે સૂત્રના વ્યાખ્યાનનો વિધિ જણાવતાં વ્યાખ્યાનનો વિધિ આ પ્રમાણે જણાવે છે:—

**मज्जण १००१, ठाणं १००२, दो १००३, गाव १००४, सव्व १००५, निरा १००६, अहि १००७, गुरु १००८, वक्खाण १००९, चोएइ १०१०, अइ १०११, जइ १०१२, आसा १०१३, ण १०१४, निच्छ १०१५, वव १०१६, एत्थ १०१७**

વ્યાખ્યાન કરવાની ભૂમિનું પ્રમાર્જન કરવું, વ્યાખ્યાન કરનાર ગુરૂઆદિકનું આસન રચવું, સ્થાપનાચાર્ય પધરાવવા, આચાર્યને વંદન કરવું, અનુયોગ માટે કાઉસ્સગ્ગ કરવો, અને વ્યાખ્યાન સાંભળ્યા પછી તેનો અનુવાદ કરનારો જે જ્યેષ્ઠ કહેવાય છે (પર્યાયે લઘુ હોય તોપણ વ્યાખ્યાનનો અનુવાદ કરનાર જે હોય) તેને વંદન કરવું. ઉપર જણાવેલ અનુયોગ શ્રવણનું કથન સ્પષ્ટપણે સમજાવે છે કે વ્યાખ્યાનનું સ્થાન પૂંજીને, બે નિષદ્યાઓ તૈયાર કરવી, તેમાં એક નિષદ્યા તો ગુરૂમહારાજને બેસવા માટે, અને બીજી તેનાથી કાંઇક ઉંચી નિષદ્યા સ્થાપનાચાર્ય માટે. (આ ઉંચી નિષદ્યાથી સમવસરણનું ઉપલક્ષણ થાય છે) શરીરની વ્યાધિવાળા આચાર્ય માટે ઉચિતસ્થાને શ્લેષ્મ અને માતરાનું ભાજન એમ બે ભાજન રાખવાં. વારંવાર માત્રાની શંકા જેને થતી હોય તેવા આચાર્યે પણ હંમેશાં વ્યાખ્યાન તો કરવુંજ જોઈએ, એવો આ બે પાત્રો રાખવાની વિધિનો ભાવાર્થ છે. જેટલાઓ સાંભળે તે બધા ઉપયોગપૂર્વક મુહપત્તિ પડિલેહીને એકીસાથે ભાવથી ગુરૂને વંદન કરે. પછી અનુયોગના પ્રારંભને માટે સર્વ સાધુઓ કાયોત્સર્ગ કરે અને આચાર્યને ફરી વંદન કરે. કેટલાક કહે છે કે અનુભાષકને પણ તે વખતેજ વંદન કરે. પછી ગુરૂના અવગ્રહની બહાર અત્યંત નજીક નહિં કે દૂર પણ નહિં, તેવા સ્થાને રહી ઉપયોગવાળો છતો ગુરૂનું વચન સાંભળે. નિદ્રા અને વિકથા છોડીને ગુપ્તિવાળા થઇને, હાથ જોડીને, ભક્તિ તથા બહુમાનપૂર્વક ઉપયોગવાળાએ વ્યાખ્યાન સાંભળવું, તેમજ અર્થે કરીને યુક્ત, મધુર, સુભાષિત એવા શાસ્ત્રવચનોની ઈચ્છાવાળાએ હસતામુખપણે ગુરૂને રોમાંચ કરવા સાથે વ્યાખ્યાન સાંભળવું. ગુરૂના સંતોષથી, ગુરૂની ભક્તિથી તેમજ ગુરૂમહારાજને અંગે અંતઃકરણની પવિત્રતાથી ઇષ્ટસૂત્રના અર્થનો જલદી પાર પમાય છે. કેમકે આ વિધિથીજ કર્મનો ક્ષય બની શકે. વ્યાખ્યાનની સમાપ્તિ પછી માતરાઆદિકનો ઉપયોગ કરીને અનુભાષક એવા જ્યેષ્ઠને વંદન કરે. કેટલાક આચાર્યો વ્યાખ્યાનની શરૂઆતમાં પહેલાં વંદન કરવાનું કહે છે. દીક્ષાપર્યાયે કરીને જે અધિક હોય તેને જ્યેષ્ઠ સમજી અનુયોગના અધિકારમાં તેના વંદનનો નિયમ

નકકામો છે, એમ જણાવતાં શંકાકાર કહે છે કે પર્યાયે કરીને જ્યેષ્ઠ એવો સાધુ જો સૂત્રાર્થની ધારણા રહિત હોય અને વળી વ્યાખ્યાનની લબ્ધિ વગરનો હોય તો તેવાને આ અનુયોગને પ્રસંગે વંદન કરવું નકામું છે. કદાચ કહેવામાં આવે કે વય અને પર્યાયે કરીને ન્હાનો હોય તો પણ અનુભાષકજ આ અનુયોગના પ્રસંગમાં ગણાય. (અને તેથી તે અનુભાષક એવા જ્યેષ્ઠને વંદન કરવું જોઇએ) આને માટે શંકાકાર કહે છે કે દીક્ષાપર્યાયે મોટા સાંભળનારા સાધુ હોય અને અનુભાષક યદિ દીક્ષાપર્યાયે ન્હાનો હોય અને તેથી તે ન્હાનાને મ્હોટો વંદન કરે, તો તે ન્હાના સાધુને મ્હોટા પાસે વંદન કરાવવાથી આશાતના લાગે. આવી શંકાના ઉત્તરમાં શાસ્ત્રકાર કહે છે કે જો કે વયઆદિએ કરીને પણ અનુભાષક લઘુ હોય તોપણ જે સૂત્રાર્થને ધારણ કરવામાં નિપુણ હોય અને વ્યાખ્યાનની લબ્ધિવાળો હોય તેજ સાધુ અહીં અનુભાષકના પ્રસંગમાં જ્યેષ્ઠ લેવો. જિનવચનના અનુભાષકરૂપી ગુણને આશ્રીને મ્હોટો પણ તેને જે વંદન કરે છે તે વંદન કરવામાં તે ન્હાના સાધુને આશાતના પણ નથી, કારણ કે અનુભાષકગુણે કરીને તે ન્હાનો સાધુ પણ રત્નાધિક છે આ અનુયોગને સ્થાને નિશ્ચયનયથી વય કે પર્યાય એકકે પ્રમાણભૂત હોઈઆલંબન થનાર નથી. લાયક એવા વ્યવહારથી તે વય અને પર્યાયની પ્રામાણિકતા છે, યથાયોગ્ય સ્થાને બન્ને નયની હકીકત લેવા માટે જણાવે છે કે. બંને નયથી મનાયલું પ્રમાણ સમજવું. કયો સાધુ કયા ભાવમાં વર્તે છે? એ હકીકત નિશ્ચયથી જાણી શકાતી નથી, પણ જે પહેલો ચારિત્રમાં દાખલ થયો તેને વ્યવહારથી વંદન કરાય છે. વ્યવહાર પણ એટલો બધો બળવાન છે કે વ્યવહારને ધર્મ તરીકે જાણતા એવા કેવલી મહારાજ પણ પોતાના ગુરૂઆદિ પોતાના કેવલજ્ઞાનની ઉત્પત્તિથી અજાણ્યા હોય ત્યાં સુધી છદ્મસ્થ એવા ગુરૂને પણ તે કેવલીમહારાજ વંદન કરે છે. વ્યાખ્યાનનો વિધિ કહ્યા પછી વ્યાખ્યાનને લાયક વસ્તુ જણાવે છે:–

**वक्खाणे १०१८, सिस्से १०१९, सम्मं १०२०, पाण १०२१, बज्झा १०२२, जीवाइ १०२३, एएहिं १०२४, एसो १०२५, एत्थ १०२६, कल्ला १०२७, सम्मं १०२८, तम्मि १०२९, भूअत्थ १०३०, जम्हा १०३१, आइ १०३२, णय १०३३, पच्छावि १०३४, तस्स १०३५, णय १०३६, किं १०३७, सव्व १०३८, जे १०३९, लिंगे १०४०, एवं १०४१, भण्णइ १०४२, जह १०४३, तह १०४४, १०४५,**

જે જે કાલે જેટલું જેટલું નંદીઆદિ જિનવચન પ્રવર્તતું હોય તેટલું ભાવાર્થપૂર્વક કહેવું અથવા શિષ્યોને તે નન્દીઆદિ સામાન્યસૂત્રો કરતાં વધારે યોગ્ય દેખે તો દૃષ્ટિવાદ આદિની વ્યાખ્યા પણ કરે, અથવા તે દૃષ્ટિવાદઆદિથી ઉદ્ધરેલા કોઇ પરિજ્ઞાઆદિસ્તવની વ્યાખ્યા કરે અથવા તે નંદિઆદિકનેજ વખાણે. કષ, છેદ અને તાપે કરીને શુદ્ધ એવો ધર્મ જેમાં વર્ણન કરાય તે સ્તવપરિજ્ઞા આદિ શાસ્ત્રો ઉદ્ધૃત સૂત્ર કહેવાય. આવી રીતે ઉદ્ધૃતના પ્રસંગમાં જે સ્તવપરિજ્ઞાની સૂચના કરી તે સ્તવપરિજ્ઞા દોઢસો કરતાં અધિક ગાથાના પ્રમાણવાળી છે તેથી તેની વ્યાખ્યા કરતાં પ્હેલાં ઉત્તમશ્રુતની વ્યાખ્યા કરે છે, પ્રાણવધ વગેરે પાપસ્થાનોનો જે સર્વથા નિષેધ અને ધ્યાન, અધ્યયન વિગેરેનો જે સર્વથા વિધિ કરાય તેનું નામ ધર્મકષમાં શુદ્ધ કહેવાય. જે બ્રાહ્યક્રિયાથી તે વિધિ અને નિષેધનો બાધ ન થાય, પણ નિરતિચારપણે તે વિધિ અને નિષેધ ઉત્પન્ન થાય

અને ઘટી શકે તેવો જે ઉપદેશ તે ધર્મમાં છેદ જાણવો. બંધ તથા મોક્ષાદિને અનુકૂળ એવા જીવાદિ-પદાર્થોનું નિરૂપણ તે ધર્મના અધિકારમાં તાપ જાણવો. તે કષ, છેદ અને તાપ એ ત્રણે કરીને શુદ્ધ એવો જે ધર્મ તેજ સમ્યગ્ધર્મપણાને પામે છે. એ ત્રણ વડે કરીને જે ધર્મ શુદ્ધ ન હોય અગર કોઇપણ એક પ્રકારની અશુદ્ધિવાળો હોય તો તે ધર્મ યથાર્થપણે ધર્મના ફળને દેવામાં સમર્થ થતો નથી. એ ધર્મજ જે માટે જગતના સર્વપદાર્થોમાં ઉત્તમ પુરૂષાર્થ છે, માટે એ ધર્મની બાબતમાં જે ઠગાયો તે મનુષ્ય સકળકલ્યાણોથી ઠગાયોજ છે એમાં કોઈ સંદેહ નથી, અને જે ધર્મમાં ન ઠગાયો તે કલ્યાણમાં કોઇ દિવસ પણ ઠગાતો નથી, માટે બુદ્ધિમાનોએ બુદ્ધિપ્રધાન એવી દૃષ્ટિથી ધર્મની સમ્યક્ પરીક્ષા કરવી. જેને મોક્ષનું બીજ (સમ્યક્ત્વ) પ્રાપ્ત થયું હોય છે તેને આ લોકનાં બધાં કલ્યાણો મળે છે, અને પરભવમાં શુભપરંપરાવાળાં એવાં દેવ અને મનુષ્યનાં સુખો પણ નકકી મળેજ છે. સાચાતત્ત્વોની શ્રદ્ધારૂપ તથા પ્રશમાદિરૂપ ચિહ્નોથી જણાતું અને શુભઆત્માના પરિણામ સ્વરૂપ એવું જે સમ્યક્ત્વ તેજ મોક્ષનું બીજ છે. તે સમ્યકત્વ મળ્યા પછી નિર્મળભાવવાળા જીવને હંમેશાં સુખજ હોય છે અને ભાવથી ધર્મમાં પ્રવર્તેલા જીવને શુભ અનુબંધજ હોય છે. સાચા પદાર્થને કહેવાવાળા શાસ્ત્રોથીજ સાચાપદાર્થની શ્રદ્ધા થાય છે, અને તેવું શાસ્ત્ર શ્રીવીતરાગમહારાજનાજ વચનરૂપ હોય છે. અપૌરૂષેય એટલે પુરૂષે નહિં કહેલું એવું વચન સર્વથા જે માટે હોયજ નહિં તે માટે અપૌષેય તરીકે ગણાતું વચન તે સત્યાર્થને જણાવનાર કહેવાયજ નહિં. તેમજ પુરૂષે કહેલું હોવાથી જે પૌરૂષેય વચન હોય તેમાં પણ દોષવાળાનું વચન સત્યાર્થને જણાવનાર કહેવાય નહિં. શંકાકાર કહે છે કે એ જિનવચનથી પણ સત્યપદાર્થની શ્રધ્ધા નકકી થાયજ છે એમ સિદ્ધિ થતી નથી. કેમકે સર્વજીવોએ આ જૈનપ્રવચનનું શ્રુત પણ અનંતી વખતે મેળવેલું છે. વળી પૂર્વે જિનપ્રવચનનો યોગ નજ પ્રાપ્ત થએલું હોય એમ માનવામાં બીજો કોઇ હેતુ નથી, કેમકે અનાદિનો સંસાર હોવાથી તેમાં કોની કોની સાથે કોનો કોનો સંબંધ થયો નથી? પહેલાં અનન્તી વખતના પમાયેલા જિનશ્રુતથી સમ્યક્ત્વ ન થયું અને હવે જો તે સમ્યક્ત્વ થાય, તો તે સમ્યક્ત્વ થવાનું કારણ શું? અને જો વગર કારણેજ તે સમ્યકત્વ થતું હોય તો તે સમ્યકત્વ હંમેશાં હોય અથવા તો કોઇ દિવસ પણ ન થાય. કારણ મળવાથી થવાવાળી જે ચીજ હોય તે અહેતુક કહી શકાય નહિં. અને અહેતુક ચીજ હોય તે કાંતો હંમેશાં હોયજ અથવા કદાપિ નજ હોય, એવી રીતે પણ સમ્યક્ત્વની ઉત્પત્તિ થવી સંભવિત નથી. વળી સર્વ-સંયોગો કર્માધીન છે, અને તે કર્મ પણ ઉત્કૃષ્ટ સ્થિતિથી એક કોટાકોટિ સુધી સ્થિતિવાળું અનંતી વખત થઇ ગએલું છે. સમ્યકત્વ પામવાવાળાને કોટાકોટિ સિવાય અધિક સ્થિતિનું કોઇ કર્મ નથી અને તેટલું અંતઃ કોટાકોટિ તો કર્મ ઘણી વખત થયું. અનાદિકાળમાં એકજ વખત ગ્રંથીભેદ થાય છે તો કાલભેદે જુદા જુદા જીવોને સંયોગે જુદે જુદે કાલે સમ્યકત્વ કેમ થાય? અહીં ઉત્તર દે છે કે બીજા હેતુનું કામ શું છે? કેમકે કાલભેદે શાસ્ત્રથીજ પ્રાયે સમ્યક્ત્વ થાય છે, અને શાસ્ત્રપ્રાપ્તિમાં પણ તે કાલભેદજ હેતુ છે, આ જગોપર શંકા કરે છે કે તે શાસ્ત્ર પણ પહેલાં ઘણી વખત પ્રાપ્ત થયું, કેમકે સર્વજીવોનો અનન્ત વખત ગ્રૈવેયકમાં ઉપપાત

જરૂર થએલો છે એમ સુત્રમાં કહ્યું છે, અને તે ગ્રૈવેયકનો ઉપપાત સાધુવેષ વગર થયોજ નથી, કેમકે કહ્યું છે કે સમ્યકત્વ વગરના જે લોકો સાધુપણાનો વેષ ગ્રહણ કરે છે તેનો પણ ઉપપાત ઉત્કૃષ્ટથી નવમા ગ્રૈવેયક સુધી હોય છે અને જ્યારે અનન્ત વખત દ્રવ્યસાધુપણું આમ ગયું તો પછી સાધુપણામાં આ સૂત્રપોરસીઆદિકજ નિત્યકર્મ વીતરાગોએ યથાયોગ્ય કહેલું છે, તે બધું અનન્ત વખત થઇ ગયું છે, અર્થાત્ શાસ્ત્રની પ્રાપ્તિ અનંતી વખત થઈ, પણ તેનાથી કેમ સમ્યકત્વ થયું નહિ? અથવા તો એજ શાસ્ત્ર કાલભેદે સમ્યકત્વનો હેતુ બંને કેમ?, આ બધા પ્રશ્નના ઉત્તરમાં જણાવે છે કે શ્રુતધર્મ મળ્યો હતો, પણ કોઇપણ પ્રકારે જીવના વીર્યનો ઉલ્લાસ થયો ન હતો, અને સમ્યકત્વ તો વીર્ય ઉલ્લાસથીજ થાય, અને તે સમ્યકત્વના કારણ ભૂત વીર્ય પણ પ્રાયે શાસ્ત્રોથીજ થાય. જેમ ખારાદિકમાં ઘણી વખત નંખાયેલો છતાં વેધ પરિણામને નહીં પામેલો પણ ઉત્તમમણિ કોઇ કાલે મળેલા તેજ ખારાદિકથી વીંધાય છે. તેવી રીતે અનેક વખત શુદ્ધધર્મના સંયોગની પ્રાપ્તિ થાય છતાં નહિં થએલો એવો જે વીર્ય ઉલ્લાસ થાય તે શુદ્ધ ધર્મથીજ થાય છે અને તેથી ભવ્યજીવ સિદ્ધિ પામે છે. તે જીવનોજ તેવો સ્વભાવ છે કે તેટલીજ વખત શાસ્ત્રધર્મ થઈ ગયા પછી કોઈક કાલે થએલા શાસ્ત્રધર્મથીજ તેટલું વીર્ય પામે છે, અને તેથી સમ્યક્ત્વ પામે છે.

શંકાકાર કહે છે કે **आहेणं १०४६, मण्णाह १०४७, आयरिय १०४८, कालो १०४९, सव्वेवि १०५०, नवि १०५१, एत्थंपि १०५२, एअं १०५३, एय १०५४ कम्माइ, १०५५, अह १०५६, भन्नन्ते १०५७, अह १०५८, जं १०५९, णय १०६०, तस्स१०६१, तत्तो १०६२, जिण १०६३, सम्मं १०६४, तम्हा १०६५, तत्तो १०६६,** પૂર્વે કહ્યા પ્રમાણે સ્વભાવવાદ અંગીકાર કરવાથી તો તમે પોતાનો સર્વકર્મોની અંતઃ કોટી કોટી સ્થિતિ થાય તોજ સમ્યકત્વ થાય આવીરીતે જણાવેલ કર્મવાદ છોડી દીધો, આના ઉત્તરમાં કહે છે કે અમારે એકાંત કર્મવાદ કોઇપણ પ્રકારે ઇષ્ટ નથી, તેમજ સ્વભાવવાદ પણ સર્વથા અનિષ્ટ પણ નથી, કેમકે દુષ્ષમાકાલની રાત્રિના નાશ માટે સૂર્યસમાન હોવાથી દિવાકર તરીકે ગણાતા અને સંમતિનામના શાસ્ત્રથી જેમનો જશ પ્રસારેલો છે એવા શ્રુતકેવલી સિદ્ધસેનઆચાર્યે કહેલું છે કે કાળ, સ્વભાવ, ભવિતવ્યતા, કર્મ અને ઉદ્યમ એ કારણોમાંથી કોઇ જગતનું કોઇ એકજ કારણ છે એમ માને તો તે મિથ્યાત્વ છે, અને પરસ્પર અપેક્ષાવાળાં તે સર્વ કાલાદિકો જગતના કારણો છે એમ માને તો તે સમ્યકત્વ કહેવાય, એવી રીતે કાલાદિક સર્વે વસ્તુઓ સમુદાયે કાર્યને સાધનારાં કહેલાં છે, અને એવીજ રીતે સર્વકાર્યમાં તે પાંચે પદાર્થો સમ્યક્પણે ઘટે છે. આ જગતમાં મગનું રાંધવું આદિક કોઇપણ કાર્ય એકલા કાલાદિકથી થતું નથી, પણ કાલાદિક પાંચે એકઠા થાય ત્યારેજ થાય છે. માટે તે કાલાદિક બધા એકઠા થએલાજ કર્મના ઉદયથી અને યત્નથી થનાર વસ્તુમાં કારણો ગણાય. અહીં સમ્યકત્વપ્રાપ્તિમાં પણ એવીજ રીતે અમે સ્વભાવ પણ કારણ તરીકે માનેલો છે અને તે પણ વિચિત્રભવ્યપણારૂપ સ્વભાવજ અહીં કારણ તરીકે સમજવો. જો આ ભવ્યપણું જે છે તે પણ જો સર્વજીવોને સર્વથા સરખુંજ હોય તો કાલાદિકના ભેદ સિવાય તુલ્યપણે સર્વજીવને મોક્ષે જવું થાય વળી સર્વથા એકસ્વભાવવાળા ભવ્યત્વને માનીએ તો કર્માદિના અધિક

ન્યૂનપણાથી પણ કાંઇ પણ ફરક પડે નહિં, અને કર્મની સ્થિતિ વધારે છતાં પણ સમ્યકત્વ માનીયે તો અભવ્યને પણ સમ્યકત્વ અને મોક્ષના પ્રસંગ આવે (દેશનાવિગેરેથી તેને પણ સમ્યગ્દર્શન પ્રગટ થાય). જો ભવ્યપણાનો તેવા કાલાદિક ભેદે ભિન્નતાવાળો સ્વભાવ ન માનીએ તો તે એકસ્વરૂપ ગનાયેલો હોવાથી કર્માદિકનો તેવો કાલાદિકભેદે ભિન્નફલ કરવા રૂપ સ્વભાવને ભિન્નફલને કરનારો થાય નહિ, આ ભવ્યત્વની વિચિત્રતાની વાત બુદ્ધિશાળીઓએ વિચારવી. કદાચ કહેવામાં આવે કે દેશના વિગેરે સાધનો સમ્યગ્દર્શનઆદિને કરવાવાળાં નથી એમ માનીયે અને તેથી અભવ્યને મોક્ષ પ્રાપ્તિનો પ્રસંગ નહિં આવે, પણ તેમ માનીયે તો ભવ્યમાં પણ તે દેશનાદિ સમ્યકત્વઆદિને કરનારાં કેમ બને ? કહેવામાં આવે કે ભવ્યત્વ હોય તો દેશનાદિથી સમ્યક્ત્વઆદિ થાય, તો ભવ્યપણું બધા ભવ્યજીવોને સરખું છે એમ તમોએમાન્યું છે અને તેથી તે ભવ્યપણું પણ આવી રીતે એકસ્વરૂપ હોવાથી અભવ્યની દેશના જેવુંજ થશે. કદાચ એ દોષના ભયથી ભવ્યપણાનો તેવો સરખાપણાનો સ્વભાવ ન માનો તો તત્વથી ભવ્યપણાની વિચિત્રતારૂપ અમારોજ પક્ષ કબૂલ થયો. જે માટે તે ભવ્યપણું એક છતાં પણ અનાદિ છે, અને તે ભવ્યપણાનો પરિપકવ થવાનો સ્વભાવ પણ આત્મભૂત હોવાથી અનાદિ છે, એમ કહેવાથી બાકીનાં કર્માદિક નકામાં છે એમ નહિં સમજવું, કેમકે તથા સ્વભાવવાળું ભવ્યપણું પણ પોતાના પરિપકવપણાની માફકજ કાલાદિકની પણ અપેક્ષા રાખેજ છે. પરમાર્થથી વિચિત્રસ્વરૂપવાળા તે કારણોના સમુદાયથીજ જીવ તેવા પ્રકારનું અન્યોડન્ય અપેક્ષાએ વીર્ય પામે છે. અને તેથી તેને દ્રવ્યસમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે, અને તે દ્રવ્યસમ્યકત્વથી ભાવસમ્યકત્વ થાય છે, અને તે ભાવસમ્કયત્વથી અનુક્રમે કે સાથે ચારિત્ર પ્રાપ્ત થાય છે, અને તેથી અનુક્રમે કેવળજ્ઞાનાદિકની પ્રાપ્તિ થાય છે. ઉપર જણાવેલ સમ્યક્ત્વના દ્રવ્ય અને ભાવ એવા જે ભેદો છે તે જણાવે છે, જિનવચનજ તત્ત્વ છે એવી જે રૂચિ તે દ્રવ્યસમ્યકત્વ, અને યથાસ્થિત જીવાદિ ભાવોના હેયાદિના વિભાગવાળા જ્ઞાનથી થતી શ્રદ્ધા તે ભાવસમ્યક્ત્વ કહેવાય છે. ને દ્રવ્યસમ્યકત્વ કરતાં ભાવસમ્યકત્વની શ્રેષ્ઠતા જણાવે છે, જેના ગુણો ન જાણ્યા હોય એવા સુંદરરત્નમાં જે શ્રધ્ધા હોય તેના કરતાં ગુણો જાણ્યા પછી થતી શ્રધ્ધા અનંતગુણી હોય છે અને તેટલાજ માટે ભાવસમ્યકત્વ એ દ્રવ્યસમ્યકત્વ કરતાં અનન્તગુણ શુદ્ધ જાણવું, અને એવું ભાવસમ્યકત્વજ પ્રશમાદિલિંગોને ઉત્પન્ન કરનારૂં છે, અને એવા ભાવસમ્યકત્વથીજ તીવ્ર શુભભાવ થાય છે, અને તે તીવ્ર એવા શુભભાવ થવાથી શુદ્ધચારિત્ર પરિણામ થાય છે, અને તે ચારિત્રપરિણામથી દુઃખરહિત અને શાશ્વત સુખવાળો એવો મોક્ષ મળે છે. શ્રુતધર્મની મહત્તા એ દ્રવ્યસમ્યકત્વ છે, અને તેજ ભાવસમ્યકત્વનું કારણ છે. એમ પ્રાસંગિક વસ્તુ કહીને જે ચાલુ અધિકાર શ્રુતધર્મની શુદ્ધિનો છે તેને કહે છે.

**सुअ १०६७, सुहुमो १०६८, जह १६९ थूलो १०७०, जह १०७१,** તેટલા માટે શ્રુતધર્મની કષ વિગેરેએ કરીને પરીક્ષા કરવી જોઇએ; ઉષરભૂમીમાં સેંકડો વખત થયેલો વર્ષાદ નિષ્ફલ જાય છે, તોપણ રસાલ જમીનમાં વર્ષાદ વિના ધાન્યની ઉત્પત્તિ થાય છે એમ કહી શકાયજ નહિં. એવી રીતે અભવ્ય કે ભવ્યજીવમાં અનન્તી વખત શ્રુતધર્મની પ્રાપ્તિ નિષ્ફલ થઇ છે, છતાં

ચરમાવર્તે ભવ્યજીવને પણ થતા સમ્યગ્દર્શનાદિમાં તે તધર્મ કારણ છે એમ માનવામાં કોઈ પણ પ્રકારે ગેરવ્યાજબી પણું નથી, કેમકે પૂર્વે જણાવ્યું તેમ પ્રાયે શ્રુતધર્મથીજ સમ્યક્ત્વ અને ચારિત્ર થાય છે, અભવ્ય તથા ભવ્યજીવોને પણ અનન્ત વખત શ્રુતધર્મ આવ્યા છતાં ચારિત્રધર્મ નથી થયો માટે પ્રાયે એવું કહ્યું છે. કષનું સ્વરૂપ કહે છે: જે શાસ્ત્રમાં સાવદ્યવિષયક પ્રતિષેધ અત્યંતપણે કર્યો હોય તેમજ રાગાદિકનો જેનાથી નાશ કરવામાં આવે એવાં સમર્થ ધ્યાનાદિ જેમાં જણાવ્યાં હોય તે શાસ્ત્ર કષશુદ્ધ કહેવાય. જેમ મન વચન કાયાએ કરીને બીજા જીવની સર્વથા પીડા ન કરવી અને રાગાદિકથી પ્રતિકૂળ થાય એવું ચિત્તમાં ધ્યાન હંમેશાં કરવું જોઇએ, એવું જે શાસ્ત્ર તે કષથી શુદ્ધ થયેલ કહેવાય, પણ જેમાં સ્થૂલહિંસાનોજ માત્ર નિષેધ હોય, પણ સર્વ સાવદ્યવિષયક વિષયક ન હોય અને રાગાદિકને નાશ કરવામાં સમર્થ એવાં ધ્યાનઆદિ ન જણાવ્યાં હોય અને માત્ર પૃથ્વ્યાદિ અને પદોનાંજ ધ્યાનો જણાવ્યાં હોય તે શાસ્ત્રો કષથી અશુદ્ધ કહેવાય, જેમ કોઈ શાસ્ત્રમાં એમ કહ્યું હોય કે મરનારો જીવ હોય મારનારો પ્રાણિને વિચારનાર હોય વળી તે પ્રાણિને મારવાની ક્રિયા હોય અને તે પ્રાણીના પ્રાણનો જો નાશ થાય તો હિંસા થાય, એવું શાસ્ત્ર કષથી અશુદ્ધ કહેવાય. એવા શાસ્ત્રોના દાખલાને જણાવતાં કહે છે કે જેશાસ્ત્ર હાડકાં વગરનાં જે જીવો હોય તેવા એક ગાડાં જેટલા જીવો મારે તો એકજ હિંસા ગણાય એમ કહેનાર હોય, વળી બ્રહ્મહત્યાદિ કરનારો હું છું એમ અવિદ્યમાન એવા પણ પોતાના દોષો પાપશુદ્ધિને માટે કહેવાય તો તેમાં મૃષાવાદ નથી એમ જણાવનાર શાસ્ત્રો હોય. તે વિગેરેમાં તેમજ અકારઆદિ અક્ષરોનું ધ્યાન કરવું, એમ કહેનારા શાસ્ત્રોમાં કષશુદ્ધ હોય નહિં. એમશ્રુતધર્મની કષશુદ્ધ જણાવીને હવે છેદશુદ્ધિ જણાવે છે:

**सइ १०७२, एएण १०७३, गइ १०७४, जे खलु १०७५, जत्थ १०७६, एयं १०७७, गइ १०७८, तइ १०७९,**

અનેકપ્રકારના સંયમયોગોમાં ધાર્મિકજનની હંમેશાં જે અપ્રમાદપણે વૃત્તિ તે બાહ્યઅનુષ્ઠાન કહેવાય છે. એ શાસ્ત્રમાં કહેલા બાહ્યઅનુષ્ઠાનવડે કરીને પૂર્વોક્ત વિધિનિષેધનો બાધ ન થાય અને તે વિધિનિષેધ બંન્ને ઉત્પન્ન થાય એવા અનેકવચનોથી શુદ્ધ એવું જે શાસ્ત્ર તે શુદ્ધ કહેવાય. જેમ સાધુએ હંમેશાં માતરૂપરઠવવા વિગેરે સર્વકાર્યો પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિમાં અપ્રમત્ત રહીનેજ કરવું. વળી પ્રમાદ કરનારા એવા વસતિઆદિનો પરિહાર કરવો. તેમજ મધુકરવૃત્તિએ શરીરનું પોષણ કરવું, જ્યાં વિવિધ પ્રકારના સંયમયોગોમાં ધાર્મિકની વૃત્તિ અપ્રમત્તપણે ન હોય તે અનનુષ્ઠાન કહેવાય. એવા અનનુષ્ઠાનો વડે પ્રતિષેધ અને વિધિનો બાધ થાય, તેમજ તે વિધિ અને પ્રતિષેધ બન્ને બને પણ નહિ. તેથી એવા વચનોવાળું શાસ્ત્ર તે છેદથી અશુદ્ધ કહેવાય. જેમ દેવતાની આગલ ગાયનઆદિ કાર્યમાં સાધુએ ઉદ્યમ કરવો જોઈયે. હાસ્યાદિક કરવાં જોઇયે, અસભ્યવચન (હું બ્રહ્મઘાતી છું વિગેરે) કહેવાં જોઇયે, અન્યમતને માનનારાનો નાશ ઇચ્છવો જોઇયે, એકજ ઘરે અન્ન લઇને ભોજન કરવું, તરવારની ધારા વિગેરેથી શરીર ઉપર ઘા કરવો, એ બધાં બાહ્ય અનુષ્ઠાનો પાપરૂપ છે, એવી રીતે કષ અને છેદની શુદ્ધિ જણાવી હવે તાપની શુદ્ધિ કહે છે.

**जीवा १०८०, एएण १०८१, संता १०८२, संत १०८३ इहरा १०८४, निच्चो १०८५, एगन्ता**

१०८६, ण १०८७, पिंडो १०८८, एवं १०८९, सक १०९०, वेएइ १०९१, णय १०९२, इअ १०९३ एयं १०९४ જીવાદિ પદાર્થનું જણાવાતું સ્વરૂપ જો દ્દષ્ટ એટલે પ્રમાણથી સિધ્ધ એવા પદાર્થો અને ઇષ્ટ એટલે અનુભવથી સિદ્ધ અને ઇચ્છેલા પદાર્થોના સ્વભાવથી વિરૂદ્ધ ન હોય અને બંધાદિને સિદ્ધ કરનાર હોય તે અહીં તાપશુધ્ધ શાસ્ત્ર કહેવાય. એ તાપની પરીક્ષા વડે કરીને જે શાસ્ત્ર શુદ્ધ હોય તે તાપશુદ્ધ જાણવું. અને જે તે જણાવેલ એવા તાપથી અશુદ્ધ હોય તે શાસ્ત્ર કષ અને છેદથી શુદ્ધ હોય તોપણ અશુદ્ધ જાણવું. જેમ જીવને કથંચિત્ સત્ કથંચિત્ અસત્, કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય આદિ અનેકધર્મવાળો માનીએ તોજ સુખ દુઃખ કર્મબંધ વિગેરે ઘટી શકે, એકાંતે સદ્દઆદિ માનીને જીવાદિને બીજારૂપે માની અન્યથા માનીએ તો એ બધું ઘટેજ નહિં. સ્વરૂપે કરીને વિદ્યમાન અને પરરૂપે કરીને અવિદ્યમાન એવો જીવ માનીએ તોજ જીવનું વિશિષ્ટપણું માન્ય થાય અને તે વિશિષ્ટપણાથી વિશિષ્ટ એવા સુખાદિક પણ થઇ શકે, નહિં તો સત્તાઆદિ માત્રનો સર્વકાલે અને સર્વપદાર્થોમાં સદ્દભાવ હોવાથી એ સુખાદિની વિશિષ્ટતા ન થાય, અને વિશિષ્ટતાના અભાવે વિશિષ્ટતાને માટે કરાતો ઉદ્યમ એ અજ્ઞાનજ ગણાય. જે પદાર્થ નિત્ય હોય તે હંમેશાં એકસ્વભાવવાળો હોય છે, અને તે રીતિએ જીવ જો દુઃખ સ્વભાવવાળો હોય તો એ દુઃખના નાશનો સંભવ નહિં હોવાથી દુઃખના નાશ માટે કેમ પ્રવર્તે ? તેમજ ઉત્પત્તિની સાથેજ નાશ પામવાવાળો એવો એકાંત અનિત્ય એવો જો જીવ હોય તો એક સમયમાં એટલે ઉત્પત્તિની વખતે પલટો કરાવનારી ચીજજ નહિ હોવાથી તે પલટાનો સંભવજ નથી. કારણ અને કાર્યમો એકાંત અભેદ માનવાથી વિશિષ્ટ એવો કારણનો જે પર્યાય તે નાશ ન પામતો હોવાથી એકાંત અભેદપક્ષમાં તેમજ ભેદપક્ષમાં પણ વિશિષ્ટ કાર્ય થઇ શકે નહિં. માટીનો પિંડ પણ તે માફક ઘડારૂપે પરિણમે નહિં, કેમકે પિંડભાવનું વિદ્યમાનપણું છે, ભેદના એકાંતપક્ષમાં જો તેનો તે સર્વથા પિંડભાવ જાય તોજ ઘટપણું થાય, અને મૃત્તિકાદિક ધર્મો તો પ્રત્યક્ષ ચાલુ રહે છે. ઉપર જણાવ્યા પ્રમાણે કથંચિત્ સદ્દઆદિ ધર્મવાળો આત્મા પરિણામી બની શકતો હોવાથી મિથ્યાત્વ-આદિના પરિણામવાળો થાય છે, અને તેમ પરિણમવાથીજ મિથ્યાત્વઆદિ કારણોથીજ કર્મને બાંધે છે, અને સમ્યકત્વઆદિ કારણોથી કર્મને છોડે છે. જો કે સમ્યકત્વ એ નિર્જરાનું કારણ નથી, પણ સમ્યકત્વથી થતી પરિણામ શુદ્ધિથી નિર્જરા થાય છે. વળી આત્મા પરિણામી હોઇ ને કર્મ અને આત્માના તથા કર્તા ભોકતાપણાના એક આધારપણાથી પોતાના કરેલાં કર્મો પોતે ભોગવે છે, નહિંતર નિત્ય માનવામાં આવે તો હંમેશાં કર્તા, ભોકતપણું કે બંને વાનાં સાથેજ આવે, પણ આગળ પાછલ અનુક્રમે આવેજ નહિં, જુવાનપણામાં ચોરી આદિક કરેલી હોય તેનું ફળ પાછલથી અથવા અંત્યમાં ભોગવે છે અને પ્રત્યક્ષઆદિપ્રમાણોથી તે ભોગવનાર કર્તાથી જુદો નથી. વળી અનુભવ, લોક અને આગમથી એમ સિધ્ધ છે કે પાપપરિણતિને લીધે હું કેવું ફળ પામ્યો ? એ ઉપરથી કથંચિત્ જુવાન અને વૃધ્ધપણું ભિન્નજ છે એમ એકાંતે ભેદપક્ષ પણ જુઠો સમજવો. આ જીવ મનુષ્યાદિકના ભવમાં કરેલાં કર્મો દેવઆદિકના ભવોમાં ભોગવે છે, તેથી તે કર્મોને કરવાપણાનો અને ભોગવવાપણાનો પર્યાય જીવનોજ છે એમ માનવાથી તે બધું ઘટી શકે. એ

જીવ એકાંતે નિત્ય હોય તો કર્તા કે ભોકતાપણામાંથી એકસ્વભાવપણુંજ રહે અને તેમજ એકાંતે અનિત્ય હોય તો ઉત્પત્તિ પછી તરતજ નાશ પામવાથી પોતાનું કરેલું શુભ કે અશુભ કર્મ ભોગવે કોણ? એવી રીતે એકાંતે નિત્યાનિત્યવાદને અયોગ્ય જણાવી હવે જીવ અને શરીરનો ભેદાભેદવાદ કહે છે:

**जीव १०९५, उभय १०९६, एत्थ १०९७, नउ १०९८, एवं १०९९, णउ ११०१ एवं १०११, तय ११०२, हेदोणं ११०३, अकरिंतो ११०४, मोक्खो ११०५, तम्हा ११०६, अणु ११०७, दीसइ ११०८, एमाइ ११०९, एअ १११०,** જીવ અને શરીરનો કથંચિત્ ભેદ અને કથંચિત્ અભેદ સાક્ષાત્ અનુભવાય છે, તેમજ જીવનું કથંચિત્ મૂર્તામૂર્તપણું છે તેથી તેમજ સ્પર્શ થયા પછી પદાર્થનું જ્ઞાન થાય છે તેથી વળી બંનેએ કરેલું એટલે જીવ અને શરીરે કરેલું કર્મ જીવ અને શરીર બંને ભોગવે છે માટે તેવીજ રીતે બંનેમાંથી કર્યા વિના કોઇ ભોગવતું નથી, માટે કર્મના બંધાદિકનો સદ્ભાવ ભવ અને કર્મના કે જીવ અને શરીરના ભેદાભેદ માનવા સિવાય ઘટતો નથી, માટે જીવ અને દેહનો ભેદાભેદ માનવો. આ ભવમાં શરીરદ્વારાએ હિંસા કરીને જે પણ કર્મ બાંધ્યું તેજ કર્મ કટુકરૂપે ભવાંતરમાં આજ જીવ ભોગવે છે. ઓદારિકશરીરવાળાએ કરેલું કર્મ નરકમાં અન્ય જીવ માનીને તે અન્ય જીવે ભોગવવું થાય છે એમાં માનીએ તો કૃતનાશ અને અકૃતાગમ બળાત્કારે આવે. કેમકે મનુષ્યે કરેલું ન ભોગવ્યું અને નારકીએ નથી કર્યું ને ભોગવ્યું. એવી રીતે ક્રૂરમનથી જીવે જે કર્મ બાંધ્યું હોય તે કર્મના ભયંકર વિપાકો ભવાંતરના શરીરે તે જીવથીજ ભોગવાય છે, વળી શરીરરહિત જીવને અથવા જીવવગરના શરીરને વેદના નથી હોતી, માટે એકલો જીવ કે એકલું શરીર ભોગવે છે એમ કહી શકાય નહિ, અને લોકવ્યવહારઆદિની વિરૂદ્ધતાથી તે જીવજ શરીર છે કે શરીરજ જીવ છે એમ પણ માની શકાય નહિ. વળી જીવ અને શરીરનો ભેદાભેદ માનીએ તોજ શરીરના નાશ અને ઉપકારથી પાપ અને પુણ્યની ઉત્પત્તિ મનાય. નહિંતર ઘટાદિકના નાશ અને ઉત્પત્તિની પેઠે તે શરીરના ઉપકાર અને નાશથી પુણ્ય પાપ ઘટે નહિં, શરીરથી આત્મા સર્વથા અભિન્ન માનીએ તો શરીરના નાશે જીવનો નાશ થઈ જાય, અને તેથી પરલોકના અભાવથી બંધાદિકનો અભાવ થાય. શરીરદ્વારાએ શરીરને વિષે નુકસાન અને ફાયદો કરવાથીજ બંધ વિગેરે થાય છે, પણ અમૂર્ત એવો એકલો કર્ત્તાનો આત્મા કાંઈપણ કરી શકતો નથી, અને નહિં કરવાવાળો જો બંધાય એમ માનીએ તો હંમેશાં સર્વજીવોને સર્વ કર્મ બંધાવાનો પ્રસંગ આવે, માટે જીવ અને શરીરના કથંચિત્ ભેદાભેદપણામાંજ કર્મનાં બંધાદિક ઘટે છે. મોક્ષ પણ બંધાએલાનોજ હોય છે. જો કર્મનો બંધજ ન હોય તો પછી મોક્ષ કોનો? વળી તે હંમેશાં કેમ ન હોય? અથવા હેતુથીજ કેમ થાય? અને તે પુરુષાર્થ કેમજ ગણાય? માટે બંધાએલાનોજ મોક્ષ હોય છે, અને તે બંધ પણ પરંપરાએ અનાદિજ ઘટે છે, નહિંતર કોઇપણ કાલે બંધની શરૂઆત લઇયે તો તેનાથી પહેલાં બંધ ન હોવાથી તે વખતે મુક્તદશાજ માનવી પડે. શંકા કરે છે કે જ્યારે ત્યારે પણ વર્તમાનકાળે બંધ હોય છે તેથી તે બંધ તો કૃત્રિમ ગણાય અને તે અપેક્ષાએ બંધ આદિવાળો ગણાય. તો પછી તેવા બંધને અનાદિ કેમ

કહેવાય? ઉત્તરમાં કહે છે કે દરેક વર્તમાન ક્ષણ વર્તમાનપણે વર્તી ગએલા હોવાથી અતીત થાય છે. અને એવા અતીત કાલને જેમ પ્રવાહે અનાદિ કહીએ છીએ, અર્થાત્ વર્ત્તમાનકાલે જે વર્ત્યો તેજ અતીત કહેવાય છે, છતાં અનાદિપ્રવાહથી તેમ થાય છે માટેજ અતીતકાલને અનાદિ ગણીયે છીયે, તેમ બંધનું પણ પ્રવાહે બાંધવાનું વર્ત્તમાનકાલનું છતાં પણ અનાદિપણું માનવું. જીવમાં નવા જ્ઞાનાદિગુણોની ઉત્પત્તિ અનુભવસિદ્ધપણે દેખવાથી કર્મનો નાશ માનવો જોઇએ, અને તેવી રીતે દેશે નાશ થનારા કર્મનો સોનાના મેલની પેઠે સર્વથા પણ નાશ માનવો જોઇએ. તે કર્મથી સર્વથા મુકાએલો જે આત્મા તેજ સર્વથા મુક્ત જાણવો. ઇત્યાદિ પદાર્થવાદ જે શાસ્ત્રમાં હોય તે શાસ્ત્ર તાપશુદ્ધ જાણવું, અને બુદ્ધિમાન્ ધીરપુરુષે તેનોજ અંગીકાર કરવો. આવી રીતે આ કષાદિના નિરૂપણવાળું જે ુત તે ઉત્તમશ્રુત કહેવાય. અનુજ્ઞામાં ઉત્તમશ્રુત કહેવાનું કહ્યું તેની સાથે કહેલા આદિશબ્દથી સ્તવપરિજ્ઞા વિગેરેનું પણ વર્ણન લેવું. એમાં પ્રથમ ગૌણ મુખ્યપણે બે પ્રકારના સ્તવનું વર્ણન કરાય છે. હવે તે સ્તવપરિજ્ઞા કહે છેઃ—

दव्वे ११११, जिण १११२, दव्वे १११३, धम्मत्थ १११४, सो १११५, इय १११६, कहा १११७, तस्स १११८, नंदाइ १११९, सुद्धस्स ११२०, कार ११२१, ते ११२२, धम्म ११२३, लोए ११२४, सासय ११२५, पिच्छिस्सं ११२६, पडि ११२७, ता ११२८,

સ્તવ બે પ્રકારે છે (૧) એક દ્રવ્યસ્તવ અને (૨) બીજો ભાવસ્તવ. તેમાં ભાવસ્તવના રાગથી વિધિપૂર્વક જિનભવનાદિકનું જે કરવું તે દ્રવ્યસ્તવ કહેવાય અને નિરતિચાર એવો જે સંયમ આદરવો તે ભાવસ્તવ કહેવાય. દ્રવ્યસ્તવમાં જે મુખ્યતાએ જે જિનભવન કરાવવાનું કહ્યું છે તેનો વિધિ સંક્ષેપથી આ પ્રમાણે છેઃ ૧. ભૂમિ શુદ્ધ હોવી જોઇએ. તપસ્વીઓને આવવા જવા અને રહેવા લાયક સ્થાને અને અસ્થિઆદિ રહિત એવી જે ભૂમિ તે દ્રવ્યશુદ્ધ ભૂમિ કહેવાય, અને જેમાં બીજા પડોશી વગેરેને અપ્રીતિ ન હોય તે ભાવશુદ્ધ ભૂમિ કહેવાય, કેમકે ધર્મ કરવાને માટે તૈયાર થયેલા જીવોએ શ્રીજિનભવનાદિક તો શું? પરંતુ સંયમ પણ એવીજ રીતે કરવો લાયક છે. આ ધર્માર્થિ જીવે કોઇને પણ અપ્રીતિ ન ઉપજાવવી એ હકીકતમાં ભગવાનનું દૃષ્ટાંત જાણવું. તે ભગવાન મહાવીર મઠના સ્વામીને અપ્રીતિ એવી પ્રબલ છે કે જેથી એ ઉત્કૃષ્ટ મિથ્યાત્વનું બીજ થાય એવી છે એમ જાણીને ભરચોમાસામાં એક પક્ષ ગયા પછી પણ તે તાપસના આશ્રમથી વિહાર કરી ગયા. એવી રીતે દરેક ધર્મિષ્ઠે સમ્યક્ પ્રયત્ન કરીને હંમેશાં લોકોની અપ્રીતિ શક્તિ હોય ત્યાં સુધી તો વર્જવીજ જોઇએ, છતાં પણ જ્યાં અન્યની અપ્રીતિ વર્જવી અશક્ય હોય ત્યાં ધર્માર્થીએ પોતાના આત્માનોજ દોષ વિચારવો. બીજો કોઈ અવગુણ ન હોય તો પણ ભવાંતરનું કર્મ તે અપ્રીતિનું કારણ છે, એમ વિચારવું. સર્વગુણ સંપૂર્ણ ભગવાન્‌વીરને દેખીને હાલિકને ઉત્કૃષ્ટ અપ્રીતિ ભવાંતરના વેરથીજ થઈ હતી. એ હકીકત ધ્યાનમાં લઈને પોતાના કર્મનો દોષ ગણવો. ભૂમિ શુદ્ધિ કહ્યા પછી કાષ્ઠાદિ જે જિનભવનમાં ઉપયોગિ દ્રવ્ય છે તેની શુદ્ધિ કહે છે. કાષ્ઠાદિ દલ પણ તેજ શુદ્ધ કહેવાય કે જે અન્યમતના પણ દેવના મંદિરથી કે શ્મશાનથી લાવવામાં આવ્યું ન હોય, ગજા ઉપરાંતના ભારથી બળદ વિગેરેને પીડા કરીને અવિધિથી લાવવામાં ન આવ્યું હોય, તેમજ પોતે કરાવેલું પણ ન

હોય. તે કાષ્ઠાદિ દ્રવ્યોને શુદ્ધાશુદ્ધ જાણવાનો આ ઉપાય છે. તે કાષ્ઠાદિક લાવવાની વાત થતી હોય કે તેને લેવા જતા હોઇએ તે વખત જો નંદીઆદિ શુભ શબ્દ, ભરેલો કલશ, સુંદર ધર્મચારી પુરુષો, અને વ્યવહાર લગ્નઆદિ હોય તો શુભ શુકન હોવાથી તે મળનાર કે મેળવાશે તે દલ શુદ્ધ જાણવું, અને રોવા આદિકના ખરાબ શબ્દો વગેરે અપશકુન હોય તો તે કાષ્ઠાદિક દલ અશુદ્ધ જાણવું. ગ્રહણ કરેલા શુદ્ધ એવા કાષ્ઠાદિને લાવવામાં પણ પ્રશસ્તદિવસ, શુભમુહૂર્ત શકુન વિગેરે જાણવા. આ જિનમંદિર કરાવતાં ચાકરોને કોઇ દિવસ ઠગવા નહિ, પણ ઇષ્ટ, અને અદૃષ્ટફળને દેવાવાળું એવું અધિક દાન કરવું. તુચ્છ બિચારા ચાકરો માત્ર થોડું વધારે દેવાથી સંતોષ પામે, અને સંતોષ પામેલા તેઓ પહેલાં કરતાં અધિક સારૂં કામ કરે. વળી કેટલાક નોકરચાકરો તેવા અધિકદાનથી ધર્મની પ્રશંશા કરી બોધિબીજને વાવે, અને કેટલાક લઘુકર્મી તો તે અધિકદાનથીજ માર્ગને પામે, ઇતર લોકોમાં પણ તે ધર્મિષ્ઠની આવી ઉદારતાથી આ ધર્મ ઘણો સારો છે, અને ઉત્તમપુરુષોએ આ ધર્મ કહેલો છે. એમ વિચારો આવવાથી ધર્મની ઘણી પ્રશંસા થાય છે, અને તેવી સારી પ્રશંસાથી શાસનની ઉન્નતિ થાય છે, જિનભવન બનાવવાથી તેના શ્રવણ અને દર્શનથી ત્રિલોકનાથ જિનેશ્વરભગવાનના ગુણોનું જ્ઞાન અને સ્મરણ થાય છે. અને તેમ થવાથી તેમની પ્રતિમા સ્થાપવા માટેની નક્કી શુદ્ધપ્રવૃત્તિ થાય છે અને તેથી કર્તાના ભાવની ઘણી વૃદ્ધિ થાય છે. ભગવાન્ જિનેશ્વરના મંદિરમાં વંદન કરવાને માટે આવેલા ભાગ્યશાળી જ્ઞાનાદિગુણોવાળા, ગુણરૂપી રત્નને માટે નિધાન સમાન, અને મહાધૈર્યવાળા એવા સાધુમહાત્માઓને હું અહીં દેખીશ. વળી સ્ત્રી અને હથીયારઆદિ કલંક વિનાના એવા જિનેશ્વરના બિંબને દેખીને બીજા પણ ભવ્યજીવો પ્રતિબોધ પામશે. અને પછી તે ભવ્યજીવો છ કાયની શ્રદ્ધાવાળા થઇ આત્માના ઉદય માટે સંયમધર્મને કરશે, માટે મારૂં જે દ્રવ્ય હંમેશાં આ જિનભુવનમાં વપરાય તેજ સાચું દ્રવ્ય છે. આવો જે અસ્ખલિત વિચાર તે મોક્ષરૂપી ફળને દેનાર એવી સ્વાશયવૃદ્ધિ એટલે પ્રશસ્ત એવા પરિણામની વૃદ્ધિ જાણવી. મંદિર કરાવ્યા પછીનું કાર્ય કહે છે.

**णिप्फा ११२९, जिण ११३०, तारि ११३१, णिप्फा ११३२, चिइ ११३३, सच्चीए ११३४, गुण ११३५, तप्पु ११३६, एअम्मि ११३७, तप्पूआ ११३८,**

યતનાથી જિનભવનને બનાવીને તેમાં વિધિએ કરાવેલું સુંદર ભગવાનજિનેશ્વરનું બિંબ, ભ્રાંતિરહિતપણે વિધિથી સ્થાપન કરાય છે. તે બિંબ કરાવવાનો વિધિ આ પ્રમાણે છે. તે પ્રતિમાજી બનાવનાર કારીગર ગુણવાન હોય તો શુભવખતે તેને વાસચંદ્રનાદિથી પૂજીને પોતાની ઋદ્ધિપ્રમાણે બહુમાનથી મૂલ્ય આપે. કારીગર તેવો ગુણવાન્ ન હોય અને ગુણવાન્ ન મળવાથી અગુણવાન્ એવા કારીગરને કદાચ રોકવામાં આવે તો તેના હિતને માટે ઉદ્યમવાળો એવો શ્રાવક ત્હેના વખત પ્રમાણે બિંબનું ઉચિત મૂલ્ય નક્કી કરે. એમ કરવાથી દ્રવ્યનો અસદ્વ્યય કે ભાવનો નાશ ન થાય. એવી રીતે તૈયાર થએલા સમ્યગ્ બિંબની પ્રતિષ્ઠામાં આ વિધિ છે: પોતાને ઠેકાણે શુભકાલે ઉચિતપૂજાએ અધિવાસન કરવું. પ્રતિષ્ઠા વખત થાય ત્યારે ચૈત્યવંદન કરવું,

સ્તુતિની વૃદ્ધિ કરવી, અસંમૂઢપણે શાસનદેવતાનો કાઉસ્સગ્ગ કરવો, તેમાં લોગસ્સ યાદ કરી, જાઈઆદિનાં ફૂલોથી પૂજા કરવી. અને યોગ્યસમયે નવકારપૂર્વક સ્થાપના કરવી. પ્રતિષ્ઠા વખતે શક્તિ મુજબ સંઘપૂજા કરવી, કેમકે દિશાદેવતાદિની પૂજાથી શ્રીસંઘની પૂજા બહુ ગુણવાળી છે, વળી શાસ્ત્રમાં (तित्थयर पवयण એ ગાથામાં) તીર્થંકરથી બીજા નંબરે પ્રવચનશબ્દથી શ્રીસંઘને ગણ્યો છે. સમ્યગ્દર્શનઆદિગુણોના સમુદાયમયજ શ્રીસંઘ છે, પ્રવચન તીર્થ અને સંઘ એ બધા એકાર્થક શબ્દો છે. એ પ્રવચન એટલે તીર્થની મહત્તાને લીધેજ તો તીર્થંકરદેવ પણ એ શ્રીસંઘને દેશનાની આદિમાંજ નમે છે. શ્રીસંઘની મહત્તા માટે એ શ્રીજિનેશ્વરભગવાન્ શ્રીસંઘને નમસ્કાર કરે છે એ વાત જણાવી છે. છતાં ભગવાન્ જિનેશ્વરમહારાજ કેવલી થયા છતાં શ્રીસંઘને નમસ્કાર કેમ કરે? એવી થતી શંકાના સમાધાનમાં જણાવે છે કે પ્રથમ તો એ તીર્થંકરપણુંજ સંઘના આલંબનથી મળ્યું છે, વળી તીર્થંકરે પૂજેલા સંઘની જગતમાં વધારે પૂજા થાય, શ્રીસંઘના ગુણોને કૃતજ્ઞતાપૂર્વકનો વિનય થાય, વળી કૃતકૃત્ય થએલા ભગવાન જેમ કેવલિ છતાં ધર્મ દેશના દે છે તેમ તીર્થને પણ નમે છે. (તીર્થંકરનામકર્મથી ઉચિત પ્રવૃત્તિ હોવાને લીધે આ કરે છે.) આ સંઘની પૂજાના કરતાં જગતમાં તેવું કોઈપણ ઉત્તમપાત્ર નથી કે જેની પૂજા બાકી રહી ગણાય, તેમજ તે શ્રીસંઘના કરતાં જગતમાં કોઇપણ પૂજ્ય એવું ગુણપાત્ર પણ બીજું છે નહિં. શ્રીસંઘની પૂજાનું પરિણામજ મહાફળદાયી જાણવું. સર્વ શ્રીસંઘની પૂજા ન કરી શકે તો દેવતાના પગરૂપી એક અંગની પૂજાના દૃષ્ટાંતે શ્રીસંઘના એક ભાગને પૂજનારો પણ ભાગ્યશાળીજ છે. પ્રતિષ્ઠા પછી પૂજાનો વિધિ કહે છે:—

**तत्तो** ૧૧૩૯, **जिण** ૧૧૪૦, **सुह** ૧૧૪૧, **विविह** ૧૧૪૨, **विहिआ** ૧૧૪૩, **एवं** ૧૧૪૪, **भावे** ૧૧૪૫, **जं** ૧૧૪૬, **जं पुण** ૧૧૪૭, **भोगाइ** ૧૧૪૮, **उचिया** ૧૧૪૯, **जिण** ૧૧૫૦, **सव्वत्थ** ૧૧૫૧, **जम्हा** ૧૧૫૨, **जइणो** ૧૧૫૩, **असुह** ૧૧૫૪, **कड्ड** ૧૧૫૫, **पढमाउ** ૧૧૫૬, **जिण** ૧૧૫૭, **तत्थ** ૧૧૫૮, **पडि** ૧૧૫૯, **माव** ૧૧૬૦, **एअं** ૧૧૬૧.

તે શ્રાવક ઋદ્ધિપ્રમાણે આડંબરથી, વિધિપૂર્વક, હંમેશાં તે સ્થાપન કરેલી જિનપ્રતિમાની નિયમિતપણે પૂજા કરે. પૂજાનો વિધિ આ પ્રમાણે છે: સ્નાનઆદિકથી પવિત્ર થએલો શ્રાવક પૂજામાં લીન થયો છતાં પોતાના મસ્તક વિગેરેને ખંજોરવા વિગેરેથી નહિં ફરસતો શ્રેષ્ઠ અને સુગંધી એવાં ફૂલઆદિથી પૂજા કરે. શુભગંધવાળો ધૂપ, પાણી, અને સર્વોષધિવિગેરેથી પહેલાં પ્રભુનું પ્રક્ષાલન કરવારૂપ સ્નાત્ર કરે, પછી કેસર આદિનું વિલેપન કરે. અત્યંત સુગંધવાળી, ને મનોહર દેખાવવાળી પુષ્પમાળા ભગવાનને ચઢાવે, અનેકપ્રકારે નૈવેદ્ય ધરે. આરતી વગેરે કરે, ધૂપ કરે, સ્તુતિ કરે, વિધિથી વંદન કરે, પછી શક્તિ મુજબ ગાયન, વાજિંત્ર, નાટક કરીને દાન અને ઉચિત સ્મરણ કરે. આ પૂજાનું કાર્ય શાસ્ત્રોક્ત છે એમ મનમાં ધારીને હંમેશાં શાસ્ત્રના બહુમાનને વહન કરવા સાથે એ પૂજા કરનારને એ પૂજનનું

અનુષ્ઠાન ચારિત્રનું કારણ બને છે, પણ આ લોકના કે કીર્તિઆદિના વિચારથી કરેલી પૂજા ચારિત્રનું કારણ બનતી નથી. એવીજ રીતે શાસ્ત્રબહુમાનદ્વારાએ કરાતી પૂજા ભાવસ્તવ અને આજ્ઞાઆરાધનમાં રાગ પણ ગણાય. આનાથી વિપરીતપણે કરાતી પૂજા દ્રવ્યસ્તવ પણ ગણાય નહિ. શાસ્ત્રના બહુમાન શિવાયની વિપરીત પૂજાને પણ જો દ્રવ્યસ્તવ ગણીએ તો પછી આજ્ઞાથી વિરૂદ્ધપણે લોકોમાં ઘર કરવા આદિક જે ક્રિયાઓ થાય છે તે બધી પણ દ્રવ્યસ્તવ તરીકે કહેવી પડે. કદાચ એમ કહેવામાં આવે કે આ કીર્ત્તિઆદિને માટે પણ કરાતી પૂજા વીતરાગને અંગે થતી હોવાથી દ્રવ્યસ્તવ કહેવી એમાં અડચણ શી ? તો વીતરાગને કરાતા તિરસ્કાર વિગેરે પણ ભગવાન્ વીતરાગને અંગેજ છે માટે તે પણ દ્રવ્યસ્તવ ગણાય. કદાચ કહેવામાં આવે કે વીતરાગને ઉદ્દેશીને ઉચિત ક્રિયા એટલે પૂજાઆદિ હોય તોજ દ્રવ્યસ્તવ ગણવો, તો આજ્ઞાની આરાધના તેજ ઉચિત છે, અને જે પૂજા ઔચિત્યની ગવેષણા વગરની, તેમજ ભાવશૂન્ય હોય છે તે વીતરાગઆદિને અંગે પણ હોય તોપણ ભાવસ્તવનું કારણ ન બનવાથી દ્રવ્યસ્તવ કહેવાય નહિં. જોકે તીર્થંકરના મહિમાથી આ કીર્ત્તિઆદિને માટે કરાતી પૂજા ભોગાદિક સંસારીફળને આપે, તોપણ તે ફળ બીજી રાજસેવા ધનવ્યયઆદિ રીતે પણ થાય છે, અને વળી સંસારિક ફળ તુચ્છ છે. ઉચિત અનુષ્ઠાનની બુદ્ધિ એટલે દેશવિરાતિની અવસ્થામાં ભગવાન્‌ની આજ્ઞાને અનુસરીને આ વિધિ મ્હારે કરવા લાયક છે એવી બુદ્ધિથી આ દ્રવ્યસ્તવ જો સાધુઆચારના એટલે ભાવાચારની સરખો છે, તો પછી તેને દ્રવ્યસ્તવ કહેવામાં ફક્ત ભાવની અલ્પઉત્પત્તિ છે તેજ કારણ છે, જિનભવનાદિ કરાવવાદ્વારાએ આ દેશવિરતિને ઉચિતક્રિયાનો શુભ યોગ છે, છતાં પણ સર્વ પ્રકારે આજ્ઞારૂપ જે સાધુ ધર્મ છે તેનાથી તો કેવળ તુચ્છજ છે. સર્વત્ર ગમતા રહિતપણારૂપ હોવાને લીધે સાધુક્રિયા મ્હોટી છે, અને આ દ્રવ્યસ્તવ કોઈક તુચ્છમાં મમત્વને લીધે તુચ્છ છે. મમત્વ જીવને નિશ્ચયે દૂષિત કરે છે, અને દૂષિત થયેલાનો સર્વ વ્યાપાર વિષવ્યાપાર જેવોજ છે. ત્યાગ કરવા લાયક હિંસાદિક સર્વ પદાર્થથી ત્રિવિધ ત્રિવિધે સર્વથા નિવર્તેલા અને સર્વથા મમત્વ રહિત હોવાથી અદૂષિત એવા સાધુઓનો લેવા લાયક એવો હોવાથી અને ભગવાન્ જિનેશ્વરની આજ્ઞામાં વર્ત્તનાર હોવાથી સર્વથા શુદ્ધ વ્યાપાર છે. વળી આ દ્રવ્યસ્તવ કાંટાવાળા વૃક્ષથી નદીને પાર ઉતરી જવા જેવો અસમર્થ છે, ઝાંખરૂં એવું છે કે વધારે ભારને તારે પણ નહિં અને પકડનારને પીડા પણ કરે. પરંતુ તેટલા આલંબનથી પણ ડુબતો બચે, એવી રીતે આ દ્રવ્યસ્તવ આરંભ મમત્વવાળો છતાં સંસારમાંથી બચાવી લે છે, ત્યારે ભાવસ્તવ સંપૂર્ણ નદીને બાહુથી તરવા જેવો છે, અથવા તો કટુકઔષધાદિક પીને સામાન્યરોગને નાશ કરવા જેવો દ્રવ્યસ્તવ છે, ત્યારે ઔષધ વગર રોગને નાશ કરવા જેવો ભાવસ્તવ છે. દ્રવ્યસ્તવથી પુણ્યબંધ થાય છે અને સુગતિ, સંપત્તિ, વિવેક વિગેરે તે દ્રવ્યસ્તવથી થાય છે, અને પરંપરાએ કાલાંતરે તે દ્રવ્યસ્તવથી ભાવસ્તવ પણ મળે છે. જિનબિંબની પ્રતિષ્ઠાના ભાવથી ઉપાર્જન કરેલા કર્મોને લીધે હંમેશાં પોતાનું નિર્દોષપણે સુગતિમાં રહેવું થાય છે, ત્યાં સુગતિમાં પણ સાધુ મહાત્માના દર્શનની પ્રાપ્તિ થાય છે અને તેથી થયેલા ભાવથી દ્રવ્યસ્તવથી ઉપાર્જન કરેલા કર્મોને લીધે ગુણ ઉપર રાગ થાય છે અને કાલાંતરે અનુક્રમે ગુણ કરવાવાળું સાધુપણાની ભાવના રૂપ સાધુ દર્શન પણ થાય છે. વળી બીજાઓ આ જિનમંદિર અને પ્રતિ-

માથી બોધ પામશે એવો જે ભાવ ભવન અને બિંબની કરતી વખતે હતો તે ભાવથી ઉપાર્જન કરેલા કર્મોથી ભવાંતરે ભાવચારિત્રની પ્રાપ્ત થાય છે, અને એ ભાવચારિત્ર તેજ શુદ્ધ સંયમ છે. તે તીર્થંકરોની આજ્ઞાને લીધે લાયક એવી પ્રવૃત્તિ કરવાથી આ શુદ્ધસંયમ તે ભાવસ્તવ છે, અને તીર્થંકરને અંગે બાહ્ય અને અભ્યંતર અન્ય સર્વ પદાર્થોથી નિરપેક્ષપણે આજ્ઞાનું કરવું તેજ ઉચિત છે. આ કાર્ય સાધુને છોડીને બીજો મનુષ્ય તીર્થંકરના ગુણોનું જ્ઞાન ન હોવાથી તેમજ ચારિત્રમોહનીયના જોરથી સમ્યક્ પ્રકારે કરી શકેજ નહિં. ભાવસ્તવના દુષ્કરપણામાં કારણ જણાવે છે.–

जं ११६२, जोए ११६३, करणाइ ११७४ भोमाई ११६५, ण ११६६ इय २१६७, सोइंदि ११६८, एवं ११६९, एत्थ ११७०, एक्को ११७१ जम्हा ११७२, एअं ११७३, जह ११७४, एवं ११७५, आणा ११७६, भावं ११७७, उस्सुत्ता ११७८ इयरा ११७९, गीअत्थो ११८०, गीअस्स ११८१, नय ११८२, ता ११८३, ऊणत्त ११८४, ता ११८५, परम ११८६, विहिआ ११८७, सव्वत्थ ११८८, तह ११८९, एत्तो ११९०,

જે આ અઢારહજાર શીલાંગનું પાલન ભાવસ્તવમાં અત્યંત ભાવપૂર્વક થાય છે તે અઢાર હજાર આવી રીતે: યોગ, કરણ, સંજ્ઞા, ઈંદ્રિય, પૃથ્વીકાયઆદિ, અને ક્ષાંતિઆદિરૂપ શ્રમણ ધર્મ એ જે ત્રણ ત્રણ ચાર પાંચ દશ અને દશ ભેદે અનુક્રમે છે, તે સર્વને પરસ્પર ગુણવાથી અઢાર હજાર શીલાંગ બને છે. એ યોગઆદિના ત્રણ વગેરે ભેદો અને ગુણકાર સમજાવે છે. મન વિગેરે ત્રણ કરણો કહેવાય, અને કરવું કરાવવું આદિ ત્રણ યોગો કહેવાય, આહારઆદિ ચાર સંજ્ઞા ગણવી, શ્રોત્ર-આદિ પાંચ ઈંદ્રિયો ગણવી, પૃથ્વીકાય આદિ પાંચ થાવર અને બે ઈંદ્રિયઆદિ ચાર ત્રસ ભેદ એ નવ જીવ અને અજીવ ગણવાથી એ પૃથ્વીકાયાદિ દશ ગણવા અને ક્ષાંતિઆદિ દશ પ્રકારનો શ્રવણ ધર્મ ગણવો. એ અઢાર હજાર શીલાંગનો ભાવાર્થ નીચે પ્રમાણે:—

ક્ષાંતિસહિતપણે શ્રોત્રેંદ્રિયના સંવરવાળો, આહારસંજ્ઞાને છોડનારો છતાં સાધુ મને કરીને પૃથ્વીકાયનો આરંભ નજ કરે, એ પ્હેલું શીલાંગ ગણાય. એવી રીતે માર્દવઆદિ નવનો પૃથ્વી-કાયની હિંસા છોડવા સાથે સંબંધ જોડવાથી દશ શીલાંગ થાય. અને એવી રીતે થયેલા દશને અપ્કાય વિગેરે નવમાં પણ જોડીએ એટલે નેવું થાય અને બધા મળીને સો થાય. જેમ શ્રોત્રેંદ્રિયે સો ભેદ મળ્યા, તેવી રીતે બાકીની ચક્ષુઆદિ પાંચ ઈંદ્રિયો પણ લઈએ તો પાંચસો થાય. એવી રીતે એક આહારસંજ્ઞાના યોગે જેમ પાંચસો આવ્યા તેમ બધી સંજ્ઞા લઈએ તો બે હજાર થાય. જેમ મને કરીને એ બે હજાર આવ્યા તેમ વચન અને કાયાએ કરીને પણ લઈએ તો છ હજાર થાય. એવી રીતે જેમ કરણે કરીને છ હજાર મળ્યા તેમ કરવાના અને અનુમતિના છ છ હજાર લઈએ એટલે અઢાર હજાર થાય. આ અઢાર હજાર ભાંગામાં બુદ્ધિમાનોએ આ તત્ત્વ જાણવું કે એકપણ શીલાંગ શુદ્ધ ત્યારેજ હોય કે બીજા બધા શીલાંગોનો સદ્ભાવ હોય. જેમ આત્માનો એક પ્રદેશ બીજા અસંખ્યાત પ્રદેશે સહિતજ હોય તેવી રીતે અહિં એક પણ શીલાંગ શેષ શીલાંગો-એ સહિતજ સમજવું, અર્થાત્ એક પ્રદેશે ઊન એવા આત્માના સર્વ પ્રદેશોને જીવ ન કહેવાય, તેવી રીતે એક પણ શીલાંગ જો ઓછું હોય તો શીલાંગ કહેવાય નહિં. જે માટે એ અઢાર હજાર

શીલાંગ સર્વસાવદ્યયોગની વિરતિ કરવાથી હોય છે, ને તે વિરતિ તત્ત્વથી એકજ સ્વરૂપ હોય છે. પણ એ શીલાંગોમાં વિભાગ પડે નહિં. આ હકીકત વિરતિ ભાવની અપેક્ષાએ સમજવી, પણ બાહ્યપ્રવૃત્તિને આશ્રીને સમજવી નહિં, કારણકે તે બાહ્યપ્રવૃત્તિ તો ભાવ વિના પણ હોય છે. જેમ કાઉસ્સગ્ગમાં રહેલા તપસ્વીને કોઇએ પાણીમાં નાંખ્યો, તે વખતે તે મહાત્મા પાણીના વધમાં પ્રવર્તેલી કાયાવાળો છે, છતાં ભાવથી ચલિત નથી, અને તેથી તે તત્ત્વથી પ્રવર્તેલો નથી. એવીજ રીતે મધ્યસ્થસાધુ શૈક્ષ અને ગ્લાનાદિકને માટે ભગવાનની આજ્ઞાથી કોઈ અપવાદમાં પ્રવર્તેલો હોય તો પણ તે તેવી રીતે પ્રવર્તેલો છે માટે નહિં પ્રવર્તેલોજ જાણવો, કેમકે તે સાધુ આજ્ઞાને આધીન છે, અને તે આજ્ઞા સર્વજ્ઞ ભગવાનના વચનથી સર્વ જીવોને વૈદ્યકના દૃષ્ટાંતે એકાંત હિતકારિણીજ છે. એવી રીતે અપવાદની પ્રવૃત્તિ ભાવસાધુના અઢાર હજાર શીલાંગ રૂપ વિરતિભાવને બાધ કરતી નથી, પણ પોતાની બુદ્ધિએ કલ્પેલા વિકલ્પથી શુદ્ધ ગણાતી હોય તોપણ ગીતાર્થોએ નિષેધ કરેલી એવી વસ્તુઓને અંગીકાર કરવા રૂપ ઉત્સૂત્ર પ્રવૃત્તિ કરે છે, તોપણ ભવમાં ભમાડનાર એવો અભિનિવેશ ન હોય તો અનુબંધ પડતો નથી, (કારણ કે જો એમ ન હોય તો ગચ્છભેદે સામાચારીનો ભેદ હોવાથી માત્ર ગચ્છભેદથી અનુબન્ધવાળો બંધ થઇ જાય. અને જો એમ માનવામાં આવે તો સામાચારીના ભેદમાંજ મિથ્યાત્વ થઈ જાય છે અને તેને અંગે જિનવચનની યથાસ્થિતતાએ શ્રદ્ધા રહે તો કાંક્ષામોહનીયનો જણાવેલો અભાવ ન રહે) પણ ગીતાર્થે નિષેધેલી પ્રવૃત્તિ જો આગ્રહથી કરાતી હોય તો તે પ્રવૃત્તિ જરૂર અનુબંધવાળી હોય છે, અને ચારિત્રના શૂન્યભાવ વગર એવી પ્રવૃતિ થાય નહિ, તેથીજ પૂર્વાચાર્યો આ વાત કહે છે કે એક તો ગીતાર્થનો સંજમ અને બીજો ગીતાર્થની નિશ્રાએ રહેનારનો સંજમ છે. પણ એ સિવાય ત્રીજો કોઈ પણ પ્રકારનો વિહાર એટલે સંજમ તીર્થંકર ભગવાનોએ કહેલો નથી. ગીતાર્થની પ્રવૃત્તિ ઉત્સૂત્ર હોયજ નહિં, તેમજ ગીતાર્થની નિશ્રાવાળા અગીતાર્થની પણ ઉત્સૂત્ર ન હોય. કારણ કે ગીતાર્થ મુનિમહારાજ નિશ્રાવાળાની અશુદ્ધ પ્રવૃત્તિ રોકયા શિવાય રહે નહિં ચારિત્રવાળો નક્કી કોઇ દિવસ પણ ભગવાનજિનેશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કરેજ નહિં, અને ગીતાર્થપુરૂષ યોગ્યતા જાણીને બીજાને ઉત્સૂત્રપ્રવૃત્તિથી નિવારણ કર્યા સિવાય રહેજ નહિં, એવી રીતે ગીતાર્થ અને તેની નિશ્રાવાળા બંનેનેજ શુદ્ધચારિત્ર હોય, તે સિવાય બીજાઓને શુદ્ધચારિત્ર હોયજ નહિં, તેટલા માટે સંપૂર્ણ વિરતિપણું અઢાર હજાર શીલાંગરૂપજ સમજવું. કોઇ દિવસ પણ શીલાંગોનું આ સંખ્યાની અપેક્ષાએ ઊનપણું હોયજ નહિં, જે માટે પ્રતિક્રમણસૂત્રમાં પણ અઢાર હજાર શીલાંગવાળાજ વંદનીય ગણ્યા છે, તેટલા માટે અનંતમરણાદિ સ્વરૂપ એવા આ સંસારને જાણીને, અને ગુરુઉપદેશથી મરણાદિ રહિત મોક્ષજ છે એમ જાણીને સંસારથી વિરક્ત થાય. વળી તીર્થંકરની આજ્ઞાથી અવિરતિમાં થતા ભયંકરદોષોને જાણીને મોક્ષાર્થી જીવ શુદ્ધભાવે આ શીલાંગને અંગીકાર કરે. અને ઉપયોગ પૂર્વક શક્તિ પ્રમાણે શાસ્ત્રોક્ત અનુષ્ઠાનોને તેમજ શક્તિ બહારના અનુષ્ઠાનોને સાંધતો, કર્મદોષોને ખપાવતો, સર્વત્ર મમતા રહિત, આગમમાં તત્પર, એકાગ્રમનવાળો, અમૂઢલક્ષ, વળી તેલપાત્રને ધારણ કરનારના દૃષ્ટાંત માફક અપ્રમત્ત અથવા રાધાવેધને સાધનારની માફક સાવચેત એવો સાધુજ આ જિનેશ્વર મહારાજે જણાવેલ આચારોને કરવાને સમર્થ થાય છે,

પણ બીજો તુચ્છ જીવ એને પાલવા સમર્થ થતો નથી. આજ કારણથી પૂર્વાચાર્યોએ પ્રમાણ યુકતજ (પ્રમાણથી સિદ્ધિ કરવા પૂર્વક) આ આચાર પાલનાર મહાત્માનેજ ભાવ સાધુ કહેલો છે. તે પ્રમાણ આ પ્રકારે છે:

**सत्थु ११९१, विस ११९२ इअ ११९३ मग्ग ११९४ एवं ११९५ चउ ११९६ इअ रम्मि ११९७ तं ११९८, गुत्ती ११९९ जे १२००, जो १२०१, उद्दिट्ठ १२०२, अण्णे १२०३ तम्हा १२०४, अलं १२०५ अपरि १२०६, निच्छय १२०७ आरा १२०८**

શાસ્ત્રમાં કહેલા ગુણવાળોજ સાધુ કહેવાય, પણ બાકીના શાસ્ત્રોકત ગુણોથી જેઓ રહિત હોય તે સાધુ ન કહેવાય એ અમારી પ્રતિજ્ઞા છે. તે બાકીનાને સાધુ તરીકે ન માનવામાં અગુણત્વહેતુ જાણવો અને ઉલટાપણે સુવર્ણનું દૃષ્ટાંત જાણવું. વિષનો ઘાત કરવો, રસાયણરૂપ થવું, મંગળ માટે કામ આવવું, નમવાનો સ્વભાવ, દક્ષિણ બાજુએ આવર્ત થવો, ભારેપણું, અદાહ્યપણું, અને નાહ કહોવાપણું એ આઠ ગુણ સોનામાં હોય છે. તેવી રીતે સાધુરૂપી સાધ્યમાં પણ અનુક્રમે આઠ ગુણો જણાવતાં કહે છે કે મોહરૂપી વિષનો નાશ કરે, મોક્ષના ઉપદેશરૂપી રસાયણરૂપે, તેજ પરિણામે ગુણથી મંગલાર્થપણું, વિનયવાળાપણુ, યોગમાર્ગને અનુસરતા હોવાથી દક્ષિણાવર્તપણું, ગંભીર હોવાથી ભારેપણું, ક્રોધ રૂપ અગ્નિથી નહિ બળવાપણું, અને હંમેશાં શીલભાવવાળા હોવાથી નહિ કહોવાપણું સમજવું, કારણ કે સાધર્મ્ય ન હોય તો પ્રાયે દષ્ટાંત હોય નહિં, કષ, છેદ, તાપ અને તાડનારૂપી ચાર કારણે શુદ્ધ જે સુવર્ણ હોય તેજ વિષઘાત અને રસાયણઆદિ આઠ ગુણોવાળું હોય. સોનારૂપ દૃષ્ટાન્તમાં કષઆદિ જણાવીને હવે દાર્ષ્ટાન્તિક તરીકે લીધેલા સાધુઓમાં કષાદિ ચારની ઘટના કહે છે. સાધુમાં પણ વિશિષ્ટલેશ્યા તે કષ, એકાગ્રપણું તે છેદ, અપકાર કરનાર ઉપર પણ અનુકંપા તે તાપ, અને આપત્તિમાં પણ ચિત્તનું નિશ્ચલપણું તે તાડના, આવા સર્વગુણોએ સહિત સાચું સોનું હોય, પણ બનાવટી કે માત્ર નામરૂપવાળું સોનું હોય તે એવું ન હોય. એવી રીતે ગુણ સહિતને તથા રહિતને સાધુ અને અસાધુ તરીકે જાણવા. જો કે બનાવટી સોનું, સોનાના રંગવાળું કરાય છે, તોપણ બાકીના ગુણો ન હોવાથી તે સોનું ગણાતું નથી. આ સૂત્રમાં સાધુના જે ગુણો કહ્યા છે તે ગુણોથી સહિત ઉત્તમસોનાની માફક ગુણના નિધાન એવા પુરુષોમાંજ સાધુપણું હોય છે. બનાવટી સોનાની માફક વર્ણવાળો છતાં પણ બીજા ગુણો ન હોવાથીજ ગુણરહિત જે સાધુ હોય તે ગોચરી કરવા માત્રથી ભિક્ષુ કહેવાય નહિં આધાકર્મી એવાં આહારપાણી ભક્ષણ કરે, પૃથ્વીકાયાદિ છકાયની હિંસા કરે, ઘર કરે, જલમાં રહેલા જીવોને પ્રત્યક્ષપણે પીએ તે સાધુ કેમ કહેવાય? (જો કે છકાયની હિંસામાં અપ્કાયની હિંસા આવી ગઈ હતી. પણ કેટલાકો શરીરની જરૂરીયાત માટે જલ હોવાથી તેના સચિત્તપણાને અંગે તેટલું બધું લક્ષ્ય નથી રાખતા, તે માટે અથવા દિગંબર જેવાઓ ભાજન નહિં રાખવાના કારણથી પાણીના ત્રણ ઉકાલાને અચિત્તતાનું કારણ ન માનતાં સચિત્ત પાણી વાપરે છે માટે પણ અપ્કાયની વાત જુદારૂપે કહેવી જરૂરી ગણી છે અથવા શ્રીમહાનિશીથમાં સચિત્ત જલના ભોગને સાધુતાના ઘાતકમાં પ્હેલો નંબર આપ્યો છે માટે પણ અપ્કાયના પાનની વાત જુદી કરી

છે) બીજા પણ કષાદિક ગુણો અહીં હોવા જોઇએ. આ પૂર્વે કહેલી પરીક્ષાઓથી સાધુની પરીક્ષા કરવી જોઇએ, માટે આ શાસ્ત્રમાં સાધુના જે ગુણો કહેલા છે તેવા અત્યંત શુદ્ધ ગુણવાળોજ સાધુ કહેવાય, કારણકે તેજ મોક્ષને સાધનાર છે. આ અધિકારમાં વિસ્તાર કરતા નથી, પણ બીજાઓ પ્રતિબોધ પામશે એવા ભાવથી ઉપાર્જન કરેલા નિરનુબંધ કે કુશલાનુબંધ કર્મના સંબંધે ભાવચારિત્ર પ્રાપ્ત થાય તે નક્કી થયું. મંદિર સંબંધી અપ્રતિપતિત એવી શુભચિંતાના ભાવથી ઉપાર્જન કરેલા કર્મોને લીધે ભાવચારિત્રના અંતને પામે છે અને તેથી તે આરાધના મેળવે છે. નિશ્ચયનયની અપેક્ષાએ ચારિત્ર લેવાના સમયથી મરણ સુધી હંમેશાં વિધિપૂર્વક સંજમનું પાલન તેજ આરાધના છે, અને આરાધક જીવ સાત આઠ ભવે પરમ યથાખ્યાતચારિત્રને પામીને જરૂર મોક્ષ પામે છે. દ્રવ્યાભાવસ્તવનું વ્યાપીપણું જણાવવા સાથે સ્થાન જણાવે છે:—

**दव्व १२०९, जइणो १२१०, तंतम्मि १२११ मल्लाइ १२१२ ओसरणे १२१३ णय १२१४, गो १२१५ कज्जं १२१६ जिण १२१७, ता, १२१८, जं च १२१९, एअस्स १२२० इहरा १२२१, सक्खा १२२२, एएहिंतो १२२३, अकसिण १२२४, सो १२२५, अणु १२२६, मुव्वइ १२२७**

એવી રીતે પરસ્પર સંબંદ્ધ એવા દ્રવ્યભાવસ્તવનું સ્તવસ્વરૂપ નિશ્ચયથી જાણ્યા પ્રમાણે કહ્યું. સાધુને પણ અનુમોદનાદ્વારાએ દ્રવ્યસ્તવ હોય છે. આ હકીકત શાસ્ત્રથી સિદ્ધ થએલી જાણવી. શાસ્ત્રમાં ચૈત્યસ્તવની અંદર સાધુને પણ ભગવાન્‌ના પૂજાસત્કાર માટે કાયોત્સર્ગ કરવાનો કહ્યો છે, અને તે પૂજાસત્કારાદિ તો દ્રવ્યસ્તવ સ્વરૂપજ છે. પૂજા માલ્યાદિથી બને છે અને સત્કાર શ્રેષ્ઠવસ્ત્રાદિથી બને છે. બીજાઓ પૂજા અને સત્કારના સ્વરૂપમાં વિપર્યાસ પણ માને છે. બંને પ્રકારે પણ તે પૂજા અને સત્કાર એ દ્રવ્યસ્તવજ છે. સમવસરણમાં ભગવાને પણ જે માટે રાજાઆદિએ કરાતા બલિઆદિકનો નિષેધ નથી કર્યો, તેથી જણાય છે કે ઉચિતોને દ્રવ્યસ્તવની આજ્ઞા છે. કોઇ દિવસ પણ મોક્ષથી પ્રતિકૂળ એવા વ્યાપારની આજ્ઞા ભગવાન્ કરે નહિં, અને મોક્ષને અનુકૂળ એવો વ્યપાર સાધુઓને બહુમત ન હોય તેમ નજ બને. કોઈક તરફથી કદાચ ભાવનો જે અંશ તેજ ભગવાનને બહુમત છે એમ કહેવામાં આવે તો દ્રવ્ય વગર ભાવ હોતો નથી એ સિદ્ધાંત છે કારણ કે દ્રવ્ય એજ ભાવનું કારણ છે, માટે તત્ત્વથી દ્રવ્યની અનુમોદના થઇજ ગઈ. આહારથી થવાવાળી તૃપ્તિને ઇચ્છનારને તે ભાવથી અનંતર એવું એનું દ્રવ્ય જે કારણ તે પણ ઇચ્છેલુંજ છે, તેથીજ ભરત મહારાજા વિગેરેને જિનભવન કરાવવાઆદિમાં નિષેધ કર્યો નથી, પણ શલ્ય વિષઆદિની ઉપમાઓએ કરીને કામનો નિષેધ કર્યો છે, એ ઉપરથી શાસ્ત્રદ્વારાએ દ્રવ્યસ્તવનો નિષેધ ન થવાથી પ્રસંગ પ્રાપ્તનો પ્રતિષેધ ન કરાય તો અનુમત ગણાય એ ન્યાયે જિનભવનાદિરૂપ દ્રવ્યસ્તવ તે સંમત થયો. એવી રીતે બાકીના મુનિઓને પણ દ્રવ્યસ્તવમાં અનુમોદનાઆદિ વિરૂદ્ધ નથી. વળી ભગવાનનો ચાર પ્રકારે ઔપચારિક વિનય જે કરવો જોઇએ તે પણ દ્રવ્યસ્તવ સિવાય બીજો બની શકે નહિ. એ ઔપચારિકવિનયને અંગેજ ચૈત્યસ્તવમાં સાધુઓને પણ પૂજનાદિના ફલની પ્રાપ્તનું ઉચ્ચારણ યુક્ત છે, નહિંતર તે ઉચ્ચારણ અયોગ્યજ થાત અને તે **वंदणवत्तियाए** આદિના પાઠના

ઉચ્ચારણ વગરની વંદના કહેલી નથી એ બધા ઉપરથી નક્કી થાય છે કે સાધુને પણ ઔપચારિક-વિનયનું સંપાદન કરવાનું ઇષ્ટજ છે. સંપૂર્ણ સંયમ હોવાથી અને કિંચનાદિ દ્રવ્ય ન હોવાથી તેમજ શાસ્ત્રની મર્યાદાએ સાધુઓને સાક્ષાત્ દ્રવ્યસ્તવ સ્વયં કરવા લાયક માન્યો નથી, કેમકે મુનિઓને સ્વયં કરવાની અપેક્ષાએ ભાવપ્રધાનજ હોય છે. મુનિ સિવાય ધર્મના અધિકારી જે શ્રાવકો છે તેઓને તો ભાવસ્તવના કારણ તરીકે દ્રવ્યસ્તવ સાક્ષાત્ કહેલોજ છે. જે માટે કહ્યું છે કે દેશવિરતિવાળા કે જેઓ સંપૂર્ણસંયમમાં પ્રવર્ત્યા નથી તેઓને કૂવાના દૃષ્ટાંતથી સંસારને પાતળો કરનાર એવો આ દ્રવ્યસ્તવ લાયક છે. એમ નહિં કહી શકાય કે ત્યાં ચૈત્યસ્તવ આવશ્યકમાં પુષ્પાદિકરૂપ દ્રવ્યસ્તવ કહેલાં છે. પણ જિનભવનઆદિ કહ્યાં નથી, કેમકે તે આવશ્યકમાં જે આદિશબ્દ જે કહેલો છે તેથીજ કહેલો છે. વળી જો જિનભવન ન હોય તો ભગવાન્‌ની મૂર્ત્તિયો ન હોય અને તે ભગવાન્‌ની મૂર્ત્તિઓ ન હોય તે ફૂલ વિગેરે કોને અંગે હોય? એમ નહિ કહેવું કે ત્યાં મુનિને માટે પુષ્પાદિકનો સ્પષ્ટ નિષેધ છે, કેમકે તે નિષેધ પોતાને કરવાની અપેક્ષાએ છે, પણ અનુમોદનાને માટે નથી. વજ્રસ્વામીજીએ દ્રવ્યસ્તવ કરાવ્યો છે એમ પણ શાસ્ત્રોમાં સંભળાય છે, તથા પૂર્વધરોના **ધર્મરત્નમાળા** વિગેરે ગ્રન્થોમાં જિનભવનાદિ દ્રવ્યસ્તવની દેશના પણ છે. આ બાબતમાં જિનભવનાદિ કરવામાં થતી હિંસા અને યજ્ઞાદિમાં થતી હિંસાની સરખાવટ કરતાં શંકા-સમાધાન કરે છે.

**आहेवं १२२८, पीडा १२२९, अह १२३०, सिअ १२३१ एगिंदि १२३२, एअंपि १२३३, सिअ १२३४, अह १२३५ किं १२३६, अग्गा १२३७, णय १२३८, णय १२३९ एवं १२४०, णय १२४१, अह १२४२, अह १२४३ णय १२४४, तम्हा १२४५, किम० १२४६, जइ १२४७, सइ १२४८, तब्बिंब १२४९, पीडा १२५०, आरंभ १२५१ ता २२५२, ण य १२५३, ण अ १२५४, अग्गी १२५५ अत्थि १२५६, परि १२५७, इअ १२५८ एगिंदि १२५९, सुद्धाण १२६०, अप्पा १२६१, जयणेह १२६२ जयणाए १२६३ एसा १२६४, सा ११६५, एत्तो १२६६, वर १२६७ गं १२६८ तत्थ १२६९, एव १२७०**

શિષ્ય શંકા કર છે કે શ્રીજિનભવનઆદિને ધર્મ માટે કરવાં જોઇયે એમ માનવાથી હિંસાપણ ધર્મને માટે થાય અને તે હિંસા દોષકારિણી નથી એમ પણ ઠરે. અને જો એમ ઠરે તો પછી વેદ વિહિત હિંસા તેવી દોષ વગરની કેમ માનતા નથી? કદાચ કહો કે તે યજ્ઞાદિની હિંસાથી તે બકરાઆદિને પીડા થાય છે, તો તે પીડા તો ચાલુ પૃથ્વીકાય આદિની હિંસામા પણ સરખીજ છે. વળી વૈદ ઉપકારી છતાં રોગીને પીડા કરે છેજ, તેથી પીડાથી અધર્મજ છે એમ કહી શકાય નહિ. રોગીને પરિણામે તે દેવાતી દવાથી સુખ થાય છે એમ કહો તો તે યજ્ઞમાં પણ હણેલા જીવોને પણ સુખ સંભળાય છે. કદાચ કહો કે સુખ થાય તોપણ રંડીબાજી આદિની પેઠે ધર્મ કહેવાય નહિ, કદાચ કહો કે ત્યાં જિનભવનાદિમાં કરવાવાળાને શુભભાવ થાય છે તો યજ્ઞ કરવાવાળા બ્રાહ્મણોને પણ શુભભાવ જાણવો. કદાચ કહો કે પૂજામાં એકેંદ્રિયઆદિકની હિંસા થાય છે, તો યજ્ઞમાં તો તેનાથી ઘણા થોડાજ હણાય છે, કેમકે સર્વે જીવોને ન હણવા એવું

શાસ્ત્રીય વચન સર્વજીવોની હિંસાને વર્જવાનું હોવાથી ધર્મને માટે થતી હિંસા દુષ્ટ નથી એમ તો કહી શકાયજ નહિં. આવી રીતના પૂર્વપક્ષના ઉત્તરમાં કહે છે કે વચનમાત્રથી એમ ધર્મ થાય કે અધર્મ થાય એમ થઈ શકતું નથી, નહિંતર દુઃખી પ્રાણીઓને મારનાર સંસારમોચકના ધર્મનું નિર્દોષપણું થાય. કદાચ કહો કે તે વચન સાચું નથી તો બીજું વેદની હિંસા એ નિર્દોષ છે એ વચન સાચું છે તેનું શું પ્રમાણ? કદાચ કહો કે પ્રામાણિકપણે લોકોજ તેવો સંસારમોચકોને અનુકૂળ પાઠ બોલતા નથી, તો વેદના પ્રમાણપણામાં પણ સર્વલોક એકમતના નથી, કદાચ કહો કે લોકોએ છઠું જે સંભવ નામનું પ્રમાણ છે તે પ્રમાણને માનીને પાઠ માનેલો છે. અને વેદથી વિરૂદ્ધતા તો થોડા લોકોનીજ છે. તેના ઉત્તરમાં કહે છે કે આ વાતમાં પણ પ્રમાણ નથી, કારણ કે સર્વસ્થાનના સર્વે લોકો દેખવામાં આવ્યા નથી અને તેથી લોકોના થોડા ઘણાપણામાં નિશ્ચય નથી, કદાચ કહો કે બધા લોકોને દેખીને શું કામ છે? સકલ લોકોને દેખ્યા વિના પણ જેમ મધ્યદેશમાં વેદ માનનારાની બહુમતિ છે તેમ બધા ક્ષેત્રમાં વેદને માનનારાઓની બહુમતિ માટે સમજવું, એમ કહેવું તે વ્યભિચારવાળું હોવાથી યોગ્ય નથી. અશાહારવાળા જેમ મધ્યદેશમાં ઘણા બ્રાહ્મણો દેખાય છે તેમ શુદ્રો ઘણા દેખાતા નથી, અને તે દેખવા માત્રથી બધે દક્ષિણોત્તર દેશો કે અનાર્ય દેશોમાં પણ આમ હોય એમ માની શકીએ નહિ. વળી ઘણાઓનો નિર્ણય સારોજ હોય અને થોડાનો નિર્ણય સારો નજ હોય એમ કહી શકાય નહિ, કેમકે જગતમાં ઘણા મનુષ્ય મૂઢો હોય છે અને વિદ્વાન મનુષ્યો થોડાજ હોય છે. કોઇપણ રાગાદિકે રહિત એવો સર્વજ્ઞ પુરુષ છે નહિં કે જેથી ફરક પડે, કેમકે જૈમિનીના મતે સર્વે પુરુષો રાગાદિવાળાજ છે, અર્થાત્ વચનમાત્રથી ધર્મ તથા અદોષપણું માનીએ તો ચંડિકાદિની આગળ બ્રાહ્મણને મારનાર મ્લેચ્છોને પણ ધર્મવાળા અને અદોષવાળા માનવા પડે. એમ નહિ કહેવું કે તેમને પણ વચન એટલે તેમનું શાસ્ત્ર હિંસામાં કારણ નથી, કેમકે સર્વ મ્લેચ્છો દ્વિજઘાતના વાકયથી બ્રાહ્મણને મારતા નથી. કદાચ કહો કે મ્લેચ્છનું વચન બધે પ્રામાણિક ગણાયું નથી, તો આ વેદનું વચન પણ બધે મનાયું નથી, માટે એ પણ મ્લેચ્છ વચનના સરખુંજ છે. કદાચ કહો કે મ્લેચ્છનું વચન સંસ્કૃત નથી તો આ વેદનું વચન પણ મ્લેચ્છોએ સંસ્કૃત માનેલું નથી. કદાચ તે મ્લેચ્છ વચન વેદાંગતરીકે નથી તો દ્વિજવચન વેદાંગ છે એમાં પણ કાંઈ પ્રમાણ નથી. કદાચ કહો કે મ્લેચ્છવચન વેદમાં સંભળાતું નથી તો ઉચ્છિન્નશાખાવાળું તે મ્લેચ્છોનું વચન કેમ નહિં હોય? વળી વેદના વચનમાત્રથી ધર્મ અને નિર્દોષપણું ભાષા સરખી ભાષાવાળું હોવાથી મનાય નહિ. બીજી પણ કલ્પનાઓ એવી રીતે સાધર્મ્ય વૈધર્મ્યથી દુષ્ટ જાણવી. તેટલા માટે પંડિતપુરૂષે સર્વત્ર નિર્વિશેષપણે વચનમાત્રને પ્રવૃત્તિનું કારણ માનવું નહિં, પણ વિશિષ્ટપણાવાળુંજ વચન પ્રવૃત્તિનું કારણ માનવું. આ વિશિષ્ટતા કઇ? એ પ્રશ્નના ઉત્તરમાં જે દષ્ટ અને ઇષ્ટથી વિરૂદ્ધ ન હોય, વળી અત્યંત અસંભવિત પણ ન હોય, એવું વિચારીને શુદ્ધબુદ્ધિએ કહેલું વાકય–વચન હોય એ વિશિષ્ટતા જાણવી. જેમ અહીં સ્તવના અધિકારમાં ભાવ આપત્તિને નાશ કરવારૂપી ગુણે સહિતપણું હોવાથી દ્રવ્યસ્તવમાં થતી પૃથ્વીકાયઆદિની હિંસા થવા છતાં આત્માને શ્રીજિનેશ્વરોના ગુણોનું સ્મરણ આદિ થવાથી ઉપકાર થાય છે. આ જિનભવન કારણ-

આદિમાં ગણ્યું છે તેથી વિરૂદ્ધ નથી. સર્વક્ષેત્રોમાં હંમેશાં તીર્થંકરો ન હોવાથી જીવોને ભાવઆપત્તિથી તારવાવાળું નક્કી સાધન શ્રીજિનેશ્વરભગવાનનું મંદિરજ છે. તેમાં તેમના બિંબની પ્રતિષ્ઠા, વિભાગથી સાધુનું રહેવું, દેશના અને ધ્યાન વિગેરે થાય તેમાં એક એક વસ્તુ ભવ્યોને ભાવઆપત્તિ જે જન્મ જરા મરણ અને તેના કારણ ભુત જે કર્મો તેથી તારવાના ગુણોવાળી છે, અને તેથી પૃથ્વીઆદિકની હિંસા તે પૃથ્વીઆદિને પીડા કરવાવાળી છતાં પણ ભવ્યોને સમ્યગ્દર્શનાદિકગુણનું સાધન બનવાથી યોગ્ય છે, અને તે મંદિર અને પ્રતિમા વગેરેનું ગુણસાધનપણું તો પ્રત્યક્ષ દેખાય છે. આરંભવાળા જીવને આ પૂજા પ્રાયે બીજા કુટુંબ કામિની અને કંચનની ધારણાથી થતા અસદારંભની નિવૃત્તિ કરાવનારી છે, અને તેથી પૌદ્ગલિક આશંસાઓ રહિતપણાથી એવી સ્થાવરની એ પીડા પણ મોક્ષફળ દેનારી છે. માટે પીડાથી અધર્મજ છે એમ વૈદ્યના દૃષ્ટાંતે બીજા ગુણો થવાથી કહી શકાયજ નહી, નહિંતર વૈદ્યને પણ અધર્મજ માનવો પડે. વેદમાં કહેલી આલોકના ફલ માટે અને ત્રસજીવોની થતી હિંસા સમ્યક્ આપત્તિને ટાળવાના ગુણવાળી નથી, સમ્યગ્દર્શનઆદિની અપેક્ષાએ દૃષ્ટગુણવાળી નથી, તેમજ તેમાં દેવલોક અને સમૃદ્ધિઆદિની ઇચ્છા હોવાથી ઇતરહિંસાની નિવૃત્તિરૂપ પણ નથી. વળી એમ નહિં કહેવું કે મોક્ષરૂપ ફલની ધારણાપૂર્વકની આ પ્રવૃત્તિ હોવાથી આ પૃથ્વીઆદિની હિંસા પણ મોક્ષ સાધનારી થાય નહિં, કારણ કે મોક્ષ ફળવાળુંજ વચન સારૂં કહેવાય, બાકીનું વચન અર્થશાસ્ત્રઆદિના વચન જેવું જાણવું. અગ્નિ મને આ પાપથી છોડાવો, એવી શ્રુતિ પણ વેદની હિંસાને પાપમય જણાવે છે, તેમજ **अंधे तमसि** એ સ્મૃતિ પણ તેજ કહે છે. આ શ્રુતિ અને સ્મૃતિ અન્યાર્થવાળી છે એમ પણ અનિશ્ચયપણું હોવાથી કહી શકાય નહિ. જિનભવનવિધિમાં એવું પાપનું વચન છે નહિ. વળી મરનારા જીવોનું સુખ પણ તેમાં ઇચ્છયું નથી. વધ કરનારાનું સુખ પણ જે વિપાકે દારૂણ છે તે ઇચ્છયું નથી, માટે પૂર્વપક્ષનું કથન અનર્થક છે- ઉપસંહાર કરતાં કહે છે કે દષ્ટ અને ઇષ્ટથી વિરૂદ્ધ એવું જે વચન હોય તેનાથી જે પ્રવર્તનારા હોય તેઓનો શુભભાવ ગણાતો હોય તોપણ તે મ્લેચ્છાદિના શુભભાવ જેવો જાણવો, જો કે જીવોમાં એકેંદ્રિયઆદિપણાનો ભેદ પાપના અલ્પબહુપણાનું કારણ ઇચ્છેલો છે, તોપણ શૂદ્રદ્વિજઆદિની રીતિએ તે અલ્પબહુત્વ જાણવું. જેમ તેઓના માનવા પ્રમાણે હજારશૂદ્રોની હત્યાથી એક બ્રહ્મહત્યા થતી નથી, તેવી રીતે અહીં ગુણદોષચિંતાએ પૃથ્વ્યાદિ અને ત્રસાદમાં અલ્પબહુત્વ જાણવું. પૂજાદિમાં જયણાથી પ્રવર્તવાવાળાને દ્રવ્યથી પણ હિંસા ઘણીજ અલ્પ થાય છે. અને સર્વકાર્યમાં જયણા એજ ધર્મનો સાર છે એમ જરૂર ગણવુંજ જોઇયે. ધર્મને ઉત્પન્ન કરવાવાળી જયણા છે, ધર્મને પાળવાવાળી જયણા છે, ધર્મની વૃદ્ધિ કરવા વાળી પણ જયણા છે, પરમાર્થથી જયણાજ એકાંતસુખને દેનારી છે. જયણાથી વર્તવાવાળો જીવ શ્રદ્ધા, બોધ અને આચરણદ્વારાએ સમ્યક્ત્વ જ્ઞાન અને ચારિત્રનો આરાધક કહેલો છે. અને બને છે. વળી આ ભગવાન્ જિનેશ્વરની જે પૂજા તે તેમાં થતી પૃથ્વીઆદિ વિરાધના છે તેના જે દોષો છે તેનાથી અધિક દોષને નક્કી નિવારવાવાળી છે, તેથી તે પૂજા બુદ્ધિમાનોએ નિવૃત્તિપ્રધાન જાણવી જોઇએ. જિનભવનમાં પૃથ્વીઆદિથી પ્રવૃત્તિ છે તેમાં જયણા

કઇ રીતે છે એ સવાલના જવાબમાં જણાવે છે કે પરિણત જળ અને કાષ્ઠશુદ્ધિઆદિ રૂપ પ્રાસુક ગ્રહણથી જયણા સમજવી, અને ઘણા પૈસાનું ખર્ચ થાય છે તે પણ સ્થાને થાય છે અને તે નિર્મલભાવ અને યોગ્યઉપયોગથી સર્વ ધર્મનું કારણ છે. આજ કારણથી અંશે આરંભઆદિ દોષવાળું છતાં પણ સર્વજીવોની પીડા હરણ કરનાર અને આર્ત અવસ્થા વારનાર હોવાથી બહુદોષને નિવારનાર શ્રીઆદિનાથભગવાને શિલ્પાદિનું વિધાન કરેલું છે તે પણ નિર્દોષ જાણવું. સર્વોત્તમ પુણ્ય સહિત તે ભગવાન સમ્યક્ત્વ મળ્યું ત્યારથી સર્વથા અન્ય જીવોના હિતમાં લીન, વિશુદ્ધ જોગવાળા અને મહાસત્વવાળા હતા. પ્રજાને બહુ ગુણ કરનાર જાણીને તેઓએ તે શિલ્પઆદિ દેખાડયું છે તો યથોચિતપણે પ્રજાનું રક્ષણ કરનાર એવાં ભગવાનને દોષ કેમ થાય? શિલ્પાદિદર્શનમાં ભગવાનનું મુખ્ય ધ્યેય લોકોને બહુ દોષથી બચાવવાનો હતો. સર્પાદિથી રક્ષણ કરવા માટે ખાડાવિગેરેથી ખેંચતાં કાંટાદિ લાગવા રૂપ દોષો થાય તો પણ ખેંચનારનો આશય પવિત્રજ છે. એવી રીતે નિવૃત્તિપ્રધાન હોવાથી આ જિનભવનાદિની હિંસા તે તત્ત્વથી અહિંસાજ છે. વળી જયણાવાળાને વિધિથીજ પૂજાદિક કરતાં થતી જે હિંસા તે પણ તત્ત્વથી અહિંસાજ છે.

અહીં બીજી વાત પણ જણાવે છે:—

**सिअ १२७१, तअ १२७२, उव १२७३, इअ १२७४, अहि १२७५, तो १२७६, तह १२७७,**

એમ કહેવામાં આવે કે પૂજ્ય એવા શ્રીતીર્થંકરો કૃતકૃત્ય થઇ ગયેલ હોવાથી તેઓને ભકતોએ કરેલ પૂજાથી કોઇ પણ જાતનો ઉપકાર નથી, તેમજ તેને ઉપકાર થતો માનીયે તો અકૃતકૃત્ય-પણું સંપાદન થાય, અને તેથી આશાતના થાય છે, વળી અધિકહિંસાની નિવૃત્તિથી ગુણાંતર થવાનો નિયમ નથી, માટે પૂજામાં થતી હિંસા તે સદોષ જાણવી. એના ઉત્તરમાં જાણવાનું કે ચિંતામણિ અગ્નિ અને ચંદનાદિને સેવન કરનાર તરફથી કોઇ પણ ઉપકાર નહિં છતાં પણ તે ચિંતા-મણીઆદિની વિધિથી સેવા કરનારો તેનાથીજ ફળ પામે છે. એ વાત જગતમાં પણ પ્રસિદ્ધજ છે. અને એવીજ રીતે કૃતકૃત્ય એવા ભગવાનથી પણ ફળ થાય તેમાં કોઇપણ જાતનો વિરોધ નથી, અને ઘાતિકર્મનો ક્ષય કરી વીતરાગ સર્વજ્ઞ થયેલ હોવાથીજ કૃતકૃત્યપણાને લીધેજ તેમને પૂજ્ય માનેલા છે, તેથી તેમને પૂજવામાં આશાતના છે નહિ. વળી વિષયકષાયઆદિ સહિત એવાં અને અનુ-બંધવાળાં અધિકરણોથી પૂજાઆદિમાં પ્રવર્તતાં નિવૃત્તિથ વાથી અધિકનિવૃત્તિ પણ ગુણ છે, અને ભગવાનના દર્શનરૂપી શુભયોગથી શુદ્ધ એવું જે સમ્યગ્દર્શન તેના શુદ્ધિઆદિ ગુણાંતર પણ થાય છે, અને તેટલા માટે પૂજા સંબંધી હિંસા તે ગુણકારિણીજ છે એમ માનવું જોઇયે, પૂર્વે કહ્યા પ્રમાણે જયણાથી પ્રવૃત્તિ થાય માટે હિંસા અલ્પ છે. સર્વજ્ઞમહારાજના વચનથી આ બધું સંભવી શકે છે. નિશ્ચય કરીને કહેલા આગમથી અને નહિ નિવારેલા ગુરુસંપ્રદાયથી પૂર્વોક્ત સર્વ સંભવિત જાણવું. વેદવચનનો વિચાર કરે છે.

**वेअ १२७८, जं १२७९, तव्वा १२८०, अद्दिस्स १२८१, वण्णा १२८२, ण य १२८३, नो १२८४, ताणिह १२८५, न य १२८६, इंदीवर १२८७, एवं नो १२८८, ण कयाइ १२८९, तत्तो १२९०, णेवं १२९१, भवओ १२९२, नो भय १२९३, वेय**

१२९४, णहि १२९५, ता एवं १२९६, तह वेए १२९७, ता तस्स १२९८, जह १२९९, तत्तोऽवि १३००,

વેદનું વચન ન સંભવે તેવું છે, કેમકે તે વેદવચન પુરુષે નહિ કહેલું એવું માનવામાં આવ્યું છે. આ નહિ કહેલું હોવા છતાં વચન હોય એ વસ્તુ અત્યંત વિરૂદ્ધ છે. કેમકે વચન માનવું અને વળી તે અપૌરૂષેય એટલે પુરૂષના કહ્યા વિનાનું માનવું એ યુક્ત નથી. કારણ કે બોલાય તે વચન કહેવાય, અને વક્તા ન હોય તો તે વચન બનેજ નહિ. તેટલા માટે વચનને અપૌરુષેય માનવાથી વચનનોજ અસંભવ થઇ જાય. વળી જગતમાં પણ પુરુષના વ્યાપાર વગરનું વચન કોઈ જગ્યાએ સંભળાતું નથી, અને કદાચ વક્તા ન દેખીયે અને દેવતાદિકનાં વચનો સંભળાય તોપણ અદૃશ્ય કર્તાથીજ તે થયેલાં છે એવી ધારણા થાય, કર્ત્તાપણાની શંકા તો જાયજ નહિ. અદૃશ્યકર્તાવાળું બીજું વચન સંભળાતું નથી તો તે અદૃશ્યકર્તાવાળા વચનમાં શંકા કેમ થાય એમ ન કહેવું, કેમકે કોઇ કોઈ વખત દેવતાઈ વચનો અદૃશ્યપણે સંભળાય છે અને અપૌરૂષેય વૈદિકવચનો તો કોઇ દિવસ અને કોઇ પણ ક્ષેત્રે સંભળાતાંજ નથી. લૌકિકવચનો પણ સર્વ તેમને તેમ કહેવાએલાં છે. તો પછી વેદમાં કયો ફરક છે કે જેથી તેમાં અપૌરૂષેયપણાનો આગ્રહ રાખવો. વળી જો તે વેદનાં વચનોને અપૌરૂષેય માનીયે તો તો ન્યાયપૂર્વક વેદ વાકયથી કોઇપણ વસ્તુમાં નિશ્ચય થઈ શકે નહિ, કેમકે તે અપૌરૂષેય હોવાથી તેનો અર્થ કરવામાં અતીંદ્રિયશક્તિ જોઇએ, અને તે અતિન્દ્રિય શકિત તો પુરૂષમાત્રથી જાણી શકાય જ નહિ, અને અતિશયવાળો અતીંદ્રિયદર્શી પુરૂષ જે સર્વજ્ઞ તેને તો તમે માન્યોજ નથી. કદાચ કહો કે લૌકિકવચનો કરતાં વેદવચનમાં પૌરૂષેય અને અપૌરૂષેયપણાનું જુદાપણું છે. તો પછી તેવી જ રીતે સ્વર્ગ અને ઉર્વશી વિગેરે શબ્દોના અર્થનું પણ લૌકિકઅર્થોથી જુદાપણું હોવું જ જોઇએ. વળી તે વેદવચન દીવાની માફક સ્વભાવથી પોતાના અર્થને કહી શકેજ નહિ, કારણ કે જો તેમ વેદના શબ્દોજ પોતાના અર્થને કહેતા હોય તો સંકેતનો ભેદ ન થાય અને ખોટા અર્થનો પ્રકાશ થાય જ નહિ, દીવો ઈંદીવર (રત્ન) માં અછતી રકતતા પ્રગટ કરે છે, ચંદ્ર પણ પીળા વસ્ત્રને ધોળું દેખાડે છે, તો તેટલા માત્રથી દેખવા કે દેખાડવા માત્રથી નિશ્ચય થાય નહિ. વળી એવા સંકેતથી અર્થ કરે એવા પ્રકારનું વચન ન હોવાથી આગમના પ્રયોગ માટે કરેલો ગુરૂસંપ્રદાય પણ ન્યાયથી વેદવચનમાં ઘટે નહિ, અને વેદનું વચન કોઇ દિવસ કોઈને પણ કોઇ વસ્તુમાં મારાથી નિશ્ચય થયો છે એવું કહેતું નથી, તેથી વૈદિકને તત્વતરીકે માનવો તે મોહ છે. તે વેદવચનના ઉપદેશકથી શિષ્યોને જ્ઞાન થાય તે પણ મોહ છે, તેમજ તેના અર્થનો પ્રયોગ કરવો તે પણ મોહ છે. પ્રયોગ ન નિવારવો તે પણ નક્કી મોહજ છે. એટલે રૂપની વિશિષ્ટતાને સ્થાપન કરવામાં સર્વ જાત્યંધોની પરંપરાની માફક પરંપરાએ ગુરૂસંપ્રદાય પણ તેમાં પ્રમાણભુત નથી. અપૌરૂષેયવાદી એમ કહે કે તમે પણ સર્વ સર્વજ્ઞોને આગમથીજ થએલા માનો છો તો પહેલાંનો આગમ અપૌરુષેય માનવો જોઇશે, અથવા તો આગમ વગર કોઈ પહેલા સર્વજ્ઞ થયા એમ માનવું જોઇશે. તેના ઉત્તરમાં કહે છે કે બીજ તથા અંકુર, અને જીવ તથા કર્મના સંબંધની પેઠે સર્વજ્ઞ અને આગમ બંને અનાદિ છે, તેથી આ પહેલો અને આ પછી એમ કહી શકાય નહિ,

અથવા તો વચનરૂપ આગમ શિવાય પણ મરૂદેવી વિગેરે મોક્ષે ગએલાં હોવાથી વચનરૂપ આગમથીજ સર્વજ્ઞ થાય છે એવો નિયમ નથી, અને શબ્દ આગમ તો વક્તાને આધીનજ છે, જે માટે વેદવચનમાં અપૌરૂષેયપણાઆદિ બધું ન્યાયથી અસંભવિતજ છે. તેથી અને સાચા વચનથી સિદ્ધ થનારી જે હિંસાદિક અને તેથી થનારા દોષઆદિની વસ્તુ તે વેદથી કેમ સિદ્ધ થાય? જેમ અરત્નમાં (ઘટઘટ ઘટ્ટાદિ)માં પત્થરપણાની સરખાવટ હોવાથી મસ્તકનું શૂલ શમાવવા વિગેરે રત્નના ગુણો તે ઘરઘરઘટ્ટાદિકમાં હોય નહિ, તેવી રીતે સામાન્યવચનમાં પણ સર્વજ્ઞવચનથી સાબીત થતા હિંસાદિકથી ઘટદોષાદિક પદાર્થો જાણવાનું હોયજ નહિ, અને તેટલા માટે પંડિતોએ સાસપંચાસન્યાયથી વચન છે અને અપૌરૂષેય છે એવી વસ્તુ કહેવા દ્વારાએ ન્યાયને એબ લગાડવી નહિ. વળી વેદમાં સામાન્યથી પ્હેલાં તો જીવની હિંસા ન કરવી એમ કહ્યું, અને ફરી ત્યાંજ વેદમાં સ્વર્ગને માટે હિંસા કરવાનું કહ્યું, તો વેદના વાકયોના પ્રમાણપણાથી સ્વર્ગ ઋદ્ધિઆદિ ફળસિદ્ધિ હોય તોપણ દોષ તો નક્કીજ છે, કેમકે હિંસાના સામાન્યદોષનું નિવારણ સ્વર્ગાદિથી થતું નથી. જેવી રીતે આયુર્વેદમાં ડામ દેવાનો નિષેધ કરીને રોગના ક્ષય માટે વિધિથી તે ડામ દેવાનો કહ્યો, છતાં તે વિશેષ વચનથી ડામ દેતાં, ડામથી થનાર દુ:ખ થવા રૂપી દોષ તો રોગ મટવા છતાં પણ જરૂર થાયજ છે. હવે દ્રવ્યભાવસ્તવને અંગે કહે છે.

**कय १३०१ अप्प १३०२, दव्व १३०३, जं १३०४, जो १३०५, आरंभ १३०६, एत्तो १३०७, संतं १३०८, अस्सी १३०९, इत्थं १३१०, इअ १३११, एसेह १३१२, एवं १३१३,**

યથોચિત દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ નકકી માંહેમાંહે ભળેલાજ સમજવા. તેમાં દ્રવ્યસ્તવ સહકારીવિશેષથી અલ્પવીર્યવાળા શ્રાવકને કલ્યાણ કરનારો હોય છે, અને બહુવીર્યવાળા સાધુને બાહ્ય દ્રવ્યસ્તવના ત્યાગથી ભાવસ્તવ શ્રેષ્ઠ છે, એ તત્ત્વ સમજવું, જે પુરૂષ અલ્પતર વીર્ય હોવાથી દ્રવ્યસ્તવને પણ કરી શકતો નથી તે શુદ્ધ એવા ભાવસ્તવને કરશે એમ કહેવું તે અસંભવિતજ છે, કેમકે ભાવસ્તવ નકકી અત્યંત ઉત્કૃષ્ટવીર્યની અપેક્ષા રાખે છે, અને સો પલ જેટલો ભાર નહિં ઉપાડનારો પર્વતને ઉપાડી શકે નહિં. એ ચોકૃખુંજ છે બાહ્ય એવા ધનના ત્યાગદ્વારાએ જે તુચ્છવૃત્તિવાળો મનુષ્ય થોડો કાલ પણ આત્માને વશ કરતો નથી તે મનુષ્ય યાવજ્જીવને માટે સર્વનો ત્યાગ કેમ કરી શકે? આરંભનો ત્યાગ કરીને ત્યાગી થયેલો સાધુ જ્ઞાનાદિકગુણોમાં વધતો હોવાથી દ્રવ્યસ્તવ નહિ કરે તે પણ દોષને માટે નથી. આજ કારણથી શાસ્ત્રોમાં દાન, શીલ, તપ અને ભાવનામય ચાર પ્રકારના ધર્મોમાં દાનાદિકનો અનુક્રમ રાખ્યો છે, અને તે અનુક્રમ વગર ધર્મપણું ઘટે પણ નહિં. જગતમાં સહેજે મળવાવાળું, આત્માથી ભિન્ન, અને નાશધર્મવાળું એવું ધન પણ જે મનુષ્ય તુછતાથી પાત્રમાં ન આપે તે રાંકડો અતિદુર્ધર એવા ચારિત્રના આચારને શું ધારણ કરશે? અને આચારરહિત મનુષ્ય શુદ્ધતપને માટે લાયક થતોજ નથી, જે શક્તિ પ્રમાણે તપ ન તે કરે ગળીયા બળદ જેવો મનુષ્ય આખા સંસારની વિરકતાદિ ભાવનાના સમુદાયમાં તન્મય કેમ થાય? માટે દ્રવ્યસ્તવ એ દાનધર્મરૂપ છે એમ જાણવું, અને શુદ્ધ એવા શીલાદિકધર્મો ભાવસ્તવરૂપ સમજવા. ઉપસંહાર કરતાં કહે છે કે એવી રીતે આગમ અને

યુક્તથી તે તે સૂત્રને આશ્રીને બુદ્ધિમાનોએ દ્રવ્યસ્તવઆદિનું સ્વરૂપ પોતાની બુદ્ધિએ વિચારવું. એવી રીતે મેં તમોને આ **સ્તવપરિજ્ઞા** સંક્ષેપથી જણાવી. આનો વિસ્તારથી ભાવાર્થ સૂત્રોદ્વારાએ જાણવો. પ્રવચનના હિતને વિષે ઉદ્યમવાળો આચાર્ય શિષ્યની સંપદા દેખીને **સ્તવપરિજ્ઞા** જેવા બીજા પણ **જ્ઞાનપરિજ્ઞા** વિગેરેની વ્યાખ્યા કહે છે.

इअ १३१४, सुत्तत्थे १३१५, संगहु १३१६, गीअत्था १३१७, एअ १३१८, विद्धा १३१९, कालो, १३२०, एव १३२१, कालो १३२२, लोगम्मि १३२३, गुरु १३२४. तम्हा १३२५, दिवस्या, १३२६,

સંક્ષેપે કરીને અનુયોગની અનુજ્ઞાનો વિધિ એવી રીતે જણાવ્યો. પૂર્વે જણાવેલ અનુયોગની અનુજ્ઞા પ્રમાણે બીજી જે ગણાનુજ્ઞા છે તે અનુયોગની અનુજ્ઞાવાળા આચાર્યનેજ કરાય. કોઇક વખતે અચાનક ગણાચાર્ય કાલ કરી જાય અને અનુયોગઅનુજ્ઞાવાળા આચાર્ય ન થાપ્યા હોય તો ગણાનુજ્ઞા બીજાને પણ કરાય ગણાનુજ્ઞાને યોગ્ય આચાર્યનું લક્ષણ કહે છે. સૂત્ર અને અર્થમાં નિપુણ હોય, ધર્મમાં પ્રીતિવાળો અને દૃઢ હોય, ગચ્છને વર્તાવવાના ઉપાયોમાં કુશળ હોય, ઉત્તમ જાતિ, અને ઉત્તમ-કુળવાળો હોય, ગંભીર આશયવાળો હોવા સાથે ઉપકરણાદિની અપેક્ષાએ લબ્ધિવાળો હોય, ઉપદેશ વિગેરેથી શિષ્યાદિના સંગ્રહ અને વસ્ત્રાદિકથી ગણને ઉપગ્રહ કરનારો હોય, ક્રિયાઓના અભ્યાસ-વાળો શાસનનો રાગી હોય, સ્વભાવથી પરોપકારી હોય, એવાને જિનેશ્વરોએ ગણનો સ્વામી કહેલો છે. તેવીજ રીતે યોગ્ય આગમવાળી, સંપૂર્ણ ક્રિયાવાળી, ઉત્તમકુળવાળી, ઉત્સર્ગ અને અપવાદને જાણ-નારી, ગંભીર, દીર્ઘપર્યાયવાળી અને વૃદ્ધ અવસ્થાવાળી જે સાધ્વી હોય તેજ પ્રવર્તિની હોય છે. પૂર્વે કહેલા ગુણોથી રહિતમાં જે ગણિપદ કે પ્રવર્તિનીપદ આપે ને વળી જે અંગીકાર પણ કરે તે માનનો ઇચ્છક ગણાઇને આજ્ઞાખંડનઆદિક દોષોને પામે છે. કેમકે ગૌતમસ્વામિ વિગેરે મહા-પુરૂષોએ ધારણ કરેલા એવા અદ્વિતીય ગણધર શબ્દને જાણતો થકો પણ જે અપાત્રમાં સ્થાપે તે મૂઢજ કહેવાય. કાલોચિતગુણવગરનો જે આચાર્ય પદવી લે તે તથા દીધેલી પદવીને ક્ષુદ્રભાવવાળો છતાં સ્વશકિતએ પાલન કરે નહિ તે પણ મૂઢ જાણવો. એવીજ રીતે આર્યચંદનાવિગેરેએ ધારણ કરેલો જે પ્રવર્તિની શબ્દ તેને અપાત્રમાં જાણતો થકો જે સ્થાપન કરે ને ધારણ કરે તે પણ વિરાધક છે. કાલો-ચિત ગુણ રહીત એવી જે સાધ્વી પ્રવર્તિનીપદ લે તે તેમજ લીધેલું પ્રવર્તિનીપદ સ્વશકિત મુજબ વિશુદ્ધ ભાવવાળી છતાં સમ્ય ન પાલન કરે તે પણ મહાપાપિણી સમજવી. જે માટે અયોગ્યને સ્થાપન કરતાં જ્યાં આચાર્ય એવા અજ્ઞાની છે ત્યાં શિષ્યો પણ એવા અજ્ઞાનીજ હશે એમ લોકોમાં શાસનની નિંદા થાય. અને બીજા તે શાસનના શ્રોતાઓના સાચા ગુણોમાં પણ અનાદર થાય. અમે મોટાઓના ગુણોની અવજ્ઞા થવાથી ઘણો કર્મ બંધ થાય, અને અન્યજીવોને એવી રીતે કર્મ-બંધ થવાથી અયોગ્ય એવા લેનારને પણ અનર્થ થાય, અને તેથી આપનારને પણ આજ્ઞાવરા-ધકપણાથી ડુબવાનું થાય, તેટલા માટે તીર્થંકરની આજ્ઞાને આરાધતો ગુણવાળાને ગીતાર્થ એવા સાધુઓને તથા સાધ્વીને ગણિ કે પ્રવર્તિનીપદ આપે. યોગ્ય દીક્ષાના પર્યાય અને વયવાળો, ધીર, પિંડ-ષણાદિને જાણનારો બૃહત્કલ્પસૂત્રની પીઠિકાને જાણનાર અને સામાન્યથી અનુવર્તક નામના

ગુણવાળો એવો આચાર્ય સ્વલબ્ધિવાળો કહેવાય ॥ " હવે આચાર્યના વિહારનો વિધિ જણાવે છે:

**एसोऽवि १३२७, जाओ १३२८, गीअत्थ १३२९, उउ १३३०, हवइ १३३१,** સ્વલબ્ધિમાન્ આચાર્ય ગુરુની સાથે કે ગુરુએ દીધેલા યોગ્ય પરિવાર સાથે વિચરે, પરિવાર ન હોય તો પણ સમાપ્તકલ્પની વિધિથીજ વિચરે. સમાપ્ત અને અસમાપ્ત તથા જાત અને અજાત કલ્પો સમજાવે છે. જાત અને અજાત એવો બે પ્રકારનો વિહાર હોય છે, અને તે એકેક સમાસ અને અસમાસ એવા ભેદે બે પ્રકારે હોય છે. ગીતાર્થનો વિહાર તે જાતકલ્પ કહેવાય. અને ગીતાર્થની નિશ્રા શિવાય સ્વતંત્રપણે અગીતાર્થનો વિહાર તે અજાતકલ્પ કહેવાય. ઋતુબદ્ધમાં પાંચ અને વર્ષાઋતુમાં સાતસાધુનો સાથે વિહાર હોય તે સમાપ્તકલ્પનામનો વિહાર કહેવાય, અને તે તે ઋતુમાં તે તે સંખ્યાથી ઓછા સાધુઓનો વિહાર તે અસમાપ્તકલ્પ કહેવાય. અસમાપ્ત અને અજાત કલ્પવાળાને સામાન્યપણે ક્ષેત્રનું કે તેમાંથી મળતા સચિત્ત અચિત્ત કે મિશ્રદ્રવ્યનું સ્વામિત્વ હોતું નથી, પણ જાતકલ્પ અને સમાપ્તકલ્પ હોય તોજ તે ક્ષેત્રાદિનું સ્વામિત્વ હોય છે. જુદા જુદા કુલના અગીતાર્થ અને ગીતાર્થ બંને મેળા મળી જે વિહાર કરે તો તેમનું તેઓએ કરેલ વ્યવસ્થા પ્રમાણે સ્વામિત્વ હોય છે. હવે સાધ્વીને માટે કહે છે:

**वइ १३३२, केइ १३३३, तं च १३३४, जाग १३३५** સાધ્વી પણ બાકીની સાધ્વીઓ કરતાં ગુણગણે કરીને અધિક હોય, ચિરદીક્ષિત હોય અને શ્રુતિઆદિથી પરિણમેલી હોય તેજ સ્વલબ્ધિને એટલે ક્ષેત્રાદિને મેળવવા કે તેના સ્વામિત્વને યોગ્ય કહેવાય. આ સ્થાને કેટલાકો કહે છે કે જે માટે સાધ્વીઓને વૃષભાદિસાધુથીજ તપાસેલું પ્રાયે વસ્ત્રાદિ હોય છે, તેમજ સાધ્વીઓ સ્વભાવે તુચ્છ હોય છે માટે તેને સ્વલબ્ધિ- હોવી જોઇએ નહિં, પણ સાધ્વીયોને વસ્ત્રક્ષેત્રાદિક માટે સાધુ નિશ્રા છતાં પોતાની ચેલીઓને અંગે ભિક્ષાદિકમાં તો તેને સ્વલબ્ધિ હોય છે. વળી વૃદ્ધઅવસ્થાને અંગે આચરેલું પણ છે. તથા યોગ્યપાત્રમાં તુચ્છતા નથી પણ હોતી. સાધ્વીઓને માટે જાત અને સમાસકલ્પનો વિચાર તો પૂર્વે કહ્યા પ્રમાણે જાણવો, પણ દોષો અધિક જાણવા, અને સાધ્વીઓને ઉપધિ સૂત્રાનુસારે અધિક જાણવો ॥ હવે ગણની અનુજ્ઞા કરવાનો વિધિ કહે છે:

**एत्था १३३६, इच्छा १३३७, चउ १३३८, सीसो १३३९, आह १३४०, संदिसह १३४१, वंदित्तु १३४२, वंदित्तु १३४३, सीसम्मि १३४४, सेसं १३४५, दिन्ति १३४६, उत्तम १३४७, धण्णाण १३४८, संघा १३४९, अण्णाण १३५०, ता १३५१, मो एइ १३५२, ता १३५३, तुब्भे १३५४, णय १३५५, इहरा १३५६, ता १३५७, णाणस्स १३५८, एवम् १३५९, भणइ १३६०, इँह १३६१, उट्ठित्तु १३६२, अह १३६३, अणु १३६४, अणु १३६५,**

શિષ્યને ડાબે પડખે રાખીને પ્રાચીન આચાર્ય તેની સાથે દેવ વાંદે. પછી શિષ્ય આચાર્ય-મહારાજને વંદન કરીને કહે કે **इच्छाकारेण दिग्** આદિની આજ્ઞા આપો, પછી આચાર્ય **इच्छामो**

એમ કહીને અનુજ્ઞા માટે શિષ્યની સાથે કાઉસ્સગ્ગ કરે. કાઉસ્સગ્ગમાં લોગસ્સ ચિંતવે. નમસ્કારે પારે, અને પછી લોગસ્સ પ્રગટ કહીને નમસ્કારપૂર્વક અનુજ્ઞાનંદીને કહે, ભાવિતઆત્મા શિષ્ય પણ તે નન્દીસૂત્રને ઉપયોગપૂર્વક સાંભળે. એ પછી વંદન કરીને **इच्छाकारेण० अम्ह** દિશાઆદિની આજ્ઞા કરો. એમ કહે. પછી શિષ્ય વાંદીને **संदिसह किं भणामो?** એટલે હુકમ કરો શું કહું? એમ કહે, ત્યારે ગુરુ **वंदित्तु पवेयह** એટલે 'વન્દન કરીને નિવેદન કર' એમ બોલે. પછી શિષ્ય વંદન કરીને નિવેદન કરે. એમ ગુરૂને નિવેદન કરીને પછી શિષ્યવંદન કરીને **तुब्भं पवेइयं, संदिसह साहूणं पवेयेमि** 'આપને નિવેદન કર્યું, હવે આપ આજ્ઞા કરો કે જેથી સાધુઓને નિવેદન કરૂં" એમ કહે. ત્યારે ગુરુ **पवेयहं** એટલે 'નિવેદન કર' એમ કહે. પછી શિષ્ય વંદન કરીને નમસ્કાર બોલતો ગુરુની પ્રદક્ષિણા કરે અને તે આચાર્યમહારાજ ભગવાનના ચરણકમલમાં વાસક્ષેપ નાંખીને પછી શિષ્યના મસ્તક ઉપર વાસક્ષેપ નાંખતા **गुरुगुणेहिं वड्ढाहि** એટલે 'ઘણા ગુણોથી વૃદ્ધિ પામો' એમ કહે. એવી રીતે ત્રણવાર પ્રદક્ષિણા વીગેરે કર્યા પછી ગુરુ પોતાની નિષદ્યા ઉપર બેસે. બાકીનું વિધાન સામાયિક આરોપણમાં જેમ કહ્યું છે તેમ જાણવું, પણ અહીં કાયોત્સર્ગ દિશાદિઅનુજ્ઞા માટેનો જાણવો. પછી નવીનઆચાર્ય પ્રાચીનઆચાર્યની પાસે. પોતાના આસને બેસે પછી શિષ્યાદિ તે બન્ને આચાર્યને વંદન કરે, અને જે મૂળ આચાર્ય હોય તે નવીનઆચાર્ય અને સમગ્ર ગચ્છને એવી રીતે શિખામણ દે કે જે શિખામણ સાંભળવાથી બીજો જીવ પ્રતિબોધ પામે, ગણધરની શિખામણ કહે.

લોકોત્તર એવા તીર્થંકર મહારાજાઓએ કહેલું, ઉત્તમ ફળને આપનારૂં, અને જગતમાં ઉત્તમપુરૂષે ધારેલું એવું આ ઉત્તમપદ–ગણાચાર્યપદ તને પ્રાપ્ત થયું છે. ભાગ્યશાળીઓનેજ આ પદ અપાય છે, અને ભાગ્યશાળીઓજ એને બરાબર રીતે પાળે છે. એ પદને પાળીને તે ભાગ્યશાળીઓ દુઃખનો પાર પામે છે. દુઃખીજીવોના રક્ષણમાં સમર્થ એવા ઉત્કૃષ્ટજ્ઞાનાદિકને પામીને સંસારના ભ્રમણથી ડરેલા જીવોનું જેઓ રક્ષણ કરે તેઓજ ભાગ્યશાળી કહેવાય. જોકે અજ્ઞાનરૂપી વ્યાધિથી ઘેરાએલા રોગીઓ પોતાના રોગનું સ્વરૂપ અને ભય નહિં સમજી શકવાથી ઔષધ કરાવવા તૈયાર ન થાય તોપણ તાત્વિક પરમાર્થ કરનાર વૈદ્યો તેવાના પણ રોગને નાશ કરે છે, તો તું લોકોત્તરમાર્ગનો વૈદ્ય છે, અને તારા શરણે આવેલા આ ભવદુઃખથી પીડાએલા એવા જીવો છે, માટે તેઓને તારે પ્રયત્નથી છોડાવવા જોઈએ. પ્રમાદરહિત, પરોપકારમાં હંમેશાં ઉદ્યમવાળો, ઐહિકસુખની પિપાસા વગરનો અને મોક્ષના સુખમાંજ સાધ્યતા રાખનારો જે મહાનુભાવ હોય છે તેજ તે અજ્ઞાનીઓને ભવરોગથી મુકાવે છે. જોકે તું તેવોજ છે, તોપણ શાસ્ત્રની મર્યાદાને લીધે તને માત્ર શિખામણરૂપે આટલું કહ્યું છે. ત્હારી અવસ્થા પ્રમાણે ત્હારે હંમેશાં પ્રવર્તવું જોઈએ. હવે ગચ્છની શિખામણ કેવી હોય તે કહે છે.

સંસાર અટવીરૂપી મહાગહનમાં સિદ્ધિનગરીના સાર્થવાહ જેવા આ આચાર્યને તીવ્ર પ્રયત્નથી આરાધનામાં રહેવું. ક્ષણવાર પણ છોડવો નહિ, તેમજ જ્ઞાનના સમુદ્ર એવા આ. પુરૂષનું વચન લોપવું નહિ, કેમકે એમ કરવાથીજ તમારો કરેલો સંસારત્યાગ સફળ થશે. અન્યથા તીર્થંકરની આજ્ઞાનો ભંગ થ , અને તેમ થાય તો તમારા આ લોક અને પરલોક બંને નિષ્ફળ

થાય, તેટલા માટે કોઈક વખત એ તમારો તિરસ્કાર કરે, તોપણ કુલવધૂની માફક એમના ચરણ-કમળને છોડશો નહિ. ગુરુકુલવાસમાં રહેવાથી રહેનારો જ્ઞાન મેળવે છે, સમ્યગ્દર્શન અને ચારિત્રમાં સ્થિર થાય છે, માટે ભાગ્યશાળીઓ યાવજ્જીવ પણ ગુરુકુલવાસને છોડતા નથી. સાધુઓની માફકજ આચાર્યો સાધ્વીઓને શિખામણ દે અને આર્યચંદના, મૃગાવતી વિગેરેના પરમગુણો કહે. સ્વલબ્ધિવાળાને જણાવે કે પહેલાં તમારે વસ્ત્રાદિની લબ્ધિ ગુરુએ પારખેલી અને તે એકાંત-નિર્દોષજ હતી, પણ હમણાં વસ્ત્રાદિકને અંગે તે લબ્ધિ શાસ્ત્રાદિકને આધીન થઇ છે, માટે એ ઘણા ગુણવાળી થાય તેમ કરજે, એટલે કે સૂત્રને અનુસારેજ પ્રવર્તજે, એવી રીતે શિખામણ થયા પછી નવો આચાર્ય પરિવાર સહિત મૂળ આચાર્યની ત્રણ વખત પ્રદક્ષિણા કરી વંદન કરે. પછી પવેણુ કરે અને સમવસરણને અંગે જેવી જેની આચરણા હોય તે પ્રમાણે કરે, પછી નવો આચાર્ય મધ્યસ્થપણે શાસ્ત્રરીતિએ ગણનું પાલન કરે અને પ્રયત્નથી બીજાઓને પોતાના સરખા ગુણવાન બનાવે ॥ અનુયોગ અને ગણની અનુજ્ઞા એવી રીતે સંક્ષેપથી વર્ણન કરી અને હવે સંલેખનાના મૂળ દ્વારો કહું છું, કારણકે અનુયોગ અને ગણની અનુજ્ઞા કર્યા પછી વિધિપૂર્વક તે અનુજ્ઞાનું પાલન યાવત્ ચરમકાળ આવે ત્યાં સુધી રૂડી રીતે કરે ॥

## इति अनुज्ञावस्तु समाप्तं

એવી રીતે ચોથી અનુજ્ઞા નામની વસ્તુ કહી ॥ હવે પાંચમી સંલેખના નામની વસ્તુ કહે છે.

**संलेहणा १३६६, ओहेण १३६७, परि १३६८, एसो १३६९, भणिऊण १३७०, अव्वो १३७१, सो १३७२, अणु १३७३, किं १३७४, पारद्ध १३७५, जिण १३७६, सय १३७७, गणि १३७८, गण १३७९, पिच्छामु १३८०, णय १३८१, उव १३८२, जाए १३८३, आणा १३८४, उव १३८५, परि १३८६, इंदिअ १३८७, इंदिअ १३८८, जेण १३८९, इअ १३९०, इक्किक्कं १३९१, अप्पा १३९२, तव १३९३, इस १३९४, पढमा १३९५, एआसु १३९६, एएण १३९७, अह १३९८, उस्सासा १३९९, एत्तो १४००, मेहाइ १४०१, एगत्त १४०१, एगो १४०३, इय १४०४, एगत्त १४०५, इअ १४०६, पायं १४०७, सह १४०८, धिइ १४०९, पव्वा १४१०, जिण १४११, तइ १४१२, पाणि १४१३.**

જિનેશ્વરોએ આ સંલેખનાના અધિકારમાં વિચિત્ર તપસ્યા કરવાની કહી છે. કારણ કે તપ કરવાથી દેહ અને કષાય વિગેરે જરૂર પાતળા થાય છે. સામાન્યરીતે બધી તપસ્યા એવી છે તો પણ ચરમકાળમાં તપસ્યા વિશિષ્ટપ્રકારે લેવી. વિધિપૂર્વક આચાર્યાદિપદ પાલન કરીને જિનકલ્પ વગેરે અભ્યુદ્યતવિહાર કે ભક્તપરિજ્ઞા અનશનઆદિ અભ્યુદ્યતમરણ કરવું એજ સાધુઓને ઉચિત છે. જે માટે આ અભ્યુદ્યત વિહાર પણ ગચ્છઆદિ નિશ્રા વોસિરાવવાઆદિ-કારણોથી સંલેખનાની સરખો છે તે માટે સંલેખનાનાદ્વારમાં તેનું એટલે એઅભ્યુદ્યતવિહારનું કથન વ્યાજબી છે. માટે સંક્ષેપથી અભ્યુદ્યતવિહાર કહીને પછી દ્વારને અનુસારેજ સંલેખનાના વિધાનપૂર્વક અભ્યુદ્યત મરણ કહેવાશે ॥

અભ્યુદ્યતમરણનાં દ્વારો આ પ્રમાણે છે. અવ્યવચ્છિત્તિનું મન કરે[1] પાંચ તુલના[2] જિનકલ્પાદિવાળાને રાખવાનાં ઉપકરણો[3] અને ઇંદ્રિયાદિને જીતવા રૂપી પરિકર્મ[4] તપ સત્ત્વ શ્રુત અને એકત્વમાં ઉપસર્ગો સહન કરવા[5] અપવાદથી વડલા નીચે કલ્પનો અંગીકાર[6] એ છ દ્વારોમાં અવ્યવચ્છિત્તિનું મન નામનું દ્વાર કહે છે.

ઉત્તમ અને પ્રશસ્ત ધ્યાનવાળા વૃદ્ધ આચાર્ય મધ્યરાત્રિએ સૂતેલા કે બેઠા છતા હૃદયથી આમ વિચારે કે લાંબોકાળ સાધુપણું પાળ્યું, વાચના દીધી, શિષ્યોને તૈયાર કરીને આચાર્યની પરંપરા સંબંધી દેવું ઉતાર્યું, હવે મારે શું કરવું ? ઉત્તમગુણવાળા જિનકલ્પાદિ વિહારે વિચરૂં ? કે વિધિપૂર્વક અભ્યુદ્યતમરણ અંગીકાર કરૂં ? આ અવસ્થામાં એ બેમાંથી જે લાયક વસ્તુ હોય તે કરવાથી પ્રવ્રજ્યા અખંડ થાય, નહિંતર છેડો ખરાબ આવવાથી પ્રવ્રજ્યા અખંડ થાય નહિં, એ પહેલું દ્વાર કહ્યું. || અભ્યુદ્યતવિહાર અને અભ્યુદ્યતમરણનું સ્વરૂપ કહે છે. અભ્યુદ્યતવિહાર ત્રણ પ્રકારે છે. ૧ જિનકલ્પ, ૨ શુદ્ધપરિહારિક અને ૩ યથાલંદિક, એવી રીતે અભ્યુદ્યતમરણ પણ ૧ પાદપોપગમન ૨ ઇંગિની અને ૩ ભક્તપરિજ્ઞા એવી રીતે ત્રણ પ્રકારે છે. શ્રુતના બળે કે તેવાને પૂછીને ઘણું આઉખું બાકી રહેલું જાણીને ઘણા ગુણને મેળવવાની ઇચ્છાવાળા સાધુ અભ્યુદ્યતવિહારને અંગીકાર કરે. પ્રાયે કરીને અહીં અભ્યુદ્યતવિહાર જે જિનકલ્પિકાદિના આચરણમાં આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, અને ગણાવચ્છેદક એ પાંચ પુરૂષો અધિકારી હોય છે. તેઓની તુલના આવી રીતે છે. આચાર્ય થોડા કાલ માટે ગચ્છ બીજા જે તે ગચ્છના આચાર્ય હોય તેને ભળાવે અથવા જે સાધુ ઉપાધ્યાયઆદિ જે સ્થાનમાં હોય તે તે સ્થાન થોડા કાળ માટે બીજાને આપે, આ આચાર્યાદિસ્થાનને માટે અભિનવઆચાર્યાદિ ઉચિત છે કે નહિં તે પણ જુએ ? કેમકે યોગ્યજીવોને પણ પ્રાયે નિર્વાહ કરવો મુશ્કેલ પડે છે, અને ઘણા ગુણોને છોડીને થોડા ગુણોને સાધનારૂં કાર્ય કરવાનું પંડિતોને ઇષ્ટ હોતું નથી, અર્થાત્ જિનકલ્પાદિકને આચરવાથી અતી નિર્જરા અનર્ગલ છે, પણ તેના કરતાં ગચ્છનું પાલન ન થાય તો ઘણુંજ નુકસાન થાય છે, માટે નવા આચાર્ય ગચ્છનું બરાબર પાલન કરે છે કે કેમ ? તે જોવું. અને તે જો બરોબર પાલનાર જણાય તોજ જિનકલ્પાદિ લે. કેમકે ડાહ્યા પુરુષો ઉત્તમપદાર્થની સિદ્ધિના પ્રયત્નવાળાજ હોય છે. હવે બીજું ઉપકરણનામનું દ્વાર કહે છે. તે અભ્યુદ્યતવિહારવાળા આચાર્યાદિ પોતાના કલ્પને ઉચિત, શુદ્ધ એષણાવાળું અને માનવાળું એવુંજ ઉપકરણ ગ્રહણ કરે, કદાચ તેવું ન મળે તો ઉચિત તો યાવત્ યથાકૃત એટલે જેને લીધા પછી કંઇ પણ સંસ્કાર ન કરવો પડે તેવું ઉપકરણ લે, પણ જ્યારે ઉચિતઆદિગુણોવાળું ઉપકરણ મળી જાય, ત્યારે વિધિથી યથાકૃતને વોસરાવે. એવી રીતે આજ્ઞા પાલનારાને તે યથાકૃત પણ ઉચિત જેવુંજ ગણાય, કેમકે સંવર અને નિર્જરાની પ્રધાનપણાવાળી પરલોકની વિધિમાં સર્વથા આજ્ઞાજ પ્રમાણ છે, અને તે આજ્ઞાની આરાધનાથીજ ધર્મ થાય છે. બાહ્યવસ્તુ તો તે ધર્મ થવામાં નિમિત્ત માત્ર છે. આજ્ઞાને આરાધન કરવાના ઉપકારમાં વર્તતું હોય તેજ યથાર્થ ઉપકરણ કહેવાય. નહિંતર ગણાતું ઉપકરણ એ ઉપકરણ ન કહેવાય, પણ તેને અધિકરણ કહેવાય. ત્રીજું પરિકર્મનું દ્વાર કહે છે, ઇંદ્રિયાદિ જિતવાનો અભ્યાસ તે પરિકર્મ કહેવાય. તેથી વિધિપૂર્વક ઇંદ્રિયોની

આધીનતાને લીધે આત્માને આ લોક અને પરલોકમાં થતા અપાય વિગેરેનું સમ્યક્ આલોચન કરે. શંકા કરે છે કે સાધુએ પહેલેથીજ ઇંદ્રિય કષાય અને યોગો વશ કરેલાજ હોય છે. અર્થાત્ આ પરિકર્મમાં ઇંદ્રિયોઆદિને વશ કરવાની વાત નવી નથી. એવી શંકાના ઉત્તરમાં કહે છે કે ઇંદ્રયાદિના જયથીજ તે અભ્યુદ્યતવિહારરૂપ કલ્પની સિદ્ધિ ગણુતો સાધુ તે ઇંદ્રયોઆદિને જીતવામાં વિશેષ યત્ન કરે. જો કે ઇંદ્રિયોઆદિને સરખી રીતે જીતવાના છે છતાં ઇંદ્રિયો અને યોગો પહેલાં પણ સ્થવિરકલ્પમાં સામાન્યથી જીતાયાં છે. પણ કષાયના જયે કરીને જેટલો અહીં અધિકાર છે તેટલો ઇંદ્રિય અને યોગના જયે કરીને નથી, કેમકે ઇંદ્રિય અને યોગો કષાયો વિના દુઃખ વધારવાવાળા થતા નથી. ઇંદ્રિયો અને યોગનો પણ જય નકામો તો નથી, માટે જણાવે છે કે ઇંદ્રિય અને યોગ સિવાય જે માટે કષાયો પણ થતા નથી તેથી કષાયના જયને માટે ઇંદ્રિય અને યોગનો જય પણ કરવોજ જોઇએ. હવે તપભાવના વિગેરે કહેશે-એવી રીતે અભ્યુદ્યતવિહાર કરવા માટે તૈયાર થએલ મહાત્મા શુદ્ધભાવવાળો છતો પોરસીઆદિ નવું તપ, ક્ષુધાને જીતવા માટે ત્રણગણું કરે. વેગવાળી નદીને વારંવાર ઉતરીને સીધા ઉતરવાવાળા સિંહનું અહીં દૃષ્ટાંત સમજવું. એકેક તપ ત્યાં સુધી કરવું કે જેથી કદાચિત્ છ મહીનાના ઉપસર્ગ થાય અને આહાર ન મળે અથવા અશુદ્ધ મળે તોપણ ત્યાં સુધીનું તપ કરવાથી યોગને હાનિ ન થાય. અલ્પઆહારવાળા સાધુઓની ઇંદ્રિયો આહારની અલ્પતાને લીધે વિષયમાં પ્રવર્તતી નથી, તેમજ આહારના ત્યાગની તપસ્યાના અભ્યાસે ગ્લાનિ નહિં પામતાં અશનઆદિમાં આસક્ત પણ થતી નથી. જેને પાંચે ઇંદ્રિયો તપભાવનાથી દમાઇને આધીન થાય છે તેજ મહાત્મા ઇંદ્રિયોની યોગ્યાનો આચાર્ય બની સમાધિના કરણોને ઇંદ્રિયો પાસે ઇચ્છા પ્રમાણે કરાવે છે.

આવી રીતે તપમાં તૈયાર થએલો તે સાધુ પછી સત્ત્વ નામની ભાવના કરે, અને તે સત્ત્વભાવનામાં નિદ્રા અને ભયને જીતવા માટે આ પાંચ રીતે કાયોત્સર્ગરૂપી પ્રતિમાઓ કરે. પ્રથમ પ્રતિમા ઉપાશ્રયમાં, બીજી ઉપાશ્રયની બહાર, ત્રીજી ચોકમાં, ચોથી શુન્યઘરમાં અને પાંચમી શ્મશાનમાં કરે. એમ અનુક્રમે પાંચ પ્રતિમા હોય છે. એ પ્રતિમાઓમાં પહેલાં લેવાતી થોડી થોડી નિદ્રાને જીતે. તેમજ ઉંદરના સ્પર્શથી થતા તથા અકસ્માત્ ઉત્પન્ન થતા નહિં જીતેલા એવા ભયોને જીતે, એજ અનુક્રમે બાળક, તસ્કર, અને દેવતાઆદિકે કરેલા ભયને પણ જીતીને સત્ત્વશાલી નિર્ભય આત્મા સકલભારને વહન કરે. પછી એકાગ્રમનવાળા અને અનાકુલ એવા તે ભગવાન્ કાલનું માન જાણવા માટે સૂત્રભાવનાને સર્વથા સારી રીતે અભ્યસ્ત કરે. તે મહાપુરુષ સૂત્રભાવનાથી વાસિત થયેલ હોવાથી સૂત્રના હિસાબથી શ્વાસ, પ્રાણ, સ્તોક, મુહૂર્ત, પોરસી, અને રાત્રિ વિગેરે જાણે. આ સૂત્રના ઉપયોગથીજ હંમેશાં તે મહાત્મા અમૂઢલક્ષવાળો હોઇ દૂષણ નહિં લગાડતાં શુદ્ધકૃત્યોને કરે. મેઘાદિના આડંબરની વખતે બંને સંધ્યાના કાલ તેમજ ઉપસર્ગ વખતે પડિલેહણ, ભિક્ષા અને વિહારનો કાલ તેઓ છાયા વગર પણ જાણે, હવે એકત્વભાવના કહે છે:

તે મહાપુરુષ તત્વને હૃદયમાં કરતો, પરમઉપકારિ એવા ગુરુઆદિને વિષે દૃષ્ટિ પણ રાગને જીતવા માટે નહિં દેતો, મમત્વભાવ છોડીને એકત્વ ભાવના કરે. આત્મા એકલોજ છે.

બાકી બધું પણ સચેતન અને અચેતન માત્ર સંયોગથીજ થએલું છે, અને એક મધ્યસ્થપણાને છોડીને સર્વ પ્રાયે દુઃખનુંજ કારણ છે. એવી રીતે પરમાર્થને સમજનાર મહાપુરૂષ સુખ અને દુઃખમાં સરખો, એવો સાધુ આત્મારામી થાય છે, અને પછી તે અનુક્રમે ઇષ્ટકાર્યને સિદ્ધ કરે છે. એકત્વભાવનાથી વૈરાગ્ય પામેલો મહાત્મા, કામભોગ, ગણ કે શરીર એ ત્રણે અગર એ ત્રણમાંથી એકમાં પણ આસક્તિવાળો થતો નથી અને શ્રેષ્ઠ યોગસાધનને પામે છે. હવે બલભાવના કહે છેઃ

એવી રીતે એકત્વ ભાવનાવાળો તે મહાત્મા કાયોત્સર્ગમાં ધૈર્યતાસ્વરૂપ, શરીર અને મનના બળને વિચારે છે. તે મહાપુરૂષને પ્રાયે કાયોત્સર્ગથી ધૃતિ થાય છે અને ભાવનાબળથી કાયોત્સર્ગ થાય છે.

અભ્યાસથી જેમ ભારઆદિ વહન કરવાનું શરીરઆદિમાં બળ આવે છે તેવી રીતે સંઘયણ છતાં પણ અભ્યાસથીજ બળ આવે છે. હમેશાં શુભભાવથી ધૃતિ થાય છે, માટે કાયોત્સર્ગથી શુભભાવની સ્થિરતારૂપી ધૃતિ જેમ દરિદ્રને નિધાનઆદિ ઇષ્ટના લાભથી ધૃતિ થાય તેની પેઠે ઉત્તમોત્તમ છે તે ધૃતિ કરે. ધૃતિ અને બળથી કેડ બાંધનારો, બુદ્ધિશાળી, કર્મના જયને માટે તૈયાર થએલો કોઇ જગોપર વિખવાદ નહિં કરનારો મહાત્મા અત્યંત ઉપસર્ગોને સહન કરનારો થાય છે. આ તપ આદિની સર્વે ભાવનામાં સામાન્યથી આગળ કહીશું તે વિધિ હોય છે. આ જગ્યા ઉપર કેટલાકો ગાથાના 'ચ' શબ્દથી વિધ્યંતર પણ માને છે. અભ્યુદ્યતવિહાર માટે તૈયાર થયેલ મહાત્મા પ્રથમ ગચ્છમાંજ જિનકલ્પ જેવો રહ્યો થકો, આહાર ઉપાધ વિગેરેમાં પરિકર્મ કરીને પછી તે કલ્પ અંગીકાર કરે. તે મહાત્મા ત્રીજી પોરસીમાં લેપવગરનું અને સાત એષણાએમાંની પાંચ એષણામાંથી કોઈક પણ એક એષણાએજ ભોજન લે, અને બે એષણામાંથી કોઇક પણ એક એષણાએ યથાકૃત ઉપધિ ગ્રહણ કરે. કરપાત્રી કે પાત્રવાળો સચેલક કે અચેલક જેવો પોતે થવાનો હોય તેવી રીતે પરિકર્મ કરે. હવે છેલ્લું કલ્પપ્રતિપત્તિદ્વાર કહે છે.

**निम्माओ १४१४, खामेइ १४१५, जं १४१६, दव्वाई १४१७, दाराणु १४१८, पक्खी १४१९, आभोएउं १४२०, एत्थ १४२१, इच्छा १४२२, आवस्सि १४२३, आवस्सि १४२४, अहवा १४२५,**

ગચ્છમાં રહીને સુત્ર અને અર્થ આદિથી તૈયાર થએલા મહાત્મા પોતાના ગચ્છાદિકની અનુજ્ઞા અભિનવઆચાર્યઆદિકને કરે અને પછી વિધિપૂર્વક તે નવા આચાર્યાદિકની પ્રશંસા કરે, અને અત્યંત સંવિગ્નતાવાળો તે મહાત્મા બાળવૃદ્ધ સહિત સકલશ્રમણો-સંઘને યથોચિતપણે ખમાવે. પૂર્વકાલમાં વિરૂદ્ધ એવા જે કોઇ હોય તો તેને તો વિશેષે કરીને ખમાવે. તે ખમાવવાની રીતિ બતાવે છે કે શલ્ય અને કષાયરહિત એવો થયો છતાં હું, પહેલાં મેં પ્રમાદથી જે તમારા પ્રત્યે જે કાંઈ સારી રીતે વર્તન ન કર્યું હોય તે સર્વ હું તમને ખમાવું છું. પછી દ્રવ્યાદિકની અનુકૂળતા હોય ત્યારે દાનાદિક વિભુતિપૂર્વક જિનેશ્વરઆદિ જ્ઞાનીઓની પાસેજ જિનકલ્પ અંગીકાર કરે. અને તેવા જ્ઞાતાઓના અભાવે વડવૃક્ષ નીચે જિનકલ્પ અંગીકાર કરે. તેમહાત્મા ત્રીજીપોરસીએ ભાવ-

નાપૂર્વક તે દિવસે વિશેષ તપવિધાન કરીને ગચ્છાદિકથી સર્વથા નિરપેક્ષપણે વિહાર કરે. થોડી ઉપધિવાળો તે મહાપુરુષ ગચ્છાશ્રમથી પંખીની માફક નીકળ્યા પછી જ્યાંસુધી દૃષ્ટિવિષય બંધ ન થાય ત્યાં સુધી ગચ્છવાળા સાધુઓ તેજ સ્થાને રહે અને પછી આનંદ પામેલા તે સાધુઓ પાછા આવે. તે જિનકલ્પવાળા મહાત્મા નિર્વ્યાઘાત હોય તો માસકલ્પને લાયક ક્ષેત્ર જાણીને ત્યાં જઇને વિચરે. એ સંક્ષેપથી વિહાર કહેવાય. આ કલ્પમાં આ મહાત્માને દશ પ્રકારની સામાચારીમાં જે સામાચારી ભજનાએ છે તે ગુરુઉપદેશથી હું કહું છું. પ્રથમ તો દશ પ્રકારની સામાચારી આ પ્રમાણે છે. ઇચ્છાકાર[1], મિથ્યાકાર[2], તથાકાર[3], આવશ્યકી[4], નૈષેધિકી[5], આપૃચ્છા[6], પ્રતિપૃચ્છા[7], છંદના[8], નિમંત્રણા[9], અને ઉપસંપદ્[10]. એ દશ પ્રકારની સામાચારીમાં આવશ્યકી, નૈષેધિકી, મિથ્યાકાર, પૃચ્છા અને ગૃહસ્થને અંગે ઉપસંપદ્ એ પાંચ છોડીને બાકીની પાંચ ઇચ્છાકારઆદિ સામાચારીઓ જિનકલ્પીને ગચ્છવાસ ન હોવાથી હોય નહિં. કેટલાક કહે છે કે આવશ્યકી, નૈષેધિકી, અને ગૃહસ્થની ઉપસંપદાને છોડીને બાકીની સાતે સામાચારીઓ જિનકલ્પમાં હોય નહિં, અથવા તો પ્રતિલેખનાઆદિ નિત્યકર્મરૂપી ચક્રવાલ સામાચારીમાં જે જિનકલ્પકઆદિને જે યોગ્ય હોય તે બધી કહેવી. જિનકલ્પ લેનારાને શ્રુત વિગેરેની મર્યાદા તો આવી રીતે છેઃ—

सुअ १४२६, ओवासे १४२७, भिक्खा १४२८, आयार १४२९, पढमि १४३०, दिव्वाई १४३१, आयंको १४३१, अब्भु १४३३, एगो १४३४, उच्चारे १४३५, अममत्ता १४३६, केच्चिर १४३७, नो १४३८, पास १४३९, ओवासो १४४०, एवं १४४१, सार १४४२, संठवणा १४४३, अण्णं १४४४, पाहुडिआ १४४५, अज्जित्ति १४४६, दीवत्ति १४४७, ओह्राणं १४४८, तह १४४९, सुहुम १४५०, भिक्खा १४५१, पाणग १४५२, लेवा १४५३, अल्लेवं १४५४, णायंबिल १४५५, पडिमत्ति १४५६, जिण १४५७, मासं १४५८, कह १४५९, अभिग्ग १४६०, जिण १४६१, किं १४६२, सव्व १४६३, अणि १४६४, तीए १४६५, पढम १४६६, उग्गा १४६७, तिहिं १४६८, अह १४६९, किं १४७०, अप्पि १४७१, चोएइ १४७२, चोअग १४७३, एसो १४७४, इअ १४७४, इअ १४८५, इअरे १४७६, एवं १४७७, एगाए १४७८, वीहीए १४७९, एएसिं १४८०, अइ १४८१, एसा १४८२,

શ્રુત[1], સંઘયણ , ઉપસર્ગ[3], આતંક[4], વેદના[5], કેટલા[6], ઠંડિલ[7], વસતિ[8], કેટલો કાળ , ઠંડિલ[10], માતરૂં[11], અવકાશ[12], ઘાસ અને પાટીઉં[13], રક્ષણ[14], સંસ્થાપન[15], પ્રાભૃતિક[16], અગ્નિ[17], દીપ[18], નજર રાખવી[19], કેટલા રહેશે[20], ગોચરી[21], પાણી[22], લેપાલેપ[23], અલેપ[24], આંબેલ[25], પ્રતિમા[26], માસકલ્પ[27] એવી રીતે જિનકલ્પ સંબંધી ૨૭ દ્વારો કહેવામાં આવશે. તેમાં શ્રુતનામના દ્વારમાં નવમાપૂર્વની ત્રીજી જે આચારવસ્તુ તેનું જ્ઞાન જઘન્યથી હોય. કેમકે ત્યાં આચારવસ્તુમાં કાલનું નિરૂપણ છે માટે તેનું જ્ઞાન તો અવશ્ય હોવું જોઇએ અને ઉત્કૃષ્ટથી ન્યૂનદશપૂર્વ હોય, પહેલા સંઘયણવાળા અને ધૈર્યથી વજ્રની ભીંત જેવા પુરૂષો આ કલ્પને

અંગીકાર કરે, પણ એ વજ્રઋષભનારાચ શિવાયના બીજા સંઘયણવાળા કોઈ દિવસ પણ તે કલ્પને અંગીકાર ન કરે. દેવતાઈઆદિ ઉપસર્ગો જિનકલ્પીને હોય અગર ન પણ હોય, અને જો હોય તો નિશ્ચયચિત્તવાળા અને દૃઢભાવનાવાળા એવા તેઓ તે ઉપસર્ગોને સહન કરે. જ્વરઆદિ રોગને અંગે પણ હોય અથવા ન પણ હોય, એવી ભજના જાણવી. કદાચ હોય તો નિષ્પ્રતિકર્મ એટલે શરીરના કોઇપણ સંસ્કાર નહિં કરવાવાળા એવા તે મહાત્મા સહન કરે, એ ઔપક્રમિક વેદના કહેવાય. અને લોચાદિકથી થએલી આભ્યુપગમિકી વેદના કહેવાય, એમ બંને પ્રકારની વેદના તેઓને હોય છે. ગણ ઉપધિ કે શરીર એ ત્રણેમાંએ તેઓને મમત્વ ન હોવાથી ભાવે કરીને સર્વથા નિરપેક્ષ એવા તે જિનકલ્પી ભગવાન્ વસતિઆદિમાં એકલાજ હોય, ને વસતિમાં એક જિનકલ્પી ભગવાન્ રહ્યા હોય ત્યાં સાત સુધી જિનકલ્પીઓ રહે, માટે દ્રવ્યથી તે એક અથવા અનેક પણ હોય. અનાલોક અને અસંપાતવાળા સ્થાનેજ ઠલ્લો અને માતરૂં પરઠવે, અને તેજ જગોપર જુનાં વસ્ત્રોને નકામાં હોય તો પરઠવે. મમતારહિત, સાધુ માટે જેનું લીપવું વિગેરે નહિં કરેલાં હોય એવા સ્થાનમાં રહેનારા તેઓ હોય છે. ઢાંકવું, પૂરવું, સંસ્કાર કરવો વિગેરેથી હીન એવી જિનકલ્પીની વસતિ એટલે જગ્યા હોય છે. સ્થવિરોને પણ પુષ્ટ આલંબન સિવાય એકલું પ્રમાર્જન કરવાનું પરિકર્મજ હોય છે. તમે કેટલો કાળ અહીં રહેશો' એવું વસતિ માગતી વખતે જો ગૃહસ્થ પૂછે તો જિનકલ્પી ત્યાં રહેજ નહિ. 'તમારે અહીં ઠંડિલ કરવું નહિ' એવું જ્યાં ગૃહસ્થો કહે તે વસતિ પણ તેઓ લે નહિ. 'માતરૂં પણ આ સ્થાનેજ કરવું, બીજે ન કરવું" એવું જ્યાં નિયમનવાળું વાક્ય કહે તે વસતિ પણ તેઓને યોગ્ય નથી. 'તમારેઆ સ્થાનેજ રહેવું, પણ આ સ્થાને ન રહેવું' એવું પણ જ્યાં કહે તે વસતિ પણ એમને કલ્પે નહિ. એવી રીતે તૃણ અને ફલકમાં પણ જો એવો વિકલ્પ હોય તો તે તૃણ અને ફલકાદિવાળી વસતિ પણ એમને કલ્પે નહિં. તેજ વસતિમાં જો બળદઆદિ વસ્તુને આણીને ગૃહસ્થ તે સાધુને રક્ષણ કરવાનું કહે તો તે પણ વસતિ અયોગ્ય. એવી રીતે સંસ્કાર કરવો કે પડતી વસ્તુની ઉપેક્ષા ન કરવી એવું જ્યાં દાતા કહે તે વસતિ પણ અયોગ્ય ગણાય. ચશબ્દથી બીજો પણ હુકમ, દાતા પોતાના હુકમ પ્રમાણે વર્ત્તવા જ્યાં કહે તે પણ વસતિ યોગ્ય નહિં. વળી જ્યાં ઘરદેવતાઆદિને બળિઆદિ કરાતો હોય અને તે નાંખેલા બળિનું સાધુએ કરેલ કાઉસગ્ગને લીધે સ્થાન આઘુંપાછું કરવામાં આવે, અને શકુનઆદિ ગ્રહણ ન થવાથી બલિ દેવામાં અંતરાય થાય તે સ્થાન પણ વર્જે. અગ્નિવાળું મકાન પણ ન લે. કેમકે પ્રમાર્જન કરતાં ધૂળઆદિથી અગ્નિકાયનો વ્યાઘાત થાય અને વસતિનું પ્રામાર્જન ન કરે તો અક્રિયા લાગે, અને અંગારાદિઅગ્નિના સ્પર્શમાં પણ વિકલ્પ લેવો. દીવાવાળી વસતિમાં સ્પર્શ તો જરૂર હોય છે અને તેથીજ આ દીવાવાળી વસતિના દ્વારથી દ્વાર જુદું કહ્યું છે. અને બાકીના પ્રમાર્જન-આદી માટે તો પહેલાં કહેલા દોષો જાણવા. 'અમારા પણ ઘરનો ઉપયોગ દેનારો તું થઇશ' એવું રહેતી વખતે જ્યાં ગૃહસ્થ કહે તે વસતિ પણ કલ્પે નહિં, 'તમે કેટલા જણ અહીં રહેશો ?' એવું મકાન આપતાં ગૃહસ્થ નિયમન કરે તો તે મકાનને પણ તેઓ છોડી દે. કારણ કે જિનકલ્પી સૂક્ષ્મ પણ બીજાની અપ્રીતિ જે માટે છોડે છે તેથી બીજી વસતિ કોઈને પણ અપ્રીતિને કરનારી હોય

તે લે નહિ. તેમને ત્રીજી પોરસીમાંજ ગોચરી હોય છે, અને પૂર્વે કહ્યા પ્રમાણે પિંડૈષણાઓ અભિગ્રહવાળી હોય છે, અને ભોજન માટે એકજ પિંડૈષણા હોય છે. તેઓ ભોજન સિવાયના કાળમાં પાણી પણ લેતા નથી, કેમકે શ્રુતના બળે તે સર્વપાણીને શુદ્ધ અશુદ્ધરૂપે જાણે છે. લેપે કરીને રહિત તેમજ લેપવાળા વ્યંજન વિગેરેથી પણ રહિત, તેમજ બીજીવસ્તુએ પણ મિશ્ર નહિ એવું તેઓને ભાતપાણી હોય છે. સ્વભાવે એકલું પણ લેપવાળું ન લે, બીજા આચાર્યો તો આત્માના પરિણામે અલેપ હોવાથી અલેપકારી માને છે. વાયુઆદિધાતુના દોષથી અત્યંત શોષ અને થંડિલ ભેદ થાય માટે અલેપકારી પણ આયંબિલનું લે નહિં. પરંતુ મુખ્યપણે શરીરને અનુકૂળ ચોખા જેવુંજ લે. માસાદિ પ્રતિમા અને આદિશબ્દથી બાકીના અભિગ્રહો તેઓ કરતા નથી. કેમકે વિશેષે કરીને તેઓ અભિગ્રહમાં રહેલાજ છે.

જિનકલ્પ એ પદ એ સમસ્ત દ્વારને લાગુ પડે છે, પણ એમાં આ મર્યાદા કે તે અપવાદ-રહિત હોય. ક્ષેત્રમાં માસકલ્પ રહે અને ત્યાં છ ભાગ કલ્પે અને આધાકર્મીઆદિ વર્જવા માટે દરેકમાં એક એક દિવસ ફરે. જિનકલ્પીઓ માટે દ્વારોની વ્યવસ્થા કહ્યા પછી પ્રસંગને માટે કાંઇક કહે છે.

આવી રીતે ફરતા જિનકલ્પીને આધાકર્મી કેમ હોય એવી શંકાનું સમાધાન સમજાવવા માટે કાંઈક તે અને બીજું પણ પ્રસંગે કહું છું. અભિગ્રહવાળા જિનકલ્પીને દેખીને, કોઇક શ્રાવિકા ભોજન તૈયાર કરે, તે ભોજન ત્રણ દિવસ પૂતિ કહેવાય. તેની વ્યાખ્યા આગળ કહેશે. એક વસતિમાં ઉત્કૃષ્ટ સાત જિનકલ્પીઓ હોય છે. જિનકલ્પના અભિગ્રહવાળા તપસ્યાથી સુકાએલા અને મહાસત્ત્વવાળા એવા તેમને દેખીને સંવેગવાળી કોઇક શ્રાવિકા એમ બોલે કે હું નિર્ભાગી છું. શું કરૂં ? આ સાધુ તો આ જે ચાલુ ખોરાક છે તે તો લેતા નથી, અને સહજપણે દઈ શકું એવું હમરી પાસે બીજું કંઇ આજ નથી. હું કાલે બરોબર ભોજન તૈયાર કરીને આદરથી દઈશ. આવું સાંભળીને તે નિવારવા માટે ભગવાન કહે કે ભમરાનાં ટોળાં, ગાયોનાં ટોળાં, સાધુઓ, પંખીઓ, અને શરદઋતુના મેઘોનાં સ્થાનો અનિયમિતજ હોય છે. તેમ કહ્યા છતાં તે બાઈએ અજ્ઞાનથી ધારેલું ભોજન તૈયાર કર્યું, જિનકલ્પીએ બીજે દિવસે ઘરની તે લાઇન છોડી દીધા અને અદીન અને અપરિશ્રાંત એવા તે મહાત્મા બીજી વીથિમાં ફર્યા, તે વખતે પેલી બાઈએ કરેલું ભોજન પહેલા દિવસે આધાકર્મી ગણાય. અને પછી ત્રણ દિવસ સુધી તે ઘર જિનકલ્પિયોને પૂતિ ગણાય, તે પૂતિના દિવસોમાં તે ઘરનું બીજું પણ કંઇ લેવું કલ્પે નહિ. ત્રીજો દિવસ ગયા પછીજ તે ઘરનું કાંઇ પણ લેવું કલ્પે. એવી રીતે પકવાન્નને અંગે પણ કોઇ શ્રાવિકા એમ ધારે કે આજ મહર્ષિ નથી આવ્યા, પણ કાલે આવશે એટલે તેમને આપીશ, એવું વિચારે તો તે પકવાન્નવાળું ઘર બે દિવસ આધાકર્મી ગણવું, અને ત્રીજા વિગેરે દિવસોમાં પૂતિ ગણવું. ત્રણ દિવસો તે ઘરનું કાંઇપણ ન ખપે, છઠે સાતમે દિવસેજ ખપે. નહિં કર્યાનો પહેલો દિવસ અને બાકીના એક બે દિવસો આધાકર્મીના જાણવા,હવે સાતમે દિવસે પહેલી લાઇનમાં ફરી પણ ફરતા દેખીને શ્રાવિકા કહે કે, તે દહાડે કેમ નહિ આવ્યા ? મ્હેં તમારા માટે ખોટો ખર્ચ કર્યો, એમ તે શ્રાવિકા કહે ત્યારે ભગવાન્ જિનકલ્પી

શ્રાવિકાને અનિયમિત વસતિઓ વિગેરે વાકય જે પૂર્વે જણાવ્યું છે તે વાકય આજ્ઞાને અનુસારે આધાકર્મી છોડનારો શુદ્ધમનવાળો એવો જિનકલ્પી કહે. શંકાકાર કહે છે કે વીથીમાં આવેલા જાણીને બોલ્યા વગર પહેલેજ દિવસે આધાકર્મીઆદિક કરે, ત્યાં શું સમજવું ?, એના ઉત્તરમાં કહે છે કે, જો કોઇ એવી રીતે અહીં આધાકર્મીઆદિક કરે તો તે ભગવાન શ્રુતાતિશયવાળા હોવાથી ન જાણે એમ બને નહિ, પણ તેમનો એ કલ્પ છે કે આરંભ વર્જવા માટે પ્રથમના સ્થાને સાતમે દિવસેજ ફરે. વળી એવી રીતે અનિયમિતવૃત્તિવાળા તે મહારાજને દેખીને તેમને માટે કોઈપણ વસ્તુ કરવામાં શ્રાવકનો નિયમ ન રહે, તેમજ નિવારણ કરવાથી પ્રવૃત્તિ પણ થાય નહિ. સ્થવિરો પણ આજ્ઞાને લીધે અને ગુરુઆદિનિમિત્તે હંમેશાં પણ દાતાઆદિના દોષને નહિં દેખતાં મધ્યસ્થભાવે ફરે. એવી રીતે પ્રાસંગિક કહીને હવે ચાલુ અધિકાર કહે છે કે એવી રીતે તે ફરતા જિનકલ્પીયો એક વસતિમાં કેટલા રહે અને એક વીથિમાં કેટલા ફરે ? ઉત્તર દેતાં કહે છે કે માંહોમાંહે ભાષાને વર્જતા, આકસ્મિકયોગે એક વસતિમાં સાત સુધી જિનકલ્પીઓ રહે. એક એક જિનકલ્પી એક વીથિમાં હંમેશાં ફરે. કેટલાક ભજના કહે છે, પણ તે યોગ્ય નથી, કેમકે સાત એકઠા થાય છે માટેજ પ્રાયે તેઓની સાત વીથીઓ કહેલી છે. રોજ તેને તે વીથીમાં ફરતાં અપમાન કેમ ન થાય ? એ સવાલના ઉત્તરમાં જણાવે છે કે નકલી શાસનને ગુણ કરનારૂં એવું આ વર્તન છે એમ સમજવું. જે માટે અતિશય જ્ઞાનવાળા તે જિનકલ્પિઓ છે, તેથી સ્થાનાદિક જે શાસ્ત્રોમાં ચહ્નો કહેલા છે તેને તથા ચિહ્નોદ્વારાએ વીથીના વિભાગોને પરસ્પર જાણે છે. એવી રીતે સંક્ષેપથી જિનકલ્પીની સામાચારી કહી. હવે એમની ક્ષેત્રાદિની સ્થિતિ કહું છું.

खित्ते १४८३, पव्वा १४८४, खित्ते १४८५, जम्म १४८६, उस्स १४८७, णोसप्पि १४८८, पढमे १४८९, मज्झिम १४९०, तित्थे १४९१, अहिअ १४९२, पडिमाओ १४९३, एअस्स १४९४, अप्पुव्वं १४९५, पुव्वाही १४९६, वेओ १४९७, उवसम १४९८ ठिअ १४९९, आचेल १५००, लिंगम्मि १५०१, इअरं १५०२, लेसासु १५०३, पचंत १५०४, झाणंमि १५०५, एवं १५०६, गण १५०७, पुव्व १५०८, दव्वाई १५०९, एयंमि १५१०, पव्वा १५११, उवएस १५१२, मुंडा १५१३, गुरु १५१४, आवण्ण १५१५, जम्हा १५१६, कारण १५१७, सव्वत्थ १५१८, णिप्पडि १५१९, अप्प १५२०, तइ१५२१, जंघा १५२२, एसेव १४२३.

ક્ષેત્ર[1], કાલ[2], ચારિત્ર[3], તીર્થ[4], પર્યાય[5], આગમ[6], વેદ[7], કલ્પ[8], લિંગ[9], લેશ્યા[10], ધ્યાન[11], ગણત્રી[12], અભિગ્રહ[13], પ્રવજ્યા[14], મુંડન[15], એ પંદર દ્વારો જિનકલ્પીઓ માટે કહેવામાં આવશે. મનથી લાગેલા દોષોમાં પણ તેઓને ચારગુરુ નામનું પ્રાયશ્ચિત હોય છે. તેમજ કારણે એટલે અપવાદને પ્રસંગે પણ નિષ્પ્રતિકર્મપણું એટલે સંસ્કાર નહિં કરવાપણું હોય છે. ત્રીજીપોરસીમાંજ તેમને ગોચરી અને વિહાર બન્ને હોય છે. ક્ષેત્રદ્વારમાં જન્મ અને વિદ્યમાનતા એમ બે પ્રકારે વિચાર કરવાનો છે. તેમાં જે ક્ષેત્રમાં જન્મ્યાં હોય તે જન્મ અને કયાં વિચરતા કલ્પ કરે ત્યાં વિદ્યમાનપણું જાણવું. સર્વે જિનકલ્પીયોનો કર્મભૂમિઓમાંજ જન્મ અને વિદ્યમાનતા

જાણવી, પણ સંહરણ થાય તો કર્મભૂમિની માફક અકર્મભૂમિમાં પણ તે જિનકલ્પી હોય. અવસર્પિણીના બે આરામાં જન્મ અને વિદ્યમાનતા તથા ઉત્સર્પિણીમાં જન્મ અને સદ્ભાવની અપેક્ષાએ વિપરીત લેવું. નોઉત્સર્પિણી અને નોઅવસર્પિણીના ચોથા જેવા આરામાં શુદ્ધ કાળ અને સરખા એવા સઘળા કાળમાં પણ સંહરણથીજ હોય છે. સામાયિક કે છેદોપસ્થાપનીય સંયમમાં જિનકલ્પ અંગીકાર કરે અને પહેલો પામેલો તો કોઇપણ સંયમમાં હોય. અજિતઆદિના શાસનમાં સામાયિકચારિત્રમાં અને પહેલા છેલ્લા તીર્થંકરના શાસનમાં છેદોપસ્થાપનીયમાં કલ્પ અંગીકાર કરે છે. અને પાછળથી વિશુદ્ધયોગવાળા બીજા પણ સંયમને પામે છે. જિનકલ્પીઓ તીર્થ સ્થપાયા પછીજ હોય છે, પણ તીર્થનો વિચ્છેદ થયો હોય કે તે ઉત્પન્ન ન થયું હોય ત્યારે જાતિસ્મરણઆદિથી અતીર્થમાં તે જિનકાલ્પયો હોતા નથી. અતીર્થમાં કેવળજ્ઞાન વિગેરે હોય તો જિનકલ્પી કેમ ન હોય ? એ શંકાનો ઉત્તર કહે છે કે વીતરાગોએ એમની આ સ્થિતિજ કહી છે. તે માટે એ કાલ જાણવો. તેમાં કાઇ યુક્તિ લગાડવાની હોતી નથી. ગૃહસ્થપણા અને સાધુપણાના ભેદથી બે પ્રકારનો પર્યાય હોય છે, અને તે એકેક પણ જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બે પ્રકારે હોય છે, જિનકલ્પીનો ગૃહસ્થપર્યાય જઘન્યથી ૨૯ વર્ષ જાણવો અને સાધુપણાનો પર્યાય ૨૦ વર્ષનો જાણવો, અને ઉત્કૃષ્ટથી તો બંને પણ દેશોનક્રોડપૂર્વ જાણવા. જિનકલ્પી તે જન્મમાં જિનકલ્પ લીધા પછી નવું આગમ ભણે નહિ, કેમકે તે પોતાને યોગ્ય એવા અભ્યાસ સિવાય ઉત્કૃષ્ટયોગના આરાધનથીજ કૃતકૃત્ય છે. પણ એકાગ્રમનવાળો સંશયઆદિના ક્ષય માટે હંમેશાં પહેલાં ભણેલું સમ્યક્ સંભારે. જિનકલ્પ લેતી વખત પુરુષવેદ કે નપુંસકવેદ હોય, પણ પહેલાં લેનારો તોપછી સવેદી કે અવેદી પણ હોય. ઉપશમશ્રેણીમાં વેદ શમાવવાથી અવેદી બને. તે જન્મમાં કેવળજ્ઞાનનો જિનકલ્પવાળાને નિષેધ હોવાથી વેદ ખપાવવાથી અવેદી બને નહિં. તેઓ સ્થિત અને અસ્થિત બંને પ્રકારના કલ્પોમાં હોય છે. આચેલક્યઆદિ દશ કલ્પોમાં રહેલા તે સ્થિતકલ્પી કહેવાય અને શય્યાતરઆદિ ચાર કલ્પમાં રહ્યા છતાં આચેલક્યઆદિ છમાં અનિયમવાળા હોય તે અસ્થિતકલ્પ. કહેવાય આચેલક્યાદિ દશ કલ્પો બતાવે છે. વસ્ત્રરહિતપણું, કોઇને પણ માટે કરેલ આધાકર્મત્યાગ, શય્યાતર અને રાજાનો પિંડનો ત્યાગ, પર્યાયપ્રમાણે વંદના, મહાવ્રતો, વડીદીક્ષાથી મ્હોટાનાનાપણાનો વ્યવહાર સવાર સાંજ વગેરે વખત નિયમિત પ્રતિક્રમણ, માસકલ્પ અને પર્યુષણાકલ્પ એ દશ કલ્પોને પાલનાર તે સ્થિતકલ્પ તરીકે જાણવા. તેમાંથી કેટલાકમાં રહે તે અસ્થિતકલ્પી જાણવા. તેઓની લિંગમાં ભજના એવા રીતે હોય છે કે અંગીકાર કરતી વખત દ્રવ્ય અને ભાવ બન્ને લિંગવાળા હોય, અને જિનકલ્પ લીધા પછી ભાવલિંગે તો જરૂર હોય. દ્રવ્યલિંગ તો કદાચિત્ વસ્ત્રની જીર્ણતા અથવા ચોરી વિગેરેથી કદાચિત્ વસ્ત્રાદિક ન પણ હોય, પણ તેવા દ્રવ્યલિંગ વગર પણ તેમના ભાવની હાનિ થતી નથી. તેની લેશ્યા વિગેરે–ત્રણ શુદ્ધલેશ્યામાંજ તેઓ કલ્પ અંગીકાર કરે. કૃષ્ણઆદિ લેશ્યામાં અંગીકાર કરે નહિં, પણ જિનકલ્પ લીધા પછી તો કથંચિત્ સર્વલેશ્યામાં હોય, છતાં અત્યંત ખરાબ તેમજ ચિરકાલ સુધી ખરાબ લેશ્યામાં ન હોય, સામાન્ય રીતે ખરાબલેશ્યામાં થોડો કાળજ હોય, કેમકે કર્મોની ગતિ વિચિત્ર છે તેથી અશુભ લેશ્યા આવે તોપણ ઉદ્યમ જરૂર ફળ દે છે કે જેથી અશુભ લેશ્યા થયા છતાં પણ ફરી ચારિત્રની શુદ્ધિ થાય છે. વધતા એવા ધર્મધ્યાનથીજ કલ્પ અંગીકારકરે છે,

પછી તો બીજા પણ ધ્યાનોમાં હોય, તેમાં નિષેધ નથી. આવો તીવ્ર શુક્લયોગ છતાં તીવ્રકર્મના પરિણામે આર્ત્તરૌદ્રનો ભાવ થાય, તોપણ તે અલ્પ અને અલ્પકાલ હોવાથી નિરનુબંધ હોય છે. જિનકલ્પીઓની તે કલ્પ લેતી વખત ઉત્કૃષ્ટ સંખ્યા નવસો સુધી હોય છે, અને જઘન્યથી એક વિગેરે પણ હોય છે, અને પહેલાં અંગીકાર કરેલાની ઉચિતક્ષેત્રમાં ઉત્કૃષ્ટી અને જઘન્ય બંને સંખ્યા નવહજાર સુધી હોય છે, અર્થાત્ કોઇક કાલ એવો હોય કે ઉચિત એવા ક્ષેત્રમાં નવ હજારથી ઓછા જિનકલ્પીયો નજ હોય. થોડા કાલ માટે થતા વિચિત્ર દ્રવ્યાદિ અભિગ્રહો તેઓને હોતા નથી, કેમકે તેમનો જાવજ્જીવનો કલ્પજ અભિગ્રહરૂપ છે. તેમની ગોચરી વિગેરે નિયમિત અને નિરપવાદજ હોય છે. તે તે આચારોનું પાલન કરવું એજ એમને માટે વિશુદ્ધિકારણ છે, સંલેખના કરીને આદરેલા છેલ્લા અનશનવાળાની અવસ્થાની પેઠે આજ્ઞાથી પ્રવર્તેલા અને નિરપેક્ષ એવા જિનકલ્પીઓ પોતાનો કલ્પ છે એમ ધારીને દીક્ષા આપે નહિં, પણ કોઇકને નક્કી દીક્ષા લેનારો છે એમ જ્ઞાનથી જાણે તો તેને ઉપદેશ આપે, તે ઉપદેશ ગુણની અપેક્ષાએ દે, પણ દિગાદિ એટલે અમુક આચાર્યાદિ પાસે લે કે લેવી સારી છે એમ કુલ ગણ કે સંઘની દરકાર કર્યા વિના સામાન્ય રીતે પ્રવ્રજ્યા લેવાનો ઉપદેશ આપે. એ પ્રવ્રજ્યાના નિષેધથી મુંડનદ્વાર પણ સમજવું. શંકાકાર કહે છે કે પ્રવ્રજ્યા પછી જરૂર મુંડન હોય છે તો પ્રવ્રજ્યાદ્વાર કહ્યા છતાં મુંડનદ્વાર જુદું કહેવાની જરૂર શી? ગુરુ ઉત્તર દે છે કે પ્રવ્રજિતને મુંડિત કરવોજ જોઈએ એવો નિયમ નથી. કેમકે પ્રકૃતિએ અયોગ્ય છતો પ્રવ્રજિત થઇ ગયો હોય તો તેને મુંડવાનો નિષેધ પણ છે. વળી અતિશયજ્ઞાની પ્રવ્રજ્યાથી ભ્રષ્ટ થયેલા આદિની મુંડના કરે પણ ખરા, માટે જુદુ દ્વાર કહ્યું છે. તે જિનકલ્પીઓને મને કરીને સૂક્ષ્મ પણ અતિચાર લાગ્યો હોય તો જઘન્યથી સ્થવિરકલ્પિ કરતાં ચારગણું પ્રાયશ્ચિત્ત હોય છે, કારણ કે આ જિનકલ્પ તપસ્યામાં જેમ જિનકલ્પ ઉપવાસઆદિ કરે તેમ એકાગ્રતા પ્રધાન છે, અને તે એકાગ્રતાના ભંગથી મ્હોટો દોષ લાગે છે. પ્રાયે ઉચિતતપના પર્યવસાનને સાધવાથી શુદ્ધ એવાં પણ જ્ઞાનાદિપાઠ વગેરે આલંબનરૂપી કારણો પણ એને હોતાં નથી. સર્વવિષયમાં નિરપેક્ષ એ મહાત્મા ક્લિષ્ટકર્મના ક્ષય માટે આરંભેલા કલ્પનેજ બરોબર સાચવતો રહે છે. નિષ્પ્રતિકર્મશરીરવાળો તે મહાત્મા આંખમાં લાગેલા ચીપીચા જેવા મેલઆદિને પણ કોઇ દિવસ દૂર કરતો નથી અને પ્રાણાંતિકકષ્ટમાં પણ અપવાદ સેવતો નથી, આ મહાત્મા અપવાદપદના કારણભુત એવા અલ્પમહુત્વના વિચારથી પ્રવર્તનારા હોતા નથી, અથવા તો અત્યંતશુભભાવવાળા હોવાથી એમનો કલ્પજ બહુજ ઉંચી કોટીનો છે. તેઓને ત્રીજીપોરસીમાં ગોચરી અને વિહારનો કાલ હોય છે, બાકીની સાતે પોરસીઓમાં તેઓ કાયોત્સર્ગ કરે છે અને નિદ્રા તો પ્રાયે અલ્પજ હોય છે. કદાચ તેવા કર્મોદયથી જંઘાબળ ક્ષીણ થાય ને તેથી કદાચ ગામાંતરે નહિ વિચરે, તેમ છતાં પણ તેમને દોષ લાગતો નથી, અને તે મહાભાગ્યશાળી તેની તેજ જગોપર પણ કલ્પપ્રમાણેજ પ્રવૃત્તિ કરે છે. આ શ્રીજિનકલ્પીને માટે જણાવેલ ભાવનાદિપ્રકારજ શુદ્ધપરિહારિક અને યથાલંદિકના કલ્પો જે આગલ કહેવાશે તેમાં પણ જાણવો, પણ જિનકલ્પી કરતાં યથાલંદિકની સંખ્યાવિષયનો આ ભેદ છે કેન વ સાથે લે, કે એકાદિક પણ લે.

तत्र १५२४, पुण्णे १५२५, इत्तरिया १५२६ खित्ते १५२७, पव्वा १५२८, खित्ते १५२९, तुल्ला १५३०, ताणवि १५३१, सट्ठाणे १५३२, ठिअ १५३३, गणओ १५३४, सत्तावीस १५३५, पडि १५३६, एअं १५३७,

પરિહારિકો આયંબિલથી પરિકર્મ કરે એ તપભાવનાનું જુદાપણું છે. જે પરિહારવિશુદ્ધિકો પછીથી સ્થવિરકલ્પમાં આવવાના હોય તેઓ ઇત્વરિક કહેવાય છે, અને જેઓ પરિહારકલ્પની સમાપ્તિ પછી જિનકલ્પ લેવાના હોય તેઓ યાવત્કથિક પરિહારવિશુદ્ધિક કહેવાય છે. પરિહારકલ્પ પૂરા થયા પછી જિનકલ્પ લે, અથવા ફરી તેજ કલ્પ લે, કે પાછા ગચ્છમાં આવે, એ ત્રણે પણ વસ્તુ તેમને કલ્પે છે. ઈત્વરિકપરિહારિકોને વેદના અને આતંકો હોતા નથી, પણ યાવત્કથિકોને તે વેદનાઆદિની ભજના જાણવી. જિનકલ્પી સાત ભાગ કલ્પે છે પણ આ છ ભાગ કલ્પે છે. ગામના છ ભાગ તો જિનકલ્પીની પેઠે જાણવા. શુદ્ધપરિહારિકોની સ્થિતિ માટે ક્ષેત્રઆદિ અને પ્રવ્રાજનઆદિ દ્વારા પૂર્વે १४८३ અને १४८४ ગાથાઓમાં જણાવ્યા મુજબ જાણવાં. પરિહારિકો ભરત અને ઐરવતક્ષેત્રમાં હોય છે. તેઓનું સંહરણ થતું નથી, તેથી જિનકલ્પિની અપેક્ષાએ વિદ્યમાનતાના કાલનો પણ ફરક જાણવો. સામાયિક અને છેદોપસ્થાપનીયચારિત્રના જઘન્ય સંયમસ્થાનકો થોડાં છે, તેનાથી અસંખ્યાત લોક જેટલાં પરિહારિકનાં સ્થાનકો છે. તે પરિહારિકો પહેલાના બે ચારિત્રમાં પણ હોઇ શકે, અને તેનાથી આગળ પણ સામાયિક છેદોપસ્થાપનીયના અસંખ્યાતા સંયમસ્થાનો છે. પરિહારિક કલ્પ લેતાં તો તે પોતાના સંયમસ્થાનમાંજ હોય, અને અતીતનયની અપેક્ષાએ તે પહેલા બીજા ચારિત્રના બીજા સંયમસ્થાનોમાં પણ વ્યવહારથી વર્તતો કહેવાય છે. નક્કી એ પરિહારિક સ્થિતકલ્પમાંજ હોય છે, તેને દ્રવ્ય અને ભાવલિંગ જરૂર હોય છે, અને લેશ્યા તથા ધ્યાનનાં દ્વારો તો જિનકલ્પી જેવાં જાણવાં. એ પરિહારિકવાળા સાધુઓ જઘન્યથી ત્રણ અને ઉત્કૃષ્ટથી સો સમુદાય એટલે નવસેં જન આ કલ્પ ગ્રહણ કરે છે, અને પહેલાં કરનારા તો ઉચિત ક્ષેત્ર અને કાલની અપેક્ષાએ ઉત્કૃષ્ટ અને જઘન્યથી પણ સેંકડો હોય છે. કલ્પ લેનારા મનુષ્યે વ્યક્તિની અપેક્ષાએ જઘન્યથી સત્તાવીસ અને ઉત્કૃષ્ટથી હજાર સુધી હોય. પણ પહેલાંના પરિહારને પામેલા જઘન્યથી સેંકડો અને ઉત્કૃષ્ટથી હજારો હોય છે. ગણમાં નવ જણ હોવા જોઇયે અને પહેલાના નવમાંથી કોઈકનો અભાવ થાય અને ઓછા હોય અને પૂરા કરવા પડે તો એક વિગેરે પણ લેનારા હોય, તેમજ પૂર્વે લીધેલા પણ પ્રક્ષેપમાં એક અથવા પૃથક્ તો હોય. એવી રીતે જિનકલ્પથી પરિહારિકોનું જુદાપણું જણાવ્યું, હવે તેમનાથી યથાલંદિકનું જુદાપણું જણાવું છું.

लंदं १५३८, उक्कोस १५३९, जम्हा १५४०, जो १५४१, पडि १५४२, लग्गादि १५४३, तेसिं १५४४, ण १५४५, तीए १५४६, जिण १५४७, थेराणं १५४८, एक्किक्क १५४९, गण १५५०, पडि १५५१, एव्वे १५५२, कय १५५३, पाएण १५५४, केई १५५५, अण्णे १५५६, अब्भु १५५७, एव १५५८ णय १५५९, अचंति १५६०, गुरु १५६१, अचंत १५६२, गइ १५६३, तक्काल १५६४, अहवा १५६५, एतो १५६६, एवम् १५६७, सो १५६८, अज्जाओ १५६९, पडिसिद्ध १५७०, कय १५७१,

લંદ એટલે શાસ્ત્રમાં કાળ કહેવાય છે. અને તે લંદનામનો કાલ ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય એમ ત્રણ પ્રકારે છે. યથાલંદિક કલ્પમાં આવેલા લંદશબ્દની વ્યાખ્યા જણાવે છે. જેટલી વખતે પાણીએ ભીનો હાથ સુકાઈ જાય તે વખતને જઘન્યલંદ કહેવાય છે. પૂર્વકોટિના કાલને ઉત્કૃષ્ટલંદ કહેવાય છે, તે બેની વચમાં તો અનેકસ્થાનો કાલનાં હોય છે. પણ યથાલંદના આ અધિકારમાં પંચરાત્રિના કાલને ઉત્કૃષ્ટ લંદ કહેવાય છે. જે માટે પાંચ રાત્રિજ તેઓ વીથીમાં ભિક્ષા માટે ફરે તેથી તેઓ યથાલંદિ કહેવાય અને તેમનું ઉત્કૃષ્ટ પ્રમાણ પણ પાંચના ગચ્છ તરીકેજ હોય. પૂર્વે જે મર્યાદા જિનકલ્પમાં કહી છે, તેજ મર્યાદા યથાલંદિકોમાં પણ જાણવી. પણ સૂત્ર, ભિક્ષાચર્યા અને માસકલ્પમાં એ બે વચ્ચે ફરક છે. પરિહારિકો ગચ્છ સાથે સંબંધવાળા અને સંબંધ વગરના એમ બે પ્રકારે હોય છે, અને તે પણ ભવિષ્યમાં જિનકલ્પમાં અને સ્થવિરકલ્પમાં જવાવાળા હોવાથી બે પ્રકારના હોય છે. તેઓને ગ્રહણ કરવા માંડેલા અર્થમાં થોડો અર્થ બાકી હોવાથી તેઓને ગચ્છનો પ્રતિબંધ હોય છે. શુભ લગ્નાદિ ઉતરી જતાં હોય અને નજીકમાં બીજાં લગ્નાદિ ન હોય તો પ્રથમ યથાલંદિક કલ્પ લઇને તેઓ ગચ્છના ક્ષેત્રની બહાર જઇને રહે, અને બાકી રહેલો અર્થ ગ્રહણ કરે, પણ એ અર્થ ગ્રહણમાં વિશેષ એ છે કે આચાર્ય બહાર જઇને તેઓને અર્થ આપે, કારણકે ગચ્છના ક્ષેત્રમાં આવવાથી વંદન અને અવંદન કરવાથી લોકોમાં નિંદા થાય. જો આચાર્ય જવાને શકિતમાન ન હોય તો દોઢ ગાઉએ રહેલી પલ્લી, બે ગાઉએ રહેલું પ્રતિવૃષભગામ અથવા ક્ષેત્રની બહાર કે ક્ષેત્રમાં અન્યવસતિમાં તે યથાલંદિક આવી તે અર્થ લે. તે સ્થાને લોકો ન દેખે તેવી રીતેજ સાધુઓ તેને વંદન કરે. તે કોઇને વંદન ન કરે, બાકી રહેલો અર્થ લઇને તેઓ પોતાના કલ્પ પ્રમાણે વિચરે. જિનકલ્પ લેવાવાળા યથાલંદિકો થોડો અર્થ બાકી હોય ત્યારે અથવા કેટલાકના કહેવા પ્રમાણે યથાલંદિક કાળમાં રોગઆતંક છતાંપણ દવા કરાવે નહિ, આંખનો મેલ પણ દૂર ન કરવાથી તેઓ નિષ્પ્રાતકર્મશરીરવાળા હોય છે. સ્થવિરયથાલંદિકોમાં એટલો વિશેષ કે તે અસમર્થ થાય તો તે સાધુને ગચ્છને આપી પણ દે, અને ગચ્છના સાધુઓ પણ સર્વ પરિકર્મ ફાસુકઅન્નાદિએ તેઓનું કરે. તે સ્થવિરો એકેક પાત્રાવાળા અને વસ્ત્રાવાળા હોય છે, પણ જિનકલ્પમાં જવાવાળા યથાલંદિકને વસ્ત્રપાત્રઆદિની ભજના જાણવી. જઘન્યથી તેઓનું પ્રમાણ ત્રણ ગણ અને ઉત્કૃષ્ટથી સેંકડો ગણોનું હોય છે. પુરૂષનું પ્રમાણ પણ જઘન્યથી પંદર અને ઉત્કૃષ્ટથી હજારો ગણું જાણવું. કલ્પમાં ઊનનો પ્રક્ષેપ કરવો હોય તો એકાદિ પણ જઘન્યથી તે કલ્પ લેવાવાળા હોય, અને ઉત્કૃષ્ટથી લેવાવાળા સેંકડો હોય છે. પહેલાના યથાલંદિકોનું ઉત્કૃષ્ટ અને જઘન્યથી કોટિપૃથકત્વ પ્રમાણ હોય છે. અહીં વિસ્તારરૂપ પ્રસંગે કરીને સર્યું. આ પ્રવચનમાં જિનકલ્પ, પરિહારકલ્પ ને યથાલંદિકકલ્પ લેવો તેજ ઉત્કૃષ્ટો વિહાર છે, અને તે ત્રણે કલ્પો સંલેખના જેવા શુદ્ધ જાણવા. પ્રાયે છેલ્લે કાળે અનવદ્ય એવો આ કલ્પ સતપુરૂષોને કરવાનો છે. બાકીનો વખત તો આચાર્યઆદિકના કાર્યથી પ્રતિબંધ હોવાથી તે કલ્પ લેવાની ભજના જાણવી. કેટલાક કહે છે કે જિનાદિકલ્પોમાં શુદ્ધસંજમનો યોગ હોવાથી તેમજ સ્થવિરના વિહાર કરતાં અહિં અત્યંત અપ્રમાદીપણું હોવાથી આકલ્પોજ સારા છે. વળી કેટલાકો કહે છે કે પરોપકાર નહિ હોવાથી આ જિનકલ્પાદિ કલ્પો

સારા નથી. વળી પરાર્થને અભાવે કલ્પાદિ લેવાનો પણ નિષેધ છે, તેથી પણ સ્થવિરકલ્પોનુંજ મુખ્યપણું છે. કોઈપણ અભ્યુદ્યતવિહારની ઈચ્છાવાળો અને આચાર્યગુણવાળો લબ્ધિ સહિત સાધુ ઉપસ્થિત થયેલાને દીક્ષા આપે છે. તેની પ્રવ્રજ્યા ન થાય તો તે કલ્પ પાલવામાં અસમર્થને પણ દીક્ષા આપે. સ્નેહથી થતી દીક્ષામાં અલબ્ધિવાળો પણ અભ્યુદ્યત નહિ લેતાં ગુરુનિશ્રાએ દીક્ષા આપે. એવી રીતે સર્વથા સ્થવિરકલ્પજ મુખ્ય છે એમ આગમથી સિદ્ધ થયું, તેમજ યુક્તિથી પણ સ્થવિરકલ્પમાં સ્વ અને પરનો ઉપકાર હોવાથી તે મોટો છે. વળી આ જિનકલ્પોઆદિ કલ્પોથી બીજો કોઈ ઉપકાર થતો નથી, વળી આ સ્થવિરકલ્પથી કોઇકને શુભભાવ જોગે ચારિત્ર એ નિર્વાણનું સાધન બને છે, અને તેથી બીજાઓને પણ આ સ્થવિરકલ્પ મોક્ષસુખનું કારણ છે. સ્થવિરો બીજાને દેવાતું ચારિત્ર પોતાના આત્મામાં પરિણમાવે છે, ગુરુતર એવો સંજમયોગ પણ ત્યાં સ્થવિરકલ્પમાંજ જાણવો. કેમકે જ્યાં સ્વ અને પરને સંજમ પળે, અને તે સંયમ સ્થવિરકલ્પમાંજ સમ્યક્ વૃદ્ધિ પામતો હોય છે. તત્વથી અત્યંત અપ્રમાદ પણ એજ કહેવાય કે જે શુભભાવથી હંમેશાં બીજાઓને અપ્રમાદપણાની પ્રાપ્તિ કરાવાય. આવા એકાંતના ઉત્તરમાં જણાવે છે કે જો એમ છે તો પછી ગીતાર્થ મુનિઓ પણ કાલોચિત અનશન સરખા આ અભ્યુદ્યતમરણ નામના ઉદ્યતવિહારને સ્થવિરકલ્પને છોડીને કેમ લે છે? ચરમકાલે અભ્યુદ્યતવિહારને ઉચિતનો કલ્પ લેવાથીજ આજ્ઞાની આરાધના થાય છે અને આજ્ઞાની આરાધના એજ મુખ્ય છે. શકિતવાળી દશા છતાં તે શકિતવાળો કલ્પ ન લે તો મળેલ એવા આત્મવીર્યના ક્ષયથી આત્માની હાનિ થાય અથવા તો આજ્ઞાનો ભંગ લાગે, કેમકે અધિકગુણ સાધવાને સમર્થ હોય એવા મનુષ્યોને હીન ગુણવાળાને લાયકનું કાર્ય કરવાથી આજ્ઞાભંગ ગણાય, અને શકિત પ્રમાણે હંમેશાં ઉદ્યમ કરવોજ જોઇએ. વળી સૂત્રમાં દશ વર્ષ સંપૂર્ણ થયા હોય તેને જિનકલ્પાદિનો નિષેધ છે, કેમકે તે મહાનુભાવોને તે જિનકલ્પાદિ સિવાયજ ઘણા ગુણો થાય છે. એવી રીતે બન્ને કલ્પોનું તત્ત્વ જાણીને શકિત રહિત પુરૂષોએ અપ્રમત્તપણે સ્વ અને પરના ઉપકારમાં વિશેષે પ્રયત્ન કરવો, અને શુદ્ધ એવો સ્વપરનો પરોપકાર સ્થવિરકલ્પને છોડીને બીજા કલ્પોમાં થતો નથી, અને તેજ સ્વપરનો ઉપકાર ન બનવાના કારણથી અજાત અને અસમાપ્ત એવાનો જે વિહાર, અને અજાત અને સમાપ્ત તેના પણ વિહારનો નિષેધ કરેલો છે. અગીતાર્થનો વિહાર તે અજાત કહેવાય, અને ઋતુબદ્ધમાં પાંચથી ઓછા તથા વર્ષાકાલમાં સાતથી ઓછા સાધુઓનો વિહાર જે થાય તે વીતરાગોએ અસમાપ્ત વિહાર કહેલો છે. પ્રતિષિદ્ધને વર્જવાવાળા સ્થવિરોનો વિહાર શુદ્ધજ છે, એમ ન થાય તો આજ્ઞાભંગ થાય અને તે આજ્ઞાભંગથી નક્કી સંસારની વૃદ્ધિ થાય. અહીં વધારે વિસ્તાર કરતા નથી, પણ બુદ્ધિમાનોએ તે તે કલ્પનું પ્રધાનપણું જાણવું. એવી રીતે અભ્યુદ્યતવિહારનો અધિકાર પૂરો થયો ॥ હવે અભ્યુદ્યતવિહારની સાથે જે અભ્યુદ્યતમરણનો અધિકાર જણાવ્યો હતો તેનું સ્વરૂપ કહે છેઃ—

**अब्भु १५७२, संलेहणा १५७३, चत्तारि १५७४, णाइ १५७५, वासं १५७६, देहम्मि १५७७, विहिणा १५७८, सइ १५७९, ओवक्क १५८०, थेव १५८१, जुगवं १५८२,**

ધીર અને નહિં મરવાના સ્વભાવવાળા તીર્થંકરોએ અભ્યુદ્યતમરણો [1]પાદપોપગમન, [2]ઇંગિની અને [3]ભક્તપરિજ્ઞા એવી રીતે ત્રણ પ્રકારે કહેલાં છે. એ મરણો પ્રાયે સંલેખના-

પૂર્વકજ હોય છે, તેથી સંલેખનાને પહેલાં કહીશ. પછી સંક્ષેપથી ત્રણે પ્રકારનાં અભ્યુદ્યતમરણોને અનુક્રમે કહીશ. સંલેખના કરનાર ચાર વર્ષ સુધી અઠ્ઠમથી વધારે એવી જે વિકૃષ્ટ તપસ્યા તે કરે [૯]પછી ચાર વર્ષ સુધી વિગયરહિત પારણાવાળી અને અઠ્ઠમથી ઓછી એવી જે અવિકૃષ્ટ તપસ્યા તે કરે [૯]પછી બે વર્ષ સુધી એકાંતરે આયંબિલ કરે [૧૦]અને છ મહીના સુધી અઠ્ઠમઆદિ જે અત્યંત વિકૃષ્ટ તપ તે ન કરે, અર્થાત્ સામાન્ય તપ કરે, પણ તપસ્યાને પારણે આયંબિલ કરે, ૧૦।। પછી બીજા છ મહીના સુધી વિકૃષ્ટ તપસ્યા કરે, [૧૧]અને તે પછી એક વર્ષ સુધી કોટિસહિત (લાગલાગટ) આયંબિલ કરે [૧૨]જેવી રીતે આ ઉત્કૃષ્ટ સંલેખના બતાવી તેવિજ રીતે અનુક્રમે સંઘયણ અને શકિતનો ઘટાડો હોય તો તેને અનુસારે અર્ધી અથવા ચોથી જેટલી પણ સંલેખના કરે, સંલેખના કરવાનું કારણ એ છે કે સંલેખના કર્યા વગર મરણ સમયે એકદમ ધાતુઓ ક્ષીણ થવાથી જીવને છેલ્લા કાળે પ્રાયે આર્તધ્યાન થાય, પણ થોડા થોડા ધાતુને વિધિથી ખપાવતાં ભવરૂપીવૃક્ષના બીજરૂપ એવું જે આર્તધ્યાન છે તે થાય નહિ. વળી આ જગો ઉપર આ યુકિત જાણવી. હંમેશાં શુભભાવવાળાને થોડા થોડા નિરોધથી બાધા આવે નહિં, કેમકે મ્હોટા બળે થોડાનો આરંભ કર્યો છે, અને એવી રીતે કરવાથી મહાબળવાળું સપ્રતિકાર ઉપક્રમણ થાય. અને ઉચિત રીતે આજ્ઞા કરવાથી વિશેષ શુભભાવ પણ થાય. વળી બાહ્ય (માંસાદિ) અને અભ્યંતર (શુભ પરિણામ)નું થોડું થોડું ઉપક્રમણ જેમ જેમ કરવા લાયક છે તેમ તેમ કરવાથી વખત જતાં તે પરિણામ કબજાના વિષયમાં આવે છે, પણ એકદમ ધાતુને ખપાવતાં ઉપક્રમની તીવ્રતા થવાથી પ્રાયે જીવનને બહુ મોટું સૈન્ય જેમ એકલા સુભટને પાડી નાંખે તેવી રીતે પાડી નાંખે છે. સંલેખના માટે શંકાસમાધાન કહે છે.

**आह १५८३, तिविहा १५८४, मणइ १५८५, जा खलु १५८६, जा पुण १५८७, पडि १५८८, मरण १५८९, अब्भत्था १५९० ता १५९१, उचिए १५९२,**

આ સંલેખના ઉપક્રમના હેતુથી કરાય છે, માટે આત્મહત્યાનું કારણ ગણાય અને તેથી સમભાવમાં વર્તવાવાળા સાધુઓને આ સંલેખનાજ કેમ લાયક હોય? તેમજ શાસ્ત્રનો પણ વિરોધ છે, કેમકે પોતાના, પરના, અને બંનેના અંગે [૧]પર્યાયનો નાશ [૨]દુઃખોત્પાદ અને [૩]ક્લેશરુપી એ ત્રણે પ્રકારની હિંસા ઘણીજ અનિષ્ટ ફળવાળી થાય એમ અનંતજ્ઞાની તીર્થંકરોએ કહેલું છે. એવી રીતે કરેલી શંકાનો ઉત્તર દે છે કે ત્હારૂં કહેવું સાચું છે, પણ હિંસાના લક્ષણના અભાવથી તેમજ શાસ્ત્રોક્ત હોવાથી આ સંલેખના આત્મહત્યાનું કારણ નથી, કેમકે જે હિંસા પ્રમત્ત જોગવાળી હોય, રાગાદિદોષે સહિત હોય, અને આજ્ઞાથી બહાર હોય, તેજ હિંસા વર્જવાની હોય છે, પણ જે પ્રવૃત્તિ એ પ્રમત્તયોગ વિગેરેથી રહિત હોય અને વળી શુભભાવને વધારનારી હોય તો તે તો નક્કી જે શુદ્ધક્રિયાનું લક્ષણ છે તેજ તેમાં ઘટતું હોવાથી શુદ્ધક્રિયાજ કહેવાય. જે જીવ આ જન્મમાં કૃતકૃત્ય થએલો છતાં માત્ર શુભમરણને માટેજ આ તપને અંગીકાર કરે છે તેને શાસ્ત્રોક્ત શુદ્ધક્રિયા થાય છે. વળી આ સંલેખના સહનશક્તિને પાલનાર હોવાથી મરણના પ્રતિકારભૂત છે, માટે ગુમડાને કાપવાની ક્રિયાની માફક તે મરણ નિમિત્ત નથી, તેમજ આત્માને વિરાધનારૂપ પણ નથી. કેમકે યથાસમય અસાધારણ શુભયોગનો જેમણે અભ્યાસ કર્યો છે, તેઓનેજ

તીર્થંકરોએ આ સંલેખનાનો ઉચિતસમય કહેલો છે. તેટલા માટે ચરમગુણને સાધનાર એવા ચરમસમયને સમ્યગ્ રીતે આરાધના કરીએ. અને એવી રીતે પ્રવર્તતાંજ શુભભાવની વૃદ્ધિ થાય. શાસ્ત્રમાં પણ જિનેશ્વરોએ ઉચિતકાલે સંલેખના કરવાનું કહ્યું છે, અને તેથી તે વિહિતાનુષ્ઠાન હોવાથી પણ દુષ્ટ નથી. જિનેશ્વરમહારાજાએ કહેલા એવા ધ્યાનયોગે પરિણામની પણ સંલેખના કરે. હવે પોતાના પરિણામની સંલેખના કરવાનું બતાવે છે.

**भाव १५९३, भावेइ १५९४, जम्म १५९५, धण्णो १५९६, एअस्स १५९७, चिंतामणी १५९८, इच्छं १५९९, तेसि १६००, नो १६०१, एत्थ १६०२, किं १६०३, तह १६०४, परसा १६०५, परि १६०६, जं पुण १६०७, धम्मंमि १६०८, सो चेव १६०९, जइवि १६१०, जमिह १६११, एसेव १६१२,**

વાસ્તાવક ભાવનાઓથી પ્રથમ તો સમ્યક્ત્વના મૂળને વધારે, વળી વિશેષે કરીને તે વખતે સ્વભાવથી સંસારમહાસમુદ્રનું નિર્ગુણપણું વિચારે. જન્મ, જરા અને મરણરૂપી જલે કરીને ભરેલો દુઃખરૂપી જાનવરોથી સંકીર્ણ, જીવોને દુઃખનું કારણ, અને ભયંકર એવો આ ભવસમુદ્ર અનાદિ-કાલથી કષ્ટમય છે. મ્હારો આત્મા ભાગ્યશાળી છે કે જેણે અપાર એવા આ ભવસમુદ્રમાં અનંતા ભવે પણ મળવું મુશ્કેલ એવું ધર્મરૂપ પ્રવહણ મેળવ્યું છે. હંમેશાં લાગ લાગટ પ્રયત્નથી પાલન કરાતા એવા ધર્મના પ્રભાવે, જન્માંતરમાં પણ જીવો દુઃખ અને દૌર્ગત્યને પામતા નથી. ધર્મ એજ અપૂર્વ ચિંતામણી છે, ધર્મ એજ અપૂર્વ કલ્પવૃક્ષ છે, ધર્મ એજ પરમ મંત્ર છે, અને આ જગતમાં એજ ધર્મ પરમઅમૃત રૂપ છે, મહાનુભાવ ગુરુઆદિકની વેયાવચ્ચ ઇચ્છું છું, કે જે મહાનુભાવોના પ્રતાપથી આ ચિંતામણી રત્ન સમાન ધર્મ પ્રાપ્ત થયો છે, ને વળી પળાયો પણ છે. તેઓને નમસ્કાર કરૂં છું. વળી અંતઃકરણથી વારંવાર તેઓનેજ નમસ્કાર કરૂં છું કે જેઓ બીજાના ઉપકાર તળે દબાયા સિવાય, બીજાના હિતમાંજ તત્પર રહેવાવાળા મહાપુરૂષો, તરવા લાયક એવા જીવોને એ ધર્મરત્ન આપે છે આ ધર્મરત્ન કરતાં આખા જગતમાં પણ ભવ્યજીવોને બીજું કોઈ હિત કરનાર નથી, કેમકે આ ધર્મરત્નથીજ ભવસમુદ્રથી જીવને પાર ઉતરવાનું થાય છે. આ સંસારમાં સર્વસ્થાનકો પુદ્ગલસંજોગોથી ભરેલા હોવાથી તેના સેંકડો દુઃખોથી ભરેલાં અને પરિણામે ભયંકર હોવાથી ભયંકર પરંપરાવાળાં, અને સર્વથા પાપરૂપ છે. આવા સંસારમાં આથી વધારે કષ્ટકારી શું કહેવાય કે જે દશ દૃષ્ટાંતે દુર્લભ અને અત્યંત દુઃખરૂપ એવા મનુષ્યજન્મમાં આવીને અને વળી ધર્મને પામીને પણ સંસારમાં રતિ થાય છે. (કથંચિત્ મનુષ્યપણું પામેલાઓને આ દુઃખફળ એવા સંસારસમુદ્રમાં જે સુખ લાગે છે તે ખરેખર કષ્ટકારી ગણાય.) શાસનના સારભુત, એવા સંવેગને કરવાવાળા, પાપને ત્રિવિધ-ત્રિવિધ નહિં કરવું એ રૂપ અકરણનિયમ વિગેરે જેનું શુદ્ધફળ છે એવા આશ્રવ સંવરઆદિ સૂક્ષ્મપદાર્થોને સમ્યક્ રીતે વિચારે. વળી બીજાને સાવદ્ય યોગનો ત્યાગ કરાવવા પૂર્વક પોતે સંવેગમય થઈને જે સાવદ્યનો ત્યાગ કરે તે અકરણનિયમનો મુખ્ય હેતુ છે. એ હકીકત બરોબર વારંવાર ધ્યાનમાં લે, વળી શુદ્ધ એવું, પૂર્વાપર યોગે સહિત એવું, અને ત્રિકોટિથી શુદ્ધ એવું અનુષ્ઠાન સોનાના ઘડા જેવું હંમેશાં ઇષ્ટફળવાળુંજ થાય છે, પણ અશુદ્ધ અનુષ્ઠાન માટીના

ઘડા જેવું, જેમ તેમ માત્ર ફળ દે છે, પણ સુફળની પરંપરાને તે અશુદ્ધ અનુષ્ઠાન સાધતું નથી. ધર્મની અંદર અનુપયોગથી થએલા સૂક્ષ્મ સૂક્ષ્મ પણ અતિચારોને એટલે રાતદિવસની ક્રિયાદ્વારેએ ઓઘે પણ છોડે અને પ્રતિપક્ષભાવનાથી તે બધા અતિચારોની નિંદા કરે. એમ સતત પ્રવર્ત્તતાં કદાચિત્ ભાવનાથી વીર્યપરિણામ ઉલ્લસે તો શ્રેણી અને કેવલજ્ઞાનને પણ પામે, અને તે કેવલ પામવાથી ફરી મરે નહિં, કદાચિત્ કર્મસંયોગે શ્રેણી ન પામે, તો પણ સંવેગભાવનાવાળો જીવ સદ્‌ગતિ અને સમ્યકત્વ તો નકકીજ પામે છે, કેમકે તીવ્ર શુભભાવનાએ ભાવિત એવો જીવ, જન્માંતરે પણ તેવીજ શુભભાવનાવાળોજ હોય છે. વાસિત એવા તલનું તેલ પણ સુગંધી હોય છે, તેમ શુભભાવનાના બળે કરીને બીજા ભવમાં પણ તે જીવનો જે શુભભાવ, તેજ બોધિલાભ રૂપ થાય છે।। આવી રીતે ભાવનાની સંલેખના જાણવી. હવે અનશન કરવાનો વિધિ કહે છે.

संलिहि १६१३, उव १६१४, अथ १६१५, सम १६१६, सव्वत्था १६१७, पढमि १६१८, णिव्वा १६१९, सीहाई १६२०, संघयणा १६२१, इंगिणि १६२२-२३, पच्चक्खइ १६२४, उव्वत्तइ १६२५, भत्त १६२६, वज्जइ १६२७, कंदप्प १६२८, जो १६२९, कंदप्पे १६३०, कह १६३१, भमुह १६३२, भासइ १६३३, वेस १६३४, सुर १६३५, नाणस्स १६३६, काया १६३७, सव्वे १६३८, जच्चाइ १६३९, अविसह १६४०, गूहइ १६४१, कोउअ १६४२, विम्हवण १६४३, भूईअ १६४४, पण्हो १६४५, पसिणा १६४६, तिविहं १६४७, एयाणि १६४८, अणु १६४९, णिच्चं १६५०, आहार १६५१, तिविहं १६५२, चंकमणा १६५३, जो १६५४, उम्मग्ग १६५५, नाणाइ १६५६, णाणाइ १६५७, जो पुण १६५८, तह १६५९, जो पुण १६६०, एयाओ १६६१, एयाओ १६६२,

એવી રીતે આત્માની સંલેખના કરીને ગૃહસ્થો પાસેથી જે પાટપાટલા લીધા હોય તે તેમને પાછા આપીને, સમ્યક્ એવી ભાવશુદ્ધિએ ગુરૂમહારાજ આદિકને ખમાવીને, બાકીના બધા સંબંધીઓને ગુણથી વખાણીને તે અનશનને સમયે વિશેષથી જીવે ધર્મમાં ઉદ્યમ કરવો, કારણકે જગતમાં સર્વ સંજોગો વિયોગવાળાજ છે, એમ સંપૂર્ણ રીતે આત્માને સમજાવવો, વળી વિધિપૂર્વક શ્રી અરિહંતદેવને, અને ગુરૂમહારાજ વિગેરેને વાંદીને તેમની પાસે અશનાદિ સર્વ આહારનો ત્યાગ કરીને પછી સમભાવમાં રહેલો મહાત્મા ગુફા વિગેરેમાં જઇને સમ્યક્ પ્રકારે શાસ્ત્રોક્ત રીતિએ પાદપોપગમન નામના અનશનને કરે, સર્વત્ર મમતારહિત, દંડાયતાદિક જેવા સ્થાનથી રહીને વૃક્ષસમાન નિશ્ચેષ્ટપણે યાવજ્જીવથી મહાત્મા રહે. પહેલા સંઘયણવાળા મહાનુભાવોજ આ પાદપોપગમન નામના અનશનને કરે છે, અને મોક્ષપદનું પરમ કારણ એવો શુભભાવ પણ આ અનશનજ છે. એવી રીતે અહીં ક્રમને અનુસરીને નિર્વ્યાઘાતિક અનશન કહ્યું. બીજું (સવ્યાઘાતિક) નામનું મરણ સંભવે છે, જે માટે વીતરાગોએ કહ્યું છે કે સિંહાદિના ભયમાં સપડાએલો સાધુ આઉખું કંઇક પહોંચતું છે એમ જાણીને તે સાધુ ગીતાર્થ હોય તે સ્થિર ચિત્તવાળો પાદપોપગમન નામનું અનશન કરે, પણ સંઘયણની ખામીથી જેઓ એવું અનશન કરવાને સમર્થ ન હોય તેઓ પણ થોડા કાલ સંલેખના કરીને શકિત પ્રમાણે વિધિથી

સંવેગથી ભાવિત મનવાળો છતો આત્માને નિઃશલ્ય કરીને શક્તિ પ્રમાણે ઇંગિનીમરણ કે ભક્તપરિજ્ઞા નામનાં બે મરણોમાંથી એકને કરે. તેમાં ઇંગિનીમરણનો વિધિ આ પ્રમાણે:

દીક્ષાના વખતથી ગુરૂમહારાજ પાસે આલોયણ દઇને, સમાધિ અને કાલને અનુસારે કેટલાક કાલની સંલેખના કરીને નક્કી ગુરૂ પાસે ચારે પ્રકારના આહારના પચ્ચક્ખાણ કરે, અને આ ઇંગિનીમરણવાળો સાધુ નિયમિતસ્થાનમાં નિયમિત પ્રવૃત્તિ પણ કરે પોતાના શરીરનું ઉદ્વર્તન અને પરિવર્તન કરે, માતરૂ આદિક કરે કે ન પણ કરે, ધૃતિવાળો સાધુ પોતાની ઉપધિનું પડિલેહવું વિગેરે પોતાનું કાર્ય પોતેજ કરે. હવે ભક્તપરિજ્ઞાનો વિધિ કહે છે.

આ અનશનની પહેલાં શિથિલવિહારી હોય તો પણ અંતઅવસ્થામાં સંવેગમાં આવેલો સાધુ ભક્તપરિજ્ઞા નામના અનશનને કરતાં પણ દીક્ષાથી માંડીને અંતસુધીની આલોયણ લે. જીવવીર્યના ઉલ્લાસવાળો મહાત્મા વિશેષે કરીને ત્યારથી સંક્લિષ્ટભાવનાઓ સર્વથા વર્જે અને તેથી આરાધના જરૂર પામે. વર્જવા લાયક અશુભ ભાવનાઓ જે પાંચ છે તે જણાવે છે કે કાંદર્પિકી, દેવકિલ્બિષીકી આભિયોગિકી, આસુરી અને સંમોહા, એ પાંચ પ્રકારની ભાવનાઓ તે સંક્લિષ્ટભાવના કહેલી છે. જે સાધુપણાવાળો છતાં પણ જો કથંચિત્ એ ખરાબ ભાવનામાં વર્તે તો તે સાધુ તેવા પ્રકારના અધમદેવતાઓમાં જાય, પણ ચારિત્રહીન હોય તેને તો દેવગતિનો પણ નિયમ નહિં. તે પાંચ અશુભ ભાવનાઓ હવે અનુક્રમે જણાવે છે. ખડખડ હસવું, હાંસી કરવી, ને ગુરુઆદિની સાથે પણ કઠોર તથા વક્રોક્તિએ બોલવું. કામની કથા કહેવી, કામનો દ્વેષ કરવો, અને કામની પ્રશંસા કરવી તે સર્વ કંદર્પભાવના જાણવી. તે તે ભ્રમર, નેત્ર અને મોઢાએ કરીને તેવી તેવી ચેષ્ટા કરે કે જેથી પેટ દાબીને બીજો હસે, પણ પોતે હસે નહિં, તે કૌકુચ્યભાવના. શરદઋતુમાં મદોન્મત્ત થયેલા સાંઢની પેઠે જલદી જલદી બોલે અને ગતિ કરે, બધાં કાર્યો જલદી જલદી કરે, અને બેઠો થકો પણ અભિમાનથી ફૂટી જતો હોય તેવો લાગે, તે દ્રવશીલ ગણાય. ભાંડની માફક છલને દેખતો, પોતાને અને પરને વેષ અને વચને કરીને હાંસી ઉપજાવતો જે હોય તે હાસન કહેવાય. ઇંદ્રજાળ વિગેરે, તેમજ કુહેટકમાં પોતે વિસ્મય નહિં પામતો, તેવા કુતુહલીઓને વિસ્મય પમાડે તે વિસ્માપક કહેવાય. એ પાંચ પ્રકારની કંદર્પભાવના જાણવી.

શ્રુતાદિજ્ઞાનો કેવલીમહારાજ ધર્માચાર્ય, અને સર્વસાધુની નિંદા બોલનારો અને કપટી એવો મનુષ્ય કિલ્બિષિકી ભાવના કરે, તેજ પૃથ્વીઆદિ છકાયો, તેજ મહાવ્રતો નિદ્રાઆદિ તેજ પ્રમાદો અને તેજ અપ્રમાદો શાસ્ત્રોમાં વારંવાર કહેવામાં આવે છે માટે તે શાસ્ત્ર શા કામનું? અને મોક્ષને માટે પ્રવર્તેલા મહાત્માઓને શુભાશુભફલને જણાવનાર જ્યોતિષ અને સુવર્ણાદિ સિદ્ધિ કરનાર પ્રાભૃતશાસ્ત્રોથી શું કામ છે? એવું બોલવું તે જ્ઞાનની નિંદા ગણાય. કેવલી ભવ્યઅભવ્ય સર્વને પ્રતિબોધ કેમ કરતા નથી? પુરૂષ વિશેષે ઉપદેશ આપે છે, પણ અવિશેષપણે ઉપદેશ દેતા નથી, ઘાતિકર્મનો ક્ષય અને કેવલજ્ઞાનની ઉત્પત્તિથી અત્યંત કૃતકૃત્ય જણાએલા તેઓ ગુરુની પણ ચાકરી કરતા નથી, એવા વિચાર આવવા તે કેવળીનો અવર્ણવાદ કહેવાય.

ગુરુમહાત્માઓની જાતીઆદીકે કરીને નિંદા કરે, હાંસી કરે, તેઓની સેવામાં હાજર ન રહે, તેઓને અહિત કરનારો થાય, તેમનાં છિદ્ર જુએ, કથંચિત પ્રમાદની સ્ખલના જો ગુરુની થઈ હોય તો લોકોની સમક્ષ બોલે, અને તેમનાથી પ્રતિકૂળ વર્તન કરે, તે ધર્માચાર્યનો અવર્ણવાદ કહેવાય માંહેમાંહે સહન ન કરતાં દેશાંતરે ચાલ્યા જાય છે. મંદમંદ ચાલે છે, ગુરુને અંગે પણ કઠોર પ્રકૃતિવાળા રહે છે, ક્ષણમાત્ર રાગદ્વેષવાળા થાય છે, ગૃહસ્થો તરફ પ્રેમ દર્શાવે છે, અને સર્વનો સંગ્રહ કરે છે, એમ બોલવું તે સાધુનો અવર્ણવાદ કહેવાય.

પોતાના સ્વભાવને છૂપાવે, બીજાના છતા ગુણો પણ ઢાંકી દે, ચોરની માફક સર્વની શંકા કરતો ગૂઢ આચારવાળો હોય તે માયી કહેવાય. એ પાંચ પ્રકારે કિલ્બિષિકી ભાવના જાણવી. સૌભાગ્યની પ્રાપ્તિ માટે બાલકોને સ્નાન કરાવવું, હોમ કરાવવો, મસ્તક ઉપર હાથ ફેરવવો, રોગ શમાવવા લુણ બાળવું, યોગગર્ભિત ધૂપ કરવો, અનાર્યઆદિ વેષો કરવા, ઝાડઆદિને ચલાવવાં, ઉપદ્રવની શાંતિ માટે થૂત્કાર કરવો, કે બંધમંત્રાદિકે બંધન કરવું તે કૌતુકકર્મ ગણાય. રાખ, માટી, કે સૂતર વડે કરીને, મકાન, શરીર કે ભાજનઆદિની રક્ષા કરવી, અથવા અભિયોગઆદિ કરવાં તે ભૂતિકર્મ કહેવાય. પૂછવું તે પ્રશ્ન, અથવા જે પોતે અંગુઠામાં, કરડાએલામાં, ચાટલામાં, તરવારમાં, પાણીમાં કે ભિંતવિગેરેમાં કલ્પવિશેષથી ક્રોધી કે શાંત થઈને જુએ અને તે દ્વારા ઉત્તર મેળવે તે પ્રશ્ન કહેવાય. સ્વપ્નમાં વિદ્યાએ કહેલું શુભાશુભ નિમિત્ત બીજાને કહે, ઘંટિકાયક્ષે કહેલું સાંભળી ડોમ્બિ બીજાને શુભાશુભ કહે છે તે પ્રશ્નાપ્રશ્ન કહેવાય. અતીત, વર્તમાન અને અનાગત ભેદે ત્રણ પ્રકારે શુભ અને અશુભનું નિમિત્ત હોય છે. આમાં શુભ અને અશુભપણું અધિકરણ થાય કે ન થાય તેની અપેક્ષાએ સમજવું. અર્થાત્ ફલની અપેક્ષાએ નહિં, માનસન્માનને માટે કૌતુકાદિને કરનારો અભિયોગિકકર્મ બાંધે છે, પણ અહંકાર રહિત શાસનપ્રભાવના માટે અપવાદપદે તે કૌતુકાદિક કરે તો આરાધક થાય છે, ને તે કૌતુકઆદિ કરનારો ઉંચગોત્ર બાંધે છે. હંમેશાં કલેશ કરનારો, કલેશ કરીને પશ્ચાતાપ નહિં કરનારો, અપરાધી અને નિરપરાધી બંનેને અંગે ખમાવ્યા છતાં પણ પ્રસન્ન નહિં થનારો જે જીવ તે કલેશી ગણાય છે. જેના પરિણામ આહાર, ઉપધિ, અને શય્યામાં હંમેશાં લાગેલા રહે છે અને તે આહારઆદિકને માટેજ સાકાંક્ષપણે તપ અને ઉપધાન કરે છે તે સંતપ્તતપ કહીએ. નિમિત્તના ત્રણ ભેદોમાં એકેક નિમિત્ત સુખદુઃખાદિએ છ ભેદે છે. તે અભિમાન અને અભિનિવેશથી કહે તો આસુરીભાવના કહે છે. શક્તિમાન છતો પણ પૃથ્વીઆદિકાયમાં જવા આવવામાં અત્યંત નિર્દય રહે, અને તેમ કરીને પણ જે પશ્ચાતાપ ન કરે તે નિર્દય કહેવાય. દુઃખથી કંપતા બીજાને દેખીને કઠિન ભાવવાળો પોતે કંપે નહિ તેને વીતરાગોએ નિરનુકંપ કહેલો છે. પારમાર્થિકજ્ઞાનાદિમય માર્ગને જે દૂષિત કરનાર, અને વિરૂદ્ધ એવા માર્ગનો ઉપદેશ કરનાર એવો મનુષ્ય ઉન્માર્ગદેશક પોતાના અને પરના આત્માને અહિતકારી હોય છે. જ્ઞાનાદિ ત્રણ પ્રકારના માર્ગને જે દૂષિત કરે, સ્વભાવે મૂર્ખ છતો પણ માર્ગ આચારનારાઓને દૂષિત કરે તે માર્ગદૂષક કહેવાય. વળી પંડિતમાની પોતાની તર્કશકિતથી જ્ઞાનાદિમાર્ગને દૂષિત કરી, ઉન્માર્ગને પામે તે માર્ગવિપ્રતિપન્ન કહેવાય. મતિ વગરનો જુદા જુદા જ્ઞાન અને ચારિત્રના ભેદોમાં મુંઝાય અથવા બીજાઓની ઘણાપ્રકારની

ઋદ્ધિ દેખીને મુંઝાય તે પણ મોહભાવના કહેવાય. વળી જે સાચીરીતે કે કપટભાવે બીજાને મુંઝવે અને સમયાંતરે તેનેજ મુંઝવીને આધીન કરી લે તે મોહભાવના.

આ ભાવનાઓને ભાવવાવાળો સાધુ જો સંયમવાળો હોય તો દુષ્ટદેવોમાં જાય છે અને ત્યાંથી ચ્યવ્યો થકો પણ અનંતા સંસારસમુદ્રમાં રખડે છે- ચારિત્રના વિઘ્નભુત એવી આ ભાવનાઓને સર્વથા છોડે અને એવી ભાવનાઓને છોડવાથીજ સમ્યક્ચરણને પણ પામે.

**आह १६६३, ववहार १६६४, अकुखंड १६६५, जो १६६६, कंदप्पा १६६७, किंतु १६६८, एआण १६६९, कय १६७०,**

શંકા કહે છે કે એ કાંદર્પિકી વગેરે ભાવનાઓ ચારિત્રથી વિરૂદ્ધ નથી, કેમકે અહીંજ કહેવામાં આવ્યું છે કે જે સંજત હોય અને તેવી ભાવનાઓ કરે તો પણ તેવા અસુરઆદિ પ્રકારના દેવતામાં જાય, અને ચારિત્રરહિત હોય તે સાધુઓને તો દેવલોકની ભજના જાણવી ઇત્યાદિ કહ્યું છે. આવી શંકાનો ઉત્તર દે છે કે એ કાંદર્પિકીઆદિ ભાવનામાં વ્યવહારનયથી ચારિત્ર છે, કારણ કે તેવા અશુભપરિણામ વગરનો પણ કોઇ કંદર્પાદિ ભાવના કરે, પણ નિશ્ચયનયે તો એ ભાવનામાં ચારિત્ર નથી, કારણ કે હંમેશાં ઉચિતપ્રવૃત્તિ હોય તોજ નિશ્ચયનયે અખંડ ગુણઠાણું માનેલું છે. સૂત્રમાં પણ જે માટે કહ્યું છે કે જે માણસ જે પ્રમાણે બોલે તે પ્રમાણે ન કરે તેના કરતાં બીજો મિથ્યાદષ્ટિ કોણ ? કેમકે તે જુઠું બોલનાર અને તે બોલવાથી વિપરીત જુઠું કરનાર બીજાને શંકા કરતો મિથ્યાત્વને વધારે છે, અને શાસનમાં ચારિત્રની અંદર કરવા તો યોગ્યપણે કંદર્પઆદિનો વાદ સંભળાતો નથી. માટે કંદર્પાદિનું સેવવું પણ ચારિત્રવાદને વિરાધનાર છે, પણ જે માટે ચારિત્રમાં પણ જાતિભેદે અસંખ્યાતાં સંયમસ્થાનો કહ્યાં છે તેથી અહીંઆં કદાચિત્ ભાવનાવાળા થયેલા હોય તો પણ તે ભાવનાઓ વર્જવી એમ કહેવામાં દોષ નથી, તેટલા માટે એ ભાવનાએ પહેલાં ભાવિત થયા હોય તેઓએ પણ ભાવપૂર્વક પશ્ચાતાપઆદિ કરીને અણુશણ વખતે એ ભાવનાઓનો વિશેષે કરીને ત્યાગ કરવો જોઇએ. આ અધિકારમાં વિસ્તારથી સર્યું ॥ હવે સંક્ષેપથી સર્વનયે કરીને શુદ્ધ એવું ભક્તપરિજ્ઞાનામના અનશનનું બાકીનું વિધાન કહું છું. હવે તેજ શેષવિધિ કહે છે;

**वियडण १६७१, उव्वत्तइ १६७२, मेत्ती १६७३, सुह १६७४, इहरा १६७५, तय १६७६, तम्हा १६७७, सोच्चिअ १६७८, तहवि १६७९, जं सो १६८०, संविग्ग १६८१, तत्तो १६८२, जो पुण १६८३, चोएइ, १६८४, गुरुकम्म १६८५, दुक्खं १६८६, अन्ने १६८७, मिच्छ १६८८, एत्थ १६८९, अण्णंपि १६९०, सव्वत्था १६९१, सो १६९२, एसो १६९३, सुक्काए १६९४, जे सेसा १६९५, तेऊ १६९६, एसो १६९७,**

આલોયણ લઈને, સંયમશુદ્ધિ કરીને, તે વખતને ઉચિત એવી સંલેખના કરીને, ત્રિવિધ અગર ચતુર્વિધ આહારનાં પચ્ચક્ખાણ કરે, ઉદ્વર્તન અને પરિવર્તન પોતાની મેળે કરે, ને કદાચ તે કરવામાં અસમર્થ હોય તો અપ્રતિબદ્ધપણે સમાધિ કરનાર એવું ઉદ્વર્તન બીજા સાધુઓ પાસે પણ કરાવે. વળી તીવ્ર પરિણામવાળો, પરમસંવેગને પામેલો, શાસ્ત્રદ્વારાએ સત્ત્વ (જીવ) ગુણાધિક (અધિકગુણવાળા) ક્લિશ્યમાન (ખેદાતા, દુઃખી થતા)-અને અવિનેય (જેને સન્માર્ગે લાવી ન શકાય તેવા)માં જિનેન્દ્રવચનને અનુસરીને અનુક્રમે મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થભાવના અત્યંત વિચારે. શુભધ્યાનથી ધર્મ થાય છે, અને દેહની સમાધિથીજ પ્રાયે શુભધ્યાન

થાય છે, માટે ધર્મને પીડા ન થાય તેવી રીતે દેહની સમાધિમાં પ્રયત્ન કરવો, નહિંતર છેવટનું સંઘયણ હોવાથી સ્થૈર્ય અને ધૃતિથી રહિત એવા દુર્બળમનવાળાને દેહની અસમાધિ હોય તો શુભધ્યાન તો ક્યાંથી હોય? શુભધ્યાન ન હોય તો નક્કી તેને લેશ્યા પણ અશુભ થાય, અને તેથી પરભવમાં પણ અશુભલેશ્યામાંજ ઉપજે, માટે ગીતાર્થે શાસ્ત્રની આજ્ઞા મુજબ સર્વપ્રયત્નથી અનશનવાળાને શુભધ્યાન મેળવી દેવું. અપ્રતિપાતિતભાવવાળો તે અનશનવાળો સાધુ પણ દુઃખે મળવાવાળા વિરતિભાવના રક્ષણને માટે તે તે ક્રિયાઓ તે બીજા સાધુઓ દ્વાર પણ કરે, એ અનશનવાળો સાધુ બીજા પાસે ક્રિયા કરાવે તો પણ શાસ્ત્રના વચનોમાં બહુમાનવાળો અને સંસારથી વિરક્ત એવો હોવાથી જિનેશ્વરોએ તે વખત આરાધક કહેલો છે. જે માટે તે સાધુ હંમેશાં પણ ભાવે કરીને પ્રાયે સંવિગ્નપાક્ષિક હોય છે. અસંવિગ્નપાક્ષિક તો મરણ વખતે પણ વિરતિરત્નને પામે નહિ. સંવિગ્નપાક્ષિક પણ શિથિલાચારી અપ્કાયઆદિના પરિભોગોમાં કાયાથી પ્રમાદને લીધે પ્રવર્ત્યો હોય તોપણ પુરૂષને વિષે રંગાએલી કુલવતી સ્ત્રીની માફક ધૈર્યમાંજ તલ્લીન હોય છે, અને તેથી તે સંવિગ્નપાક્ષિક પણ ધાર્મિકજ મનાય છે. મરણનું નિમિત્ત મળતાં શુભભાવની વૃદ્ધિથી તે ધર્મની તલ્લીનતાને લીધેજ કોઈક ભાગ્યશાળી સંવિગ્નપાક્ષિક વિરતિને પણ પામે છે, પણ જે ક્લિષ્ટચિત્તવાળો, શાસ્ત્રથી નિરપેક્ષ, સર્વત્ર અનર્થદંડ કરનારો, અને તે તે પ્રકારે લિંગને લજવનારો માત્ર સાધુવેષધારી અસંવિગ્નપાક્ષિક હોય તે તો મરણકાળે પણ વિરતિરત્નને પામતો નથી. શંકા કરે છે કે સાધુ છતાં ક્લિષ્ટચિત્તઆદિ દોષોવાળો કેમ હોય? ઉત્તરમાં કહે છે કે અત્યંત ભારેકર્મિપણાને લીધે પ્રાયે તેવો હોય, તેમજ તે ઘણા ભાગે દ્રવ્ય શ્રમણ હોય. ભારે કર્મથી પ્રમાદ થાય અને તે પ્રમાદ અત્યંત અધમ છે, કેમકે તે પ્રમાદથી અનેક ચૌદપૂર્વી આત્માઓ પણ અનંતકાયમાં રહે છે. જ્ઞાન મળવું મુશ્કેલ છે, જ્ઞાન મળ્યા પછી પણ ભાવના થવી અને રહેવી મુશ્કેલ છે, અને ભાવિત-બુદ્ધિવાળો પણ જીવ વિષયોથી મહામુશ્કેલીથી વૈરાગ્ય પામે છે. કેટલાક તો ચારિત્રમોહનીયના ક્ષયોપશમ વગરનાજ દીક્ષિતો પહેલેથીજ હોય છે, તેઓ પછીથી પણ ચારિત્રપરિણામને પામતા નથી. મિથ્યાદૃષ્ટિઓ પણ કેટલાક શાસનમાં દ્રવ્યલિંગ ધારણ કરવાવાળા બને છે, અને તેથી ક્લિષ્ટ-ચિત્તઆદિ દોષો તેવા તેવા સાધુઓને કેમ ન હોય? અણુશણના અધિકારમાં જે આહાર છોડવાનો કહ્યો છે તે માત્ર ઉપલક્ષણથીજ છે, અને તેથી ઉપયોગવાળો સાધુ સર્વ ભાવશલ્યને પણ વોસરાવેજ. સંવેગની તીવ્રતાથી મરણકાળે પોતાના આત્માને નિર્મળભાવવાળો જીવ શરીરઆદિથી ભિન્નપણે માને અને તેજ આરાધક કહેવાય છે. વળી જે સર્વ મમતાનો ત્યાગ કરનાર, જીવન અને મરણમાં મધ્યસ્થ અને ચારિત્રના પરિણામે સહિત હોય તેને તીર્થંકર–ગણધરોએ આરાધક કહેલો છે.

તે આરાધના કરનારો પ્રથમ શિથિલાચારી છતાં સંવિગ્નપાક્ષિક હોવાથી તે વખતે પણ થયેલ ચારિત્રના પરિણામથીજ પહેલાં કરેલાં દુષ્કૃતકર્મોને ખપાવીને, બીજો શુદ્ધજન્મ મેળવે છે, અને ફરી પણ તે શુદ્ધજન્મમાં ચારિત્રને લાયક થાય છે. આ આરાધક ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય એમ ત્રણ પ્રકારે છે. તેમનો જે વિશેષ તે લેશ્યાદ્વારાએ સ્પષ્ટ કહું છું. શુક્લલેશ્યામાં ઉત્કૃષ્ટ અંશ પરિણમાવીને જે મરે તે નક્કી ઉત્કૃષ્ટ આરાધક થાય. પછી શુક્લલેશ્યાના જઘન્ય મધ્યમ અંશો તેમજ પદ્મલેશ્યાના અંશોને પરિણમાવીને જે મરે તેને વીતરાગોએ મધ્યમ આરાધક કહેલો છે.

તેજોલેશ્યાના અંશને પરિણમાવીને જે મરે તે આ શાસનમાં જઘન્ય આરાધક ગણાય છે. આવી રીતે કહેલો આરાધક સમ્યકત્વઆદિ સહિતજ જાણવો. એકલી લેશ્યામાત્રથી આરાધક જાણવો નહિ, કેમકે તે લેશ્યા તો અભવ્યદેવતાઓને પણ હોય છે.

**आराहगो १६९८, आराहि १६९९, सव्वण्णु १७००, एयाणि १७०१, एयाणि १७०२, एयाणि १७०२, एयाणि १७०३ एयाणि ण७०४, जा ज्जण १७०५, एत्थवि १७०६, जम्हा १७०७, मुअ १७०८, सुत्तेण १७०९, तीअ १७१०, आगम १७११, एवं १७१२, इअ १७१३, गाहगगं १७१४,**

આરાધક જીવ આરાધકપણાથીજ પાપોને ખપાવીને વિશુદ્ધજન્મવાળો અને ફરી પણ ચારિત્રને લાયક થાય છે. એવી રીતે આરાધના કરીને સાત આઠ ભવની અંદરજ ત્રૈલોકયના મસ્તક ઉપર રહેલા એવા નકકી સિદ્ધિપદને પામે છે. વળી તે સિદ્ધભગવાન ત્યાં હંમેશાં સર્વજ્ઞ, સર્વદર્શી, અનુપમ સુખવાળા અને જન્માદિદોષે કરીને રહિતપણે રહે છે. આગમપ્રમાણે આ પાંચ વસ્તુને સમ્યક્ આરાધીને અતીતકાલમાં અનંતા જીવો કલેશનો નાશ કરીને સિદ્ધિપદને પામ્યા. એ પાંચ વસ્તુ આગમ પ્રમાણે સમ્યક્ આરાધીને વર્તમાનમાં પણ સમયક્ષેત્રમાં સંખ્યાતા જીવો સિદ્ધિપદને પામે છે. એ પાંચવસ્તુ આગમ પ્રમાણે સમ્યક્ આરાધીને ભવિષ્યકાલમાં અનંતા જીવો જરૂર મોક્ષે જશે. એવીજ રીતે સંસારમાં પાંચવસ્તુને વિરાધીને અનેક જીવો સંસારને વધારવાવાળા થયા છે એમ જ્ઞાનીઓએ કહ્યું છે. આવી રીતે પાંચવસ્તુની આરાધનાવિરાધનાનું ફળ જાણીને તેની આરાધના માટેજ હંમેશાં પ્રયત્ન કરવો, કેમકે આ સંસાર સમુદ્રથી તરવાનો આ પાંચવસ્તુ વીના બીજો ઉપાયજ નથી, આ પાંચવસ્તુમાં પણ ભવ્યજીવોએ શ્રદ્ધાસંપન્નપણે આગમની પરતંત્રતા તેજ સર્વથા મૂળ સમજવું. જે માટે આ ધર્મમાર્ગમાં છદ્મસ્થોને આગમ સિવાય બીજી વસ્તુ પ્રમાણભૂત હોતીજ નથી, માટે આગમની અંદરજ પ્રયત્ન કરવો. સિદ્ધાંતમાં નહિં કહેલાં એવાં અનુષ્ઠાનોમાં લીન એવા મનુષ્યો તેવા પ્રકારના શ્રુતબાહ્ય એવા અગીતાર્થાદિકને નિર્ણયમાં પ્રામાણિક કરતા હોવાને લીધે શંકડાઓ જિનેશ્વરોની પ્રામાણિકતાને સમજતા નથી. જે મનુષ્ય પોતાની સરખા પ્રમાદીઓને ઉદાહરણ તરીકે લઇને સૂત્રોક્ત એવા વચનોથી પ્રેરાએલા છતાં પણ સૂત્રોક્ત અનુષ્ઠાનાદિક અંગીકાર ન કરે તે મનુષ્ય પરમાર્થમાર્ગથી બહાર છે અને તેવો મનુષ્ય ધર્મમાં અધિકારી થતો નથી.

વર્તમાનકાલના સાધુઓની ક્રિયાની ન્યૂનતા દેખવાથી ભૂતકાલના બહુશ્રુતોએ પણ વંદન, કાયોત્સર્ગ આદિ નહિં કર્યું હોય, અથવા કેવી રીતે કર્યું હશે? એવું કઠિન વ્રત પ્રામાણિક નથી. કારણ કે વર્તમાનમાં પણ કાલદોષથી શુદ્ધક્રિયા કંઇક કંઇક અંશે દેખાય છે, તેટલા માટે અપ્રમત્તોએ સિદ્ધિપદની ઇચ્છાપૂર્વક સર્વ અનુષ્ઠાન આગમની આધીનતાએજ કરવું જોઇએ. એવી રીતે શક્તિ મુજબ થોડા પણ વંદનાદિઅનુષ્ઠાનને ક્રિયાદ્વારાએ કરનારાઓએ શ્રદ્ધા અને અનુમોદનાથી બાકીનું અશકય એવું પણ ધ્યાનાદિ અનુષ્ઠાન ભાવપ્રવૃત્તિથી કર્યું છે એમ સમજવું. આવી રીતે આ પંચવસ્તુ નામનોપ્રકરણગ્રંથ અગાધ એવા શ્રુતસમુદ્રથી મોક્ષપ્રાપ્તિની ઇચ્છાએ મ્હારા સ્મરણને માટે ઉદ્ધર્યો છે. આ પ્રકરણમાં ગણતરી કરીને શિષ્યના હિતને માટે ૧૭૧૪ ગાથાનું પરિમાણ થાપેલું છે.

**इतिश्रीहरिभद्राचार्यकृतपञ्चवस्तुप्रकरणभाषांतरं समाप्तम्**

( ટાઇટલ પાના ૪ થી ચાલુ )

| | | | |
|---|---|---|---|
| ×૧૮ | વિચારામૃત સારસંગ્રહ... | ... ... ... ... ... ... | ૧-૦-૦ |
| ×૧૯ | યતિદિનચર્યા | | ૧-૦-૦ |
| ૨૦ | લલિતવિસ્તરા | પૂ. હરિભદ્રસૂરિકૃત ચૈત્યવંદન ઉપર ટીકા (સંક્ષિપ્ત ટીપ્પન યુક્ત) | ૦-૧૦-૦ |
| ૨૧ | તત્ત્વતરંગિણી | ઉ. ધર્મસાગરજીકૃત સ્વોપજ્ઞ ટીકા (તિથિસંબંધિ વિચાર) | ૦-૮-૦ |
| ૨૨ | બૃહત્ સિદ્ધપ્રભાવ્યાકરણ | | ૨-૮-૦ |
| ૨૩ | મધ્યમ સિદ્ધપ્રભાવ્યાકરણ | | ૦-૮-૦ |
| ૨૮ | ભગવતીજી સૂત્ર | પૂ. દાનશેખરસૂરિકૃત ટીકા | ૫-૦-૦ |
| ૨૯ | તત્ત્વાર્થસૂત્ર સટીકસભાષ્ય | પૂ. હરિભદ્રસૂરિકૃતટીકા | ૬-૦-૦ |
| ૩૦ | ,, ભાષ્ય | શ્રી ઉમાસ્વાતિ વાચકકૃત સ્વોપજ્ઞ | ૧-૦-૦ |
| ૩૧ | પુષ્પમાલા (ઉપદેશમાલા) | મલધારી હેમચંદ્રસૂરિકૃત સ્વોપજ્ઞ ટીકા | ૬-૦-૦ |
| ૩૨ | ભવભાવના સટીક પૂર્વાર્ધ | ,, ,, | ૩-૮-૦ |
| ૩૩ | બુદ્ધિસાગર | (ધર્મ, નીતિ આદિ વિવેચક)સંગ્રામસિંહ સોનીવિરચિત | ૦-૩-૦ |
| ૩૪ | પર્યુષણાદશશતક સટીક | મહોપાધ્યાય ધર્મસાગરજી | ૦-૧૦-૦ |
| ૩૫ | વિશેષાવશ્યકભાષ્ય સટીક | પૂ. કોટ્યાચાર્યકૃત ટીકા સંપૂર્ણ | ૧૧-૦-૦ |
| ૩૬ | કલ્પકૌમુદી | ઉપાધ્યાય શાંતિસાગરકૃત કલ્પસૂત્રટીકા | ૨-૦-૦ |
| ૩૭ | ષોડશકપ્રકરણ સટીક | યશોભદ્રસૂરિકૃત ટીકા, ન્યાયાચાર્ય ટીકાગત ટીપ્પનક | ૧-૦-૦ |
| ૩૮ | ઉત્પાદાદિસિદ્ધિ | ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યરૂપ ત્રિપદીની સિદ્ધિ કરતો શ્રીચંદ્રસેનસૂરિકૃત અપૂર્વ ન્યાયનો ગ્રંથ | ૨-૮-૦ |
| ૩૯ | પ્રવચનપરીક્ષા સંપૂર્ણ (સ્વોપજ્ઞ ટીકા) | ઉપાધ્યાય ધર્મસાગરજી કૃત (દિગંબરાદિદશમતોનું ખંડન) | ૧૦-૦-૦ |
| ૪૦ | ષડાવશ્યક સૂત્રો | સાધુસાધ્વી યોગ્ય વિધિ સહિત આવશ્યક ક્રિયાનાં સૂત્ર | ૦-૮-૦ |
| ૪૧ | આગમના અકારાદિ | જેની અંદર આગમોના અકારાદિક્રમ, બૃહત્ અને લઘુવિષયક્રમ તથા અંકશુદ્ધિ આપવામાં આવી છે. આગમોના મૂળ, નિર્યુક્તિ આદિ શોધકને અત્યંત ઉપયોગી છે. | ૪-૦-૦ |

( જુઓ ટાઇટલ પાનું ૨ )

# રતલામની શ્રીઋષભદેવજી કેશરીમલજી જૈન શ્વેતામ્બર-સંસ્થા તરફથી પ્રગટ થયેલ ગ્રંથો

| | | | |
|---|---|---|---|
| ૧ | પ્રકરણસમુચ્ચય | (૪૯ પ્રકરણનો સંગ્રહ) | રૂ. ૧-૦-૦ |
| ૨ | અહિંસાષ્ટક<br>સર્વજ્ઞસિદ્ધિ<br>ઐન્દ્રસ્તુતિ | | ૦-૮-૦ |
| ૩ | પંચાશકાદિશાસ્ત્રાષ્ટક<br>મૂલમાત્ર<br>(સ્વાધ્યાય માટે) | પંચાશક, ઉપદેશપદ, ઉપદેશમાલા, જ્યોતિષ્કરંડક, કર્મપ્રકૃતિ, ધર્મસંગ્રહણી, પંચસંગ્રહ, જીવસમાસ | ૪-૦-૦ |
| ૪ | પંચાશકાદિદશના અકારાદિ | ઉપરોક્ત આઠ અને પંચવસ્તુક, પ્રવચનસારોદ્ધાર મળી ૧૦ નો અકારાદિ ક્રમ | ૪-૦-૦ |
| ૫ | જ્યોતિષ્કરંડક<br>(સટીક) | મલયગિરિ મહારાજકૃત ટીકા<br>(જ્યોતિષ સંબંધિ અપૂર્વ ગ્રંથ) | ૩-૦-૦ |
| ૬ | પયરણસંદોહ | (અપૂર્વ પ્રકરણોનો સંગ્રહ) | ૧-૦-૦ |
| | પ્રત્યાખ્યાન સ્વરૂપ<br>સારસ્વતાવભ્રમ, દાનષટ્ત્રિંશિકા-<br>વિશેષણવતી જિનભદ્રગણિક્ષમાશ્રમણ<br>વિંશતિવિંશતિકા હરિભદ્રસૂરિ | | |
| ૭ | પ્રત્યાખ્યાનાદિ ગ્રંથ | | ૧-૪-૦ |
| × ૮ | આવશ્યકચૂર્ણિ | જિનદાસગણી | અપ્રાપ્ય |
| ૯ | અનુયોગદ્વારચૂર્ણિ | જેની સાથે હરિભદ્રસૂરિકૃત વૃત્તિ પણ છે | ૧-૪-૦ |
| ૧૦ | નંદિસૂત્રચૂર્ણિ | ,, | ૧-૪-૦ |
| ૧૧ | દશવૈકાલિકચૂર્ણિ | ... ... ... ... ... ... ... | ૪-૦-૦ |
| ૧૨ | ઉતરાધ્યયનચૂર્ણિ | ... ... ... ... ... ... ... | ૩-૮-૦ |
| ૧૪ | યુક્તિપ્રબોધ | ઉપાધ્યાય મેઘવિજયજી કૃત (દિગંબર મતખંડન) | ૧-૧૨-૦ |
| ૧૫ | વન્દારૂવૃત્તિ | શ્રાવકના ષડાવશ્યક સૂત્રની ટીકા | ૧-૪-૦ |
| ૧૬ | ઋષિભાષિતસૂત્રાણિ | નારદ અધ્યયન આદિ ૪૫ અધ્યયનો | ૦-૩-૦ |
| ૧૭ | ૧૨૫, ૧૫૦, ૩૫૦નાં સ્તવન શાસ્ત્રના સાક્ષી પાઠો સહિત | ઉ. યશોવિજયજી મહારાજ | ૦-૮-૦ |

( જુઓ ટાઇટલ પાનું ૩ )